**કામકાજનો ટૂંકો અહેવાલ**

**તેરમી ગુજરાત વિધાનસભા**

**દસમું સત્ર**

**(તા. ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૧૭થી તા. ૩૧મી માર્ચ, ૨૦૧૭**

**અને તા. ૯મી મે, ૨૦૧૭ )**

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

**વિઠ્ઠલભાઇ પટેલ ભવન,**

**ગાંધીનગર.**

**૨૦૧૭**

## પ્રસ્તાવના

આ પ્રકાશનમાં તેરમી ગુજરાત વિધાનસભાના દસમા સત્રમાં તા.૨૦મી ફેબ્રુઆરી, ૨૦૧૭ થી તા. ૩૧મી માર્ચ, ૨૦૧૭ અને તા. ૯મી મે, ૨૦૧૭ દરમિયાન થયેલા કામકાજની જુદી જુદી બાબતો અંગે ટૂંકી નોંધ આપવામાં આવી છે. શક્ય હોય ત્યાં આંકડાવાર માહિતી પણ આપી છે. આશા છે કે રસ ધરાવનાર સૌ કોઇને તે ઉપયોગી નિવડશે.

ગુજરાત વિધાનસભા સચિવાલય,
વિઠ્ઠલભાઇ પટેલ ભવન,
સેક્ટર નં. ૧૦,
ગાંધીનગર
તારીખ: ૦૫/૦૭/૨૦૧૭

**ડી . એમ. પટેલ**
**સચિવ**
**ગુજરાત વિધાનસભા**

# અનુક્રમણિકા


| ક્રમાંક | વિષય | | પાના નંબર |
|---|---|---|---|
| ૧. | ૨. | | ૩. |
| ૧ | તેરમી ગુજરાત વિધાનસભાના દસમા સત્ર **(તા. ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૧૭ થી તા. ૩૧મી માર્ચ, ૨૦૧૭ અને તા. ૯મી મે,૨૦૧૭ )**દરમિયાન થયેલ કામકાજનો ટૂંકો અહેવાલ | | |
| ૨ | પત્રક ક્રમાંક : ૧ | સત્રમાં થયેલ જુદા જુદા કામકાજે લીધેલા સમય અને ટકાવારી | |
| ૩ | પત્રક ક્રમાંક : ૨ | સભાગૃહની બેઠકોની તારીખ અને સમય | |
| ૪ | પત્રક ક્રમાંક : ૩ | સભ્યશ્રીઓએ વ્યક્તિગત રીતે આપેલી હાજરી | |
| ૫ | પત્રક ક્રમાંક : ૪ | સભ્યશ્રીઓની તારીખવાર હાજરી | |
| ૬ | પત્રક ક્રમાંક : ૫ | ટૂંકી મુદ્દતના, તારાંકિત, અતારાંકિત પ્રશ્નોની અને અરધા કલાકની ચર્ચાની સૂચનાઓનો નિકાલ (આંકડામાં) | |
| ૭ | પત્રક ક્રમાંક : ૬ | ટૂંકી મુદ્દતના પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં) | |
| ૮ | પત્રક ક્રમાંક : ૭ | તારાંકિત પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં) | |
| ૯ | પત્રક ક્રમાંક : ૮ | અતારાંકિત પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં) | |
| ૧૦ | પત્રક ક્રમાંક : ૯ | જુદા જુદા મંત્રીશ્રીઓના વારામાં દાખલ થયેલ અને ગૃહમાં મૌખિક જવાબ અપાયેલ તારાંકિત પ્રશ્નોની તારીખવાર માહિતી | |
| ૧૧ | પત્રક ક્રમાંક : ૧૦ | દાખલ કરવાના સરકારી વિધેયકો | |
| ૧૨ | પત્રક ક્રમાંક : ૧૧ | પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેનાં સરકારી વિધેયકો | |
| ૧૩ | પત્રક ક્રમાંક : ૧૨ | રાષ્ટ્રપતિશ્રી/રાજ્યપાલશ્રીની અનુમતિ મળેલા વિધેયકો | |
| ૧૪ | પત્રક ક્રમાંક : ૧૩ | સન ૨૦૧૭-૧૮ના વર્ષના અનુદાનો માટે ચર્ચાયેલી માગણીઓ | |
| ૧૫ | પત્રક ક્રમાંક : ૧૪ | સન ૨૦૧૬-૧૭ના વર્ષના ખર્ચના પૂરક પત્રકમાંની ચર્ચાયેલી માગણીઓ | |
| ૧૬ | પત્રક ક્રમાંક : ૧૫ | ચર્ચા માટેનો દિવસ નક્કી ન થયો હોય તેવા પ્રસ્તાવો (નિયમ-૧૦૧) | |
| ૧૭ | પત્રક ક્રમાંક : ૧૬ | ધ્યાન દોરતી સૂચનાઓ (નિયમ-૧૧૬) | |
| ૧૮ | પત્રક ક્રમાંક : ૧૭ | પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેના( નિકાલ થયેલા) બિન સરકારી વિધેયકો | |
| ૧૯ | પત્રક ક્રમાંક : ૧૮ | પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટે બાકી રહેતા બિન સરકારી વિધેયકો | |
| ૨૦ | પત્રક ક્રમાંક : ૧૯ | બિન સરકારી સંકલ્પો (નિયમ-૧૧૭) | |
| ૨૧ | પત્રક ક્રમાંક : ૨૦ | વિધાનસભાના મેજ ઉપર મૂકાયેલ કાગળો | |
| ૨૨ | પત્રક ક્રમાંક : ૨૧ | ખરેખર થયેલા કામકાજ પ્રમાણેની સભાઓની તારીખવાર યાદી | |
| ૨૩ | પત્રક ક્રમાંક : ૨૨ | રોજેરોજના કામકાજનો સારાંશ | |
| ૨૪ | પત્રક ક્રમાંક : ૨૩ | સત્રમાં સભ્યશ્રીઓએ કેટલી વખત ચર્ચામાં ભાગ લીધો તેની સંખ્યા દર્શાવતું પત્રક | |
| ૨૫ | પત્રક ક્રમાંક : ૨૪ | શોકદર્શક ઉલ્લેખ | |

**પ્રારંભિકઃ–**

તેરમી ગુજરાત વિધાનસભાનું દસમું સત્ર સોમવાર, તા.૨૦–૨–૨૦૧૭ના રોજ શરૂ થયું હતું અને શુક્રવાર, તા.૩૧–૩–૨૦૧૭ના રોજ વિધાનસભાના નિયમોના નિયમ ૯(૧) હેઠળ અચોક્કસ મુદ્ધત માટે મુલતવી રહ્યું હતું. અચોક્કસ મુદત માટે મુલતવી રહેલ સત્ર તા. ૯–૫–૨૦૧૭ના રોજ વિધાનસભાના નિયમોના નિયમ ૯(૨) હેઠળ ફરીથી મળ્યું હતુ અને તે જ દિવસે કામકાજની યાદી પર દર્શાવેલ કામકાજ પૂર્ણ થતાં ફરીથી નિયમ–૯(૧) હેઠળ અચોક્કસ મુદત માટે મુલતવી રહ્યુ હતું. ત્યારબાદ ભારતીય બંધારણના અનુચ્છેદ ૧૭૪(૨)(ક) મુજબ રાજ્યપાલ દ્બારા સત્ર સમાપ્ત કરવામાં આવ્યું હતું. સત્ર દરમિયાન વિધાનસભા કુલ ૨૬ દિવસ માટે મળી હતી અને તેમાં કુલ ૩૧ બેઠકો થઇ હતી. સત્ર દરમિયાન વિધાનસભાએ કુલ ૧૨૬ કલાક અને ૪૩ મિનિટ કામ કર્યું હતું. જે બેઠક દીઠ સરેરાશ સમય આશરે ૪ કલાક અને ૮ મિનિટ થાય છે.

**૧.** સત્ર દરમિયાન પ્રશ્નોત્તરી, સરકારી વિધેયકો, નાણાકીય કામકાજ, સરકારી અને બિનસરકારી પ્રસ્તાવો અને સંકલ્પો તેમજ અન્ય કામકાજમાં થયેલ સમય અને તેની ટકાવારી **પત્રક ક્રમાંક–૧**માં આપવામાં આવી છે.

**૨. ગૃહની બેઠકોની તારીખ અને સમયઃ–**

ગૃહની બેઠકોની તારીખ અને સમય **પત્રક ક્રમાંક–૨**માં આપવામાં આવેલ છે.

**૩. હાજરીઃ–**

સત્ર દરમિયાન સભાગૃહની કુલ એકત્રીસ બેઠકો મળી હતી. જેમાં સભ્યશ્રીઓની વધુમાં વધુ હાજરી ૧૩૦ અને ઓછામાં ઓછી હાજરી ૫૮ રહી હતી અને સરેરાશ હાજરી ૧૧૫ રહી હતી. સત્ર દરમિયાન સભ્યોએ આપેલી વ્યકિતગત હાજરી અને તેની માહિતી **પત્રક ક્રમાંક: ૩**માં અને સભ્યોની તારીખવાર હાજરી અંગેની માહિતી **પત્રક ક્રમાંક: ૪**માં આપવામાં આવી છે.

**૪. રાજયપાલશ્રીનું સંબોધન :–**

ભારતના બંધારણના અનુચ્છેદ ૧૭૬ (૧) અન્વયે રાજયપાલ શ્રી ઓ. પી. કોહલીએ સોમવાર તા.૨૦મી ફેબ્રુઆરી, ૨૦૧૭ના રોજ બપોરના ૧૨–૦૦ વાગે ગુજરાત વિધાનસભાને અંગ્રેજીમાં સંબોધન કર્યું હતું. તે દિવસે સભ્યશ્રી બાવકુભાઈ ઉંધાડે આભાર પ્રસ્તાવ રજૂ કર્યો હતો. જેને સભ્યશ્રી મોતીભાઈ વસાવાએ સમર્થન આપ્યું હતું. આભાર પ્રસ્તાવ પર સુધારાની કુલ ૫૧ સભ્યોની ૫૨(બાવન) સૂચનાઓ મળી હતી. તે પૈકી ૩૨ સુધારાની સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી અને ૨૬ સુધારાઓ સભાગૃહમાં રજૂ થયા હતા. ચર્ચાને અંતે રજૂ થયેલ સુધારાઓનો સભાગૃહે અસ્વીકાર કર્યો હતો અને આભાર પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો હતો.

**૫. ટૂંકી મુદતના અને તારાંકિત પ્રશ્નોઃ–**

સત્ર દરમિયાન તારાંકિત પ્રશ્નો પૂછવા માટે **તા.૨૧/૨/૨૦૧૭ થી તા.૩૧/૩/૨૦૧૭** એમ **૨૫** દિવસ માટેનો કાર્યક્રમ બહાર પાડવામાં આવ્યો હતો.

આ સત્ર દરમિયાન ટૂંકી મુદતના, તારાંકિત અને અતારાંકિત પ્રશ્નોની મળેલી અને દાખલ કરવામાં આવેલી સૂચનાઓની વિગતો નીચે મુજબ છે.

સત્ર દરમિયાન ટૂંકી મુદતના પ્રશ્નોની કુલ–**૩,** તારાંકિત પ્રશ્નોની કુલ–**૭૩૧૭** અને અતારાંકિત પ્રશ્નોની **કુલ–૨૦૦૫** સૂચનાઓ મળી હતી. આ સૂચનાઓનો નિકાલ કેવી રીતે કરવામાં આવ્યો તેની વિગતો પત્રક ક્રમાંક– **૫,** પત્રક ક્રમાંક– **૬,** પત્રક ક્રમાંક–**૭** અને પત્રક ક્રમાંક–૮ માં આપવામાં આવી છે. તારાંકિત પ્રશ્નોની કયા મંત્રીશ્રી માટે કેટલી સૂચનાઓ દાખલ કરવામાં આવી, તેમાંથી કયા કયા મંત્રીશ્રીઓના કેટલા પ્રશ્નોની સભાગૃહમાં ચર્ચા થઈ તેની માહિતી પત્રક ક્રમાંક–**૯** માં આપવામાં આવી છે.

સત્ર દરમિયાન તારાંકિત પ્રશ્નો તરીકે મળેલી સૂચનાઓમાંથી **કુલ–૫૨૬૩** સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી તે પૈકી **૨૮** તારાંકિત પ્રશ્નોને મંત્રીશ્રીની વિનંતીથી અતારાંકિત પ્રશ્નો તરીકે દાખલ કરવામાં આવ્યા હતા અને **૫૩** પ્રશ્નો મંત્રીશ્રીની વિનંતીથી રદ કરવામાં આવ્યા હતા.

સભાગૃહની બેઠકો દરમિયાન તારાંકિત પ્રશ્નોની **કુલ–૨૫** યાદી સભાગૃહમાં રજૂ કરવામાં આવી હતી. આ યાદીઓમાંથી **કુલ–૧૮૧** પ્રશ્નોની સભાગૃહમાં ચર્ચા થઈ હતી.

સત્ર દરમિયાન નિયમ–૯૦ અન્વયે ટૂંકી મુદતના પ્રશ્નોની **કુલ–૦૩** સૂચના મળેલ હતી. તે પૈકી એક પણ સૂચના દાખલ કરવામાં આવી ન હતી.

સત્ર દરમિયાન નિયમ–૯૨ અન્વયે અરધા કલાકની **૦૨** સૂચનાઓ મળી હતી. જે નામંજૂર કરવામાં આવી હતી.

સત્ર દરમિયાન અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબોની **૫૦–૫૦**ની એક એવી **૩૭+૧=૩૮** યાદીઓ તેમજ નિયમ ૮૭(ક) અન્વયે સત્રના છેલ્લા દિવસે **૮૮+૨૩=૧૧૧** અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો ગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા હતા.

## ૬. પ્રશ્નોત્તરીને લગતી રસપ્રદ માહિતીઃ–

ગુજરાત સરકાર ધ્વારા ચેટીચાંદની રજા તા.૨૮/૩/૧૭ના બદલે તા૨૯/૩/૧૭ના રોજ જાહેર કરવામાં આવી હતી તેથી તા.૨૯/૩/૧૭ની તારાંકિત પ્રશ્નોતરી તા.૩૦/૩/૧૭ની પ્રથમ બેઠકમાં રાખવામાં આવેલ હતી અને તા. ૩૦/૩/૧૭ના રોજની તારાંકિત પ્રશ્નોતરી સભાગૃહની બીજી બેઠકમાં રાખવામાં આવી હતી. આમ, એક જ દિવસે નિયત થયેલ બંને બેઠકમાં તારાંકિત પ્રશ્નોત્તરી રાખવામાં આવી હતી. સામાન્ય રીતે ગૃહની બે બેઠકો રાખવામાં આવી હોય ત્યારે એક જ બેઠકમાં પ્રશ્નોત્તરી હાથ ધરવામાં આવતી હોય છે.

## ૭. વટહુકમ અને નિવેદનઃ–

સત્ર દરમ્યાન સન ૨૦૧૬નો વટહુકમ ક્રમાંક–૩ સન ૨૦૧૬નો ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ (સુધારા) વટહુકમ, સન ૨૦૧૬નો વટહુકમ ક્રમાંક–૪ સન ૨૦૧૬નો ગુજરાત પંચાયત (સુધારા) વટહુકમ, સન ૨૦૧૬નો વટહુકમ ક્રમાંક–૫ સન ૨૦૧૬નો ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (સુધારા) વટહુકમ, સન ૨૦૧૬નો વટહુકમ ક્રમાંક–૬ સન ૨૦૧૬નો ગુજરાત (શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) અધિનિયમ,૧૯૭૬ હેઠળ) રાજ્ય સરકારમાં નિહિત થયેલી વધારાની ખાલી જમીન પૈકીની કેટલીક જમીનના ભોગવટાને માન્ય ઠરાવવા (કાયદેસર ઠરાવવા) અને તેની ફાળવણી કરવા બાબત વટહુકમ, સન ૨૦૧૬નો વટહુકમ ક્રમાંક–૭ સન ૨૦૧૬નો ગુજરાત નશાબંધી (સુધારા) વટહુકમ અને સન ૨૦૧૬નો વટહુકમ ક્રમાંક–૮ સન ૨૦૧૬નો ગુજરાત વિધાનસભાના સભ્યો, અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના અને મંત્રીઓના અને વિરોધપક્ષના નેતાના પગાર અને ભથ્થાંને લગતા કાયદા (સુધારા) વટહુકમ તથા આ ૬ વટહુકમોને બહાર પાડવા અંગેનાં સંજોગો સમજાવતાં નિવેદનો તા. ૨૦/૨/૨૦૧૭ના રોજ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં હતાં.

## ૮. વટહુકમ નામંજૂર કરતો પ્રસ્તાવઃ–

સન ૨૦૧૭ના વટહુકમ ક્રમાંક–૩, ૪, ૫ અને ૬ને નામંજૂર કરવા અંગેના પ્રસ્તાવની ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૧૫૨(૨) અન્વયેની માનનીય સભ્યશ્રી બલવંતસિંહ રાજપૂતની સૂચનાઓ મળી હતી. જે પૈકી સન ૨૦૧૭ના વટહુકમ ક્રમાંક–૩ અને ૪ને નામંજૂર કરતા પ્રસ્તાવને તા.૨૦/૨/૨૦૧૭ના રોજ હાથ ધરવા માટે તે દિવસના કામકાજની

યાદીમાં દર્શાવેલ હતા. પરંતુ પ્રસ્તાવના પ્રભારી સભ્યશ્રીને સભાગૃહમાંથી સસ્પેન્ડ કરવામાં આવેલા હોવાથી પ્રસ્તાવ સભાગૃહમાં રજૂ થયા ન હતા. સન ૨૦૧૭ના વટહુકમ ક્રમાંક–૫ને નામંજૂર કરતા પ્રસ્તાવને તા.૨૨/૨/૨૦૧૭ના રોજ ચર્ચા માટે હાથ ધરવામાં આવ્યો હતો, જેનો ચર્ચાને અંતે સભાગૃહે અસ્વીકાર કર્યો હતો તથા સન ૨૦૧૭ના વટહુકમ ક્રમાંક–૬ને નામંજૂર કરતા પ્રસ્તાવને તા.૨૩/૨/૨૦૧૭ના રોજ હાથ ધરવા માટે તે દિવસના કામકાજની યાદીમાં દર્શાવેલ હતો, પરંતુ પ્રસ્તાવના પ્રભારી સભ્યશ્રીને સભાગૃહમાંથી સસ્પેન્ડ કરવામાં આવેલા હોવાથી પ્રસ્તાવ સભાગૃહમાં રજૂ થયો ન હતો

## ૯. **સરકારી વિધેયકો :–**

### ૧. **દાખલ કરવામાં આવેલાં સરકારી વિધેયકો**

સત્ર દરમિયાન કુલ ૨૭ સરકારી વિધેયકોને દાખલ કરવામાં આવ્યાં હતાં. **(પત્રક ક્રમાંક : ૧૦)**

### ૨. **પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેના સરકારી વિધેયકો**

સત્ર દરમિયાન કુલ ૨૭ સરકારી વિધેયકો પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટે હાથ ધરવામાં આવ્યાં હતાં. **(પત્રક ક્રમાંક :૧૧)**

### ૩. **વિધેયકોનું વર્ગીકરણ :–**

| | | |
|---|---|---|
| ૧. | ગુજરાત રાજયના અમલી કાયદાને સુધારતા વિધેયકો | ......... ૧૯ |
| ૨. | નવા વિધેયકો | .......... ૦૬ |
| ૩. | અન્ય વિધેયકો | ......... ૦૨ |

### ૪. **વિધેયકોનું વિષયવાર વર્ગીકરણઃ–**

| | | |
|---|---|---|
| ૧. | નાણાકીય બાબતોને લગતા વિધેયકો | ......... ૦૭ |
| ૨. | જાહેર સેવાને લગતા વિધેયકો | ......... ૦૫ |
| ૩. | શિક્ષણને લગતા વિધેયકો | ......... ૦૫ |
| ૪. | અન્ય વિધેયકો | ........ ૧૦ |

## ૧૦. **વિધાનસભાના મેજ ઉપર મૂકાયેલા રાજ્યપાલશ્રીની અનુમતિવાળા વિધેયકો :–**

તેરમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલ અને જેને રાષ્ટ્રપતિશ્રીની અનુમતિ મળી હતી તેવું સન ૨૦૧૬નું વિધેયક ક્રમાંક–૪ તથા આઠમા, નવમા અને દસમા સત્રમાં પસાર કરેલાં અને જેને રાજયપાલશ્રીની અનુમતિ મળી હતી તેવાં સન ૨૦૧૬નાં વિધેયક ક્રમાંક–૨૭, ૩૧, ૩૨ અને ૩૩ તથા સન ૨૦૧૭ના વિધેયક ક્રમાંક–૧ થી ૬ અને ૯ થી ૨૪ વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યાં હતાં. **(પત્રક ક્રમાંકઃ૧૨)**

**૧૧. નાણાકીય કામકાજ:-**

**(૧) અંદાજપત્ર:-**

**(ક)રજૂઆત:**

સન ૨૦૧૭-૧૮ના વર્ષ માટેનું કુલ રૂપિયા ૧૭,૨૧,૭૯,૨૪,૦૦,૦૦૦/-નું અંદાજપત્ર મંગળવાર, તા.૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૭ના રોજ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યુ હતું. જેમાં મતપાત્ર રકમ રૂપિયા ૧૩,૬૭,૩૮,૩૩,૭૬,૦૦૦/- અને બિનમતપાત્ર રકમ રૂપિયા ૩,૫૪,૪૦, ૯૦,૨૪,૦૦૦/- હતી.

**(ખ) સામાન્ય ચર્ચા :**

અંદાજપત્ર ઉપર તા. ૩, ૬, ૭ અને ૮મી માર્ચ, ૨૦૧૭ના રોજ એમ કુલ ચાર દિવસોમાં ચાર બેઠકો દરમિયાન સામાન્ય ચર્ચા કરવામાં આવી હતી.

**(ગ) માગણીઓ પર ચર્ચા અને મતદાન :**

અનુદાન માટેની માગણીઓ પર તા. ૯, ૧૦, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૨૦, ૨૧, ૨૨, ૨૩ અને ૨૪મી માર્ચ દરમિયાન સભાગૃહની ૧૨ બેઠકોમાં ચર્ચા અને મતદાન કરવામાં આવ્યુ હતું. કુલ ૧૦૮ માગણીઓ સભાગૃહની મંજૂરી માટે રજૂ કરવામાં આવી હતી. જે પૈકી ૨(બે) માગણીઓ માગણી ક્રમાંક: ૨૦ અને ૨૯ બિનમતપાત્ર હતી તેમજ ૫૨(બાવન) માગણીઓ ચર્ચા માટે પસંદ કરવામાં આવી હતી. ચર્ચા માટે રજૂ થયેલી બધી માગણીઓ સભાગૃહે પસાર કરી હતી. જ્યારે બાકીની ૫૪ (ચોપ્પન) માગણીઓ સભાગૃહે ગિલોટીનથી પસાર કરી હતી. **(પત્રક ક્રમાંક:-૧૩)**

**(ઘ) કાપદરખાસ્તો :**

અંદાજપત્રની માગણીઓ પર કુલ- ૭૩૦ કાપદરખાસ્તોની સૂચનાઓ મળી હતી, જે સર્વે કાપદરખાસ્તો દાખલ કરવામાં આવી હતી. દાખલ કરવામાં આવેલ ૭૩૦ કાપદરખાસ્તો પૈકી એક સરખા વિષયની સૂચનાઓમાં સભ્યશ્રીઓનાં નામ જોડતાં કુલ ૪૩૧ કાપદરખાસ્તોનો એકત્રિત યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો હતો, તે પૈકી ૩૦૭ કાપદરખાસ્તો સભાગૃહમાં રજૂ કરવામાં આવી હતી.

**(ચ) ગુજરાત વિનિયોગ વિધેયક પર ચર્ચા :**

ગુજરાત વિનિયોગ વિધેયક ગુરૂવાર, તા.૩૦.૩.૨૦૧૭ના રોજ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યુ હતું. ગુજરાત વિનિયોગ વિધેયક પરની ચર્ચામાં ભાગ લેવા માટે ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૨૩૮(૫)ની જોગવાઇ હેઠળ સભ્યશ્રીઓ ઉપસ્થિત કરવા માગતા હોય તેવા વિશિષ્ટ મુદ્દા આપે છે. ચર્ચામાં વધુ સભ્યશ્રીઓ ભાગ લઈ શકે તે હેતુથી દરેક સભ્યશ્રી એક જ મુદ્દો આપી શકે તેવું માનનીય અધ્યક્ષશ્રીએ ઠરાવ્યુ હતું. તદ્દનુસાર કુલ ૧૬ સભ્યશ્રીઓએ તેમના મુદ્દા આપ્યા હતા. પરંતુ પ્રભારી સભ્યશ્રીઓને સભાગૃહની કાર્યવાહીમાંથી દૂર કર્યા હોવાથી સભાગૃહે મુદ્દાઓ ઉપર ચર્ચા કર્યા વિના વિનિયોગ વિધેયક પસાર કર્યુ હતું.

**(૨) ખર્ચનું પૂરક પત્રક :-**

**(ક) રજૂઆત :**

સન ૨૦૧૬-૧૭ના વર્ષ માટે રૂપિયા ૮૪,૯૯,૧૨,૩૮,૦૦૦/-ના ખર્ચનું પૂરક પત્રક મંગળવાર, તા. ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૭ના રોજ સભાગૃહમાં રજૂ કરવામાં આવ્યુ હતું. જેમાં મતપાત્ર રકમ રૂ. ૩૨,૦૨,૧૨,૩૨,૦૦૦/- અને બિન મતપાત્ર રકમ રૂ.૫૨,૯૭,૦૦,૦૬,૦૦૦/- હતી.

**(ખ) પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન :**

સન ૨૦૧૬-૧૭ના વર્ષ માટેના ખર્ચના પૂરક પત્રક્માં કુલ ૬૩ માગણીઓનો સમાવેશ થયો હતો. તેમાંથી ૧૦ માગણીઓ ચર્ચા માટે પસંદ કરવામાં આવી હતી. પસંદ થયેલી આ માગણીઓ પર બુધવાર, તા. ૧-૩-૨૦૧૭ તથા ગુરૂવાર, તા. ૨-૩-૨૦૧૭ના રોજ ચર્ચા કરવામાં આવી હતી અને તે વિના વિરોધે પસાર કરવામાં આવી હતી, જયારે બાકી રહેલી ૫૩ માગણીઓ સભાગૃહે ગિલોટીનથી પસાર કરી હતી. **(પત્રક ક્રમાંક : ૧૪)**

**(ગ) કાપદરખાસ્તો :**

પૂરક માગણીઓ પર કુલ ૫૪ કાપદરખાસ્તોની સૂચનાઓ મળી હતી. જે સર્વે દાખલ કરવામાં આવી હતી. દાખલ કરવામાં આવેલી ૫૪ કાપદરખાસ્તો પૈકી સરખા વિષયની કાપદરખાસ્તોની સૂચનાઓમાં સભ્યશ્રીઓનાં નામ જોડતાં કુલ ૨૬ કાપદરખાસ્તોનો એકત્રિત યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. આ ૧૪ કાપદરખાસ્તો સભાગૃહમાં રજૂ કરવામાં આવી હતી.

**(ઘ) ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક પર ચર્ચા :**

ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક, ૨૦૧૭ સોમવાર, તા. ૬-૩-૨૦૧૭ના રોજ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યુ હતું. આ વિધેયક પરની ચર્ચામાં ભાગ લેવા માટે ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૨૩૮(૫)ની જોગવાઇ મુજબ સભ્યો ઉપસ્થિત કરવા માગતા હોય તેવા વિશિષ્ટ મુદ્દાઓ આપે છે. ચર્ચામાં વધુ સભ્યશ્રીઓ ભાગ લઈ શકે તે હેતુથી દરેક સભ્યશ્રી ચર્ચા માટે એક જ મુદ્દો આપી શકે તેવું માનનીય અધ્યક્ષશ્રીએ ઠરાવ્યું હતું. તદ્દનુસાર કુલ ૫ સભ્યશ્રીઓએ તેમના મુદ્દા આપ્યા હતા, જે બધા જ મંજૂર રાખવામાં આવ્યા હતા. ચર્ચા થયા બાદ વિનિયોગ વિધેયક સભાગૃહે પસાર કર્યુ હતું.

**૧૨. ચર્ચા માટેનો દિવસ નક્કી ન થયો હોય તેવા પ્રસ્તાવો (નિયમ-૧૦૧) :–**

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૦૧ હેઠળ જેની ચર્ચા માટેનો દિવસ નક્કી ન થયો તેવા પ્રસ્તાવની કુલ-૪૩ સૂચનાઓ મળી હતી, જે પૈકી એક સૂચના નિયમ-૯૪(૪) અન્વયે રદ થઈ હતી અને ૫ સૂચનાઓ નામંજૂર કરવામાં આવી હતી. દાખલ થયેલી સૂચનાઓ માટે કામકાજ સલાહકાર સમિતિએ સમય ફાળવ્યો ન હોવાથી સત્ર સમાપ્ત થતા તે રદ થઈ હતી.**(પત્રક ક્રમાંક: ૧૫)**

**૧૩. છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ-૧૦૨) :–**

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૦૨ હેઠળ છેલ્લા દિવસનો પ્રસ્તાવ રજૂ કરવાની ઈચ્છા વ્યક્ત કરતી કુલ-૧૦૭ સૂચનાઓ મળી હતી. આવી સૂચનાઓ આપનાર સભ્યશ્રીઓના નામનું બેલટ તા.૨૩-૩-૨૦૧૭ના રોજ યોજવામાં આવ્યુ હતું. બેલટમાં પ્રથમ ક્રમે આવેલ સભ્ય શ્રી જગરૂપસિંહ રાજપૂતે " મુસ્લિમ મહિલાઓને તલાક આપવાની પ્રથા" અંગેના પ્રસ્તાવની સૂચના આપી હતી, જે દાખલ કરવામાં આવી હતી. ઉક્ત પ્રસ્તાવ પર સત્રના છેલ્લા દિવસે એટલે કે તા.૩૧-૩-૨૦૧૭ના રોજ સભાગૃહમાં ચર્ચા હાથ ધરવામાં આવી હતી.

**૧૪. ધ્યાન દોરતી સૂચના (નિયમ-૧૧૬) :–**

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૧૬ હેઠળ તાકીદની જાહેર અગત્યની બાબત પર મંત્રીશ્રીનું ધ્યાન દોરવા અંગેની કુલ- ૧૧૫ સૂચનાઓ મળી હતી. તેમાંથી ૨૭ (એકત્રિત કરતા -૯) સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી અને નિયમ-૬૨(૧) મુજબ ૫ સૂચનાઓ રદ કરવામાં આવી હતી તેમજ ૮૩ સૂચનાઓ નામંજૂર કરવામાં આવી હતી. જ્યારે ૧ સૂચનાના પ્રભારી સભ્યશ્રીઓએ સૂચના રજૂ ન કરતા નિવેદન થયું ન હતું. **(પત્રક ક્રમાંક :-૧૬)**

## ૧૫. બિન–સરકારી વિધેયકો :–

### પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેના બિન–સરકારી વિધેયકો

અગાઉના આઠમા સત્રના બાકી ૧૪ બિન–સરકારી વિધેયકો પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટે હાથ ધરવાનાં હતાં. પરંતુ બિન–સરકારી વિધેયક ક્રમાંકઃ૯ પ્રભારી સભ્યશ્રી શંભુજી ઠાકોર ઉપાધ્યક્ષ તરીકે ચૂંટાતા તથા ક્રમાંક:૧૧ ના પ્રભારી સભ્યશ્રી શબ્દશરણ તડવીની રાજયકક્ષાના મંત્રી તરીકે નિયુકિત થતાં, તેઓએ પોતાના બિન–સરકારી વિધેયકોને બેલટમાં ન લેવાની માનનીય અધ્યક્ષશ્રીને વિનંતી કરતાં, આ બંને બિન–સરકારી વિધેયકો બાદ કરતાં બાકી રહેલ ૧૨ બિન–સરકારી વિધેયકો પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટે હાથ ધરવાના થતાં હતાં. જે માટે તા.૨૨/૨/૨૦૧૭, તા.૯/૩/૨૦૧૭ અને તા.૨૩/૩/૨૦૧૭ એમ કુલ–૩ દિવસ ફાળવવામાં આવ્યા હતા. જે પૈકી તા.૨૨/૨/૨૦૧૭ના રોજ ચર્ચા માટે હાથ ધરવામાં આવેલ કુલ–૩ બિન–સરકારી વિધેયકો પૈકી ૧–વિધેયક ચર્ચાના અંતે સભાગૃહે નામંજૂર કર્યું હતું અને ૨–વિધેયકો ચર્ચાના અંતે પ્રભારી સભ્યશ્રીઓએ સભાગૃહની અનુમતિથી પાછાં ખેંચી લીધાં હતાં. તા.૯/૩/૨૦૧૭ના રોજ ચર્ચા માટે હાથ ધરવામાં આવેલ કુલ–૩ બિન–સરકારી વિધેયકો પૈકી ૨–વિધેયકો ચર્ચાના અંતે સભાગૃહે નામંજૂર કર્યા હતાં અને ૧–વિધેયકને ચર્ચાના અંતે પ્રભારી સભ્યશ્રીએ સભાગૃહની અનુમતિથી પાછું ખેંચી લીધું હતું તથા તા.૨૩/૩/૨૦૧૭ ના રોજ ૪–વિધેયકો હાથ ધરવા દિવસના કામકાજની યાદીમાં બતાવવામાં આવ્યા હતા,જે પૈકી ૩–વિધેયકના ૨–પ્રભારી સભ્યશ્રીઓ સભાગૃહમાંથી સસ્પેન્ડ થયેલ હોઈ હાથ ધરી શકાયાં ન હતાં અને ૧–વિધેયકને ચર્ચાના અંતે પ્રભારી સભ્યશ્રીએ સભાગૃહની અનુમતિથી પાછું ખેંચી લીધું હતું. આમ, સત્ર દરમિયાન કુલ–૭ બિન–સરકારી વિધેયકો ચર્ચા માટે હાથ ધરવામાં આવ્યાં હતાં. **(પત્રક ક્રમાંકઃ૧૭)**

સત્રાંતે કુલ–૭ બિન–સરકારી વિધેયકો પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટે હાથ ધરવાના બાકી રહયાં હતાં.**(પત્રક ક્રમાંકઃ૧૮)**

## ૧૬. બિન સરકારી સંકલ્પો (નિયમ-૧૧૭) :–

બિન સરકારી સંકલ્પોની ચર્ચા માટે તા.૨-૩-૨૦૧૭, તા. ૧૬-૩-૨૦૧૭ અને તા. ૩૦-૩-૨૦૧૭ (પહેલી બેઠક) એમ ત્રણ દિવસો ફાળવવામાં આવ્યા હતા.

તા.૨-૩-૨૦૧૭ના પ્રથમ વારા માટે બિન સરકારી સંકલ્પ રજૂ કરવાની ઈચ્છા વ્યક્ત કરતી કુલ-૧૧૯ સૂચનાઓ મળી હતી. જે પૈકી બેલટમાં અગ્રતા મેળવેલ ત્રણ સભ્યશ્રીઓએ સંકલ્પની એક- એક સૂચના આપી હતી, જે ત્રણેય સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી. ચર્ચાને અંતે પ્રથમ સંકલ્પ સભ્યશ્રીએ પાછો ખેંચ્યો હતો. જયારે બીજા ક્રમના સંકલ્પનો સભાગૃહ દ્વારા અસ્વીકાર કરવામાં આવ્યો હતો.

તા.૧૬-૩-૨૦૧૭ના રોજ બીજા વારા માટે બિન સરકારી સંકલ્પ રજૂ કરવાની ઈચ્છા વ્યક્ત કરતી કુલ-૧૧૮ સૂચનાઓ મળી હતી, તેમાંથી બેલટમાં અગ્રતા મેળવેલ ત્રણેય સભ્યશ્રીઓએ સંકલ્પની એક - એક સૂચનાઓ આપી હતી, જે ત્રણેય સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી. દાખલ થયેલ સંકલ્પો પૈકી પ્રથમ ક્રમનો સંકલ્પ સભાગૃહમાં મત ઉપર મૂકતા સંકલ્પનો અસ્વીકાર કરવામાં આવ્યો હતો. જ્યારે બીજા ક્રમના સંકલ્પનો સભાગૃહ દ્વારા વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો હતો.

તા.૩૦-૩-૨૦૧૭ (પહેલી બેઠક)ના રોજ બીજા વારા માટે બિન સરકારી સંકલ્પ રજૂ કરવાની ઈચ્છા વ્યક્ત કરતી કુલ-૧૦૯ સૂચનાઓ મળી હતી, તેમાંથી બેલટમાં અગ્રતા મેળવેલ ત્રણેય સભ્યશ્રીઓએ સંકલ્પની એક - એક સૂચનાઓ આપી હતી, જે ત્રણેય સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી. દાખલ થયેલ સંકલ્પો પૈકી પ્રથમ ક્રમનો સંકલ્પ સભાગૃહમાં મત ઉપર મૂકાતા

સંકલ્પનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો હતો. જ્યારે બીજા ક્રમના સંકલ્પના સભ્યશ્રીને સભાગૃહની કાર્યવાહીમાંથી દૂર કર્યા હોઈ સંકલ્પ રજૂ થઈ શક્યો ન હતો. **(પત્રક ક્રમાંક:- ૧૯)**

## ૧૭. વિશેષાધિકાર ભંગના પ્રશ્નો:–

વિશેષાધિકાર ભંગની ૧ સૂચના મળી હતી જે માનનીય અધ્યક્ષશ્રીની વિચારણા હેઠળ છે.

## ૧૮. સભાગૃહના અવમાનના કિસ્સા :–

**(૧)** સભાગૃહમાં તા.૨૩/૨/૨૦૧૭ના રોજ પ્રશ્નોત્તરીકાળ દરમિયાન સભ્યશ્રી પરેશભાઈ ધાનાણીના તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૨૮૧૫૦ની ચર્ચા વખતે માનનીય કૃષિ મંત્રીશ્રી જવાબ આપી રહયા હતા તે વખતે સભ્યશ્રી પરેશભાઈ ધાનાણી આ જવાબ ખોટો હોવાનું જણાવી એકદમ પોતાનું સ્થાન છોડી ટ્રેઝરી બેંચ તરફ ધસી ગયા હતા અને માનનીય કૃષિ મંત્રીશ્રીના હાથમાંના કાગળો ઝૂંટવી લીધા હતા. આ સમય દરમિયાન કોંગ્રેસ પક્ષના અન્ય સભ્યશ્રીઓ પણ વેલમાં ધસી આવ્યા હતા, ત્યારબાદ ગૃહમાં અંધાધૂંધીભર્યુ વાતાવરણ સર્જાતા માનનીય અધ્યક્ષશ્રીએ ગૃહ અચોકકસ મુદત સુધી મુલત્વી રાખ્યુ હતુ. આ દરમિયાન સભ્યશ્રી બળદેવજી ઠાકોર શાસકપક્ષના સભ્યશ્રીઓની બેઠકો તરફ ધસી જઈને માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ડૉ. નિર્મલાબેન વાધવાણી સાથે અસંસદીય વર્તન કર્યુ હતુ. ગૃહ ફરી મળતાં, બંને સભ્યશ્રીઓના આ પ્રકારના વર્તન બદલ માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ સભ્યશ્રી પરેશભાઈ ધાનાણી અને સભ્યશ્રી બળદેવજી ઠાકોરને ચાલુ સત્રના અંત સુધી સભાગૃહની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો. આ પ્રસ્તાવને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ અને માનનીય રાજયકક્ષાના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ ટેકો આપ્યો હતો. માનનીય અધ્યક્ષશ્રીએ આ પ્રસ્તાવ મત માટે મુકતા સભાગૃહે તે પ્રસ્તાવ બહુમતીથી પસાર કર્યો હતો. તદઅનુસાર બંને સભ્યશ્રીઓને સભાગૃહની સેવામાંથી સત્રના અંત સુધી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.( બંને સભ્યશ્રીઓનું સસ્પેન્સન તે પછી તા.૯/૩/૨૦૧૭ના રોજ ગૃહે પ્રસ્તાવ પસાર કરી રદ કર્યુ હતુ.)

ત્યારબાદ નિયમ ૧૧૬ની સૂચના ઉપરના માનનીય મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાના નિવેદન દરમિયાન વિરોધપક્ષ (કોંગ્રેસ)ના સભ્યશ્રીઓ સૂત્રોચ્ચાર કરતાં કરતાં ગૃહની વેલમાં ધસી આવીને ગૃહના કામકાજમાં અંતરાય સર્જતા માનનીય અધ્યક્ષશ્રીએ આ સભ્યશ્રીઓને તેમની બેઠક ઉપર બેસી જવા વિનંતી કરવા છતાં આ સભ્યશ્રીઓએ ગૃહની કાર્યવાહીમાં ખલેલ પહોંચાડવાનું ચાલુ રાખતા માનનીય અધ્યક્ષશ્રીએ વેલમાં આવેલા સભ્યશ્રીઓ સર્વશ્રી કરમશીભાઈ પટેલ, હર્ષદભાઈ રીબડીયા, કામીનીબા રાઠોડ, તેજશ્રીબેન પટેલ, નટવરસિંહ ઠાકોર, મણીલાલ વાઘેલા, અમિતભાઈ ચાવડા, મહેન્દ્રસિંહ બારૈયા તેમજ અશ્વિનભાઈ કોટવાલને ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૫૧ અન્વયે તેમને મળેલી સત્તાની રૂએ સભાગૃહની કાર્યવાહીમાંથી તે દિવસની બેઠક પૂરી થાય ત્યાં સુધી સભાગૃહમાંથી દૂર કર્યા હતા.

**(૨)** સભાગૃહમાં તા.૨૧/૩/૨૦૧૭ના રોજ નિયમ–૧૧૬ની સૂચના ઉપર ચર્ચા ચાલતી હતી તે દરમિયાન વિરોધપક્ષ(કોંગ્રેસ) તરફથી કરવામાં આવતી રજૂઆતનો માનનીય રાજયકક્ષાના ગૃહમંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ જવાબ આપ્યા બાદ વિરોધપક્ષે તે અંગે અસંતોષ વ્યકત કરી સભાગૃહનો ત્યાગ કર્યો હતો. વિરોધપક્ષના સભાત્યાગ દરમિયાન બહાર જતી વખતે સભ્યશ્રી પરેશભાઈ ધાનાણીએ માનનીય અધ્યક્ષશ્રી સામે આક્ષેપજનક શબ્દો વાપરતાં અને અણછાજતું વર્તન કરી ગેરશિસ્ત કરતાં આ બાબતે માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ માનનીય અધ્યક્ષશ્રીનું ધ્યાન દોરી સભ્યશ્રી પરેશભાઈ ધાનાણીએ આચરેલ ગેરશિસ્ત બદલ તેમને સત્ર સમાપ્તિ સુધી સભાગૃહમાંથી સસ્પેન્ડ કરવાનો પ્રસ્તાવ રજુ કર્યો હતો, જેને અન્ય સભ્યશ્રીઓએ સમર્થન કરતાં માનનીય અધ્યક્ષશ્રીએ તેનો સ્વીકાર કરી સભ્યશ્રી પરેશભાઈ

ધાનાણીને સત્રના અંત સુધી સભાગૃહની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કર્યા હતા. (સભ્યશ્રી પરેશભાઈ ધાનાણીનું સસ્પેન્શન તા.૨૨/૩/૧૭ના રોજ ગૃહે પ્રસ્તાવ પ્રસાર કરી રદ કર્યું હતું.)

**(૩)** સભાગૃહમાં તા. ૨૩/૩/૧૭ના રોજ તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૩૩૭૫૯ વખતે રાજયમાં ભ્રષ્ટાચાર સંબંધી જસ્ટિસ એમ.બી.શાહ કમિશનના અહેવાલની ચર્ચા દરમિયાન તે અહેવાલને જાહેર કરવાની વિરોધપક્ષ (કોંગ્રેસ)ના સભ્યશ્રીઓએ માંગણી કરતાં સૂત્રોચ્ચાર શરૂ કરી ગૃહની કાર્યવાહીમાં અંતરાય સર્જતાં, માનનીય અધ્યક્ષશ્રીએ બપોરના ૧:૦૦ વાગ્યા સુધી ગૃહ મુલત્વી રાખ્યુ હતુ. બપોરે ૧:૦૦ વાગ્યે ગૃહ ફરી મળતાં વિરોધપક્ષના સભ્યશ્રીઓ તરફથી આ અહેવાલ જાહેર કરવાની માંગણી સાથે તેમની જગ્યા પર ઉભા રહીને સતત સૂત્રોચ્ચાર કરી ગૃહની કાર્યવાહીમાં ફરીથી વિક્ષેપ નાખતા માનનીય અધ્યક્ષશ્રીએ આ સભ્યશ્રીઓને તેમની જગ્યા પર બેસી જવાની વિનંતી કરી હતી તેમ છતાં આ સભ્યશ્રીઓ પોતાની જગ્યા છોડીને આગળ આવી સૂત્રોચ્ચાર ચાલુ રાખતા માનનીય રાજયકક્ષાના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ આ સભ્યશ્રીઓને ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૫૨ અન્વયે ગૃહની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો. આ પ્રસ્તાવને માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ ટેકો આપ્યો હતો, ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ પ્રસ્તાવ ગૃહના મત માટે મુકતાં ગૃહે તે પસાર કરી વિરોધપક્ષ (કોંગ્રેસ)ના કુલ–૪૧ સભ્યશ્રીઓને ગૃહની તે દિવસની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કર્યા હતા.

**(૪)** સભાગૃહમાં તા. ૩૦/૩/૧૭ના રોજ પ્રશ્નોત્તરીકાળ પૂર્ણ થતાં જસ્ટિસ એમ.બી.શાહ કમિશનનો અહેવાલ જાહેર કરવાની વિરોધપક્ષના નેતાશ્રીની રજૂઆતના અનુસંધાને વિરોધપક્ષ (કોંગ્રેસ)ના સભ્યશ્રીઓએ માંગણી કરતાં સૂત્રોચ્ચાર શરૂ કરી તેમની બેઠક ઉપરથી ઉભા થઈ ગયા હતા અને ગૃહની કાર્યવાહીમાં અંતરાય સર્જતા માનનીય અધ્યક્ષશ્રીએ આ સભ્યશ્રીઓને તેમની બેઠક ઉપર બેસી જવા વારંવાર વિનંતી કરી હતી પરંતુ આ સભ્યશ્રીઓએ માનનીય અધ્યક્ષશ્રીના આદેશનો અનાદર કરી પોતપોતાની જગ્યા છોડી સરકાર વિરોધી સૂત્રો લખેલા બેનરો સાથે વેલ તરફ આવી ગયા હતા અને સભાગૃહની કાર્યવાહી ચાલવા ન દેતાં માનનીય રાજયકક્ષાના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ આ સભ્યશ્રીઓને ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૫૨ અન્વયે ગૃહની આજના દિવસની પ્રથમ બેઠક પુરતા કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો જેને માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ ટેકો આપ્યો હતો. ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ પ્રસ્તાવ ગૃહના મત માટે મૂકતા ગૃહે તે પસાર કરી વિરોધપક્ષ (કોંગ્રેસ)ના કુલ–૫૦ સભ્યશ્રીઓને ગૃહની પ્રથમ બેઠકની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કર્યા હતા.

(૫) તા.૩૦/૩/૧૭ના રોજ સભાગૃહની બીજી બેઠકનો પ્રશ્નોત્તરીકાળ શરૂ થતાં જ વિરોધપક્ષના નેતાશ્રી શંકરસિંહ વાઘેલાએ પ્રથમ બેઠક વખતે સભ્યશ્રી કેતનભાઈ ઈનામદારના બિન–સરકારી સંકલ્પ ઉપર ભારતીય જનતા પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહે આપેલ વ્યકતવ્ય સામે તેમના કેટલાક શબ્દો પ્રત્યે વાંધો ઉઠાવ્યો હતો. આ દરમિયાન વિરોધપક્ષ(કોંગ્રેસ)ના સભ્યશ્રીઓએ વિરોધ પ્રદર્શિત કરવાનું ચાલુ કરતાં માનનીય અધ્યક્ષશ્રીએ આ સભ્યશ્રીઓને બેસી જવાની વિનંતી કરી હતી તેમ છતાં આ સભ્યશ્રીઓએ સતત સૂત્રોચ્ચાર કરી પોતાનો વિરોધ ચાલુ રાખતા માનનીય અધ્યક્ષશ્રીની ગૃહ ચાલવા દેવાની વારંવારની વિનંતી છતાં વિરોધપક્ષનું પ્રદર્શન ચાલુ રહેતા અને સભાગૃહની કાર્યવાહી આગળ ન ચાલવા દેતા, માનનીય રાજયકક્ષાના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ આ સભ્યશ્રીઓને ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૫૨ અન્વયે ગૃહની આજના દિવસની બીજી બેઠક પૂરી થાય ત્યાં સુધી કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો જેને માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ ટેકો આપ્યો હતો. ત્યારબાદ, માનનીય અધ્યક્ષશ્રીએ પ્રસ્તાવ ગૃહના મત માટે મૂકતાં અને ગૃહે તે પસાર કરી વિરોધપક્ષ (કોંગ્રેસ)ના કુલ–૫૦ સભ્યશ્રીઓને ગૃહની બીજી બેઠકની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કર્યા હતા.

(૬) તા.૩૧/૩/૧૭ના રોજ સભાગૃહની પ્રથમ બેઠકની શરૂઆત થતાં માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલે માનનીય અધ્યક્ષશ્રીની પરવાનગીથી જસ્ટિસ એમ.બી.શાહ કમિશનનો અહેવાલ ગૃહમાં રજૂ કર્યો હતો. માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી આ અહેવાલ જયારે રજૂ કરતા હતા તે દરમિયાન વિવિધ પ્રકારના ગણવેશ પહેરીને સભાગૃહની અંદર આવેલ વિરોધપક્ષ (કોંગ્રેસ)ના સભ્યશ્રીઓ તરફથી દેખાવો કરી સભાગૃહની કાર્યવાહીમાં અંતરાય સર્જવાનો પ્રયાસ કરવામાં આવતા માનનીય અધ્યક્ષશ્રીએ આ સભ્યશ્રીઓને તેમની બેઠક ઉપર બેસી જવા વિનંતી કરી હતી પરંતુ આ સભ્યશ્રીઓ માનનીય અધ્યક્ષશ્રીના આદેશનો અનાદર કરી પોતાની જગ્યા છોડી વેલમાં આવી ગયા હતા અને સભાગૃહની કાર્યવાહી ચાલવા ન દેતાં, માનનીય રાજયકક્ષાના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ આ સભ્યશ્રીઓને ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–પર અન્વયે ગૃહની આજના દિવસની પ્રથમ અને બીજી એમ બંને બેઠકોની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેને માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ ટેકો આપ્યો હતો. ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ પ્રસ્તાવ ગૃહના મત માટે મૂકતાં અને ગૃહે તે પસાર કરતા માનનીય અધ્યક્ષશ્રીએ વિરોધપક્ષ (કોંગ્રેસ)ના કુલ–૪૮ સભ્યશ્રીઓને ગૃહની બંને બેઠકોની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કર્યા હતા.

**૧૯. પોઈન્ટ ઓફ ઓર્ડરઃ–**

સત્ર દરમિયાન ૧૦ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવવામાં આવેલ હતા.

**૨૦. યાદગાર બનાવો**

**(૧) સભ્યશ્રીઓનું સસ્પેન્શનઃ-**

તેરમી ગુજરાત વિધાનસભાના દસમા સત્ર દરમ્યાન તા.૨૦/૨/૨૦૧૭ના રોજ માનનીય રાજયકક્ષાના વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ પોતાનું અધુરું રહેલ પ્રવચન શરૂ કરતાં તુરત જ સભાગૃહમાં ઉપસ્થિત વિરોધપક્ષના સભ્યશ્રીઓએ વેલમાં ધસી આવી સતત સૂત્રોચ્ચાર અને બેનરનું પ્રદર્શન શરૂ કર્યું. માનનીય અધ્યક્ષશ્રીએ તેઓને વારંવાર પોતાનું સ્થાન લેવાની સૂચના આપવા છતાં સભાગૃહની કાર્યવાહી આગળ ચલાવવાનું અશક્ય બનતાં માનનીય અધ્યક્ષશ્રીએ વેલમાં ધસી આવેલા વિરોધપક્ષના તમામ સભ્યશ્રીઓને નિયમ-૫૧ હેઠળ આજના દિવસ માટે સભાગૃહની કાર્યવાહીમાંથી દૂર કરવાનો સલામતી સ્ટાફને આદેશ આપ્યો.

માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સલામતી સ્ટાફ દ્વારા વેલમાં ધસી આવેલા સભ્યશ્રીઓને સભાગૃહમાંથી બહાર લઈ જવામાં આવ્યા.

**(૨) સભ્યશ્રીને સસ્પેન્ડ કરવા બાબતનો પ્રસ્તાવઃ-**

તેરમી ગુજરાત વિધાનસભાના દસમા સત્ર દરમ્યાન તા.૨૩/૨/૨૦૧૭ના રોજ માનનીય વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ વિપક્ષના સભ્યો શ્રી પરેશભાઇ ધાનાણી અને શ્રી બળદેવજી ઠાકોરને સમગ્ર સત્ર દરમિયાન સસ્પેન્ડ કરવાની દરખાસ્ત રજૂ કરતા જણાવ્યું હતું કે, માનનીય કૃષિ મંત્રીશ્રી ચીમનભાઇ સાપરીયા માનનીય સભ્યશ્રીના પ્રશ્નનો જવાબ આપી રહ્યા હતા ત્યારે સભ્યશ્રી પરેશભાઇ ધાનાણી અકારણ મંત્રીશ્રીની બેઠક પાસે ધસી ગયા અને સલામતી સ્ટાફે માનનીય મંત્રીશ્રીને રક્ષણ આપવું પડયું. રાજયકક્ષાના મંત્રીશ્રી ઉપર પણ હુમલો થયો. ત્યારબાદ સભાગૃહ મુલતવી રાખવું પડયું. પરંતુ સભાગૃહ મુલતવી રાખ્યા બાદ કોઇપણ કારણ વગર વિપક્ષના સભ્યશ્રી બળદેવજી ઠાકોર માનનીય અધ્યક્ષશ્રીની બેઠકની પાછળથી મંત્રીશ્રીઓની ખુરશી સુધી દોડી આવી રાજયકક્ષાના મંત્રીશ્રી ઉપર હુમલો કર્યો. જેમાં મંત્રીશ્રી વલ્લભભાઇને ધક્કો લાગતાં તેઓ પડી ગયા.

માનનીય મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, "૧૯૯૦ થી હું આ વિધાનસભામાં બેસુ છું. આજ સુધી આવા વરવા દ્રશ્યો કયારેય મેં જોયા નથી આ બધા બનાવોના ફૂટેજ આપણે બધાએ જોયા છે તેથી હું દરખાસ્ત રજૂ કરું છું કે વિપક્ષના સભ્યો શ્રી પરેશભાઇ ધાનાણી અને શ્રી બળદેવજી ઠાકોરને સત્ર સમાપ્તિ સુધી સસ્પેન્ડ

કરવામાં આવે.''

દરખાસ્તના સમર્થનમાં માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે જણાવ્યું કે, "પ્રશ્નોત્તરી દરમિયાન જે બનાવો બન્યા છે, તેમાં જો સાર્જન્ટના જવાનો વચ્ચે ન આવ્યા હોત તો બન્ને સભ્યો તરફથી માનનીય કૃષિ મંત્રીશ્રી ચીમનભાઇ સાપરીયા ઉપર હુમલો થયો હોત. સભાગૃહ મુલતવી રાખ્યા બાદ પણ સભ્યશ્રી બળદેવજી ઠાકોરે દોડી આવીને જે રીતે રાજયકક્ષાના મંત્રીશ્રી ઉપર હુમલો કર્યો છે તે કોઇ પણ રીતે શોભનીય નથી તેથી આ બન્ને સભ્યોને સસ્પેન્ડ કરવા માટેની જે દરખાસ્ત છે તેને હું સમર્થન આપું છું.''

રજૂ થયેલ આ દરખાસ્તનો વિરોધ કરતાં સભ્યશ્રી શકિતસિંહ ગોહિલે નિયમ-૫૨(૧) અને ૫૨(૨)નો ઉલ્લેખ કરીને જણાવ્યું કે, સભ્યશ્રીઓને નેઇમ કર્યા વગર સસ્પેન્ડ કરવાની દરખાસ્ત આવી શકે નહિ અગાઉ પણ આવા બનાવો વખતે સરકારના વડા તરફથી અને માનનીય અધ્યક્ષશ્રી તરફથી ઉદારતા દાખવવાનું વલણ રાખવામાં આવ્યું છે. આ ઉપરાંત શાસક પક્ષના બે માનનીય સભ્યશ્રીઓ જો અપશબ્દ ન બોલ્યા હોત તો આ સભાગૃહની કાર્યવાહી ખોરવાઇ ન હોત. સી.સી.ટી.વી. ફૂટેજમાં પણ અમારા પક્ષના સભ્ય તરફથી માનનીય મંત્રીશ્રી ઉપર કોઇ હુમલો થયો હોય કે તેમની પાસે જઇને સહેજ પણ વાત કરી હોય તેવું કયાંય જણાતું નથી તેથી દરખાસ્ત નામંજૂર કરવી જોઇએ તેમ જણાવ્યું.

માનનીય રાજયકક્ષાના વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ દરખાસ્તના સમર્થનમાં જણાવ્યું કે, સભ્યશ્રી શકિતસિંહ ગોહિલે નિયમ-૫૨ ટાંકીને જે વાત કરી છે, તે એટલા માટે ટકતી નથી કે નિયમ-૫૧ અને નિયમ-૫૨ બન્ને વચ્ચે ભેદ છે. રાજય કક્ષાના મહિલા મંત્રી ઉપર હુમલો કર્યો છે તે કોઇપણ રીતે ચલાવી લેવાય નહિ તેથી વિપક્ષના સભ્યશ્રીઓને સસ્પેન્ડ કરવાની દરખાસ્ત પસાર કરવી જોઇએ તેવી રજૂઆત કરી.

વિરોધપક્ષના નેતાશ્રી શંકરસિંહ વાઘેલાએ દરખાસ્તના વિરોધમાં જણાવ્યું કે, જે બનાવો બન્યા છે તેને હું વખોડી કાઢું છું પણ મહિલા સભ્યોની હાજરીમાં શાસક પક્ષના સભ્યો બિભત્સ શબ્દ પ્રયોગ કરે તે કેટલા અંશે વાજબી છે ? જો બિભત્સ શબ્દો ન બોલાયા હોત તો આ બનાવ ન બન્યો હોત. માટે આ દરખાસ્ત સ્વીકારવી ન જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે " આજની જે ઘટના બની છે તેના આપણે સૌ સાક્ષી છીએ. આજ સુધી સભાગૃહ મુલતવી રહ્યા પછી કયારેય આવા બનાવો બન્યા નથી આ પહેલીવાર બન્યું છે. મેં અગાઉ પણ કહ્યું હતું અને આજે ફરી કહું છું કે, સભાગૃહના નેતા મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી, વિરોધ પક્ષના નેતાશ્રી, સિનિયર મંત્રીશ્રીઓ કે સિનિયર આગેવાનો જયારે બોલતા હોય ત્યારે બધા સભ્યોએ સંયમ જાળવવો જોઇએ અને ખાસ તો મહિલા સભ્યો બોલતા હોય ત્યારે આપણે વાણી અને વર્તનને સંયમ રાખીને વાત કરવી જોઇએ. મેં સી.સી.ટી.વી. ફૂટેજ જોયા છે અને તે હું મીડિયાના માધ્યમથી પ્રસિદ્ધ કરવા માગું છું અને તમને બધાને પણ જોવા મળવાના છે. સભ્યશ્રી બળદેવજીભાઇ મારી સીટની પાછળથી છેક મંત્રીશ્રીઓની બેઠક સુધી ગયેલા છે નિર્મલાબેનની હાઇટ થોડી ઓછી હોવાથી દેખાયા નથી પણ રાજય કક્ષાના મંત્રીશ્રી વલ્લભભાઇ પડી ગયા છે તે મેં પણ જોયું છે.'' આમ જણાવી માનનીય અધ્યક્ષશ્રીએ રજૂ થયેલ દરખાસ્તનો સ્વીકાર કરીને સભ્યશ્રી પરેશભાઇ ધાનાણી અને બળદેવજી ઠાકોરને નેઇમ કર્યા અને સભ્યોને સસ્પેન્ડ કરવાની દરખાસ્ત મત માટે મૂકી. દરખાસ્તનો સ્વીકાર થતાં સભ્યશ્રી પરેશભાઇ ધાનાણી અને શ્રી બળદેવજી ઠાકોરને સત્ર સમાપ્તિ સુધી સભાગૃહમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા.

ત્યારબાદ વિરોધપક્ષના નેતાશ્રી અને સભાગૃહમાં ઉપસ્થિત વિપક્ષના સભ્યો સભાત્યાગ કરી ગયા.

**(૩) સભ્યશ્રીઓનું સસ્પેન્શન રદ કરવા અંગેઃ-**

તેરમી ગુજરાત વિધાનસભાના દસમા સત્ર દરમ્યાન તા.૨૭/૨/૨૦૧૭ના રોજ વિરોધપક્ષના નેતાશ્રી શંકરસિંહ વાઘેલાએ ગુરૂવાર, તા.૨૩/૨/૨૦૧૭ના રોજ બનેલા બનાવો અંગે માનનીય અધ્યક્ષશ્રીનું ધ્યાન દોરી શાસકપક્ષના બે સભ્યો તરફથી અનુચિત શબ્દો બોલાયા હોવાથી તેના રીએકશનમાં બનાવો બન્યા

છે એમ જણાવી એ બોલનાર શાસક પક્ષના સભ્યોને પણ સસ્પેન્ડ કરવા જોઇએ અથવા વિપક્ષના બન્ને સભ્યોનું સસ્પેન્શન રદ કરવું જોઇએ તેવી વિનંતી કરી. આ ઉપરાંત મહિલા મંત્રીશ્રીને ગળે ટૂંપો દેવાનો બનાવ પણ સી.સી.ટી.વી. ફૂટેજમાં ક્યાંય દેખાતો નથી તેથી એ વાત પણ યોગ્ય નથી તેમ જણાવ્યું.

વૈધાનિક અને સંસદીય બાબતોના રાજય કક્ષાના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ પોતાનું મંતવ્ય વ્યકત કરતાં જણાવ્યું કે, જે બનાવો તે દિવસે બન્યા છે તેવા દ્રશ્યો મેં ક્યારેય જોયા નથી જે રીતે રૌદ્ર સ્વરૂપ સાથે સભ્યશ્રી બળદેવજી ઠાકોર દોડીને ટ્રેઝરી બેન્ચ પાસે ધસી ગયા એવી પરિસ્થિતિ યોગ્ય નથી.

સભ્યશ્રી શકિતસિંહ ગોહિલે, અગાઉ સભાગૃહમાં બનેલા બનાવોનો ઉલ્લેખ કરી પોતાનું મંતવ્ય વ્યકત કરતાં જણાવ્યું કે, જે તે વખતે માનનીય અધ્યક્ષશ્રીએ ઉદારતા દાખવી પહેલ કરી હતી અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ પણ ઉદારતા દાખવી ઉચ્ચ પરંપરાઓ સ્થાપિત કરી સભ્યશ્રીઓના સસ્પેન્શન રદ કરવામાં આવ્યા હતા તેમ જણાવી આ બનાવમાં પણ ઉદારતા દાખવી બન્ને સભ્યોના સસ્પેન્શન રદ કરવા જોઇએ.

ત્યારબાદ વિરોધપક્ષના નેતાશ્રી શંકરસિંહ વાઘેલાએ વિપક્ષના બન્ને સભ્યશ્રીઓના સસ્પેન્શન રદ કરવાની તેમની રજૂઆતને આગળ વધારતાં, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, સસ્પેન્શનને હજુ એક જ દિવસ થયો છે ગૃહનું વાતાવરણ જરા હળવુ થાય અને યોગ્ય માહોલ ઉભો થાય તો સભાગૃહ, ગૃહના નેતાને આ અંગે પુનઃવિચારણા કરવાનું અને ઉદારતા દાખવવાનું જણાવી શકે.

માનનીય અધ્યક્ષશ્રીએ કહ્યું કે, આ બાબતે બન્ને પક્ષના દંડકશ્રીઓની સાથે વાત કરવાનું અને વાતાવરણ હળવું થાય તેવું મેં અગાઉથી જ જણાવેલ છે, સંજોગોવસાત આજે વાત થઇ શકી નથી પણ હવે પછીના સમયમાં વાતચીત કરીને આગળ ઉપર સભાગૃહમાં એ વાત મૂકાશે તેમ જણાવી કાર્યવાહી આગળ ચલાવવા જણાવ્યું.

**(૪) અધ્યક્ષશ્રીનો પ્રસ્તાવઃ-**

તેરમી ગુજરાત વિધાનસભાના દસમા સત્ર દરમ્યાન તા.૨/૩/૨૦૧૭ના રોજ માનનીય અધ્યક્ષશ્રીએ વિરામના સમયમાં વિધાનસભા પરિસરમાં પત્રકારોને સંબોધવાના સ્થળ ઉપર માનનીય રાજય કક્ષાના ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા ઉપર કોઇ વ્યકિત દ્વારા જૂતુ ફેંકવાના બનાવ અંગે ચિંતા વ્યકત કરતો પ્રસ્તાવ રજૂ કર્યો.

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે પ્રસ્તાવને સમર્થન આપતાં જણાવ્યું કે, "આપના તરફથી જે પ્રસ્તાવ રજૂ થયો છે તે અનુકૂળ સમય અને સંજોગોમાં આવ્યો છે. સરકારના પક્ષે કે વિરોધપક્ષના સભ્યો જયારે મીડિયા સમક્ષ પોતાની વાત મૂકતા હોય અને ગુજરાતની પ્રજાને જાણકારી આપતા હોય ત્યારે આપના પરિસરમાં જે બનાવ બન્યો છે તે જાહેર જીવનમાં પડેલા આપણા બધા માટે ચિંતાજનક છે. આના માટે કોઇ પણ રાજકીય આગેવાને, પછી તે આ પક્ષના હોય કે તે પક્ષના હોય, વૈચારિક મતભેદ હોઇ શકે પણ આ પ્રકારે પોતાની વાત રજૂ કરનાર તત્વોને ક્યારેય પ્રોત્સાહન આપવું ન જોઇએ. આ આપણા ગુજરાતની તાસીર નથી. આવા બનાવો ગુજરાતમાં કે દેશમાં કોઇ પણ જગ્યાએ બને તે વ્યાજબી નથી અને આપના સહિત અહીં ઉપસ્થિત આપણા સૌ માટે ચિંતાજનક છે અને તેને સખત હાથે ડામી દેવા જોઇએ. આ બનાવને આપણે સૌ સર્વાનુમતિથી વખોડી કાઢીએ.

સભ્યશ્રી શકિતસિંહ ગોહિલે પણ પ્રસ્તાવને સમર્થન અને આવકાર આપતાં જણાવ્યું કે, લોકશાહી વ્યવસ્થામાં આવા બનાવોને ક્યારેય સ્થાન ન હોઇ શકે, હું આપની ભાવનાને સલામ કરું છું. આપના પરિસરમાં આ બનાવ બન્યો છે તેને મેં બહાર પણ વખોડી કાઢ્યો છે અને આ સભાગૃહમાં પણ વખોડી કાઢું છું. જાહેર જીવનમાં પડેલા લોકોની સાથે અહીં કે બહાર કોઇ જગ્યાએ આવા બનાવો બને તેને ક્યારેય યોગ્ય ઠેરવી શકાય નહી આક્રોશ વ્યકત કરવો હોય તો લોકશાહી ઢબે જ કરવો જોઇએ તેવું હું અને અમારો પક્ષ માનીએ છીએ આવા હુમલાના બનાવમાં નિવેદન આપવામાં પણ પક્ષના નેતાઓએ પરિપકવતા દાખવવી જોઇએ તેમ જણાવી આ બનાવને વખોડી કાઢ્યો.

સભ્યશ્રી જીતુભાઇ વાઘાણીએ પ્રસ્તાવના સમર્થનમાં જણાવ્યું કે, જાહેરજીવન સાથે સંકળાયેલા કોઇ પણ પક્ષના લોકો સાથે ક્યાંય પણ આવી ઘટના બને તે દુઃખદ છે અને આપણે સૌએ તેને વખોડી કાઢવી જોઇએ.

વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ માનનીય અધ્યક્ષશ્રી તરફથી લાવવામાં આવેલ પ્રસ્તાવમાં સૂર પુરાવતાં માનનીય અધ્યક્ષશ્રીનો આભાર માન્યો.

સભ્યશ્રી શૈલેષભાઇ પરમારે પ્રસ્તાવને સમર્થન આપતા જણાવ્યું કે, સભાગૃહની કાર્યવાહી દરમ્યાન લોકો આવવા જોઇએ તે વાત સ્વીકારીએ તો પણ વિધાનસભા પરિસરમાં જે પ્રકારે લોકોના ધાડે ધાડા આવે છે તે અંગે પણ વિચારણા થવી જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે, મેં આ પ્રસ્તાવ રજૂ કર્યો છે તે માત્ર ઔપચારિકતા માટે નથી, મેં વિધાનસભા ગૃહમાં આ પહેલા પણ કહ્યું છે અને આજે ફરી કહું છું કે, માનનીય મુખ્યમંત્રીશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી, વિરોધપક્ષના નેતાશ્રી કે કોઇ સિનિયર આગેવાનો બોલતા હોય કે પછી કોઇ મહિલા સભ્ય બોલતાં હોય ત્યારે આપણે બધાએ સંયમ રાખવો જોઇએ તેમ હું વ્યકિતગત માનું છું. માનનીય શૈલેષભાઇએ કહ્યું છે તેમ વિધાનસભામાં ખૂબ લોકો આવે છે, આવવા પણ જોઇએ. પરંતુ જે ઘટના બની છે તેને રાજકીય આગેવાન તરીકે માત્ર પક્ષને ધ્યાનમાં રાખીને આપણી વાત કરીશું તો આપણી જે પરંપરા છે તેને આપણે લાંબે સુધી નહીં લઇ જઇ શકીએ. ગુજરાતની જનતા આપણી સામે જે આશાની નજરે જોઇ રહી છે તે આશા અને અપેક્ષા આપણે પરિપૂર્ણ કરવાની છે આજે મારી ટેરીટરીમાં વિધાનસભામાં જે બનાવ બન્યો છે તેના માટે હવે પછી થોડીક કડક કાર્યવાહી કરવાની રહેશે એમાં આપ સૌનો સાથ અને સહયોગ મને મળશે તેવી આશા રાખું છું. આપ સૌએ સાનુકૂળ વાતાવરણમાં સર્વાનુમતે આ પ્રસ્તાવનો સ્વીકાર કરીને મારી લાગણીને વાચા આપી છે તે બદલ હું આપ સૌનો ઋણી છું અને આભારની લાગણી વ્યકત કરું છું.

**(૫) અધ્યક્ષશ્રીની પૂર્વ મંજૂરીથી ઉપસ્થિત કરવામાં આવેલ અગત્યનો શૂન્યકાળનો મુદ્દોઃ-**

તા.૭/૩/૨૦૧૭ના રોજ સભાગૃહમાં વિરોધપક્ષના નેતાશ્રી શંકરસિંહ વાઘેલાએ રજૂઆત કરતાં જણાવ્યું કે, આ મુદ્દો સભ્યશ્રીઓની સલામતી સાથે સંકળાયેલો હતો જેથી આમાં વધુ મહત્વ આપીને પ્રશ્નોત્તરીકાળ સ્થગિત કરીને આ પ્રશ્નની ચર્ચા આપી હોત તો વધુ સારુ હતું.

વિરોધપક્ષના સભ્યશ્રીઓને રવિ પૂજારીના નામથી ધમકીભર્યા મેસેજ અને ફોન કોલ્સ આવી રહ્યા છે. આવા ફોન કોલ્સ તથા મેસેજ વિશ્વના જુદા જુદા દેશોમાંથી આવે છે આ બાબતે તેઓએ ઇન્ટરનેશનલ કોલ્સના નંબરો સાથેની વિસ્તૃત માહિતી આપતાં જણાવ્યું કે, આ બાબતમાં સરકારે ખૂબ ગંભીરતા દાખવી કેન્દ્રની એજન્સીની મદદ લઇને યોગ્ય પગલાં લેવા જોઇએ.

સભ્યશ્રી સી.કે.રાઉલજી અને શ્રી અમિતભાઇ ચાવડાએ પણ તેઓના ઉપર આવેલા મેસેજ અને ફોન કોલ્સની વિસ્તૃત રજૂઆત કરી અને સરકારને આ અંગે યોગ્ય કાર્યવાહી કરવા અપીલ કરી.

માનનીય રાજય કક્ષાના ગૃહ મંત્રીશ્રીએ જણાવ્યું કે, માનનીય અધ્યક્ષશ્રી તરફથી મને જાણ કરવામાં આવી કે તરત જ ગૃહ વિભાગના એડિશનલ ચીફ સેક્રેટરીને માનનીય અધ્યક્ષશ્રીને મળવા માટે મોકલવામાં આવ્યા હતા અને મુખ્યમંત્રીશ્રીના ધ્યાન પર આ વાત આવતાં, એમણે તરત જ ડી.જી.પી.ને અને મને પણ સૂચના આપી હતી જેમને ધમકીઓ મળી હતી તે સભ્યશ્રીઓ પણ મારી પાસે આવ્યા હતા. આ બાબતને અત્યંત ગંભીર ગણીને પોલીસ, એ.ટી.એસ. અને સી.આઇ.ડી. ક્રાઇમ એમ બધી એજન્સીને સંયુકત રીતે તપાસ સોંપવામાં આવી છે. જરૂર જણાશે ત્યાં કેન્દ્રની એજન્સીની મદદ લઇને માત્ર ધારાસભ્યોને જ નહીં, પણ ગુજરાતમાં કોઇ પણ વ્યકિતને ધમકીભર્યા કોલ્સ કે મેસેજથી ખંડણી માગીને ભયનું વાતાવરણ ઉભું કરવા માગતા કોઇપણ વ્યકિત સફળ ન થાય તે માટે પૂરતા પ્રયત્નો સાથે સરકાર તપાસ કરાવવા માગે છે.

વિરોધપક્ષના નેતાશ્રી શંકરસિંહ વાઘેલાએ રાજય કક્ષાના ગૃહ મંત્રીશ્રીએ આ બાબતને ગંભીરતાથી લીધી છે અને લીધેલાં પગલાંની માહિતી આપી તે માટે આભાર વ્યકત કરતા જણાવ્યું કે, જે સભ્યશ્રીઓને ધમકી મળી છે તેમાંથી જો કોઇની ઇચ્છા હોય તો તેમને રક્ષણ પૂરૂં પાડવું જોઇએ. વધુમાં બીજા બે મુદ્દાઓ

અનિર્ણિત હોવાથી માનનીય અધ્યક્ષશ્રીની મંજૂરી સાથે રજૂઆત કરતા જણાવ્યું કે, નલિયા કાંડમાં હાઇકોર્ટ જજ કક્ષાની તપાસ માટે મુખ્યમંત્રીશ્રીએ ખાતરી આપી હતી તે અંગેની પરિસ્થિતિ શું છે તે સરકાર જણાવે. બીજું વિપક્ષના બે સભ્યશ્રીઓ સસ્પેન્ડ થયેલા છે તે માટે અમારી માંગણી હતી કે શાસક પક્ષના બે સભ્યો જેના કારણે આ ઉશ્કેરાટ ફેલાયેલો, તેમને પણ સસ્પેન્ડ કરવા જોઇએ અથવા અમારા સભ્યોનું સસ્પેન્શન રદ કરવું જોઇએ.

રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું કે, જો કોઇ સભ્યશ્રીને રક્ષણની આવશ્યકતા જણાતી હશે તો સરકાર તેમને રક્ષણ પુરું પાડવા તૈયાર છે. નલિયાના બનાવના સંદર્ભમાં જણાવ્યું કે, માનનીય મુખ્યમંત્રીશ્રીએ ન્યાયિક તપાસ માટેની વાત સ્વીકારી છે અને તેના સંદર્ભમાં હું માનનીય મુખ્યમંત્રીશ્રીની સાથે ચર્ચા કરીને વહેલામાં વહેલી તકે સભાગૃહને અવગત કરીશ.

માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે, આ મુદ્દા અંગે સભ્યશ્રી બલવંતસિંહ મારી પાસે આવ્યા ત્યારે જ મેં એમને જણાવ્યું હતું કે, પ્રશ્નોત્તરી પછી તરત જ આ મુદ્દો રજૂ કરવાની હું પરવાનગી આપીશ અને તે મુજબ મેં પ્રશ્નોત્તરી પછી તરત જ આ મુદ્દાની ચર્ચા આપી છે. આજે માનનીય રાજ્ય કક્ષાના ગૃહ મંત્રીશ્રીએ આ બનાવની ગંભીરતા ધ્યાને લઇને મારી અપેક્ષા પ્રમાણે જ પ્રતિભાવ આવ્યો છે તેથી એમનો આભાર માનું છું.

વધુમાં માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે, બે સસ્પેન્ડ થયેલા સભ્યશ્રીઓ માટે પણ ગઇ કાલે મારે માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને માનનીય નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલ સાથે બેઠક થઇ હતી કદાચ આજે પણ ચર્ચા થશે અને એ દિશામાં રાજ્ય સરકાર પોઝિટીવ રીતે આગળ વધી રહી છે એટલું હું આપને આશ્વાસન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રીએ આજના મુદ્દાનો ઉલ્લેખ કરી જણાવ્યું કે, ધમકીભર્યા મેસેજ અને ફોન કોલ્સ એ સભ્યો માટે તો અત્યંત ગંભીર છે જ, પણ ગુજરાતના કોઇ પણ નાગરિક માટે આવો કિસ્સો ઉભો થાય તો રાજ્ય સરકારે જ્યાં પણ જરૂરિયાત ઉભી થાય ત્યાં કેન્દ્ર સરકારનો સહયોગ લઇને ગુજરાતની સલામતી જળવાઇ રહે તે દિશામાં જે અસરકારક કામગીરી કરી રહી છે તે વધારે તીવ્રતાથી કરે તેવી અપેક્ષા રાખીએ.

**(૬) સભ્યશ્રીઓનું સસ્પેન્શન રદ કરવા અંગે :-**

તેરમી ગુજરાત વિધાનસભાના દસમા સત્ર દરમ્યાન તા. ૯/૩/૨૦૧૭ ના રોજ માનનીય રાજ્યકક્ષાના વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજાએ વિરોધપક્ષના દંડક શ્રી બલવંતસિંહ રાજપૂતના સમર્થનથી તા. ૨૩-૨-૨૦૧૭ના રોજ સભાગૃહમાંથી સસ્પેન્ડ થયેલા વિરોધ પક્ષના સભ્યો શ્રી પરેશભાઇ ધાનાણી અને શ્રી બળદેવજી ઠાકોરનું સસ્પેન્શન રદ કરવા બાબતનો પ્રસ્તાવ રજૂ કર્યો.

આ પ્રસ્તાવના સમર્થનમાં માનનીય નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલ અને સભ્ય શ્રી શક્તિસિંહ ગોહિલે પોતાનું મંતવ્ય વ્યક્ત કર્યું. ત્યાર બાદ માનનીય અધ્યક્ષશ્રીએ પ્રસ્તાવને આવકાર આપીને સભ્યોના સસ્પેન્શન રદ કરવા અંગેનો પ્રસ્તાવ મત ઉપર મૂક્યો અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

**(૭) સભાત્યાગ:-**

તા. ૨૧/૩/૨૦૧૭ના રોજ માનનીય રાજ્યકક્ષાના ગૃહમંત્રી શ્રીપ્રદિપસિંહ જાડેજાના જવાબથી અસંતોષ વ્યક્ત કરી માનનીય વિરોધપક્ષના નેતાશ્રી સાથે વિરોધપક્ષના તમામ સભ્યશ્રીઓ સૂત્રોચ્ચાર કરતાં સભાત્યાગ કરી ગયા.

**(૮) સભ્યશ્રીનું સસ્પેન્શન :-**

તા. ૨૧/૩/૨૦૧૭ના રોજ વિરોધપક્ષના સભ્યશ્રીઓ સભાત્યાગ કરી રહ્યા હતા તે દરમિયાન સભ્ય શ્રી પરેશભાઇ ધાનાણીએ માનનીય અધ્યક્ષશ્રીની કાર્યશૈલી સામે આક્ષેપાત્મક ઉચ્ચારણો કરીને અધ્યક્ષશ્રીની ગરિમાનું અવમાન કરતાં, માનનીય વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ સભ્ય શ્રી પરેશભાઇ ધાનાણીને સત્ર સમાપ્તિ સુધી સસ્પેન્ડ કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો. જેનો ગૃહ દ્વારા સ્વીકાર થતાં સભ્યશ્રી પરેશભાઇ ધાનાણીને સત્ર સમાપ્તિ સુધી સભાગૃહમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા.

## (૯) સભ્યશ્રીનું સસ્પેન્શન રદ કરવા અંગે :-

તા. ૨૨/૩/૨૦૧૭ના રોજ સભ્યશ્રી બલવંતસિંહ રાજપૂતે સભ્યશ્રી પરેશભાઇ ધાનાણીનું સસ્પેન્શન રદ કરવા અંગેનો પ્રસ્તાવ રજૂ કર્યો અને સભ્યશ્રી શૈલેષભાઇ પરમારે આ પ્રસ્તાવને સમર્થન આપ્યું.

સભ્યશ્રી પરેશભાઇ ધાનાણીનું સસ્પેન્શન રદ કરવા અંગેનો આ પ્રસ્તાવ મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

સભ્યશ્રી પરેશભાઇ ધાનાણીનું સસ્પેન્શન તાત્કાલિક અસરથી રદ કરવામાં આવ્યું.

## (૧૦) સભ્યશ્રીઓનું સસ્પેન્શન :-

તેરમી ગુજરાત વિધાનસભા દસમા સત્ર દરમ્યાન તા. ૨૩/૩/૨૦૧૭ ના રોજ માનનીય વન મંત્રીશ્રી માગણી ક્રમાંક - ૨૬ રજૂ કરી રહ્યા હતા તે દરમિયાન વિરોધપક્ષના સભ્યશ્રીઓ સતત સૂત્રોચ્ચાર સાથે પોતાના સ્થાન ઉપરથી ઉભા થઇ પાટલીઓની વચ્ચે ધસી આવતાં માનનીય અધ્યક્ષશ્રીએ વારંવાર તેમનું સ્થાન લેવાની વિનંતી કરવા છતાં સતત સૂત્રોચ્ચાર ચાલુ રહેતા, માનનીય રાજ્યકક્ષાના વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ સૂત્રોચ્ચાર કરી રહેલા વિરોધપક્ષના તમામ સભ્યશ્રીઓને વિધાનસભાના નિયમોના નિયમ - ૫૨ હેઠળ આજના દિવસની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવાની દરખાસ્ત રજૂ કરી. જેને વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ ટેકો આપતાં દરખાસ્ત મત માટે મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

તદ્અનુસાર માનનીય અધ્યક્ષશ્રીએ સૂત્રોચ્ચાર કરી રહેલા વિરોધ પક્ષના તમામ સભ્યશ્રીઓને આજના દિવસની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કર્યા. અને સસ્પેન્ડ થયેલા સભ્યશ્રીઓને સભાગૃહની બહાર લઇ જવા માટે સાર્જન્ટને આદેશ કર્યો.

સસ્પેન્ડ થયેલા વિરોધપક્ષના તમામ સભ્યશ્રીઓને સાર્જન્ટ દ્વારા સભાગૃહની બહાર લઇ જવામાં આવ્યા તેમજ વિરોધપક્ષના નેતાશ્રી શંકરસિંહ વાઘેલા, સભ્યશ્રી શકિતસિંહ ગોહિલ અને સભ્યશ્રી મોહનસિંહ રાઠવા સભાગૃહ છોડી ગયા.

## (૧૧) સભ્યશ્રીઓનું સસ્પેન્શન :-

તેરમી ગુજરાત વિધાનસભાના દસમા સત્ર દરમ્યાન તા.૩૦/૩/૨૦૧૭ના રોજ જસ્ટિસ એમ. બી.શાહ કમિશનનો અહેવાલ ગૃહમાં રજૂ કરવાના મુદ્દે વિરોધપક્ષના સભ્યશ્રીઓ પોતાની બેઠક પરથી ઉભા થઇ પાટલીઓ વચ્ચે આવી પ્લેકાર્ડનું પ્રદર્શન કરી સૂત્રોચ્ચાર કરવા લાગ્યા. માનનીય અધ્યક્ષશ્રીએ પ્રદર્શન કરી રહેલા સભ્યોને પોતાની બેઠક લેવા વારંવાર વિનંતી કરી છતાં સૂત્રોચ્ચાર ચાલુ રહેતાં, માનનીય રાજ્યકક્ષાના વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ વિરોધપક્ષના પોતાની બેઠક પરથી ઉભા થઇ પ્લેકાર્ડ દર્શાવી સૂત્રોચ્ચાર કરી રહેલા સભ્યશ્રીઓને આજના દિવસની પહેલી બેઠક માટે સસ્પેન્ડ કરવાની દરખાસ્ત રજૂ કરી, જેને માનનીય વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ ટેકો આપતાં દરખાસ્ત મત પર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

માનનીય અધ્યક્ષશ્રીએ પોતાની જગ્યા પરથી ઉભા થઇ સૂત્રોચ્ચાર કરી રહેલા વિરોધપક્ષના તમામ સભ્યશ્રીઓને આજના દિવસની પહેલી બેઠક માટે સસ્પેન્ડ કરી સસ્પેન્ડ થયેલા સભ્યશ્રીઓને સભાગૃહની બહાર લઇ જવા માટે સાર્જન્ટને આદેશ કર્યો.

સસ્પેન્ડ થયેલા વિરોધપક્ષના સભ્યશ્રીઓને સાર્જન્ટ દ્વારા સભાગૃહની બહાર લઇ જવામાં આવ્યા.

ત્યારબાદ વિરોધપક્ષના નેતાશ્રી શંકરસિંહ વાઘેલા અને સભ્યશ્રી શકિતસિંહ ગોહિલ સભાગૃહ છોડી ગયા.

## (૧૨) દેખાવો અને સસ્પેન્શન :-

તા.૩૧/૩/૨૦૧૭ના રોજ વિરોધપક્ષના પોતાના સ્થાન ઉપર ઉભા થઇને સૂત્રો લખેલા એપ્રન પહેરી દેખાવો કરતાં સભાગૃહમાં ઉપસ્થિત સભ્યશ્રીઓને માનનીય અધ્યક્ષશ્રીએ વિરોધપક્ષની માગણી મુજબ

જસ્ટીસ એમ.બી.શાહ કમિશનનો રિપોર્ટ સભાગૃહમાં રજૂ થયેલ હોવાથી સભ્યશ્રીઓને દેખાવો બંધ કરી પોતાનું સ્થાન લેવા વારંવાર વિનંતી કરી.

માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ માનનીય અધ્યક્ષશ્રીની સૂચના અને વિરોધપક્ષના નેતાની લાગણી મુજબ સરકારે એમ.બી.શાહ કમિશનનો રિપોર્ટ સભાગૃહ સમક્ષ રજૂ કરેલ હોવા છતાં વિરોધપક્ષ જે દેખાવો કરી રહયો છે તે દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીને બદનામ કરવા માટેનો રાજકીય ઇરાદો સૂચવે છે તેમ જણાવ્યું.

આમ છતાં, વિરોધપક્ષના સભ્યશ્રીઓ તેમના દેખાવો ચાલુ રાખી વેલમાં આવી જતાં માનનીય અધ્યક્ષશ્રીએ વેલમાં આવેલા તમામ સભ્યશ્રીઓને સભાગૃહની બહાર લઇ જવા સાર્જન્ટને આદેશ કર્યો. તદ્નુસાર સાર્જન્ટ દ્વારા વેલમાં આવેલા વિરોધપક્ષના તમામ સભ્યશ્રીઓને સભાગૃહની બહાર લઇ જવામાં આવ્યા.

ત્યારબાદ માનનીય રાજયકક્ષાના વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ વિરોધપક્ષની માંગણી સ્વીકારાઇ હોવા છતાં અને માનનીય અધ્યક્ષશ્રીની વારંવારની વિનંતી છતાં સભાગૃહમાં દેખાવો ચાલુ રાખી વેલમાં ધસી આવીને કાર્યવાહીમાં ખલેલ પહોંચાડતાં વિરોધપક્ષના તમામ સભ્યશ્રીઓને આજના દિવસની બન્ને બેઠકો માટે નિયમ-૫૨ હેઠળ સસ્પેન્ડ કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો. જેને માનનીય વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ ટેકો આપતાં પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો. પ્રસ્તાવનો સ્વીકાર થતાં વિરોધપક્ષના તમામ સભ્યશ્રીઓને આજના દિવસની બન્ને બેઠકમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા.

**૨૧. નાણાકીય સમિતિઓ અને ગુજરાત આદિજાતિ સલાહકાર પરિષદ ઉપર સભ્યોની ચૂંટણી:-**

માનનીય અધ્યક્ષશ્રીએ તા.૨૧/૦૩/૨૦૧૭ના રોજ ગુજરાત વિધાનસભાની સન ૨૦૧૬-૧૭ના વર્ષ માટેની નાણાકીય સમિતિઓમાં ખાલી પડેલ જગ્યાઓ પર તેમજ ગુજરાત રાજ્ય આદિજાતિ સલાહકાર પરિષદ ઉપર ખાલી પડેલ એક જગ્યા પર ગુજરાત વિધાનસભાના પ્રતિનિધિઓની ચૂંટણી કરવા ચૂંટણી કાર્યક્રમની સભાગૃહમાં જાહેરાત કરી હતી.

**૨૨. સમિતિની બેઠકો:–**

| | સમિતિનું નામ | બેઠકોની તારીખ |
|---|---|---|
| ૧ | કામકાજ સલાહકાર સમિતિ | ૧૭/૨/૨૦૧૭ |
| | | ૨૧/૩/ ૨૦૧૭ |
| | | ૨૪/૩/ ૨૦૧૭ |
| | | ૮/૫/૨૦૧૭ |
| ૨ | બિન -સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિ | ૨૦/૨/ ૨૦૧૭ |
| | | ૨૮/૨/ ૨૦૧૭ |
| | | ૭/૩/ ૨૦૧૭ |
| | | ૧૪/૩/ ૨૦૧૭ |
| | | ૨૧/૩/ ૨૦૧૭ |
| ૩ | જાહેર સાહસો માટેની સમિતિ | ૨૨/૨/૨૦૧૭ |
| ૪ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના કલ્યાણ માટેની સમિતિ | ૨૪/૩/ ૨૦૧૭ |
| ૫ | અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિ | ૨૭/૨/૨૦૧૭ |
| ૬ | સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિ | ૩/૩/૨૦૧૭ |
| ૭ | સદસ્ય નિવાસ સમિતિ | ૨૨/૨/૨૦૧૭ |

## ૨૩. સભાગૃહમાં રજૂ થયેલા/ચર્ચાયેલા ગૃહની સમિતિના અહેવાલોઃ–

| સમિતિ | અહેવાલ | અહેવાલ રજૂ થયા તારીખ | ચર્ચાયા તારીખ |
|---|---|---|---|
| (૧)કામકાજ સલાહકાર સમિતિ | તેરમો અહેવાલ | ૨૦/૨/ ૨૦૧૭ | ૨૦/૨/ ૨૦૧૭ |
| | ચૌદમો અહેવાલ | ૨૧/૩/ ૨૦૧૭ | ૨૧/૩/ ૨૦૧૭ |
| | પંદરમો અહેવાલ | ૨૪/૩/ ૨૦૧૭ | ૨૪/૩/ ૨૦૧૭ |
| | સોળમો અહેવાલ | ૯/૫/૨૦૧૭ | ૯/૫/૨૦૧૭ |
| (૨)બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિ | સત્તરમો અહેવાલ | ૨૧/૨/ ૨૦૧૭ | ૨૧/૨/ ૨૦૧૭ |
| | અઢારમો અહેવાલ | ૧/૩/ ૨૦૧૭ | ૧/૩/ ૨૦૧૭ |
| | ઓગણીસમો અહેવાલ | ૮/૩/ ૨૦૧૭ | ૮/૩/ ૨૦૧૭ |
| | વીસમો અહેવાલ | ૧૫/૩/ ૨૦૧૭ | ૧૫/૩/ ૨૦૧૭ |
| | એકવીસમો અહેવાલ | ૨૨/૩/ ૨૦૧૭ | ૨૨/૩/ ૨૦૧૭ |
| (૩) જાહેર હિસાબ સમિતિ | પાંચમો અહેવાલ | ૧૦/૩/૨૦૧૭ | - |
| | છઠ્ઠો અહેવાલ | ૧૬/૩/૨૦૧૭ | |
| (૪) અંદાજ સમિતિ | દસમો અહેવાલ | ૨૦/૨/૨૦૧૭ | |
| | અગિયારમો અહેવાલ | ૧૬/૩/૨૦૧૭ | - |
| (૫) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના કલ્યાણ માટેની સમિતિ | પ્રથમ અહેવાલ | ૩૧/૩/૨૦૧૭ | |
| (૬) સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિ | છઠ્ઠો અહેવાલ | ૧૦/૩/૨૦૧૭ | |
| | સાતમો અહેવાલ | ૧૦/૩/૨૦૧૭ | |
| (૭)અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિ | આઠમો અહેવાલ | ૨૦/૩/૨૦૧૭ | |
| | નવમો અહેવાલ | -"- | |
| | દસમો અહેવાલ | -"- | |
| | અગિયારમો અહેવાલ | -"- | |
| | બારમો અહેવાલ | -"- | |
| | તેરમો અહેવાલ | -"- | |
| (૮) અનુસૂચિત જન જાતિઓના કલ્યાણ માટેની સમિતિ | ત્રીજો અહેવાલ | ૭/૩/૨૦૧૭ | - |
| | ચોથો અહેવાલ | -"- | |
| (૯) જાહેર સાહસો માટેની સમિતિ | નવમો,દસમો, અગિયારમો,બારમો અને તેરમો અહેવાલ | ૨/૩/૨૦૧૭ | |
| (૧૦) પંચાયતી રાજ સમિતિ | ચોથો અહેવાલ | ૧૬/૩/૨૦૧૭ | |
| | પાંચમો અહેવાલ | ૨૩/૩/૨૦૧૭ | |
| | છઠ્ઠો અહેવાલ | -"- | |
| | સાતમો અહેવાલ | -"- | |

## ૨૪. વિધાનસભાના મેજ ઉપર મૂકાયેલા કાગળો (અધિસૂચનાઓ / અહેવાલો સિવાય)

| અ. નં. | વિગત | મેજ ઉપર મૂકયા તારીખ |
|---|---|---|
| ૧. | સ્થાનિક ભંડોળ હિસાબના નિરીક્ષકશ્રીનો સન ૨૦૧૨–૧૩ના વર્ષનો નગરપાલિકાઓનો ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન | ૩૦/૩/૨૦૧૭ |
| ૨. | સ્થાનિક ભંડોળ હિસાબના નિરીક્ષકશ્રીનો સન ૨૦૧૨–૧૩ના વર્ષનો ગ્રામ પંચાયતોના હિસાબો પરનો ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ પર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન | ૩૧/૩/૨૦૧૭ |
| ૩. | ગુજરાત સરકારના સન ૨૦૧૫–૨૦૧૬ના વર્ષના નાણાકીય હિસાબો (ભાગ–૧ અને ભાગ–૨ ) (અંગ્રેજી તથા ગુજરાતી) | ૩૧/૩/૨૦૧૭ |
| ૪. | ગુજરાત સરકારના સન ૨૦૧૫–૨૦૧૬ના વર્ષના વિનિયોગ હિસાબો (અંગ્રેજી તથા ગુજરાતી) | ૩૧/૩/૨૦૧૭ |
| ૫. | ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૧૫–૨૦૧૬ના વર્ષનો ઓડિટ અહેવાલ (રાજયની નાણાકીય પરિસ્થિતિ) (અંગ્રેજી તથા ગુજરાતી) | ૩૧/૩/૨૦૧૭ |
| ૬. | ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૧૫–૨૦૧૬ના વર્ષનો ઓડિટ અહેવાલ (મહેસૂલ ક્ષેત્ર) (અંગ્રેજી તથા ગુજરાતી) | ૩૧/૩/૨૦૧૭ |
| ૭. | ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૧૫–૨૦૧૬ના વર્ષનો ઓડિટ અહેવાલ (જાહેર સાહસો) (અંગ્રેજી તથા ગુજરાતી) | ૩૧/૩/૨૦૧૭ |
| ૮. | ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૧૫–૨૦૧૬ના વર્ષનો ઓડિટ અહેવાલ (આર્થિક ક્ષેત્ર) (અંગ્રેજી તથા ગુજરાતી) | ૩૧/૩/૨૦૧૭ |
| ૯. | ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૧૫–૨૦૧૬ના વર્ષનો ઓડિટ અહેવાલ (સામાન્ય અને સામાજિક ક્ષેત્ર) (અંગ્રેજી તથા ગુજરાતી) | ૩૧/૩/૨૦૧૭ |
| ૧૦. | ગુજરાત સરકારના સન ૨૦૧૫–૨૦૧૬ના વર્ષના નાણાકીય હિસાબો (સ્થાનિક સંસ્થાઓ) (અંગ્રેજી તથા ગુજરાતી) | ૩૧/૩/૨૦૧૭ |

## ૨૫. વિધાનસભાના મેજ ઉપર મૂકાયેલા કાગળો :–

ભારતના બંધારણ અથવા પ્રવર્તમાન કાયદાની જોગવાઈઓ અન્વયે સરકારી કંપની, બોર્ડ કે કોર્પોરેશનના કુલ ૯૦ અહેવાલો**( પત્રક ક્રમાંક :૨૦)** તથા ૨૭ સરકારી અધિસૂચનાઓ સત્ર દરમિયાન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી હતી.

## ૨૬. વિધાનસભામાં પક્ષવાર પરિસ્થિતિ :–

તેરમી ગુજરાત વિધાનસભાના સભ્યોની તા.૩૧/૩/૨૦૧૭ની સ્થિતિએ પક્ષવાર પરિસ્થિતિ નીચે મુજબ છે.

| અ.નં. | પક્ષનું નામ | સભ્ય સંખ્યા |
|---|---|---|
| ૧ | ભારતીય જનતા પક્ષ | ૧૨૧ |
| ૨ | ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ | ૫૭ |
| ૩ | રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી | ૦૨ |
| ૪ | જનતા દળ (યુનાઈટેડ) | ૦૧ |
| ૫ | અપક્ષ | ૦૧ |
| | **કુલ** | **૧૮૨** |

## ૨૭. ખરેખર થયેલ કામકાજ પ્રમાણેની સભાઓની તારીખવાર યાદી:–

સત્ર દરમિયાન ખરેખર કામકાજ થયા પ્રમાણે સભાઓની તારીખવાર યાદી **પત્રક ક્રમાંક:૨૧**માં આપવામાં આવી છે.

## ૨૮. રોજેરોજના કામકાજનો સારાંશઃ–

સત્ર દરમિયાન વિધાનસભાએ કરેલા રોજેરોજના કામકાજનો સારાંશ **પત્રક ક્રમાંકઃ–૨૨** માં દર્શાવેલ છે.

## ૨૯. વિધાનસભાની ચર્ચામાં જુદા જુદા સભ્યોનો ફાળોઃ–

સત્ર દરમિયાન સભ્યશ્રીઓએ જુદા જુદા કામકાજની ચર્ચામાં કેટલી વખત ભાગ લીધો તે અંગેની વિગતો **પત્રક ક્રમાંકઃ–૨૩**માં દર્શાવવામાં આવી છે.

## ૩૦. શોકદર્શક ઉલ્લેખઃ–

સત્ર દરમિયાન કુલ- ૧૨(બાર) મહાનુભાવોના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ કરવામાં આવ્યા હતા. **(પત્રક ક્રમાંકઃ–૨૪)**.

## ૩૧. સભાત્યાગઃ–

૧. તા.૨૩–૨–૨૦૧૭

તા.૨૩–૨–૨૦૧૭ના રોજ માનનીય રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા તાકીદની જાહેર અગત્યની બાબત પરની ચર્ચાનો જવાબ આપી રહ્યા હતા તે દરમ્યાન વિપક્ષના તમામ સભ્યશ્રીઓ વેલમાં ધસી આવી સૂત્રોચ્ચાર કરવા લાગતા માનનીય અધ્યક્ષશ્રીએ તેમને પોતાનું સ્થાન લેવાની વારંવાર વિનંતી કરવા છતાં સૂત્રોચ્ચાર ચાલુ રહેતા અને સભાગૃહનું કામકાજ આગળ ચલાવવાનું અશકય બનતા માનનીય અધ્યક્ષશ્રીએ વેલમાં આવીને સૂત્રોચ્ચાર કરતા વિપક્ષના તમામ સભ્યશ્રીઓને એક દિવસ માટે સભાગૃહમાંથી સસ્પેન્ડ કર્યા અને તેઓને સભાગૃહની બહાર લઇ જવાનો સાર્જન્ટને આદેશ આપ્યો.

તદ્અનુસાર સાર્જન્ટ તરફથી સસ્પેન્ડ થયેલ સભ્યશ્રીઓને સભાગૃહમાંથી બહાર લઈ જવામાં આવ્યા.

૨. તા.૨–૩–૨૦૧૭

તા.૨–૩–૨૦૧૭ના રોજ ઝીરો અવર્સમાં ચર્ચાની માગણીનો અસ્વીકાર થવાથી વિરોધપક્ષના સભાગૃહમાં ઉપસ્થિત તમામ સભ્યશ્રીઓ સૂત્રોચ્ચાર કરતા કરતા સભાત્યાગ કરી ગયા.

૩. તા.૨૧–૩–૨૦૧૭

તા.૨૧–૩–૨૦૧૭ના રોજ માનનીય રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાના જવાબથી અસંતોષ વ્યકત કરી માનનીય વિરોધપક્ષના નેતાશ્રી સાથે વિરોધપક્ષના તમામ સભ્યશ્રીઓ સૂત્રોચ્ચાર કરતા કરતા સભાત્યાગ કરી ગયા.

## ૩૨. વિધાનસભાની કાર્યવાહી જોવા આવેલ પ્રેક્ષકો :–

| ૨૪ | સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૨૧–સન ૨૦૧૭નું ગુજરાત મોટર વાહન વેરા (સુધારા) વિધેયક | ૩૧/૩/૨૦૧૭ | ૯/૫/૨૦૧૭ | રાજયપાલશ્રી |
| ૨૫ | સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૨૨–સન ૨૦૧૭નું ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) વિધેયક | ૧૨/૪/૨૦૧૭ | ૯/૫/૨૦૧૭ | રાજયપાલશ્રી |
| ૨૬ | સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૨૩–સન ૨૦૧૭નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતીય સુધારા) વિધેયક | ૧૨/૪/૨૦૧૭ | ૯/૫/૨૦૧૭ | રાજયપાલશ્રી |
| ૨૭ | સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૨૪–સન ૨૦૧૭નું ગુજરાત વિનિયોગ વિધેયક | ૩૧/૩/૨૦૧૭ | ૯/૫/૨૦૧૭ | રાજયપાલશ્રી |

**પત્રક ક્રમાંકઃ—૧૩**

(જુઓ ફકરા ક્રમાંકઃ ૧૧(૧))

સન ૨૦૧૭–૧૮ના વર્ષના અનુદાનો માટે ચર્ચાયેલી માગણીઓ

| અ.નં. | ચર્ચાની તારીખ | ચર્ચાયેલી માગણી | સંબંધિત વિભાગ | પ્રભારી મંત્રીશ્રી | માગણીની રકમ | |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૧૪-૦૩-૨૦૧૭ | ૨ | કૃષિ અને સહકાર વિભાગ | કૃષિ મંત્રીશ્રી | મહેસૂલ | ૩૨,૫૬,૦૭,૩૧,૦૦૦ |
| | | | | | મૂડી | ૧,૨૬,૦૦,૦૦,૦૦૦ |
| ૨ | —"— | ૩ | —"— | કૃષિ મંત્રીશ્રી | મહેસૂલ | ૧,૫૫,૪૪,૪૩,૦૦૦ |
| | | | | | મૂડી | ૯૨,૧૪,૫૩,૦૦૦ |
| ૩ | —"— | ૪ | —"— | પશુપાલન મંત્રીશ્રી | મહેસૂલ | ૫,૬૮,૨૬,૨૨,૦૦૦ |
| ૪ | ૯-૦૩-૨૦૧૭ | ૫ | —"— | સહકાર મંત્રીશ્રી | મહેસૂલ | ૭,૫૩,૬૦,૦૩,૦૦૦ |
| | | | | | મૂડી | ૯૬,૫૯,૦૧,૦૦૦ |
| ૫ | ૧૪-૦૩-૨૦૧૭ | ૬ | —"— | મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી | મહેસૂલ | ૨,૨૧,૪૨,૯૯,૦૦૦ |
| | | | | | મૂડી | ૨,૬૮,૦૦,૦૦,૦૦૦ |
| ૬ | ૨૨-૦૩-૨૦૧૭ | ૯ | શિક્ષણ વિભાગ | શિક્ષણ મંત્રીશ્રી | મહેસૂલ | ૨,૧૭,૯૬,૮૪,૧૮,૦૦૦ |
| | | | | | મૂડી | ૭,૧૨,૮૪,૩૭,૦૦૦ |
| ૭ | —"— | ૧૦ | —"— | —"— | મહેસૂલ | ૨,૨૦,૩૧,૦૦૦ |
| | | | | | મૂડી | ૪૦,૬૧,૦૦,૦૦૦ |
| ૮ | ૧૪-૦૩-૨૦૧૭ | ૧૨ | ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ | ઉર્જા મંત્રીશ્રી | મહેસૂલ | ૨૩,૫૫,૩૫,૦૦૦ |
| ૯ | —"— | ૧૩ | —"— | —"— | મહેસૂલ | ૪૮,૨૪,૮૯,૩૩,૦૦૦ |
| | | | | | મૂડી | ૨૭,૧૭,૨૪,૨૨,૦૦૦ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧૦ | ૨૪-૦૩-૨૦૧૭ | ૧૫ | નાણા વિભાગ | નાયબ મુખ્ય મંત્રીશ્રી | મહેસૂલ | ૯૭,૬૦,૪૯,૦૦૦ |
| ૧૧ | —"— | ૧૭ | —"— | —"— | મહેસૂલ | ૧,૮૬,૪૮,૪૪,૦૦૦ |
| ૧૨ | —"— | ૧૮ | —"— | —"— | મહેસૂલ | ૧,૦૩,૧૧,૨૦,૦૫,૦૦૦ |
| ૧૩ | ૧૫-૦૩-૨૦૧૭ (પહેલી બેઠક) | ૨૨ | અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ | અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી | મહેસૂલ | ૬,૧૫,૦૪,૮૦,૦૦૦ |
| ૧૪ | —"— | ૨૩ | —"— | —"— | મહેસૂલ | ૫૫,૪૭,૬૭,૦૦૦ |
| | | | | | મૂડી | ૧,૧૫,૨૮,૭૮,૦૦૦ |
| ૧૫ | ૨૩-૦૩-૨૦૧૭ | ૨૬ | વન અને પર્યાવરણ વિભાગ | વન અને પર્યાવરણ મંત્રીશ્રી | મહેસૂલ | ૪,૨૨,૨૯,૯૮,૦૦૦ |
| | | | | | મૂડી | ૪,૨૬,૫૮,૦૪,૦૦૦ |
| ૧૬ | ૧૫-૦૩-૨૦૧૭ (પહેલી બેઠક) | ૨૭ | —"— | પર્યાવરણ મંત્રીશ્રી(રા.ક.) | મહેસૂલ | ૨૪,૩૩,૦૦,૦૦૦ |
| ૧૭ | ૯-૦૩-૨૦૧૭ | ૩૦ | સામાન્ય વહીવટ વિભાગ | મુખ્યમંત્રીશ્રી | મહેસૂલ | ૫,૭૮,૪૨,૦૦૦ |
| ૧૮ | —"— | ૩૧ | —"— | —"— | મહેસૂલ | ૩,૨૦,૧૬,૧૦,૦૦૦ |
| ૧૯ | —"— | ૩૩ | —"— | —"— | મહેસૂલ | ૧,૦૭,૪૨,૧૬,૦૦૦ |
| ૨૦ | ૧૫-૦૩-૨૦૧૭ (પહેલી બેઠક) | ૩૯ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી (રા.ક.) | મહેસૂલ | ૪૮,૪૧,૩૮,૧૨,૦૦૦ |
| | | | | | મૂડી | ૧૩,૯૯,૧૨,૩૭,૦૦૦ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૨૧ | —"— | ૪૦ | —"— | —"— | મહેસૂલ | ૧૦,૭૧,૪૬,૩૯,૦૦૦ |
| | | | | | મૂડી | ૪૩,૬૨,૧૩,૦૦૦ |
| ૨૨ | ૧૬-૦૩-૨૦૧૭ | ૪૨ | ગૃહ વિભાગ | મુખ્યમંત્રીશ્રી | મહેસૂલ | ૧૭,૧૭,૪૭,૦૦૦ |
| ૨૩ | —"— | ૪૩ | —"— | —"— | મહેસૂલ | ૩૯,૫૮,૧૬,૪૪,૦૦૦ |
| ૨૪ | —"— | ૪૪ | —"— | —"— | મહેસૂલ | ૧,૧૫,૭૩,૨૭,૦૦૦ |
| ૨૫ | ૧૦-૦૩-૨૦૧૭ | ૪૯ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | મુખ્યમંત્રીશ્રી | મહેસૂલ | ૨૩,૨૪,૪૯,૫૦,૦૦૦ |
| | | | | | મૂડી | ૧,૬૫,૩૬,૦૦,૦૦૦ |
| ૨૬ | —"— | ૫૦ | —"— | મુખ્યમંત્રીશ્રી | મહેસૂલ | ૨,૦૨,૩૮,૮૪,૦૦૦ |
| | | | | | મૂડી | ૫,૧૦,૦૦,૦૦૦ |
| ૨૭ | ૨૩-૩-૨૦૧૭ | ૫૧ | —"— | પ્રવાસન મંત્રીશ્રી | મહેસૂલ | ૯૨,૧૮,૧૬,૦૦૦ |
| | | | | | મૂડી | ૪,૫૫,૧૦,૦૦,૦૦૦ |
| ૨૮ | ૧૦-૦૩-૨૦૧૭ | ૫૪ | માહિતી અને પ્રસારણ વિભાગ | મુખ્યમંત્રીશ્રી | મહેસૂલ | ૧,૧૬,૧૪,૩૫,૦૦૦ |
| ૨૯ | ૧૬-૦૩-૨૦૧૭ | ૫૭ | શ્રમ અને રોજગાર વિભાગ | શ્રમ અને રોજગાર મંત્રીશ્રી | મહેસૂલ | ૧૦,૫૬,૮૬,૬૯,૦૦૦ |
| | | | | | મૂડી | ૬૯,૮૫,૦૦,૦૦૦ |
| ૩૦ | —"— | ૬૦ | કાયદા વિભાગ | કાયદા મંત્રીશ્રી ( રા. ક. ) | મહેસૂલ | ૯,૫૯,૦૦,૬૮,૦૦૦ |
| ૩૧ | ૧૦-૦૩-૨૦૧૭ | ૬૫ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | નાયબ મુખ્યમંત્રીશ્રી | મૂડી | ૪૭,૦૦,૦૦,૦૦,૦૦૦ |
| ૩૨ | ૧૭-૦૩-૨૦૧૭ | ૬૬ | —"— | જળસંપત્તિ મંત્રીશ્રી | મહેસૂલ | ૧૧,૪૧,૧૦,૭૨,૦૦૦ |
| | | | | | મૂડી | ૩૪,૮૭,૪૭,૦૪,૦૦૦ |
| ૩૩ | ૧૪-૦૩-૨૦૧૭ | ૬૭ | —"— | પાણી પુરવઠા મંત્રીશ્રી | મહેસૂલ | ૧,૨૩,૯૨,૦૦,૦૦૦ |
| | | | | | મૂડી | ૨૦,૦૯,૫૯,૮૦,૦૦૦ |
| ૩૪ | ૨૦-૦૩-૨૦૧૭ | ૭૦ | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ મંત્રીશ્રી (રા. ક.) | મહેસૂલ | ૧૯,૩૮,૩૩,૭૩,૦૦૦ |
| ૩૫ | —"— | ૭૧ | —"— | —"— | મહેસૂલ | ૧૭,૮૫,૬૪,૨૭,૦૦૦ |
| ૩૬ | —"— | ૭૪ | બંદરો અને વાહનવ્યવહાર વિભાગ | વાહનવ્યવહાર મંત્રીશ્રી (રા. ક) | મહેસૂલ | ૫૦,૯૩,૮૦,૪૦,૦૦૦ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | | | | મૂડી | ૬,૨૬,૩૨,૬૮,૦૦૦ |
| ૩૭ | ૧૫-૦૩-૨૦૧૭ (પહેલી બેઠક) | ૭૫ | —"— | મુખ્યમંત્રીશ્રી | મહેસૂલ | ૫૧,૯૦,૧૩,૦૦૦ |
| | | | | | મૂડી | ૨૫,૦૦,૦૨,૦૦૦ |
| ૩૮ | ૨૨-૦૩-૨૦૧૭ | ૭૮ | મહેસૂલ વિભાગ | મહેસૂલ મંત્રીશ્રી | મહેસૂલ | ૫,૦૬,૧૦,૫૭,૦૦૦ |
| ૩૯ | —"— | ૭૯ | —"— | —"— | મહેસૂલ | ૧૬,૧૮,૯૫,૬૯,૦૦૦ |
| | | | | | મૂડી | ૧,૧૩,૨૫,૪૦,૦૦૦ |
| ૪૦ | ૧૫-૦૩-૨૦૧૭ ( બીજી બેઠક) | ૮૫ | માર્ગ અને મકાન વિભાગ | નાયબ મુખ્યમંત્રીશ્રી | મહેસૂલ | ૧,૭૫,૨૪,૯૫,૦૦૦ |
| | | | | | મૂડી | ૩,૦૨,૭૦,૯૪,૦૦૦ |
| ૪૧ | —"— | ૮૬ | —"— | નાયબ મુખ્યમંત્રીશ્રી | મહેસૂલ | ૩૨,૬૫,૮૦,૮૧,૦૦૦ |
| | | | | | મૂડી | ૨૫,૨૯,૩૮,૭૩,૦૦૦ |
| ૪૨ | —"— | ૮૭ | —"— | નાયબ મુખ્યમંત્રીશ્રી | મહેસૂલ | ૧૫,૯૦,૮૨,૦૦૦ |
| | | | | | મૂડી | ૨,૧૭,૯૧,૦૦,૦૦૦ |
| ૪૩ | ૨૧-૦૩-૨૦૧૭ | ૮૯ | વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ | મુખ્યમંત્રીશ્રી | મહેસૂલ | ૨,૪૮,૫૩,૨૪,૦૦૦ |
| ૪૪ | —"— | ૯૨ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી | મહેસૂલ | ૧૪,૮૭,૨૮,૬૧,૦૦૦ |
| | | | | | મૂડી | ૯૦,૮૧,૪૦,૦૦૦ |
| ૪૫ | ૨૩-૦૩-૨૦૧૭ | ૯૩ | આદિજાતિ વિકાસ વિભાગ | આદિજાતિ વિકાસ મંત્રીશ્રી | મહેસૂલ | ૩,૬૪,૪૯,૦૬,૦૦૦ |
| | | | | | મૂડી | ૧૫,૦૩,૭૪,૦૦૦ |
| ૪૬ | ૨૧-૦૩-૨૦૧૭ | ૯૫ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી | મહેસૂલ | ૩૫,૮૨,૪૨,૫૦,૦૦૦ |
| | | | | | મૂડી | ૧૦,૨૧,૨૬,૮૨,૦૦૦ |
| ૪૭ | ૨૩-૦૩-૨૦૧૭ | ૯૬ | આદિજાતિ વિકાસ વિભાગ | આદિજાતિ વિકાસ મંત્રીશ્રી | મહેસૂલ | ૭૯,૨૯,૮૮,૫૦,૦૦૦ |
| | | | | | મૂડી | ૪૨,૩૫,૯૨,૬૮,૦૦૦ |
| ૪૮ | ૧૭-૦૩-૨૦૧૭ | ૯૮ | રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ | રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી ( રા. ક.) | મહેસૂલ | ૩,૮૬,૮૯,૬૫,૦૦૦ |
| | | | | | મૂડી | ૮૫,૯૯,૦૦,૦૦૦ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૪૯ | ૧૫-૦૩-૨૦૧૭ (બીજી બેઠક) | ૧૦૧ | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | નાયબ મુખ્યમંત્રીશ્રી | મહેસૂલ | ૧૦,૮૧,૨૩,૪૪,૦૦૦ |
| ૫૦ | —"— | ૧૦૨ | —"— | —"— | મહેસૂલ | ૮૬,૧૯,૫૯,૮૩,૦૦૦ |
| | | | | | મૂડી | ૯૦,૦૦,૦૦,૦૦૦ |
| ૫૧ | ૨૧-૦૩-૨૦૧૭ | ૧૦૫ | મહિલા અને બાળ વિકાસ વિભાગ | મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રા. ક) | મહેસૂલ | ૩,૭૬,૦૭,૦૦૦ |
| ૫૨ | ૧૫-૦૩-૨૦૧૭ (પહેલી બેઠક) | ૧૦૭ | ક્લાઇમેટ ચેન્જ વિભાગ | મુખ્યમંત્રીશ્રી | મહેસૂલ | ૧,૦૧,૦૦,૦૦૦ |

**પત્રક ક્રમાંક-૧૪**

(જુઓ ફકરા ક્રમાંકઃ ૧૧(૨))

સન ૨૦૧૬-૧૭ વર્ષના ખર્ચના પૂરક પત્રકમાં ચર્ચાયેલી માગણીઓ

| અ.નં. | ચર્ચાની તારીખ | ચર્ચાયેલી માગણી | સંબંધિત વિભાગ | પ્રભારી મંત્રીશ્રી | માગણીની રકમ | |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૧-૩-૨૦૧૭ | ૫ | કૃષિ અને સહકાર વિભાગ | સહકાર મંત્રીશ્રી | મૂડી | ૧,૦૦૦ |
| ૨ | ૧-૩-૨૦૧૭ | ૧૩ | ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ | ઉર્જા મંત્રીશ્રી | મહેસૂલ | ૬૮,૦૯,૯૭,૦૦૦ |
| ૩ | ૧-૩-૨૦૧૭ | ૨૨ | અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ | અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી | મહેસૂલ | ૧,૦૦૦ |
| ૪ | ૧-૩-૨૦૧૭ | ૩૯ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી (રા.ક.) | મહેસૂલ | ૧,૬૪,૦૮,૭૫,૦૦૦ |
| ૫ | ૧-૩-૨૦૧૭ | ૪૩ | ગૃહ વિભાગ | મુખ્યમંત્રીશ્રી | મહેસૂલ | ૪૧,૮૮,૮૦,૦૦૦ |
| ૬ | ૨-૩-૨૦૧૭ | ૬૭ | નર્મદા, જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | પાણી પુરવઠા મંત્રીશ્રી | મૂડી | ૨૭,૯૫,૧૩,૦૦૦ |
| ૭ | ૨-૩-૨૦૧૭ | ૭૦ | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ મંત્રીશ્રી (રા.ક.) | મહેસૂલ | ૮૯,૧૧,૮૯,૦૦૦ |
| ૮ | ૨-૩-૨૦૧૭ | ૮૬ | માર્ગ અને મકાન વિભાગ | નાયબ મુખ્યમંત્રીશ્રી | મૂડી | ૪,૦૦૦ |
| ૯ | ૨-૩-૨૦૧૭ | ૯૬ | આદિજાતિ વિકાસ વિભાગ | આદિજાતિ વિકાસ મંત્રીશ્રી | મહેસૂલ | ૭૦,૯૨,૭૦,૦૦૦ |
| | | | | | મૂડી | ૩,૦૦૦ |
| ૧૦ | ૨-૩-૨૦૧૭ | ૧૦૨ | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | નાયબ મુખ્યમંત્રીશ્રી | મહેસૂલ | ૧૮,૪૨,૦૧,૦૦૦ |

**પત્રક ક્રમાંક : ૧૫**

**(જુઓ ફકરા ક્રમાંક :૧૨)**

**ચર્ચા માટેનો દિવસ નક્કી ન થયો હોય તેવા પ્રસ્તાવો (નિયમ -૧૦૧)**

| મળેલ સૂચનાઓની સંખ્યા | દાખલ કરેલ સૂચનાઓ | દાખલ કરેલ સૂચનાનો વિષય | | સૂચના આપનાર સભ્યશ્રીનું નામ | ચર્ચાની તારીખ | શેરો |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ૪ | ૫ | ૬ |
| ૪૩ | ૩૮ | ૧ | દિવ્યાંગોને સાધન સહાય અંગે | શ્રી ભૂષણ ભટ્ટ | – | કામકાજ સલાહકાર સમિતિએ સમય ફાળવેલ ન હોવાથી ચર્ચા માટે હાથ ધરી શકાયો નહિ |
| | | ૨ | ઉજાલા યોજના અંગે | શ્રીમતી ભાનુબેન બાબરીયા | – | -"- |
| | | ૩ | સેવાસેતુ કાર્યક્રમ અંગે | શ્રી સતીષ પટેલ | – | નિયમ-૯૪(૪) અન્વયે રદ |
| | | ૪ | સૌની યોજના અંગે | શ્રી કિરીટસિંહ રાણા | – | કામકાજ સલાહકાર સમિતિએ સમય ફાળવેલ ન હોવાથી ચર્ચા માટે હાથ ધરી શકાયો નહિ |
| | | ૫ | અભયમ્ ૧૮૧ મહિલા હેલ્પલાઈન અંગે | શ્રીમતી નિમિષાબેન સુથાર | – | -"- |
| | | ૬ | આદિજાતિ વિસ્તારમાં શિક્ષણ વ્યવસ્થા સુદ્રઢ બનાવવા બાબત | શ્રી રમણલાલ પાટકર | – | -"- |
| | | ૭ | વાઈબ્રન્ટ ગુજરાત સમિટ-૨૦૧૭ અંગે | શ્રી નરોત્તમભાઈ પટેલ | – | -"- |
| | | ૮ | લઘુમતીના વિકાસ અંગે | શ્રી બલવંતસિંહ રાજપૂત | – | -"- |
| | | ૯ | ડાર્કઝોન વિસ્તારમાં ખેતી માટે ખેડૂતોને વીજ કનેક્શનના વિકલ્પે નહેરો આપવા બાબત | શ્રી બલવંતસિંહ રાજપૂત | – | -"- |
| | | ૧૦ | વાઈબ્રન્ટ સમિટથી બેરોજગારોને રોજગારી આપવા અંગે | શ્રી બલવંતસિંહ રાજપૂત | – | -"- |
| | | ૧૧ | પાટણ જિલ્લાને ખેતી માટેનું પાણી પુરૂ પાડવા બાબત | શ્રી બલવંતસિંહ રાજપૂત | – | -"- |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | ૧૨ | રાજયના ઉદ્યોગોમાં સ્થાનિક યુવા બેરોજગારોને રોજગારી આપવા બાબત | શ્રી બલવંતસિંહ રાજપૂત | – | -"- |
| | | ૧૩ | શૌચાલય નિર્માણ અંગે | ડૉ. નીમાબેન આચાર્ય | – | -"- |
| | | ૧૪ | ગરીબ કલ્યાણ વર્ષ અંગે | શ્રી ભરતભાઈ પટેલ | – | -"- |
| | | ૧૫ | ફિક્સપગારની નીતિમાં થયેલ સુધારા અંગે | શ્રી રાકેશ શાહ | – | -"- |
| | | ૧૬ | નડાબેટ "સીમા દર્શન" કાર્યક્રમ અંગે | શ્રી પરબતભાઇ પટેલ | – | -"- |
| | | ૧૭ | "પૈસા" ના અમલીકરણ બાબત | શ્રી અશોકકુમાર પટેલ | – | -"- |
| | | ૧૮ | રાજયમાં અગરીયાઓને બચાવવા અંગે | ડૉ. તેજશ્રીબેન પટેલ | – | -"- |
| | | ૧૯ | અર્થટર્મિનલ લગાડવા બાબત | ડૉ. તેજશ્રીબેન પટેલ | – | -"- |
| | | ૨૦ | રિર્સર્ચસ અને સાયન્ટીસ્ટ બને તેવા શિક્ષણના માળખા અંગે | ડૉ. તેજશ્રીબેન પટેલ | – | -"- |
| | | ૨૧ | સ્ત્રી - પુરૂષના રેશિયા અંગે | ડૉ. તેજશ્રીબેન પટેલ | – | -"- |
| | | ૨૨ | કંપનીઓ પાસેથી વેચાણવેરો/ વેટ વસુલવા અંગે | શ્રી ગ્યાસુદ્દીન શેખ | – | -"- |
| | | ૨૩ | વાઈબ્રન્ટ સમિટના એમ.ઓ.યુ.ના પાલન અંગે | શ્રી ગ્યાસુદ્દીન શેખ | – | -"- |
| | | ૨૪ | **RTE** એક્ટનો અમલ કરાવવા અંગે | શ્રી ગ્યાસુદ્દીન શેખ | – | -"- |
| | | ૨૫ | રાજયની ગૌશાળાને સહાય આપવા અંગે | શ્રી ગ્યાસુદ્દીન શેખ | – | -"- |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | ૨૬ | વયનિવૃતિ કે સ્વૈચ્છિક નિવૃતિ લેનારને પુન: નિમણૂંક ન આપવા અંગે | શ્રી ગ્યાસુદ્દીન શેખ | – | -"- |
| | | ૨૭ | મેગા જોબફેર કાર્યક્રમ અંગે | શ્રી રજનીકાન્ત પટેલ | – | -"- |
| | | ૨૮ | કે.જી. બેઝીનમાં ગેસ મેળવવામાં વપરાયેલ નાણાનો અંદાજ જાહેર કરવા અંગે | શ્રી પુંજાભાઈ વંશ | – | -"- |
| | | ૨૯ | રાજયમાં **D.E.O.**કચેરીમાં ખાલી જગ્યાઓ ભરવા અંગે | શ્રી પુંજાભાઈ વંશ | – | -"- |
| | | ૩૦ | સિંચાઇ માટે વીજ કનેકશન આપવા અંગે | શ્રી પુંજાભાઈ વંશ | – | -"- |
| | | ૩૧ | નવી કૃષિ નીતિ જાહેર કરવા અંગે | શ્રી પુંજાભાઈ વંશ | – | -"- |
| | | ૩૨ | સેવા સહકારી મંડળીઓના વિકાસ અંગે | શ્રી પરેશભાઈ ધાનાણી | – | -"- |
| | | ૩૩ | સરકારી ગેસ આધારીત વીજ મથકોને સંપૂર્ણ કાર્યરત કરવા અંગે | શ્રી પરેશભાઈ ધાનાણી | – | -"- |
| | | ૩૪ | મહિલા અને બાળ વિકાસ વિભાગને કેન્દ્ર સરકાર તરફથી મળતી રકમ અંગે | શ્રી પરેશભાઈ ધાનાણી | – | -"- |
| | | ૩૫ | રાજયમાં વન વિસ્તાર વધે તે અંગે | શ્રી પરેશભાઈ ધાનાણી | – | -"- |
| | | ૩૬ | વાઈબ્રન્ટ સમિટમાં થયેલ એમ.ઓ.યુ.ની હકીકત અંગે | શ્રી પરેશભાઈ ધાનાણી | – | -"- |
| | | ૩૭ | આદિજાતિ વિસ્તારોની આદર્શ નિવાસી શાળાઓમાં શિક્ષકોની ભરતી અંગે | શ્રી ગેંદાલભાઈ ડામોર | – | -"- |
| | | ૩૮ | રાજયના બાકી રહી ગયેલા જીલ્લાઓમાં સરકારી વિજ્ઞાન પ્રવાહની કોલેજ-માધ્યમિક શાળાઓ ખોલવા અંગે | શ્રી મહેન્દ્રસિંહ બારૈયા | – | -"- |

**પત્રક ક્રમાંક :-૧૬**

**(જુઓ ફકરા ક્રમાંક :-૧૪)**

**ધ્યાન દોરતી સૂચનાઓ (નિ-૧૧૬)**

| મળેલ સૂચનાઓની સંખ્યા | દાખલ કરેલી સૂચનાઓ | દાખલ કરેલ સૂચનાનો વિષય | | સૂચના આપનાર સભ્યશ્રીનું નામ | બાબત પર ધ્યાન દોર્યા તારીખ |
|---|---|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | | **૪** | **૫** |
| ૧૧૩ | ૨૭ ( એકત્રિત કરતા ૯) | ૧ | નલિયા ખાતેનો સામૂહિક દુષ્કર્મકાંડ બાબત. | ડૉ. નીમાબેન આચાર્ય (રમેશ મહેશ્વરી, ભૂષણ ભટ્ટ અને સુરેશભાઈ પટેલ) | પક્ષ અને વિપક્ષ વચ્ચે સંમતિ સધાતા નિવેદન થયું નહિ. |
| | | ૨ | સાણંદ ખાતે ખેડૂતોની રેલી પર થયેલા અત્યાચાર બાબત. | શ્રી રાઘવજી પટેલ (કરમશીભાઈ પટેલ, વર્ષાબેન દોશી અને લાલજીભાઈ મેર) | ૨૩-૨-૨૦૧૭ |
| | | ૩ | રાજકોટમાં બોમ્બ મળવા બાબત. | શ્રી રાઘવજીભાઈ પટેલ | ૨૭-૨-૨૦૧૭ |
| | | ૪ | સાંતલપુરના પલ ગામના દલિતોના હિજરત બાબત. | શ્રી રમેશભાઈ ચાવડા (શૈલેષ પરમાર, મણીલાલ વાઘેલા અને બલવંતસિંહ રાજપૂત) | ૩-૩-૨૦૧૭ |
| | | ૫ | અમરેલીના વરસડા ગામે દલિત સરપંચની હત્યા અંગે. | શ્રી શૈલેષ પરમાર(પુંજાભાઇ વંશ અને રમેશભાઈ ચાવડા) | ૬-૩-૨૦૧૭ |
| | | ૬ | જખૌ પાસેથી માછીમારોના અપહરણ અંગે. | શ્રી પુંજાભાઇ વંશ (રાઘવજી પટેલ) | ૮-૩-૨૦૧૭ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | ૭ | સુમનદીપ વિદ્યાપીઠના સંચાલકો દ્વારા વિદ્યાર્થીઓને પાસ કરવા માટે લાખો રૂપિયા લેવા અંગે . | શ્રી પુંજાભાઈ વંશ(મહેન્દ્રસિંહ બારૈયા, પ્રો. હિરાભાઈ પટેલ અને માનસિંહ ચૌહાણ) | ૧૦-૩-૨૦૧૭ |
| | | ૮ | બોટાદ જિલ્લામાં આર્મીના જવાનને પોલીસ દ્વારા માર મારવા અંગે | શ્રી પુંજાભાઈ વંશ(ભોળાભાઇ ગોહેલ, બાબુભાઇ વાજા અને પ્રવિણભાઇ રાઠોડ) | ૧૫-૩-૨૦૧૭ |
| | | ૯ | દેવગઢ બારિયાના ભુતપગલા ગામની બહેનો પર થયેલ દુષ્કર્મ બાબત. | શ્રીમતી ચંદ્રિકાબેન બારિયા | ૨૧-૩-૨૦૧૭ |

**પત્રક ક્રમાંક :૧૭**
**(જુઓ ફકરા ક્રમાંક : ૧૫)**
**પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેના (નિકાલ થયેલા) બિન સરકારી વિધેયકો**

| અ.નં. | વિધેયક ક્રમાંક અને ટૂંકી સંજ્ઞા | વિભાગ | પ્રભારી સભ્યશ્રી | ચર્ચાયા તારીખ | પરિણામ |
|---|---|---|---|---|---|
| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. |
| ૧ | સન ૨૦૧૬નું વિધેયક ક્રમાંક–૬–સન ૨૦૧૫નું નાના અને સીમાંત ખેડૂતો (કલ્યાણ) વિધેયક | કૃષિ અને સહકાર | શ્રી બલવંતસિંહ રાજપૂત | ૨૨/૨/૨૦૧૭ | વિધેયકના પહેલા વાંચનના પ્રસ્તાવનો અસ્વીકાર થતાં વિધેયક નામંજૂર કરવામાં આવ્યું. |
| ૨ | સન ૨૦૧૬નું વિધેયક ક્રમાંક–૮–સન ૨૦૧૬નું ગુજરાત ટ્રાફિક ઉપદ્રવ નિવારણ અને નિયંત્રણ બાબત વિધેયક | ગૃહ | શ્રી પરબતભાઈ પટેલ | ૨૨/૨/૨૦૧૭ | વિધેયકનું પહેલું વાંચન કરવાનો પ્રસ્તાવ રજૂ થયો. ચર્ચાને અંતે સભાગૃહની અનુમતિથી વિધેયક પાછું ખેંચી લેવામાં આવ્યું. |
| ૩ | સન ૨૦૧૬નું વિધેયક ક્રમાંક–૧૦–સન ૨૦૧૬નું ગુજરાત મુખ્યમંત્રી અમૃતમ્ (મા) આરોગ્ય સેવાઓ વિધેયક | આરોગ્ય અને પરિવાર કલ્યાણ | શ્રીમતી ભાનુબેન બાબરીયા | ૨૨/૨/૨૦૧૭ | વિધેયકનું પહેલું વાંચન કરવાનો પ્રસ્તાવ રજૂ થયો. ચર્ચાને અંતે સભાગૃહની અનુમતિથી વિધેયક પાછું ખેંચી લેવામાં આવ્યું. |
| ૪ | સન ૨૦૧૬નું વિધેયક ક્રમાંક–૨૦–સન ૨૦૧૬નું ગુજરાત જાહેર સાહસ સેવા કમિશન વિધેયક | નાણા | શ્રી મણીભાઈ વાઘેલા | ૯/૩/૨૦૧૭ | વિધેયકના પહેલા વાંચનના પ્રસ્તાવનો અસ્વીકાર થતાં વિધેયક નામંજૂર કરવામાં આવ્યું. |
| ૫ | સન ૨૦૧૬નું વિધેયક ક્રમાંક–૧૩–સન ૨૦૧૬નું ગુજરાત સાગરખેડુનો વિકાસ વિધેયક | કૃષિ અને સહકાર | શ્રી પિયુષ દેસાઈ | ૯/૩/૨૦૧૭ | વિધેયકના પહેલા વાંચનના પ્રસ્તાવનો અસ્વીકાર થતાં વિધેયક નામંજૂર કરવામાં આવ્યું. |
| ૬ | સન ૨૦૧૬નું વિધેયક ક્રમાંક–૨૨–સન ૨૦૧૬નું ગુજરાત આર્થિક રીતે પછાત વર્ગો માટે (રાજયમાંની શૈક્ષણિક સંસ્થાઓમાં બેઠકો અને રાજય હેઠળની સેવાઓમાં નિમણૂકો અને જગાઓ અનામત રાખવા) બાબત વિધેયક | સામાન્ય વહીવટ | શ્રી શૈલેષભાઈ પરમાર | ૯/૩/૨૦૧૭ | વિધેયકના પહેલા વાંચનના પ્રસ્તાવનો અસ્વીકાર થતાં વિધેયક નામંજૂર કરવામાં આવ્યું. |
| ૭ | સન ૨૦૧૬નું વિધેયક ક્રમાંક–૧૪–સન ૨૦૧૬નું ગુજરાત રાજય ખેલ મહાકુંભ સત્તામંડળ વિધેયક | રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ | શ્રી દુષ્યંતભાઈ પટેલ | ૨૩/૩/૨૦૧૭ | વિધેયકનું પહેલું વાંચન કરવાનો પ્રસ્તાવ રજૂ થયો. ચર્ચાને અંતે સભાગૃહની અનુમતિથી વિધેયક પાછું ખેંચી લેવામાં આવ્યું. |

**પત્રક ક્રમાંક :૧૮**

**(જુઓ ફકરા ક્રમાંક : ૧૫)**

**પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેના બાકી રહેતા બિન સરકારી વિધેયકો**

| અ.નં. | વિધેયક ક્રમાંક અને ટૂંકી સંજ્ઞા | વિભાગ | પ્રભારી સભ્યશ્રી | શેરો |
|---|---|---|---|---|
| ૧. | ૨. | ૩. | ૪. | ૫. |
| ૧ | ૨૦૧૬નું વિધેયક ક્રમાંક–૭–સન ૨૦૧૫નું ભિક્ષા નાબૂદી વિધેયક | સામાજિક ન્યાય અને અધિકારીતા | શ્રી બલવંતસિંહ રાજપૂત | પ્રભારી સભ્યશ્રીને સભાગૃહમાંથી સસ્પેન્ડ કરવામાં આવેલા હોવાથી પ્રસ્તાવ સભાગૃહમાં રજૂ થયો ન હતો. |
| ૨ | સન ૨૦૧૬નું વિધેયક ક્રમાંક–૯–સન ૨૦૧૬નું ગુજરાત શાળાએ જતા વિદ્યાર્થીઓના આરોગ્ય કાર્યક્રમ વિધેયક | આરોગ્ય અને પરિવાર કલ્યાણ | શ્રી શંભુજી ઠાકોર | પ્રભારી સભ્યશ્રી ઉપાધ્યક્ષ બનતાં, તેઓની વિનંતીના આધારે વિધેયકના પહેલા વાંચનનો પ્રસ્તાવ મુલતવી રાખવામાં આવ્યો હતો. |
| ૩ | સન ૨૦૧૬નું વિધેયક ક્રમાંક–૧૧–સન ૨૦૧૬નું ગુજરાત ધુમ્રપાન અને થૂંકવા પર પ્રતિબંધ મૂકવા બાબત વિધેયક | આરોગ્ય અને પરિવાર કલ્યાણ | શ્રી શબ્દશરણ તડવી | પ્રભારી સભ્યશ્રી રાજયકક્ષાના મંત્રી બનતાં, તેઓની વિનંતીના આધારે વિધેયકના પહેલા વાંચનનો પ્રસ્તાવ મુલતવી રાખવામાં આવ્યો હતો. |
| ૪ | સન ૨૦૧૬નું વિધેયક ક્રમાંક–૧૫–સન ૨૦૧૬નું જન્મપૂર્વ નિદાન ટેકનિક (નિયમન અને દુરુપયોગ નિવારણ) (ગુજરાત સુધારા) વિધેયક | આરોગ્ય અને પરિવાર કલ્યાણ | ડૉ. નીમાબેન આચાર્ય | પ્રભારી સભ્યશ્રીની સભાગૃહમાં અનુપસ્થિતિને કારણે પ્રસ્તાવ સભાગૃહમાં રજૂ થયો ન હતો. |
| ૫ | સન ૨૦૧૬નું વિધેયક ક્રમાંક–૧૯–સન ૨૦૧૬નું ગુજરાત એન્ટરપ્રાઈઝીસ સિંગલ વિન્ડો ઈનેબલિંગ એન્ડ કિલયરન્સ વિધેયક | ઉદ્યોગ અને ખાણ | શ્રી બલવંતસિંહ રાજપૂત | પ્રભારી સભ્યશ્રીને સભાગૃહમાંથી સસ્પેન્ડ કરવામાં આવેલા હોવાથી પ્રસ્તાવ સભાગૃહમાં રજૂ થયો ન હતો. |
| ૬ | સન ૨૦૧૬નું વિધેયક ક્રમાંક–૨૧–સન ૨૦૧૬નું ગુજરાત (અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ માટેની) જગાઓ અને સેવાઓમાં ખાલી જગાઓ અનામત રાખવા બાબત વિધેયક | સામાન્ય વહીવટ | શ્રી મણીભાઈ વાઘેલા | પ્રભારી સભ્યશ્રીને સભાગૃહમાંથી સસ્પેન્ડ કરવામાં આવેલા હોવાથી પ્રસ્તાવ સભાગૃહમાં રજૂ થયો ન હતો. |
| ૭ | સન ૨૦૧૬નું વિધેયક ક્રમાંક–૨૮–સન ૨૦૧૬નું ગુજરાત સાંસ્કૃતિક સંરક્ષણ વિધેયક | રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ | શ્રી બલવંતસિંહ રાજપૂત | સમયના અભાવે વિધેયક હાથ ધરી શકાયું નહિ. |

**પત્રક ક્રમાંક :–૧૯**

**(જુઓ ફકરા ક્રમાંક :–૧૬)**

**બિન- સરકારી સંકલ્પો (નિયમ-૧૧૭)**

| અ.નં | સૂચનાનો વિષય | સૂચના આપનાર સભ્યશ્રીનું નામ | ચર્ચા માટેની તારીખ | પરિણામ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | ગુજરાતમાં જમીનોની સેટેલાઈટ દ્વારા રિસર્વે માપણી કરાવવાના કારણે ખેડૂતોની જમીન ફેરફાર થયા અંગે | શ્રી સી.કે. રાઉલજી | ૨ -૩-૧૭ | માન. સભ્યશ્રીએ સંકલ્પ પાછો ખેંચેલ છે. |
| ૨ | રાજ્યમાં કથળેલ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અંગે | શ્રી ઈન્દ્રનિલ રાજયગુરૂ | -"- | ચર્ચાના અંતે મત ઉપર મૂકતા સંકલ્પનો અસ્વીકાર કરવામાં આવ્યો. |
| ૩ | સેવા સેતુ કાર્યક્રમ અંગે | શ્રી કાન્તીલાલ ગામીત | -"- | આગળના બે સંકલ્પો પર ચર્ચા થઈ હોવાથી નિયમ ૧૧૭(૫)ના પરંતુક અન્વયે સભાગૃહમાં રજૂ થઈ શક્યો નહી. |
| ૪ | ખેત ઉત્પાદનના પાકોને પોષણક્ષમ ભાવ મળવા બાબત | શ્રી મહેશકુમાર પટેલ | ૧૬-૩-૧૭ | ચર્ચાના અંતે મત ઉપર મૂકતા સંકલ્પનો અસ્વીકાર કરવામાં આવ્યો. |
| ૫ | સેવા સેતૂ કાર્યક્રમ અંગે | શ્રી લાલજીભાઈ કોળીપટેલ | -"- | વિના વિરોધે સ્વીકાર થયો. |
| ૬ | મેગા જોબ ફેર કાર્યક્રમ બાબત. | શ્રી પિયુષભાઈ દેસાઇ | -"- | આગળના બે સંકલ્પો પર ચર્ચા થઈ હોવાથી નિયમ ૧૧૭(૫)ના પરંતુક અન્વયે સભાગૃહમાં રજૂ થઈ શક્યો નહી. |
| ૭ | ગુજરાતનો વિકાસ વધુ થાય તેવું અયોજન કરવા અંગે | શ્રી કેતનભાઈ ઈનામદાર | ૩૦-૩-૧૭ (પહેલી બેઠક) | વિના વિરોધે સ્વીકાર થયો. |
| ૮ | વન અધિકાર અધિનિયમ -૨૦૦૫ના અસરકારક અમલ અંગે | શ્રી આનંદભાઈ ચૌધરી | -"- | માનનીય સભ્યશ્રીને સસ્પેન્ડ કરેલ હોવાથી રજૂ ન થઇ શક્યો. |
| ૯ | બનાસકાંઠા જિલ્લામાં સિંચાઈની સુવિધા આપવા અંગે | શ્રી જોઈતાભાઈ પટેલ | -"- | માનનીય સભ્યશ્રીને સસ્પેન્ડ કરેલ હોવાથી રજૂ ન થઇ શક્યો. |

**પત્રક ક્રમાંક : ૨૦**

**(જુઓ ફકરા ક્રમાંક : ૨૫ )**

**વિધાનસભાના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

| અ.નં. | વિગત | સભાગૃહના મેજ ઉપર મૂક્યા તારીખ |
|---|---|---|
| ૧ | ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૪–૧૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન | ૨૩/૨/૨૦૧૭ |
| ૨ | અમદાવાદ કાપડ બજાર અને દુકાન કામદાર બોર્ડનો સન ૨૦૧૫–૧૬નો વાર્ષિક વહીવટી અહેવાલ | ૨૩/૨/૨૦૧૭ |
| ૩ | ગુજરાત રાજ્ય નાણાંકીય નિગમનો સન ૨૦૧૫–૧૬નો વાર્ષિક અહેવાલ | ૨૩/૨/૨૦૧૭ |
| ૪ | ગુજરાત રાજ્ય નાણાંકીય નિગમનો સન ૨૦૧૫–૧૬નો વાર્ષિક હિસાબો પરનો ઓડિટ અહેવાલ | ૨૩/૨/૨૦૧૭ |
| ૫ | મેટ્રો–લિન્ક એક્સપ્રેસ ફોર ગાંધીનગર એન્ડ અમદાવાદ (મેગા) કંપની લિમિટેડનો સન ૨૦૧૫–૧૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૧/૩/૨૦૧૭ |
| ૬ | ગુજરાત શહેરી વિકાસ કંપની લિમિટેડનો સન ૨૦૧૪–૧૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન | ૧/૩/૨૦૧૭ |
| ૭ | ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૫–૧૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૧/૩/૨૦૧૭ |
| ૮ | ગુજરાત રાજ્ય બાંધકામ નિગમ લિમિટેડનો સન ૨૦૧૫–૧૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૧/૩/૨૦૧૭ |
| ૯ | ગુજરાત રાજ્ય બીજ નિગમ લિમિટેડનો સન ૨૦૧૫–૧૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૧/૩/૨૦૧૭ |
| ૧૦ | ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૪–૧૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન | ૧/૩/૨૦૧૭ |
| ૧૧ | ગુજરાત ઔદ્યોગિક મૂડીરોકાણ નિગમ લિમિટેડનો સન ૨૦૧૪–૧૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી | ૧/૩/૨૦૧૭ |

| | | |
|---|---|---|
| | અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન | |
| ૧૨ | ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડના સન ૨૦૧૪–૧૫ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન | ૧/૩/૨૦૧૭ |
| ૧૩ અને ૧૪ | ગુજરાત હાઉસીંગ બોર્ડના સન ૨૦૧૩–૧૪ અને સન ૨૦૧૪–૧૫ ના વાર્ષિક વહીવટી અહેવાલો તથા આ અહેવાલો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતાં નિવેદનો | ૧/૩/૨૦૧૭ |
| ૧૫ | ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડનો સન ૨૦૧૫–૧૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૬/૩/૨૦૧૭ |
| ૧૬ | ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૨–૧૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન | ૬/૩/૨૦૧૭ |
| ૧૭ | ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૩–૧૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન | ૬/૩/૨૦૧૭ |
| ૧૮ | ગુજરાત પાવર કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૫–૧૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૬/૩/૨૦૧૭ |
| ૧૯ | ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૫–૧૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૬/૩/૨૦૧૭ |
| ૨૦ | ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળનો સન ૨૦૧૪–૧૫નો વાર્ષિક વહીવટી અહેવાલ તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન | ૬/૩/૨૦૧૭ |
| ૨૧ | ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડનો સન ૨૦૧૫–૧૬નો વાર્ષિક વહીવટી અહેવાલ | ૬/૩/૨૦૧૭ |
| ૨૨ | આણંદ કૃષિ યુનિવર્સિટીનો સન ૨૦૧૧–૧૨નો ઓડિટ અહેવાલ, તેના ઉપર લેવાયેલ પગલાંનું નિવેદન, વાર્ષિક હિસાબો તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન | ૬/૩/૨૦૧૭ |
| ૨૩ અને ૨૪ | સરદાર કૃષિનગર–દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના સન ૨૦૧૧–૧૨ અને સન ૨૦૧૨–૧૩ના ઓડિટ અહેવાલો, તેના ઉપર લેવાયેલ પગલાંના નિવેદનો, વાર્ષિક હિસાબો તથા આ અહેવાલો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતાં નિવેદનો | ૬/૩/૨૦૧૭ |
| ૨૫ | ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડનો સન ૨૦૧૫–૧૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૧૦/૩/૨૦૧૭ |
| ૨૬ | ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૫–૧૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૧૦/૩/૨૦૧૭ |
| ૨૭ થી ૨૯ | ગુજરાત વૃધ્ધિ કેન્દ્ર વિકાસ નિગમ લિમિટેડના સન ૨૦૧૧–૧૨, ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪ના વાર્ષિક અહેવાલો, હિસાબો, ઓડિટ અહેવાલો, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની | ૧૦/૩/૨૦૧૭ |

| | | |
|---|---|---|
| | ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલોને સભાગૃહના મેજ પર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતાં નિવેદનો | |
| ૩૦ | ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમનો સન ૨૦૧૪–૧૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ પર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન | ૧૦/૩/૨૦૧૭ |
| ૩૧ | ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો સન ૨૦૧૪–૧૫નો ઓડિટ અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ પર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન | ૧૦/૩/૨૦૧૭ |
| ૩૨ | ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમના સન ૨૦૧૨–૧૩ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ પર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન | ૧૦/૩/૨૦૧૭ |
| ૩૩ | ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનો સન ૨૦૧૪–૧૫નો વાર્ષિક અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ પર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન | ૧૦/૩/૨૦૧૭ |
| ૩૪ | ગુજરાત રાજ્ય મૂડીરોકાણ લિમિટેડનો સન ૨૦૧૫–૧૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૧૭/૩/૨૦૧૭ |
| ૩૫ | ગુજરાત સ્ટેટ ફાઈનાન્સિયલ સર્વિસિસ લિમિટેડનો સન ૨૦૧૫–૧૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૧૭/૩/૨૦૧૭ |
| ૩૬ | ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૪–૧૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ પર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન | ૧૭/૩/૨૦૧૭ |
| ૩૭ | ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમનો સન ૨૦૧૪–૧૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ પર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન | ૧૭/૩/૨૦૧૭ |
| ૩૮ | ગુજરાત રૂરલ ઈન્ડસ્ટ્રીઝ માર્કેટીંગ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૫–૧૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૧૭/૩/૨૦૧૭ |
| ૩૯ | ગુજરાત ખનીજ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૫–૧૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૧૭/૩/૨૦૧૭ |
| ૪૦ | ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશનનો સન ૨૦૧૩–૧૪નો વાર્ષિક અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ પર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન | ૧૭/૩/૨૦૧૭ |
| ૪૧ થી ૪૩ | ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમના સન ૨૦૦૯–૧૦, સન ૨૦૧૦–૧૧ અને સન ૨૦૧૧–૧૨ના વાર્ષિક વહીવટી અહેવાલો તથા આ અહેવાલોને સભાગૃહના મેજ પર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતાં નિવેદનો | ૧૭/૩/૨૦૧૭ |
| ૪૪ | ગુજરાત સ્ટેટ એવિએશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપની લિમિટેડનો સન ૨૦૧૪–૧૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ પર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન | ૨૧/૩/૨૦૧૭ |
| ૪૫ | ધોલેરા ઈન્ટરનેશનલ એરપોર્ટ કંપની લિમિટેડનો સન ૨૦૧૫–૧૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી | ૨૧/૩/૨૦૧૭ |

| | | |
|---|---|---|
| | અંગેની સરકારની સમીક્ષા | |
| ૪૬ થી ૫૬ | દહેજ સેઝ લિમિટેડના સન ૨૦૦૪–૦૫ થી સન ૨૦૧૪–૧૫ના વાર્ષિક અહેવાલો, હિસાબો, ઓડિટ અહેવાલો, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ પર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન | ૨૧/૩/૨૦૧૭ |
| ૫૭ | ગુજરાત ઈન્ફર્મેટિક્સ લિમિટેડનો સન ૨૦૧૪–૧૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ પર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન | ૨૧/૩/૨૦૧૭ |
| ૫૮ | ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૫–૧૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૨૧/૩/૨૦૧૭ |
| ૫૯ | ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ કોરીડોર કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૫–૧૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૨૧/૩/૨૦૧૭ |
| ૬૦ | ગુજરાત બાયોડાયવર્સિટી બોર્ડનો સન ૨૦૧૫–૧૬નો વાર્ષિક અહેવાલ | ૨૧/૩/૨૦૧૭ |
| ૬૧ | ગુજરાત રાજ્ય વેરહાઉસીંગ કોર્પોરેશનનો સન ૨૦૧૨–૧૩નો વાર્ષિક અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ પર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન | ૨૧/૩/૨૦૧૭ |
| ૬૨ અને ૬૩ | સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતના સન ૨૦૧૪–૧૫ અને સન ૨૦૧૫–૧૬ના વાર્ષિક વહીવટી અહેવાલો અને ઓડીટ અહેવાલો તથા સન ૨૦૧૪–૧૫ના વાર્ષિક વહીવટી અહેવાલ અને ઓડીટ અહેવાલને સભાગૃહના મેજ પર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન | ૨૧/૩/૨૦૧૭ |
| ૬૪ | ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ બોર્ડનો સન ૨૦૧૫–૧૬નો વાર્ષિક અહેવાલ | ૨૧/૩/૨૦૧૭ |
| ૬૫ | ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનું સન ૨૦૧૬–૧૭ના વર્ષનું સુધારેલું અંદાજપત્ર અને સન ૨૦૧૭–૧૮ના વર્ષનું અંદાજપત્ર | ૨૧/૩/૨૦૧૭ |
| ૬૬ થી ૬૮ | ગુજરાત મેરીટાઈમ બોર્ડના સન ૨૦૧૫–૧૬ના વાર્ષિક હિસાબો અને ઓડીટ અહેવાલ તથા સન ૨૦૧૩–૧૪ અને સન ૨૦૧૪–૧૫ના વાર્ષિક વહીવટી અહેવાલો તેમજ આ બંને અહેવાલોને સભાગૃહના મેજ પર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતાં નિવેદનો | ૨૧/૩/૨૦૧૭ |
| ૬૯ | ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રકચર લિમિટેડનો સન ૨૦૧૫-૧૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટઅહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૨૪/૩/૨૦૧૭ |
| ૭૦ | આલ્કોક એશડાઉન (ગુજરાત) લિમિટેડનો સન ૨૦૧૫-૧૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૨૪/૩/૨૦૧૭ |
| ૭૧ | ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગનો સન ૨૦૧૫-૧૬નો વાર્ષિક અહેવાલ અને હિસાબો | ૨૪/૩/૨૦૧૭ |
| ૭૨ | ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડનું સન ૨૦૧૭–૧૮ના વર્ષનું અંદાજપત્ર તથા સન ૨૦૧૬–૧૭ના વર્ષનું સુધારેલું અંદાજપત્ર | ૨૪/૩/૨૦૧૭ |

| | | |
|---|---|---|
| ૭૩ | ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડનો સન ૨૦૧૫–૧૬નો વાર્ષિક વહીવટી અહેવાલ, વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ | ૨૪/૩/૨૦૧૭ |
| ૭૪ અને ૭૫ | ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમના સન ૨૦૧૨–૧૩ અને સન ૨૦૧૩–૧૪ના વાર્ષિક વહીવટી અહેવાલો તથા આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતાં નિવેદનો | ૨૪/૩/૨૦૧૭ |
| ૭૬ | ગુજરાત રાજ્ય મહિલા આયોગનો સન ૨૦૧૫–૧૬નો વાર્ષિક વહીવટી અહેવાલ | ૨૪/૩/૨૦૧૭ |
| ૭૭ અને ૭૮ | માંડલ–બેચરાજી સ્પેશ્યલ ઇન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટીના સન ૨૦૧૪–૧૫ અને સન ૨૦૧૫–૧૬ના વાર્ષિક અહેવાલો અને હિસાબો તથા સન૨૦૧૪–૧૫ના વાર્ષિકઅહેવાલ અને હિસાબોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન | ૨૪/૩/૨૦૧૭ |
| ૭૯ | ધોલેરા ખાસ મૂડીરોકાણ પ્રાદેશિક વિકાસ સત્તામંડળનો સન ૨૦૧૫–૧૬નો વાર્ષિક અહેવાલ અને હિસાબો | ૨૪/૩/૨૦૧૭ |
| ૮૦ અને ૮૧ | ગુજરાત હાઉસીંગ બોર્ડના સન ૨૦૧૧–૧૨ અને સન ૨૦૧૨–૧૩ના વાર્ષિક હિસાબો પરના ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતાં નિવેદનો | ૩૦/૩/૨૦૧૭ |
| ૮૨ | ગુજરાત સ્લમ ક્લિયરન્સ બોર્ડનો સન ૨૦૦૯–૧૦નો વાર્ષિક હિસાબો પરનો ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન | ૩૦/૩/૨૦૧૭ |
| ૮૩ | શ્રી જસ્ટીસ એમ. બી. શાહ તપાસ પંચનો અહેવાલ | ૩૧/૩/૨૦૧૭ |
| ૮૪ | સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડનો સન ૨૦૧૫–૧૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૩૧/૩/૨૦૧૭ |
| ૮૫ | ગુજરાત રાજ્ય પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૫–૧૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૩૧/૩/૨૦૧૭ |
| ૮૬ | ગુજરાત મેડીકલ સર્વિસીસ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૪–૧૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ પર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન | ૩૧/૩/૨૦૧૭ |
| ૮૭ | ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો સન ૨૦૧૫–૧૬નો ઓડિટ અહેવાલ | ૩૧/૩/૨૦૧૭ |
| ૮૮ | ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગનો સન ૨૦૧૫–૧૬નો વાર્ષિક અહેવાલ | ૩૧/૩/૨૦૧૭ |
| ૮૯ | ગુજરાત તકેદારી આયોગનો સન ૨૦૧૫નો વાર્ષિક અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ પર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન | ૩૧/૩/૨૦૧૭ |
| ૯૦ | ગુજરાત માહિતી આયોગનો સન ૨૦૧૫–૧૬નો વાર્ષિક અહેવાલ | ૩૧/૩/૨૦૧૭ |

**પત્રક ક્રમાંક : ૨૧**

**(જુઓ ફકરા ક્રમાંક :૨૭)**

**ખરેખર થયેલા કામકાજ પ્રમાણેની સભાઓની તારીખવાર યાદી**

**ફેબ્રુઆરી–૨૦૧૭**

| | |
|---|---|
| **સોમવાર, તા. ૨૦મી** | **(૧) રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવની રજૂઆત**<br>માનનીય સભ્યશ્રી બાવકુભાઈ ઉંધાડે માનનીય રાજયપાલશ્રીએ ગુજરાત વિધાનસભાને કરેલા સંબોધન બદલ આભાર પ્રસ્તાવ રજૂ કર્યો હતો.<br>**(૨) શોકદર્શક ઉલ્લેખો**<br>તામિલનાડુ રાજયના મુખ્યમંત્રી સ્વ. કુ. જે. જયલલિતા, ગુજરાત રાજયના પૂર્વ મંત્રી સ્વ. શ્રી ગાભાજી મંગાજી ઠાકોર, ગુજરાત રાજયના પૂર્વ રાજયકક્ષાના મંત્રી સ્વ. શ્રી ભોળાભાઈ ચતુરભાઈ પટેલ, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ. શ્રી લક્ષ્મણભાઈ ભીમાભાઈ આગઠ અને પૂર્વ સભ્ય સ્વ. શ્રી શિરીષકુમાર મધુસૂદન શુક્લના અવસાન અંગેના શોકદર્શક ઉલ્લેખો.<br>**(૩) વટહુકમ નામંજૂર કરતો પ્રસ્તાવ અને સરકારી વિધેયકો**<br>(૧) સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૧–સન ૨૦૧૭નું ગુજરાત વિધાનસભાના સભ્યો, અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના અને મંત્રીઓના અને વિરોધપક્ષના નેતાના પગાર અને ભથ્થાંને લગતા કાયદા (સુધારા) વિધેયક.<br>(૨) સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૨–સન ૨૦૧૭નું ગુજરાત આધાર (નાણાકીય અને અન્ય સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) વિધેયક.<br>(૩) (ક) સન ૨૦૧૬ના વટહુકમ ક્રમાંક–૪ને નામંજૂર કરવા અંગેનો માનનીય સભ્યશ્રી બલવંતસિંહ રાજપૂતનો પ્રસ્તાવ.<br>(ખ) સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૩– સન ૨૦૧૭નું ગુજરાત પંચાયત (સુધારા) વિધેયક.<br>(૪) (ક) સન ૨૦૧૬ના વટહુકમ ક્રમાંક–૩ને નામંજૂર કરવા અંગેનો માનનીય સભ્યશ્રી બલવંતસિંહ રાજપૂતનો પ્રસ્તાવ.<br>(ખ) સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૫–સન ૨૦૧૭નું ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ (સુધારા) વિધેયક. |
| **મંગળવાર, તા. ૨૧મી** | (૧) સન ૨૦૧૬–૧૭ના વર્ષ માટેના ખર્ચના પૂરક પત્રકની રજૂઆત<br>(૨) સન ૨૦૧૭–૧૮ના વર્ષ માટેના અંદાજપત્રની રજૂઆત |
| **બુધવાર, તા. ૨૨મી** | **(૧) વટહુકમ નામંજૂર કરતો પ્રસ્તાવ અને સરકારી વિધેયકો**<br>(૧) સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૬–સન ૨૦૧૭નું ગુજરાત નશાબંધી ( સુધારા) વિધેયક.<br>(૨) (ક) સન ૨૦૧૬ના વટહુકમ ક્રમાંક–૫ને નામંજૂર કરવા અંગેનો માનનીય સભ્યશ્રી બલવંતસિંહ રાજપૂતનો પ્રસ્તાવ.<br>(ખ) સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૪–સન ૨૦૧૭નું ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન ( સુધારા) વિધેયક. |

| | |
|---|---|
| | **(૨) બિન–સરકારી વિધેયકો** |
| **ગુરૂવાર, તા. ૨૩મી** | **(૩) <u>વટહુકમ નામંજૂર કરતો પ્રસ્તાવ અને સરકારી વિધેયકો</u>**<br>(૧) સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૭–સન ૨૦૧૭નું સિગારેટ અને તમાકુની અન્ય બનાવટ (જાહેરખબર ઉપર પ્રતિબંધ અને તેના વેપાર અને વાણિજય, ઉત્પાદન, પુરવઠા અને વિતરણ નિયમન) (ગુજરાત સુધારા) વિધેયક.<br>(૨) સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૮–સન ૨૦૧૭નું ફોજદારી કાર્યરીતિ (ગુજરાત સુધારા) વિધેયક.<br>(૩) (ક) સન ૨૦૧૬ના વટહુકમ ક્રમાંક–૬ને નામંજૂર કરવા અંગેનો માનનીય સભ્યશ્રી બલવંતસિંહ રાજપૂતનો પ્રસ્તાવ.<br>(ખ) સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૯–સન ૨૦૧૭નું ગુજરાત (શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) અધિનિયમ,૧૯૭૬ હેઠળ) રાજય સરકારમાં નિહિત થયેલી વધારાની ખાલી જમીન પૈકીની કેટલીક જમીનના ભોગવટાને માન્ય ઠરાવવા (કાયદેસર ઠરાવવા) અને તેની ફાળવણી કરવા બાબત વિધેયક . |
| **શુક્રવાર, તા. ૨૪મી** | **જાહેર રજા (મહા શિવરાત્રી)** |
| **શનિવાર, તા. ૨૫મી** | **રજા** |
| **રવિવાર, તા. ૨૬મી** | રજા |
| **સોમવાર, તા. ૨૭મી** | રાજયપાલશ્રીના સંબોધન પર ચર્ચા (પહેલો દિવસ) |
| **મંગળવાર, તા. ૨૮મી** | **<u>પહેલી બેઠક</u>**<br>રાજયપાલશ્રીના સંબોધન પર ચર્ચા (બીજો દિવસ)<br>**<u>બીજી બેઠક</u>**<br>રાજયપાલશ્રીના સંબોધન પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ) |
| | **<u>માર્ચ–૨૦૧૭</u>** |
| **બુધવાર, તા. ૧લી** | **(૧) <u>શોકદર્શક ઉલ્લેખ</u>**<br>ગુજરાત રાજયના પૂર્વ મંત્રી સ્વ. શ્રી જસપાલસિંઘના અવસાન અંગેનો શોકદર્શક ઉલ્લેખ.<br>**(૨)**પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) |
| **ગુરૂવાર, તા. ૨જી** | **(૧)** પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ)<br>**(૨)** બિન–સરકારી સંકલ્પો |

| | |
|---|---|
| **શુક્રવાર, તા. ૩જી** | **અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)** |
| **શનિવાર, તા. ૪થી** | બેઠક નથી |
| **રવિવાર, તા. ૫મી** | રજા |
| **સોમવાર, તા. ૬ઠ્ઠી** | (૧) **સરકારી વિધેયક**<br>સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૧૩– સન ૨૦૧૭નું ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક<br>(૨) **અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)** |
| **મંગળવાર, તા. ૭મી** | અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) |
| **બુધવાર, તા. ૮મી** | **અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)** |
| **ગુરુવાર, તા. ૯મી** | **(૧) શોકદર્શક ઉલ્લેખ**<br>ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ. શ્રી કનુભાઈ જીવરામભાઈ વસાવાના અવસાન અંગેનો શોકદર્શક ઉલ્લેખ.<br>**(૨)** માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)<br>**(૩)** બિન–સરકારી વિધેયકો |
| **શુક્રવાર, તા. ૧૦મી** | **માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ)** |
| **શનિવાર, તા. ૧૧મી** | રજા |
| **રવિવાર, તા. ૧૨મી** | રજા |
| **સોમવાર, તા. ૧૩મી** | જાહેર રજા (ધૂળેટી) |
| **મંગળવાર, તા. ૧૪મી** | **માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)** |

| | |
|---|---|
| **બુધવાર, તા. ૧૫મી** | **<u>પહેલી બેઠક</u>**<br>**માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ)**<br>**<u>બીજી બેઠક</u>**<br>**માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ)** |
| **ગુરુવાર, તા. ૧૬મી** | (૧) **માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ)**<br>(૨) **બિન–સરકારી સંકલ્પો** |
| **શુક્રવાર, તા. ૧૭મી** | **માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)** |
| **શનિવાર, તા. ૧૮મી** | બેઠક નથી. |
| **રવિવાર, તા. ૧૯મી** | **રજા** |
| **સોમવાર, તા. ૨૦મી** | **માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)** |
| **મંગળવાર, તા. ૨૧મી** | **માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ)** |
| **બુધવાર, તા. ૨૨મી** | **<u>પહેલી બેઠક</u>**<br>**<u>સરકારી વિધેયકો</u>**<br>(૧) સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૧૧–સન ૨૦૧૭નું બિરસા મૂંડા આદિજાતિ યુનિવર્સિટી વિધેયક.<br>(૨) સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૧૦–સન ૨૦૧૭નું ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન (સુધારા) વિધેયક.<br>(૩) સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૧૫–સન ૨૦૧૭નું ગુજરાત ઓર્ગેનિક એગ્રિકલ્ચર યુનિવર્સિટી વિધેયક.<br>(૪) સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૧૬–સન ૨૦૧૭નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતિય સુધારા) વિધેયક.<br>(૫) સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૧૨–સન ૨૦૧૭નું ગુજરાત મેરીટાઈમ બોર્ડ (સુધારા) વિધેયક. |

| | |
|---|---|
| | (૬) સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૧૭–સન ૨૦૧૭નું ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (દ્વિતીય સુધારા) વિધેયક.<br><br>**<u>બીજી બેઠક</u>**<br><br>**માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ)** |
| **ગુરુવાર, તા. ૨૩મી** | **(૧) <u>શોકદર્શક ઉલ્લેખો</u>**<br>ગુજરાત રાજયના પૂર્વ મંત્રી સ્વ.શ્રી રણજીતસિંહ નહારસિંહ ચાવડા, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ.શ્રી પૃથ્વીરાજ ગાંગજીભાઈ ચૌધરી અને પૂર્વ સભ્ય સ્વ.શ્રી ઉમેદભાઈ ફતેહસિંહ ગોહેલના અવસાન અંગેના શોકદર્શક ઉલ્લેખો.<br>**(૨) માગણીઓ પર ચર્ચા અને મતદાન(અગિયારમો દિવસ)**<br>**(૩) બિન–સરકારી વિધેયકો** |
| **શુક્રવાર, તા. ૨૪મી** | **માગણીઓ પર ચર્ચા અને મતદાન(બારમો અને છેલ્લો દિવસ)** |
| **શનિવાર, તા. ૨૫મી** | **રજા** |
| **રવિવાર, તા. ૨૬મી** | રજા |
| **સોમવાર, તા. ૨૭મી** | બેઠક નથી |
| **મંગળવાર, તા. ૨૮મી** | બેઠક નથી |
| **બુધવાર, તા. ૨૯મી** | જાહેર રજા (ચેટીચાંદ) |
| **ગુરૂવાર, તા. ૩૦મી** | **<u>પહેલી બેઠક</u>**<br><br>**(૧) <u>સરકારી વિધેયકો</u>**<br>(૧) સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૨૪–સન ૨૦૧૭નું ગુજરાત વિનિયોગ વિધેયક.<br>(૨) સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૨૧–સન ૨૦૧૭નું ગુજરાત મોટર વાહન વેરા (સુધારા) વિધેયક.<br>**(૨) બિન–સરકારી સંકલ્પો**<br>**<u>બીજી બેઠક</u>** |

| | |
|---|---|
| | **<u>સરકારી વિધેયકો</u>**<br>(૧) સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૨૦–સન ૨૦૧૭નું ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ (દ્વિતીય સુધારા) વિધેયક.<br>(૨) સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૧૮–સન ૨૦૧૭નું ગુજરાત પંચાયત (દ્વિતીય સુધારા) વિધેયક.<br>(૩) સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૧૯–સન ૨૦૧૭નું ગુજરાત જમીન મહેસૂલ (સુધારા) વિધેયક.<br>(૪) સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૨૨–સન ૨૦૧૭નું ગુજરાત સ્વનિર્ભર શાળા(ફી નિયમન) વિધેયક. |
| **શુક્રવાર, તા. ૩૧મી** | **<u>પહેલી બેઠક</u>**<br>**<u>સરકારી વિધેયકો</u>**<br>(૧) સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૨૩–સન ૨૦૧૭નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતીય સુધારા) વિધેયક.<br>(૨) સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૧૪–સન ૨૦૧૭નું ગુજરાત પશુ સંરક્ષણ(સુધારા) વિધેયક.<br>**<u>બીજી બેઠક</u>**<br>**છેલ્લા દિવસનો પ્રસ્તાવ** |
| | **<u>મે–૨૦૧૭</u>** |
| **મંગળવાર, તા.૯મી** | **(૧) <u>શોકદર્શક ઉલ્લેખ</u>**<br>ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ. શ્રી જયંતીભાઈ ઝીણાભાઈ પટેલ તથા ભાસ્કર અખબાર જૂથના ચેરમેન સ્વ.શ્રી રમેશચંદ્ર અગ્રવાલના અવસાન અંગેના શોકદર્શક ઉલ્લેખો.<br>**(૨) <u>સરકારી વિધેયકો</u>**<br>(૧) સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૨૫–સન ૨૦૧૭નું ગુજરાત માલ અને સેવા વેરા વિધેયક.<br>(૨) સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૨૬–સન ૨૦૧૭નું ગુજરાત મૂલ્યવર્ધિત વેરા (સુધારા) વિધેયક.<br>(૩) સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૨૭–સન ૨૦૧૭નું ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) વિધેયક. |

**પત્રક ક્રમાંક :૨૨**
**(જુઓ ફકરા ક્રમાંક :૨૮)**
**રોજેરોજના કામકાજનો સારાંશ**
**સોમવાર, તા.૨૦મી ફેબ્રુઆરી, ૨૦૧૭**

માનનીય રાજ્યપાલશ્રી ઓ.પી.કોહલીએ બપોરના ૧૨–૦૦ વાગ્યે વિધાનસભા ગૃહને અંગ્રેજીમાં સંબોધન કર્યું.

માનનીય રાજ્યપાલશ્રીનું સંબોધન પૂરું થયા બાદ ૧૫ મિનિટના વિરામ બાદ માનનીય અધ્યક્ષશ્રી રમણલાલ વોરાના અધ્યક્ષસ્થાને બપોરના ૧૨–૨૧ વાગ્યે સભાગૃહની બેઠક મળી.

(સભાગૃહની બેઠકની શરૂઆત "વંદેમાતરમ" સંગીતની ધૂન બજાવી કરવામાં આવી)

**૧. સચિવશ્રીએ રાજ્યપાલશ્રીના સંબોધનની પ્રમાણિત નકલ સભાગૃહના મેજ ઉપર મૂકી.**

**૨. સભ્યશ્રી બાવકુભાઇ ઉંધાડે સભ્યશ્રી મોતીભાઇ વસાવાના અનુમોદનથી નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો.**

"અમો આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજ્યપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલ સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ."

**૩. શોકદર્શક ઉલ્લેખો**

માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ, તમિલનાડુ રાજ્યના મુખ્યમંત્રી સ્વ.કુ.જે.જયલલિતા, ગુજરાત રાજ્યના પૂર્વ મંત્રી સ્વ.શ્રી ગાભાજી મંગાજી ઠાકોર, ગુજરાત રાજ્યના પૂર્વ રાજ્યકક્ષાના મંત્રી સ્વ.શ્રી ભોળાભાઇ ચતુરભાઇ પટેલ, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ.શ્રી લક્ષ્મણભાઇ ભીમાભાઇ આગઠ અને પૂર્વ સભ્ય સ્વ.શિરીષકુમાર મધુસૂદન શુક્લના અવસાન અંગેના શોકદર્શક ઉલ્લેખો કર્યા અને સ્વર્ગસ્થોને અંજલિ આપી.

માનનીય અધ્યક્ષશ્રીએ આ શોકદર્શક ઉલ્લેખોમાં તેમનો સૂર પૂરાવી સ્વર્ગસ્થોને અંજલિ આપ્યા બાદ સભ્યશ્રીઓએ ઉભા થઇને બે મિનિટ મૌન પાળ્યું અને ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ સ્વર્ગસ્થોના કુટુંબીજનોને ગૃહની આ લાગણી પહોંચાડવામાં આવશે તેવી જાહેરાત કરી.

**૪. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

(૧) સન ૨૦૧૬નો વટહુકમ ક્રમાંક–૩ સન ૨૦૧૬નો ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ (સુધારા) વટહુકમ તથા આ વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન

(૨) સન ૨૦૧૬નો વટહુકમ ક્રમાંક–૪ સન ૨૦૧૬નો ગુજરાત પંચાયત (સુધારા) વટહુકમ તથા વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન

(૩) સન ૨૦૧૬નો વટહુકમ ક્રમાંક–૫ સન ૨૦૧૬નો ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (સુધારા) વટહુકમ તથા આ વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન

(૪) સન ૨૦૧૬નો વટહુકમ ક્રમાંક–૬ સન ૨૦૧૬નો ગુજરાત (શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬ હેઠળ) રાજ્ય સરકારમાં નિહિત થયેલી વધારાની ખાલી જમીન પૈકીની કેટલીક જમીનના ભોગવટાને માન્ય ઠરાવવા (કાયદેસર ઠરાવવા) અને તેમની ફાળવણી કરવા બાબત વટહુકમ તથા આ વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન

(૫) સન ૨૦૧૬નો વટહુકમ ક્રમાંક–૭ સન ૨૦૧૬નો ગુજરાત નશાબંધી (સુધારા) વટહુકમ તથા આ વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન

(૬) સન ૨૦૧૬નો વટહુકમ ક્રમાંક–૮ સન ૨૦૧૬નો ગુજરાત વિધાનસભાના સભ્યો, અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના અને મંત્રીઓના અને વિરોધપક્ષના નેતાના પગાર અને ભથ્થાને લગતા કાયદા (સુધારા) વટહુકમ તથા આ વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન

**૫.** સચિવશ્રીએ તેરમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલ અને જેને માનનીય રાષ્ટ્રપતિશ્રીની અનુમતિ મળી છે તેવું સન ૨૦૧૬નું વિધેયક ક્રમાંક–૪ અને માનનીય રાજ્યપાલશ્રીની અનુમતિ મળી છે તેવું સન ૨૦૧૬નું વિધેયક ક્રમાંક–૨૭ તથા નવમા સત્રમાં પસાર કરેલાં અને જેને રાજ્યપાલશ્રીની અનુમતિ મળી છે તેવા સન ૨૦૧૬ના વિધેયક ક્રમાંક–૩૧, ૩૨ અને ૩૩ વિધાનસભાના મેજ ઉપર મૂક્યાં.

## ૬. સભાગૃહની બેઠક મુલતવી રાખવા અંગે

સભાગૃહના મેજ ઉપર મૂકવાના કાગળની રજૂઆત દરમ્યાન સભાગૃહમાં ઉપસ્થિત વિરોધપક્ષના સભ્યશ્રીઓ દ્વારા સતત સૂત્રોચ્ચાર કરી વેલમાં ધસી આવી બેનરો પ્રદર્શિત કરતાં, માનનીય અધ્યક્ષશ્રીએ તેઓને પોતાનું સ્થાન લેવાની વારંવાર વિનંતી કરી હતી, તેમ છતાં સૂત્રોચ્ચાર ચાલુ રહેતા અને સભાગૃહની કાર્યવાહી આગળ ચલાવવાનું અશક્ય લાગતાં માનનીય અધ્યક્ષશ્રીએ ૩૦ મિનિટ સુધી સભાગૃહની બેઠક મુલતવી રાખી.

**સભાગૃહની મુલતવી રહેલ બેઠક બપોરના ૧–૪૧ વાગ્યે ફરી મળી**

## ૭. વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત

(૧) માનનીય અધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિનો તેરમો અહેવાલ વાંચીને રજૂ કર્યો.

(૨) અંદાજ સમિતિના પ્રમુખ ડૉ.નીમાબેન આચાર્યએ સમિતિનો દસમો અહેવાલ રજૂ કર્યો.

## ૮. સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ

માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ પ્રસ્તાવ રજૂ કર્યો કે, "આ સભાગૃહ કામકાજ સલાહકાર સમિતિના તેરમા અહેવાલ સાથે સંમત થાય."

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

## ૯. સભાગૃહે મંજૂર કરી પસાર કરેલ સરકારી વિધેયકો

(૧) સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૧–સન–૨૦૧૭નું ગુજરાત વિધાનસભાના સભ્યો, અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના અને મંત્રીઓના અને વિરોધપક્ષના નેતાના પગાર અને ભથ્થાને લગતા કાયદા (સુધારા) વિધેયક

## ૧૦. સભાગૃહની બેઠક મુલતવી રાખવા અંગે

માનનીય રાજ્યકક્ષાના વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી પોતાનું મંતવ્ય આપી રહ્યા હતા તે દરમ્યાન સભાગૃહમાં ઉપસ્થિત વિરોધપક્ષના સભ્યશ્રીઓ સતત સૂત્રોચ્ચાર કરી વેલમાં ધસી આવી બેનરો પ્રદર્શિત કરતાં, માનનીય અધ્યક્ષશ્રીએ તેઓને પોતાનું સ્થાન લેવાની વારંવાર વિનંતી કરી હતી, તેમ છતાં સૂત્રોચ્ચાર ચાલુ રહેતા અને સભાગૃહની કાર્યવાહી આગળ ચલાવવાનું અશક્ય લાગતાં માનનીય અધ્યક્ષશ્રીએ બપોરના ૧૦:૫૧ વાગ્યે ૧૫ મિનિટ માટે સભાગૃહની બેઠક મુલતવી રાખી.

## ૧૧. સભ્યશ્રીઓનું સસ્પેન્શન

માનનીય રાજ્યકક્ષાના વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ પોતાનું અધૂરું રહેલ પ્રવચન શરૂ કરતાં તરત જ સભાગૃહમાં ઉપસ્થિત વિરોધપક્ષના સભ્યશ્રીઓ વેલમાં ધસી આવી સતત સૂત્રોચ્ચાર અને બેનરનું પ્રદર્શન શરૂ કર્યું. માનનીય અધ્યક્ષશ્રીએ તેઓને વારંવાર પોતાનું સ્થાન લેવાની સૂચના આપવા છતાં સભાગૃહની કાર્યવાહી આગળ ચલાવવાનું અશક્ય બનતા માનનીય અધ્યક્ષશ્રીએ વેલમાં ધસી આવેલા વિરોધપક્ષના તમામ સભ્યશ્રીઓને નિયમ–૫૧ હેઠળ આજના દિવસ માટે સભાગૃહની કાર્યવાહીમાંથી દૂર કરવાનો સલામતી સ્ટાફને આદેશ આપ્યો.

માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સલામતી સ્ટાફ દ્વારા વેલમાં ધસી આવેલા સભ્યશ્રીઓને સભાગૃહમાંથી બહાર લઈ જવામાં આવ્યા.

## ૧૨. પોઈન્ટ ઓફ ઓર્ડર

માનનીય રાજ્યકક્ષાના વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ, માનનીય અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો ૨૦૦૮ થી ૨૦૧૨ના પુસ્તકના પાના નંબર પાંચ ટાંકીને પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરતા જણાવ્યું કે, વિરોધપક્ષના સભ્યો દ્વારા મહામહિમ રાજ્યપાલશ્રીના પ્રવચન દરમિયાન જે પ્રકારના કાળા વસ્ત્રો ધારણ કરી, બેનરો બતાવી પ્રદર્શન તેમજ સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા છે તે સંસદીય લોકશાહી માટે અયોગ્ય હોઇ આવું વર્તન કરનાર સભ્યશ્રીઓની સામે યોગ્ય કાર્યવાહી કરવામાં નહીં આવે તો સભ્યશ્રીઓને આવું વર્તન કરવાની લાંબા ગાળાની છૂટ મળી જશે તેમ જણાવી વિરોધપક્ષના સભ્યો સામે યોગ્ય કાર્યવાહી કરવી જોઇએ તેવી રજૂઆત કરી.

માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ પોઇન્ટ ઓફ ઓર્ડરને સમર્થન આપતાં જણાવ્યું કે માનનીય રાજ્યપાલશ્રી જ્યારે સભાગૃહમાં પ્રવચન આપવા પધારતા હોય ત્યારે કાળા વસ્ત્રો ધારણ કરી, સૂત્રોચ્ચાર કરી બેનરોનું પ્રદર્શન કરવું અને બેહુદુ વર્તન કરવું એ કોઇ પણ રીતે વ્યાજબી નથી, જેથી આ સભ્યશ્રીઓને ઠપકો આપવો જોઇએ જેથી ભવિષ્યમાં આ પ્રકારનું વર્તન કોઇ ન કરે.

માનનીય અધ્યક્ષશ્રીએ પોઇન્ટ ઓફ ઓર્ડરનો સ્વીકાર કરતા જણાવ્યું કે, માનનીય રાજ્યપાલશ્રીના પ્રવચન દરમિયાન વિરોધપક્ષના સભ્યશ્રીઓ દ્વારા જે પ્રકારના વસ્ત્રો ધારણ કરી, પ્રદર્શન અને સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા તેવું મારા ૨૨ વર્ષના વિધાનસભાના કાર્યકાળમાં પહેલીવાર જોવા મળ્યું છે. અધ્યક્ષશ્રીની ખુરશીથી ફક્ત અડધો ફૂટ દૂર સુધી ધસી આવીને જે પ્રદર્શનો થયા છે તે તદ્દન અયોગ્ય છે. વિરોધપક્ષ તરીકે એમની પણ ભૂમિકા છે અને એમને શાંતિથી સાંભળવા જોઇએ એવો મારો આગ્રહ હતો અને સરકાર તરફથી પણ રોકવાનો પ્રયાસ થયો ન હતો. તેમ છતાં, લોકશાહીને ન શોભે તેવું વર્તન વિરોધપક્ષના સભ્યો તરફથી થયું છે.

આ ઉપરાંત માનનીય સભ્યશ્રી શક્તિસિંહ ગોહિલ દ્વારા મીડિયામાં જે ઇન્ટર્વ્યુ આપવામાં આવ્યો તે મારી ચેમ્બરમાં અનેક મહાનુભાવોએ જોયો છે. જેમાં સભ્યશ્રી દ્વારા એવું કહેવાયું છે કે ૧૧૬ની નોટિસમાં પણ "મીલીભગત છે." આમ કહીને વિધાનસભાના અધ્યક્ષશ્રીના નિર્ણયની પણ ટીકા કરેલ છે અને અધ્યક્ષનું માન પણ જાળવેલ નથી. ૧૧૬ની નોટિસ જે ક્રમમાં સચિવાલયમાં મળેલ હોય તે ક્રમાનુસાર પ્રથમ મળેલ ચાર નોટિસનો સ્વીકાર કરવામાં આવે છે અને તેના પછી મળેલ નોટિસ સ્વીકારવામાં આવતી નથી. વિપક્ષને સાંભળવાની પૂરતી તક આપ્યા પછી પણ આ રીતનો વ્યવહાર થાય તે આયોગ્ય ઠરે છે. ભવિષ્યમાં આ બાબતનું પુનરાવર્તન ન થાય તેની કાળજી રાખવા જણાવું છું તેમ કહીને પોઇન્ટ ઓફ ઓર્ડરનો સ્વીકાર કર્યો.

ત્યારબાદ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે માનનીય રાજ્યકક્ષાના વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાના ટેકાથી દરખાસ્ત રજૂ કરતા જણાવ્યું કે, વિપક્ષના સભ્યશ્રી શક્તિસિંહ ગોહિલ દ્વારા મીડિયાના ઇન્ટર્વ્યુમાં કરાયેલ ઉચ્ચારણો અત્યંત ચિંતાકારક છે અને માનનીય અધ્યક્ષશ્રીના નિર્ણયની સામે કરાયેલા ઉચ્ચારણો છે. માટે વિધાનસભા સચિવાલય તરફથી તેમને નોટિસ મોકલવી જોઇએ અને સભાગૃહની અને માનનીય અધ્યક્ષશ્રીની માફી માગવાનું જણાવવું જોઇએ તેવી લાગણી વ્યક્ત કરી.

માનનીય અધ્યક્ષશ્રીએ રજૂ થયેલ દરખાસ્ત બાબતે ફરીથી ટી.વી મુલાકાત જોઇને તેની ચકાસણી કર્યા બાદ આ અંગે સભાગૃહ સમક્ષ પોતાનો નિર્ણય જાહેર કરશે તેમ જણાવ્યું.

## ૧૩. સભાગૃહે મંજૂર કરી પસાર કરેલ સરકારી વિધેયકો (ક્રમશ:)

(૨) સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૨–સન ૨૦૧૭નું ગુજરાત આધાર (નાણાકીય અને અન્ય સહાયકી (સબસીડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) વિધેયક

(૩) સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૩–સન ૨૦૧૭નું ગુજરાત પંચાયત (સુધારા) વિધેયક

(૪) સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૫–સન ૨૦૧૭નું ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ (સુધારા) વિધેયક

**મંગળવાર, તા.૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૭**

૧. પ્રશ્ન અગ્રતાક્રમ ૧ પરનો પૂરક પ્રશ્ન પૂછવાની શરૂઆત થઇ.

**૨. સભાગૃહ મુલતવી રાખવા અંગે**

તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૧ પરનો પૂરક પ્રશ્ન પૂછતી વખતે સભ્યશ્રી શૈલેષભાઇ પરમારે વાંધાજનક ઉચ્ચારણો કરતા માનનીય અધ્યક્ષશ્રીએ તે ઉચ્ચારણો કાર્યવાહીમાંથી દૂર કરી સભ્યશ્રીને સીધા પ્રશ્ન ઉપર આવી જવાની સૂચના આપી. સભ્યશ્રીએ પોતાના વાંધાજનક ઉચ્ચારણોને વળગી રહીને ફરી વાંધાજનક ઉચ્ચારણો કરતા, સંસદીય બાબતોના મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ સભ્યશ્રીએ સભાગૃહની માફી માગવી જોઇએ તેવી રજૂઆત કરી. માનનીય અધ્યક્ષશ્રીએ, પ્રશ્નોત્તરીનો કાળ સભ્યશ્રીઓ માટે અગત્યનો હોઇ ખલેલ ન પહોંચાડવા અને પ્રશ્નોત્તરી આગળ વધારવા માટેની વાંરવાર સૂચના આપી. તેમ છતાં વિરોધપક્ષના સભ્યશ્રીઓએ સતત સૂત્રોચ્ચાર ચાલુ રાખતા સભાગૃહનું કામકાજ આગળ ચલાવવાનું મુશ્કેલ બનતા માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહની કાર્યવાહી પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય ત્યાં સુધી મુલતવી રાખી.

**૩. વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત**

બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના સભ્યશ્રી સતિષભાઇ પટેલે સમિતિનો સત્તરમો અહેવાલ રજૂ કર્યો.

**૪. સમિતિના સભ્યશ્રીનો પ્રસ્તાવ**

બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના સભ્યશ્રી સતિષભાઇ પટેલે પ્રસ્તાવ રજૂ કર્યો કે, "આ સભાગૃહ, બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના સત્તરમાં અહેવાલ સાથે સંમત થાય."

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**૫. ખર્ચના પૂરક પત્રકની રજૂઆત**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે સન-૨૦૧૬-૨૦૧૭ના વર્ષ માટેનું ખર્ચનું પૂરક પત્રક રજૂ કર્યુ.

**૬. અંદાજપત્રની રજૂઆત**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે સન ૨૦૧૭-૨૦૧૮ના વર્ષ માટેનું અંદાજપત્ર પ્રવચન વાંચવાનું શરૂ કર્યું. માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ અંદાજપત્ર પ્રવચન શરૂ કર્યુ તે વખતે માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ નલિયા કાંડ સંબંધમાં તટસ્થ તપાસ કરવામાં આવશે તેવું માનનીય મુખ્યમંત્રીશ્રી આશ્વાસન આપે તેવી રજૂઆત કરતાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ જવાબ આપતાં જણાવ્યું કે, આ બાબતે ગુનેગાર હોય તેવી કોઇ વ્યક્તિને સરકાર છોડશે નહીં અને તપાસ કઇ રીતે કરવી તે આપણે સાથે બેસીને નક્કી કરીશું. ત્યારબાદ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ અંદાજપત્ર પ્રવચન વાંચીને રજૂ કર્યુ અને અંદાજપત્ર ગૃહના મેજ ઉપર મુક્યું.

**૭. વિરામનો સમય રદ કરવા અંગે**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સન ૨૦૧૭-૨૦૧૮ના નાણાકીય વર્ષ માટેના અંદાજપત્ર અંગેનું અંદાજપત્ર પ્રવચન વાંચી રહ્યાં હતાં તે દરમિયાન માનનીય મુખ્ય દંડક શ્રી પંકજભાઇ દેસાઇએ અંદાજપત્ર પ્રવચનનું વાંચન ચાલુ રહે તે હેતુથી વિરામનો સમય રદ કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો જેને વિપક્ષના દંડકશ્રીએ સમર્થન આપતાં માનનીય અધ્યક્ષશ્રીએ તદ્અનુસાર સભાગૃહની અનુમતિથી વિરામનો સમય રદ કરેલ હતો.

**૮. અધ્યક્ષશ્રીની જાહેરાત**

માનનીય અધ્યક્ષશ્રીએ, ગાંધીનગર જિલ્લા પોલીસ વડા તરફથી તેમને કરવામાં આવેલ જાણ મુજબ, પ્રતિબંધિત વિસ્તારમાં પ્રવેશ બદલ માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શંકરસિંહ વાઘેલા, સભ્યો સર્વ શ્રી બળદેવજી ઠાકોર, ડૉ.અનિલ જોષીયારા, શ્રી અમિતભાઇ ચૌધરી, શ્રી ગ્યાસુદ્દીન શેખ, શ્રી મહેન્દ્રસિંહ બારૈયા અને શ્રી શૈલેષભાઇ પરમારની તા.૨૦-૦૨-૨૦૧૭ના રોજ કરેલ અટકાયત અને મુક્તિ બાબતે સભાગૃહને જાણકારી આપી.

**બુધવાર, તા.૨૨મી ફેબ્રુઆરી, ૨૦૧૭**

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

**૨. સભાગૃહની બેઠક મુલતવી રાખવા અંગે**

પ્રશ્ન અગ્રતાક્રમ ૧૧ની ચર્ચા દરમિયાન વિરોધપક્ષના સભ્યશ્રીઓએ, માનનીય મંત્રીશ્રીના જવાબથી અસંતોષ વ્યકત કરી સભાગૃહની કાર્યવાહીમાં સતત ખલેલ પહોંચાડી સૂત્રોચ્ચાર કરતા માનનીય અધ્યક્ષશ્રી તરફથી સભ્યશ્રીઓને તેમનું સ્થાન ગ્રહણ કરવાની વારંવારની સૂચના આપવા છતાં સતત સૂત્રોચ્ચાર અને ખલેલ ચાલુ રહેતા સભાગૃહની કાર્યવાહી આગળ ચલાવવી અશકય બનતા માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહની બેઠક બપોરના ૧૨:૫૫ વાગ્યે ૧૦ મિનિટ માટે મુલતવી રાખી.

**સભાગૃહની મુલતવી રહેલ બેઠક બપોરના ૧–૦૫ વાગ્યે ફરી મળી.**

**૩. તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)**

તાકીદની જાહેર અગત્યની બાબત રજૂ થાય તે પહેલા માનનીય અધ્યક્ષશ્રીએ આ બાબતમાં માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી, માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શંકરસિંહ વાઘેલા, મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, રાજયકક્ષાના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા, સભ્યશ્રી શકિતસિંહ ગોહિલ, વિરોધપક્ષના દંડકશ્રી બલવંતસિંહ રાજપૂત, સભ્યશ્રી શૈલેષભાઈ પરમાર સાથે થયેલી બેઠક અંગે સભાગૃહને માહિતગાર કર્યું અને તે બાબતમાં સભાગૃહને વધુ જાણકારી આપવા માનનીય મુખ્યમંત્રીશ્રીને જણાવ્યું.

માનનીય મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, વિરોધપક્ષના નેતાશ્રીએ ગઈ કાલે નલિયા કાંડની ન્યાયિક તપાસ માટે સરકાર પાસે ખાતરી માંગેલ હતી અને મેં જણાવ્યું હતું કે, નલિયા કાંડમાં સરકાર કડકમાં કડક પગલાં લેશે, આજે માનનીય અધ્યક્ષશ્રીની ચેમ્બરમાં વિરોધપક્ષના નેતાશ્રી અને અન્ય સભ્યો સાથેની બેઠકમાં થયેલ ચર્ચા મુજબ હું જાહેરાત કરૂ છું કે, સરકાર આ બનાવની ન્યાયિક તપાસ કરાવવા માટે તૈયાર છે અને જે કોઈ દોષિતો હશે તેમની સામે કડકમાં કડક પગલાં ભરવામાં આવશે. માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ માનનીય મુખ્યમંત્રીશ્રીની જાહેરાતને આવકારતા જણાવ્યું કે, જયારે આ અંગે જયુડીશીયલ ઈન્કવાયરી થવાની છે ત્યારે તાકીદની જાહેર અગત્યની બાબત પડતી મૂકવામાં આવે તો એમાં કોઈ હરકત નથી .

સભ્યશ્રી શકિતસિંહ ગોહિલે જણાવ્યું કે, ૧૧૬ની નોટીસ રજૂ થાય તો સભ્યોને પ્રશ્નો પૂછવાનો અવકાશ મળશે.

માનનીય અધ્યક્ષશ્રીએ આ બાબતમાં બન્ને પક્ષો વચ્ચે થયેલી ચર્ચાથી જે સાનુકૂળ વાતાવરણ ઉભું થયું છે અને હવે જયારે ન્યાયિક તપાસ થવાની છે ત્યારે સભાગૃહમાં ચર્ચા ઉપસ્થિત કરવી જરૂરી ન હોઈ તાકીદની જાહેર અગત્યની બાબત પડતી મૂકવામાં આવે છે તેમ જણાવ્યું.

**૪. સભાગૃહે મંજૂર કરી પસાર કરેલ સરકારી વિધેયકો**

(૧) સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૬–સન ૨૦૧૭નું ગુજરાત નશાબંધી (સુધારા) વિધેયક

**૫. પોઈન્ટ ઓફ ઓર્ડર**

વિધેયક પરની ચર્ચા દરમિયાન માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલે, પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરતા જણાવ્યું કે, સભ્યશ્રી શકિતસિંહ ગોહિલ દ્વારા કરાયેલ ઉચ્ચારણો સભાગૃહના સભ્યો માટે અપમાનજનક અને અયોગ્ય હોવાથી તે શબ્દો સભ્યશ્રીએ પાછા ખેંચવા જોઈએ અને સભાગૃહની કાર્યવાહીમાંથી રદ કરવા જોઈએ.

માનનીય રાજયકક્ષાના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ પોઈન્ટ ઓફ ઓર્ડરના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કરીને શબ્દો રદ કરવા જોઈએ તેમ જણાવ્યું.

સભ્યશ્રી શકિતસિંહ ગોહિલે પોતાના વકતવ્યમાં સભ્યશ્રીઓ માટે કોઈ અપમાનજનક વાત કરી નથી તેમ જણાવી રેકર્ડ ફરીથી તપાસી જવા વિનંતી કરી.

માનનીય અધ્યક્ષશ્રીએ કાર્યવાહીની ચકાસણી કર્યા બાદ તેઓ પોતાનો નિર્ણય જાહેર કરશે તેમ જણાવ્યું.

## ૬. સભાગૃહનો સમય લંબાવવા બાબત

સભ્યશ્રી શક્તિસિંહ ગોહિલના પ્રવચન દરમિયાન મુખ્ય દંડકશ્રી પંકજભાઈ દેસાઇએ આજના દિવસના કામકાજની યાદીમાં દર્શાવેલ સરકારી  વિધેયકો પરની ચર્ચામાં સભ્યોને પૂરતી તક મળે તે માટે વિરામ બાદ પણ વિધેયક પરની ચર્ચા ચાલુ રાખવા અને વિધેયકો પરની ચર્ચા પૂરી થયા પછી બિન સરકારી વિધેયકની ચર્ચા હાથ ધરવામાં આવે અને એ મુજબ સભાગૃહનો સમય લંબાવવામાં આવે તેવો પ્રસ્તાવ રજૂ કર્યો, જેને વિરોધપક્ષના દંડકશ્રીએ ટેકો આપતા તદ્અનુસાર માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહનો સમય લંબાવ્યો.

## ૭. અધ્યક્ષશ્રીનો નિર્ણય

ગુજરાત નશાબંધી (સુધારા) વિધેયક પરની ચર્ચા દરમિયાન સભ્યશ્રી શક્તિસિંહ ગોહિલે ગૃહના સભ્યો માટે કરેલા વાંધાજનક ઉચ્ચારણોની સામે માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલે પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી આ ઉચ્ચારણો કાર્યવાહીમાંથી રદ કરવા વિનંતી કરી હતી. માનનીય રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ પોઈન્ટ ઓફ ઓર્ડરના મુદ્દાને સમર્થન આપ્યું હતું.

માનનીય અધ્યક્ષશ્રીએ પોઈન્ટ ઓફ ઓર્ડરનો સ્વીકાર કરતા જણાવ્યું કે, સભ્યશ્રી શક્તિસિંહ ગોહિલે કરેલ ઉચ્ચારણો ગૃહ અને તેના સભ્યોની ગરિમાને હાનિ પહોંચાડતા હોઈ, બંધારણની કલમ ૧૯૪થી ગૃહ અને તેના સભ્યોને કેટલાક વિશેષાધિકારો બક્ષવામાં આવ્યા છે અને તેના થકી સભ્યોને ગૃહમાં વાણી સ્વાતંત્ર્યનો અધિકાર મળેલ છે. પરંતુ વિધાનસભાના નિયમોના નિયમ ૩૧ અને ૩૭ હેઠળ મૂકવામાં આવેલ નિયંત્રણો અનુસાર ગૃહમાં કોઈપણ વ્યક્તિ કે સંસ્થાની બદનક્ષી થાય તેવા ઉચ્ચારણો કરી શકાતા નથી. માનનીય સભ્યશ્રીના ઉચ્ચારણો આ સર્વોચ્ચ સંસ્થાની પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડે તેવા છે. તેથી એ રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે છે તેમ જણાવી ભવિષ્યમાં માનનીય સભ્યશ્રી આવા ઉચ્ચારણોથી દૂર રહે તેવી તાકીદ કરી.

## ૮. સભાગૃહે મંજૂર કરી પસાર કરેલ સરકારી વિધેયક (ક્રમશ:)

સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૪–સન ૨૦૧૭નું ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (સુધારા) વિધેયક સભ્યશ્રી બલવંતસિંહ રાજપૂતે ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૫૨(૨) અન્વયે રજૂ કરેલ પ્રસ્તાવનો સભાગૃહે અસ્વીકાર કરેલ હતો.

## ૯. બિન–સરકારી વિધેયકો

(૧) સભ્ય ડૉ.નીમાબેન આચાર્ય  સભાગૃહમાં ઉપસ્થિત ન હોવાથી સન ૨૦૧૬નું વિધેયક ક્રમાંક–૧૫ રજૂ થઈ શક્યું નહીં.

(૨) સભ્યશ્રી બલવંતસિંહ રાજપૂતે સન ૨૦૧૬નું વિધેયક ક્રમાંક–૬–સન ૨૦૧૫નું નાના અને સીમાંત ખેડૂતો (કલ્યાણ) વિધેયકના પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કરી પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ માન.સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો અને ચર્ચાનો જવાબ માનનીય કૃષિ મંત્રીશ્રી ચીમનભાઈ સાપરીયાએ આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા વાચનનો પ્રસ્તાવ મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક નામંજુર કરવામાં આવ્યું.

(૩) સભ્યશ્રી પરબતભાઈ પટેલે સન ૨૦૧૬નું વિધેયક ક્રમાંક–૮–સન ૨૦૧૬નું ગુજરાત ટ્રાફિક ઉપદ્રવ નિવારણ અને નિયંત્રણ બાબત વિધેયકના પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કરી મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ ચાર સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો અને ચર્ચાનો જવાબ માનનીય રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ આપ્યો.

ત્યારબાદ સભાગૃહની અનુમતિથી વિધેયક પાછું ખેંચી લેવામાં આવ્યું.

(૪) સભ્ય શ્રીમતી ભાનુબેન બાબરીયાએ સન–૨૦૧૬નું વિધેયક ક્રમાંક–૧૦–સન ૨૦૧૬નું ગુજરાત મુખ્યમંત્રીશ્રી અમૃતમ (મા) આરોગ્ય સેવાઓ વિધેયકના પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કરી પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ ચાર સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો અને ચર્ચાનો જવાબ માનનીય રાજયકક્ષાના આરોગ્ય મંત્રીશ્રી શંકરભાઈ ચૌધરીએ આપ્યો.

**ત્યારબાદ સભાગૃહની અનુમતિથી વિધેયક પાછું ખેંચી લેવામાં આવ્યું.**

**ગુરુવાર, તા.૨૩મી ફેબ્રુઆરી,૨૦૧૭**

**૧**. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

**૨. સભાગૃહની બેઠક મુલતવી રાખવા અંગે**

પ્રશ્ન અગ્રતાક્રમ ૭ની ચર્ચા દરમિયાન માનનીય મંત્રીશ્રીના જવાબથી અસંતોષ વ્યક્ત કરી વિરોધપક્ષના સભ્યશ્રી પરેશભાઈ ધાનાણી અને માનનીય સભ્યશ્રી બળદેવજી ઠાકોર માનનીય કૃષિ મંત્રીશ્રી ચીમનભાઈ સાપરીયાની બેઠક સુધી ધસી જતા સલામતી સ્ટાફે તેઓને રોકીને માનનીય મંત્રીશ્રીની બેઠક પાસેથી દૂર કર્યા.

આ સમય દરમ્યાન વિપક્ષના સભ્યશ્રી વેલમાં ધસી આવી સતત સૂત્રોચ્ચાર કરીને કાર્યવાહીમાં ખલેલ કરતા, માનનીય અધ્યક્ષશ્રીએ તેઓને પોતાની બેઠક લેવાની સૂચના આપવા છતાં ખલેલ ચાલુ રહેતા માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહની બેઠક મુલતવી રાખી.

**૩. સભ્યશ્રીને સસ્પેન્ડ કરવા બાબતનો પ્રસ્તાવ**

માનનીય વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ વિપક્ષના સભ્યો સર્વશ્રી પરેશભાઈ ધાનાણી અને શ્રી બળદેવજી ઠાકોરને સમગ્ર સત્ર દરમિયાન સસ્પેન્ડ કરવાની દરખાસ્ત રજૂ કરતા જણાવ્યું કે, માનનીય કૃષિ મંત્રીશ્રી ચીમનભાઈ સાપરીયા માનનીય સભ્યશ્રીના પ્રશ્નનો જવાબ આપી રહ્યા હતાં ત્યારે સભ્યશ્રી પરેશભાઈ અકારણ મંત્રીશ્રીની બેઠક પાસે ધસી ગયા અને સલામતી સ્ટાફે માનનીય મંત્રીશ્રીને રક્ષણ આપવું પડ્યું. અમારા રાજ્યકક્ષાના મંત્રીશ્રી ઉપર પણ હુમલો થયો, ત્યારબાદ આપશ્રીએ સભાગૃહ મુલતવી રાખવું પડ્યું, પરંતુ સભાગૃહ મુલતવી રાખ્યા બાદ કોઇપણ કારણ વગર વિપક્ષના સભ્યશ્રી બળદેવજી ઠાકોર માનનીય અધ્યક્ષશ્રીની બેઠક પાછળથી મંત્રીશ્રીઓની ખુરશી સુધી દોડી આવી રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ ઉપર હુમલો કર્યો, જેમાં અમારા વડીલ મંત્રીશ્રી વલ્લભભાઈને ધક્કો માર્યો અને તેઓ પડી ગયા.

માનનીય મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, ૧૯૯૦થી હું આ વિધાનસભામાં બેસુ છું.આજ સુધી આવા વરવા દ્રશ્યો ક્યારેય મેં જોયા નથી. આ બધા બનાવોના ફૂટેજ આપણે બધાએ જોયા છે.તેથી હું દરખાસ્ત રજૂ કરું છું કે વિપક્ષના સભ્યો શ્રી પરેશભાઈ ધાનાણી અને શ્રી બળદેવજી ઠાકોરને સત્ર સમાપ્તિ સુધી સસ્પેન્ડ કરવામાં આવે.

દરખાસ્તના સમર્થનમાં માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું કે, પ્રશ્નોત્તરી દરમિયાન જે બનાવો બન્યા છે તેમાં જો સાર્જન્ટના જવાનો વચ્ચે ન આવ્યા હોત તો બન્ને સભ્યો તરફથી માનનીય કૃષિ મંત્રીશ્રી ચીમનભાઈ ઉપર હુમલો થયો હોત,સભાગૃહ મુલતવી રાખ્યા બાદ પણ બળદેવજી ઠાકોરે દોડી આવીને જે રીતે રાજયકક્ષાના મંત્રીશ્રી ઉપર હુમલો કર્યો છે તે કોઇપણ રીતે શોભાનીય નથી. આ બન્ને સભ્યોને સસ્પેન્ડ કરવા માટેની જે દરખાસ્ત છે તેને હું સર્મથન આપું છું.

રજૂ થયેલ દરખાસ્તનો વિરોધ કરતા સભ્યશ્રી શક્તિસિંહ ગોહિલે નિયમ – પર (૧) અને પર (૨) નો ઉલ્લેખ કરીને જણાવ્યું કે, સભ્યશ્રીઓને નેઈમ કર્યા વગર સસ્પેન્ડ કરવાની દરખાસ્ત આવી શકે નહીં, વધુમાં જણાવ્યું કે અગાઉ પણ આવા બનાવો વખતે સરકારના વડા તરફથી અને માનનીય અધ્યક્ષશ્રી તરફથી ઉદારતા દાખવવાનું વલણ રાખવામાં આવ્યું છે, આ ઉપરાંત શાસક પક્ષના માનનીય સભ્યશ્રીઓ જો અપશબ્દ ન બોલ્યા હોત તો આ સભાગૃહની કાર્યવાહી ખોરવાઈ ન હોત. સી.સી.ટી.વી. ફૂટેજમાં પણ અમારા પક્ષના સભ્ય તરફથી માનનીય મંત્રીશ્રી ઉપર કોઈ હુમલો થયો હોય કે તેમની પાસે જઇને સહેજ પણ વાત કરી હોય તેવું કયાંય જણાતું નથી. તેથી દરખાસ્ત નામંજૂર કરવી જોઇએ તેમ જણાવ્યું.

માનનીય રાજયકક્ષાના વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ દરખાસ્તના સમર્થનમાં જણાવ્યું કે સભ્યશ્રી શક્તિસિંહ ગોહિલે નિયમ પર (બાવન) ટાંકીને જે વાત કરી છે તે એટલા માટે ટકતી નથી કે નિયમ ૫૧ અને નિયમ પર બન્ને વચ્ચે ભેદ છે. આજે અમારા રાજયકક્ષાના મહિલા મંત્રી ઉપર હુમલો કર્યો છે તે કોઇ પણ રીતે ચલાવી લેવાય નહીં તેથી એમને સસ્પેન્ડ કરવાની દરખાસ્ત પસાર કરવી જોઇએ તેવી રજૂઆત કરી.

વિરોધપક્ષના નેતાશ્રી શંકરસિંહ વાઘેલાએ દરખાસ્તના વિરોધમાં જણાવ્યું કે, જે બનાવો બન્યા છે તેને હું

વખોડી કાઢું છું.પણ મહિલા સભ્યોની હાજરીમાં શાસક પક્ષના સભ્યો બિભત્સ શબ્દ પ્રયોગ કરે તે કેટલા અંશે વ્યાજબી છે? જો બિભત્સ શબ્દો ન બોલાયા હોત તો આ બનાવ ન બન્યો હોત માટે આ દરખાસ્ત સ્વીકારવી ન જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે, આજની જે ઘટના બની છે તેના આપણે સૌ સાક્ષી છીએ, આજ સુધી સભાગૃહ મુલતવી રહ્યા પછી ક્યારેય આવા બનાવો બન્યા નથી, આ પહેલી વાર બન્યું છે.મે અગાઉ પણ કહ્યું હતું અને આજે ફરી કહું છું કે સભાગૃહના નેતા મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી, વિરોધપક્ષના નેતાશ્રી, સિનિયર મંત્રીશ્રીઓ કે સિનિયર આગેવાનો જ્યારે બોલતા હોય ત્યારે બધા સભ્યોએ સંયમ જાળવવો જોઇએ અને ખાસ તો મહિલા સભ્યો બોલતા હોય ત્યારે આપણે વાણી અને વર્તનનો સંયમ રાખીને વાત કરવી જોઇએ. મેં સી. સી. ટી. વી. ફૂટેજ જોયા છે અને તે હું મીડિયાના માધ્યમથી પ્રસિદ્ધ કરવા માગું છું અને તમને બધાને પણ જોવા મળવાના છે. સભ્યશ્રી બળદેવજીભાઈ મારી સીટની પાછળથી છેક મંત્રીશ્રીઓની બેઠક સુધી ગયેલા છે. નિર્મળાબેનની હાઇટ થોડી ઓછી હોવાથી દેખાયા નથી પણ રાજયકક્ષાના મંત્રીશ્રી વલ્લભભાઈ પડી ગયા છે તે મેં પણ જોયું છે. આમ જણાવી માનનીય અધ્યક્ષશ્રીએ રજૂ થયેલ દરખાસ્તનો સ્વીકાર કરીને સભ્યશ્રી પરેશભાઈ ધાનાણી અને બળદેવજી ઠાકોરને નેઇમ કર્યા અને સભ્યોને સસ્પેન્ડ કરવાની દરખાસ્ત મત માટે મૂકી. દરખાસ્તનો સ્વીકાર થતા સભ્યશ્રી પરેશભાઈ ધાનાણી અને સભ્યશ્રી બળદેવજી ઠાકોરને સત્ર સમાપ્તિ સુધી સભાગૃહમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા.

ત્યારબાદ વિરોધપક્ષના નેતાશ્રી અને વિપક્ષના સભાગૃહમાં ઉપસ્થિત અન્ય સભ્યો સભાત્યાગ કરી ગયા.

## ૪. પોઇન્ટ ઓફ ઓર્ડર

સભ્યશ્રી શક્તિસિંહ ગોહિલે પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી જણાવ્યું કે, ગઈ કાલે માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈએ "તમે બધા દારૂડીયા છો" એવો શબ્દ પ્રયોગ કર્યો છે જે અતિ ગંભીર છે તેથી મારી સામે ગઇ કાલે જે કડક શબ્દો વપરાયા હતા તેનાથી પણ વધારે કડક ઠપકો આપવો જોઇએ તેવી રજૂઆત કરી.

પોઇન્ટ ઓફ ઓર્ડરના મુદ્દાનો સ્વીકાર કરતા માનનીય અધ્યક્ષશ્રીએ શબ્દો રેકોર્ડમાંથી દૂર કરવામાં આવશે તેમ જણાવ્યું.

## ૫. તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

સભ્યશ્રી રાઘવજીભાઈ પટેલે " તા. ૧૪-૦૨-૨૦૧૭ના રોજ પાણીના પ્રશ્ને સાણંદથી ગાંધીનગર તરફ જતી ખેડૂતોની રેલીને આગળ વધતી અટકાવવા પોલીસ દ્વારા થયેલ લાઠીચાર્જ તથા પાણીનો મારો ચલાવતાં ખેડૂતોમાં વ્યાપેલ ભય અને રોષની લાગણી દૂર કરવા રાજય સરકારે લીધેલાં કે લેવાં ધારેલાં પગલાં" અંગેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય કૃષિ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

માનનીય રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને તેમાંથી ઉપસ્થિત થયેલ પ્રશ્નોના જવાબો આપ્યા.

## ૬. સભાત્યાગ

માનનીય રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા તાકીદની જાહેર અગત્યની બાબત પરની ચર્ચાનો જવાબ આપી રહ્યા હતા તે દરમ્યાન વિપક્ષના તમામ સભ્યશ્રીઓ વેલમાં ધસી આવી સૂત્રોચ્ચાર કરવા લાગતા માનનીય અધ્યક્ષશ્રીએ તેમને પોતાનું સ્થાન લેવાની વારંવાર વિનંતી કરવા છતાં સૂત્રોચ્ચાર ચાલુ રહેતા અને સભાગૃહનું કામકાજ આગળ ચલાવવાનું અશકય બનતા માનનીય અધ્યક્ષશ્રીએ વેલમાં આવીને સૂત્રોચ્ચાર કરતા વિપક્ષના તમામ સભ્યશ્રીઓને એક દિવસ માટે સભાગૃહમાંથી સસ્પેન્ડ કર્યા અને તેઓને સભાગૃહની બહાર લઇ જવાનો સાર્જન્ટને આદેશ આપ્યો. તદ્દનુસાર સાર્જન્ટ દ્વારા સસ્પેન્ડ થયેલ સભ્યશ્રીઓને સભાગૃહમાંથી બહાર લઈ જવામાં આવ્યા.

## ૭. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

(૧) ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૪-૧૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગે સરકારની સમીક્ષા તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યું.

(૨) અમદાવાદ કાપડ બજાર અને દુકાન કામદાર બોર્ડનો સન ૨૦૧૫–૧૬નો વાર્ષિક વહીવટી અહેવાલ

(૩) ગુજરાત રાજય નાણાકીય નિગમનો સન ૨૦૧૫–૧૬નો વાર્ષિક અહેવાલ

(૪) ગુજરાત રાજય નાણાંકીય નિગમનો સન ૨૦૧૫–૧૬નો વાર્ષિક હિસાબો પરનો ઓડિટ અહેવાલ

(૫) સામાન્ય વહીવટી વિભાગની સન ૨૦૦૮ના ગુજરાત જિલ્લા આયોજન સમિતિ અધિનિયમ અન્વયેની તા. ૨૨/૦૧/૨૦૧૬ની અધિસૂચના ક્રમાંક :એએસ / ૨૦૧૬–૧૭ / ડીપીસી /૧૫૨૦૧૬/૨૬/ વાય તથા આ અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન.

(૬) માહિતી અને પ્રસારણ વિભાગની સન ૧૯૭૭ના ગુજરાત મનોરંજન કર અધિનિયમ અન્વયેની,

(૧) તા.૨૭/૦૧/૨૦૧૬ની અધિસૂચના ક્રમાંક ( જીએચટી/ ૨૦૧૬/ ૨ ) એમએનઆર/૧૦૨૦૧૬ /૬૯/ એ

(૨) તા.૨૫/૦૨/૨૦૧૬ની અધિસૂચના ક્રમાંક (જીએચટી/૨૦૧૬/૨)એમએનઆર/૧૦૨૦૧૬/ ૨૪૪/ એ

(૩) તા.૦૭/૦૪/૨૦૧૬ની અધિસૂચના ક્રમાંક ( જીએચટી/ ૨૦૧૬/ ૨ )એમએનઆર/ ૧૦૨૦૧૬ /૪૬/ એ તથા આ અધિસૂચનાઓ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**૮. સભાગૃહે મંજૂર કરી પસાર કરેલ સરકારી વિધેયકો**

(૧) સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક– ૭ – સન ૨૦૧૭નું સિગારેટ અને તમાકુની અન્ય બનાવટ (જાહેરખબર ઉપર પ્રતિબંધ અને તેના વેપાર અને વાણિજય, ઉત્પાદન, પુરવઠા અને વિતરણ નિયમન) (ગુજરાત સુધારા) વિધેયક પસાર કર્યુ.

**૯. સભાગૃહની બેઠકનો સમય લંબાવવા બાબત(બપોરના ૧૨–૫૩)**

માનનીય કાયદા મંત્રીશ્રી દ્વારા વિધેયક પરની ચર્ચાનો જવાબ રજૂ કરવાના તબક્કે સભાગૃહની બેઠકનો સમય પૂરો થવા આવતા માનનીય મુખ્ય દંડકશ્રી પંકજભાઈ દેસાઈએ આજના કામકાજની યાદીમાં દર્શાવેલ વિધેયકોની ચર્ચા પૂરી થાય અને વિધેયકો પસાર થાય ત્યાં સુધી સભાગૃહની બેઠક લંબાવવાનો પ્રસ્તાવ રજૂ કરતા માનનીય અધ્યક્ષશ્રીએ તદ્નુસાર સભાગૃહની અનુમતિથી સભાગૃહની બેઠકનો સમય લંબાવ્યો.

**સોમવાર, તા.૨૭મી ફેબ્રુઆરી, ૨૦૧૭**

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

**૨. સભ્યશ્રીઓનું સસ્પેન્શન રદ કરવા અંગે**

વિરોધપક્ષના નેતાશ્રી શંકરસિંહ વાઘેલાએ ગુરુવાર, તા.૨૩/૨/૨૦૧૭ના રોજ બનેલા બનાવો અંગે માનનીય અધ્યક્ષશ્રીનું ધ્યાન દોરી શાસકપક્ષના બે સભ્યો તરફથી અનુચિત શબ્દો બોલાયા હોવાથી તેના રીએકશનમાં બનાવો બન્યા છે એમ જણાવી એ બોલનાર શાસકપક્ષના સભ્યોને પણ સસ્પેન્ડ કરવા જોઇએ અથવા અમારા બન્ને સભ્યોનું સસ્પેન્શન રદ કરવું જોઇએ તેવી વિનંતી કરી. આ ઉપરાંત મહિલા મંત્રીશ્રીને ગળે ટૂંપો દેવાનો બનાવ પણ સી.સી.ટી.વી. ફૂટેજમાં કયાંય દેખાતો નથી તેથી એ વાત પણ યોગ્ય નથી તેમ જણાવ્યું.

વૈધાનિક અને સંસદીય બાબતોના રાજયકક્ષાના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ પોતાનું મંતવ્ય વ્યકત કરતા જણાવ્યું કે, જે બનાવો તે દિવસે બન્યા છે તેવા દ્રશ્યો મેં કયારેય જોયા નથી, જે રીતે રૌદ્ર સ્વરૂપ સાથે સભ્યશ્રી બળદેવજી ઠાકોર દોડીને ટ્રેઝરી બેન્ચ પાસે ગયા એવી પરિસ્થિતિ યોગ્ય નથી.

સભ્યશ્રી શકિતસિંહ ગોહિલે, અગાઉ સભાગૃહમાં બનેલા બનાવોનો ઉલ્લેખ કરી પોતાનું મંતવ્ય વ્યકત કરતા જણાવ્યું કે, જે તે વખતે માનનીય અધ્યક્ષશ્રીએ ઉદારતા દાખવી પહેલ કરી હતી અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ પણ

ઉદરાતા દાખવી ઉચ્ચ પરંપરાઓ સ્થાપિત કરી સભ્યશ્રીઓના સસ્પેન્શન રદ કરવામાં આવ્યા હતા તેમ જણાવી આ બનાવમાં પણ ઉદારતા દાખવી બન્ને સભ્યોના સસ્પેન્શન રદ કરવા જોઇએ.

**૩. પોઈન્ટ ઓફ ઓર્ડર**

સભ્યશ્રી શકિતસિંહ ગોહિલે માનનીય મંત્રીશ્રી આત્મારામ પરમાર વિષે વાંધાજનક ઉચ્ચારણો કરતા માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી દલિત સમાજનું અપમાન છે અને અમારા દલિત આગેવાન અને મંત્રીશ્રીનું અપમાન છે તેવો મુદ્દો ઉભો કરી સભ્યશ્રી શકિતસિંહ ગોહિલે માફી માગવી જોઇએ તેમ જણાવ્યું.

સભ્યશ્રી શક્તિસિંહ ગોહિલે, પોતે દલિત સમાજ માટે કોઇ અપમાનજનક શબ્દો કહયા નથી અને તેવો કોઇ ઈરાદો પણ નથી તેમ જણાવી કહયું કે, હું આ સમાજનું ગૌરવ અનુભવું છું અને એ સમાજ વિષે કયારેય કોઇ ખોટો શબ્દ બોલું નહીં. તેમ છતાં જો સભાગૃહને એવું લાગ્યું હોય તો હું આ સભાગૃહ સમક્ષ એ શબ્દો બદલ દિલગીરી વ્યકત કરું છું અને એ સમાજની માફી માગું છું.

**૪. સભ્યશ્રીઓના સસ્પેન્શન રદ કરવા અંગે (ક્રમશઃ)**

ત્યારબાદ વિરોધપક્ષના નેતાશ્રી શંકરસિંહ વાઘેલાએ વિપક્ષના બન્ને સભ્યશ્રીઓના સસ્પેન્શન રદ કરવાની તેમની રજૂઆતને આગળ વધારતા, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, સસ્પેન્શનને હજુ એક જ દિવસ થયો છે, ગૃહનું વાતાવરણ જરા હળવું થાય અને યોગ્ય માહોલ ઉભો થાય તો સભાગૃહ, ગૃહના નેતાને આ અંગે પુનઃ વિચારણા કરવાનું અને ઉદારતા દાખવવાનું જણાવી શકે.

માનનીય અધ્યક્ષશ્રીએ કહયું કે, આ બાબતે બન્ને પક્ષના દંડકશ્રીઓની સાથે વાત કરવાનું અને વાતાવરણ હળવું થાય તેવું મેં અગાઉથી એડવાન્સમાં જણાવેલ છે, સંજોગોવસાત આજે વાત થઇ શકી નથી પણ હવે પછીના સમયમાં વાતચીત કરીને આગળ સભાગૃહમાં એ વાત મૂકાશે તેમ જણાવી કાર્યવાહી આગળ ચલાવવા જણાવ્યું.

**૫. તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)**

સભ્યશ્રી રાઘવજી પટેલે નિયમ–૧૧૬ અન્વયે, ‘‘તાજેતરમાં રાજકોટ શહેરમાં ૪ કિલોગ્રામ વજનનો આસપાસના ૧૦૦ મીટરના વિસ્તારમાં વિનાશ વેરી શકે તેવો જીવતો ટાઇમ બોમ્બ મળી આવતા આમ પ્રજામાં ફેલાયેલ ભય અને દહેશતની લાગણી દૂર કરવા રાજય સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં’’ અંગેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)નું ધ્યાન દોર્યું.

માનનીય રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલ પ્રશ્નોના જવાબ આપ્યા.

**૬. રાજયપાલશ્રીના સંબોધન પર ચર્ચા (પહેલો દિવસ)**

માનનીય અધ્યક્ષશ્રીએ, સભ્યશ્રી બાવકુભાઇ ઉંધાડ અને સભ્યશ્રી મોતીલાલ વસાવાના અનુમોદનથી તા.૨૦મી ફેબ્રુઆરી,૨૦૧૭ના રોજ રજૂ કરેલ નીચે મુજબનો પ્રસ્તાવ સભાગૃહ સમક્ષ વાંચી સંભળાવ્યો.

‘‘અમો આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજયપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલ સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ.’’

ત્યારબાદ સભ્યો સર્વશ્રી મહેશભાઇ પટેલ, ગોવાભાઇ રબારી, શૈલેષભાઇ પરમાર, પ્રહલાદભાઇ પટેલ, આનંદભાઇ ચૌધરી, વજેસિંગભાઇ પણદા, મહેન્દ્રસિંહ બારૈયા, બાબુભાઇ વાજા, રામસિંહ પરમાર, પ્રો. હીરાભાઇ પટેલ, રાઘવજીભાઇ પટેલ, શકિતસિંહ ગોહિલ, ગેંદાલભાઇ ડામોર, હર્ષદભાઇ રીબડીયા, અમિતભાઇ ચાવડા, ડૉ. તેજશ્રીબેન પટેલ, રમેશભાઇ ચાવડા, કાંતિભાઇ ખરાડી, ઇશ્વરભાઇ પટેલ, કરમશીભાઇ પટેલ, નિરંજનભાઇ પટેલ, મોહનસિંહ રાઠવા, મણીલાલ વાઘેલા, ભોળાભાઇ ગોહેલ, ધારશીભાઇ ખાનપુરા અને ઇન્દ્રનિલ રાજયગુરુએ પોતાના સુધારા રજૂ કર્યા.

આભાર પ્રસ્તાવ પરની ચર્ચામાં સભ્યશ્રીઓએ ભાગ લીધો. વિરોધપક્ષના નેતાશ્રી અને એક રાજયકક્ષાના મંત્રીશ્રી સહિત કુલ ૧૬ સભ્યશ્રીઓએ ભાગ લીધો.

**મંગળવાર, તા.૨૮મી ફેબ્રુઆરી, ૨૦૧૭**

**૧. રાજયપાલશ્રીના સંબોધન પર ચર્ચા (બીજો દિવસ)**

માનનીય અધ્યક્ષશ્રીએ, સભ્યશ્રી બાવકુભાઇ ઉંધાડે, સભ્યશ્રી મોતીલાલ વસાવાના અનુમોદનથી તા.૨૦મી ફેબ્રુઆરી,૨૦૧૭ના રોજ રજૂ કરેલ નીચે મુજબનો પ્રસ્તાવ સભાગૃહ સમક્ષ વાંચી સંભળાવ્યો.

‘‘અમો આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજયપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલ સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ.’’

આભાર પ્રસ્તાવ પરની ચર્ચામાં માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી સહિત વધુ ૨૩ સભ્યશ્રીઓએ ભાગ લીધો.

**૨. પોઈન્ટ ઓફ ઓર્ડર**

સભ્યશ્રી પુંજાભાઇ વંશે પોતાના પ્રવચનમાં ‘‘આ સરકારે આરોપીઓને છોડી મૂકયા છે’’ એવો ઉલ્લેખ કરતા માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી જણાવ્યું કે, જે કેસમાં કોર્ટે ચુકાદો આપી દીધો છે અને કોર્ટે આરોપીઓને છોડયા છે. તેથી સરકારે છોડી મૂકયા તેમ કહીને સભાગૃહને ગેરમાર્ગે દોરી રહયા છે તેથી એ શબ્દો પણ પાછા ખેંચવા જોઇએ.

પોઇન્ટ ઓફ ઓર્ડરના મુદ્દાને સમર્થન કરતા માનનીય રાજયકક્ષાના વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું કે, આ કેસમાં ગુજરાત સરકારે તપાસ કરેલી નથી પરંતુ સી.બી.આઇ.એ. તપાસ કરી છે. કોર્ટે આરોપીઓને છોડી મૂકયા હોય તો સરકારે છોડી મૂકયા છે એમ કહી ખોટો આક્ષેપ કરીને સભાગૃહને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરી રહયા છે. કોર્ટનો ચુકાદો આવી ગયો હોય તેની ટીકા પણ ન કરી શકાય. તેથી શબ્દો એમણે પાછા ખેંચવા જોઇએ.

માનનીય ઉપાધ્યક્ષશ્રીએ કોર્ટનો ચુકાદો આવી ગયો છે તેથી તેનો ઉલ્લેખ નહીં કરવાનું જણાવ્યું.

**બીજી બેઠક**

**માનનીય અધ્યક્ષશ્રી રમણલાલ વોરાના અધ્યક્ષપદે**

**સભાગૃહ બપોરના ૨–૩૦ વાગ્યે ફરી મળ્યું**

**૧.** પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

**૨. પોઈન્ટ ઓફ ઓર્ડર**

સભ્યશ્રી પુંજાભાઇ વંશે પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી જણાવ્યું કે, મારા પ્રવચનમાં જે શબ્દો હું બોલ્યો નથી તેવા શબ્દો જોડીને વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રીએ વાત કરી છે એ શબ્દો ખરેખર હું બોલ્યો નથી. તેથી રેકર્ડની ચકાસણી કરી અને એ શબ્દો રદ કરવા જોઇએ તેવી વિનંતી કરી.

માનનીય ઉપાધ્યક્ષશ્રીએ, એ બન્ને પ્રવચનની ચકાસણી કરવામાં આવશે અને કમ્પેર કર્યા બાદ જો જરૂર જણાશે તો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવશે તેમ જણાવ્યું.

૩. રાજયપાલશ્રીના સંબોધન પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રીએ, સભ્યશ્રી બાવકુભાઇ ઉંધાડે, સભ્યશ્રી મોતીલાલ વસાવાના અનુમોદનથી તા.૨૦મી ફેબ્રુઆરી,૨૦૧૭ના રોજ રજૂ કરેલ નીચે મુજબનો પ્રસ્તાવ સભાગૃહ સમક્ષ વાંચી સંભળાવ્યો.

રાજયપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવ્યો.

‘‘અમો આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજયપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલ સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ.’’

**૪. પોઈન્ટ ઓફ ઓર્ડર**

આભાર પ્રસ્તાવ પરની ચર્ચા દરમ્યાન માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરતા જણાવ્યું કે, સભ્યશ્રી અમિતભાઇ ચાવડા પોતાના પ્રવચન દરમ્યાન સભ્યશ્રી જીતુભાઇ વાઘાણી આણંદ આવ્યા હતા ત્યારે ''પાટીદાર સમાજ વિષે અને અન્ય સમાજ વિષે આમ બોલ્યા હતા'' એમ કહીને જે વાત કરી છે તે આક્ષેપો બિલકુલ બેબુનિયાદ, ખોટા અને વજૂદ વગરના આક્ષેપો છે. જે રેકર્ડ ઉપરથી દૂર કરવા જોઇએ.

માનનીય ઉપાધ્યક્ષશ્રીએ એ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવશે તેમ જણાવ્યા બાદ પણ સભ્યશ્રી અમિતભાઇ ચાવડાએ, સભ્યશ્રી જીતુભાઇ વાઘાણી આવા શબ્દો બોલ્યા હતા એમ જણાવી, એ શબ્દો ફરી દોહરાવ્યા.

સભ્યશ્રી જીતુભાઇ વાઘાણીએ તેનો વિરોધ કરતા જણાવ્યું કે, હું કોઇ જ્ઞાતિ કે જાતિ માટે કશું બોલ્યો નથી. સભ્યશ્રી અમિતભાઇ ચાવડા માત્ર જ્ઞાતિઓને ભડકાવવાનો પ્રયાસ કરી રહયા છે. ભારતીય જનતા પાર્ટી તમામ જ્ઞાતિ–જાતિ–કોમને માણસ તરીકે જ જુએ છે. જો હું આવું કંઇ બોલ્યો છું તેવું સાબિત કરી આપશે તો હું જાહેર જીવન છોડી દેવા તૈયાર છું આમ જણાવી સભ્યશ્રી અમિતભાઇ ચાવડાએ માફી માગવી જોઇએ તેમ જણાવ્યું.

સભાગૃહમાં સતત ખલેલ ઉભી થતા અને સભાગૃહની કાર્યવાહી આગળ ચલાવવી મુશ્કેલ બનતા માનનીય ઉપાધ્યક્ષશ્રીએ સભાગૃહ ૧૫ મિનિટ માટે મુલતવી રાખ્યું. (સાંજના ૪–૨૨)

**મુલતવી રહેલ સભાગૃહ સાંજના ૪–૨૭ કલાકે ફરી મળ્યું.**

સભ્યશ્રી જીતુભાઇ વાઘાણીએ જણાવ્યું કે, હું દુનિયાની સૌથી મોટી પાર્ટીનો પ્રદેશ અધ્યક્ષ છું, મારે નામે એમ વાત કરવી કે ''પટેલ સમાજની જરૂર નથી, બીજી જ્ઞાતિઓને ખરીદી લઇશું'' આ બિલકૂલ ખોટી રજૂઆત છે અને વાતાવરણને ડહોળવાનો અને રાજયને બાનમાં લેવાનો પ્રયાસ છે. આ શબ્દો દૂર કરવાથી વાત પૂરી થઇ જતી નથી. આણંદમાં સાર્વજનિક રીતે હું કયાં બોલ્યો, શું બોલ્યો, કેટલા લોકો ત્યાં હતા એ બધુ અધિકૃત રીતે એમણે જણાવવું જોઇએ અથવા માફી માગવી જોઇએ.

(**વિરામ બપોરના ૪–૩૦ થી ૫–૦૦**)

વિરામ બાદ વિરોધપક્ષના નેતાશ્રી શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું કે, સભાગૃહમાં ચર્ચાનું સ્તર નીચું ઉતરતું જાય છે તે ખૂબ ચિંતાજનક બાબત છે. બન્ને પક્ષના સભ્યશ્રીઓએ સભાગૃહની ગરિમા જળવાય, ગૃહનું ડેકોરમ મજાક જેવું ન થઇ જાય તેની કાળજી રાખવી જોઇએ. અમારા પક્ષના સભ્ય જીતુભાઇ માટે જે કંઇ બોલ્યા હોય તે કે શાસકપક્ષના સભ્યો તરફથી જે કંઇ બોલાયું હોય તે પણ આ સભાગૃહની શોભા વધારનારુ નથી. તેથી મારી વિનંતી છે કે હવે આ ચર્ચા અહીં પૂરી કરીને રાજયપાલશ્રીના સંબોધન ઉપરની ચર્ચા આપણે આગળ ચાલુ રાખીએ.

સભ્યશ્રી જીતુભાઇ વાઘાણીએ માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શંકરસિંહ વાઘેલાએ સભાગૃહમાં ચર્ચાનું સ્તર નીચું ન ઉતરે અને સભાગૃહનું સન્માન અને ગૌરવ જળવાય તે માટે વ્યકત કરેલ ચિંતામાં પોતાનો સૂર પૂરાવ્યો અને ગૃહની કાર્યવાહી આગળ ચલાવવા વિનંતી કરી.

માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે, વિરોધપક્ષના નેતાશ્રીએ સભાગૃહની ચર્ચાના સ્તર અંગે કરેલી ચિંતા અને તેને સભ્યશ્રી જીતુભાઇ વાઘાણીએ કરેલ સમર્થન સભાગૃહને એક ઉંચાઇ સુધી લઇ જશે. સૌ સભ્યો ગૃહમાં અને ગૃહની બહાર જયારે બોલે ત્યારે સંયમ રાખી વિવેક અને મર્યાદા જાળવે તે બધાના હિતમાં છે તેમ જણાવીને આગળ થયેલી ચર્ચા બાબતે રેકર્ડની ચકાસણી કર્યા બાદ જો કોઇ વાંધાજનક ઉચ્ચારણો હશે તો તે દૂર કરવામાં આવશે તેમ જણાવ્યું.

**બુધવાર, તા.૧લી માર્ચ, ૨૦૧૭**

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

**૨. પોઈન્ટ ઓફ કલેરીફિકેશન**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે પોઈન્ટ ઓફ કલેરીફિકેશનનો મુદ્દો ઉપસ્થિત કરી સ્પષ્ટતા કરતા જણાવ્યું કે, પ્રશ્નોત્તરી દરમિયાન સભ્યશ્રી બલવંતસિંહ રાજપૂતે આજની પ્રશ્નોત્તરીના પાના નં.૪૨ ઉપર પ્રશ્ન

ક્રમાંક–૧૦૧ના સંદર્ભે વાયબ્રન્ટ ગુજરાતના ખર્ચ બાબતમાં જે ઉલ્લેખ કરેલ છે તે ખરેખર વર્ષ ૨૦૧૩ અને ૨૦૧૫ના વર્ષનો ખર્ચ છે, આ વર્ષની વાયબ્રન્ટ સમિટનો ખર્ચ નથી. તેથી બલવંતસિંહજી બન્ને બાબતો સાંકળીને જે વાત કરે છે તે યોગ્ય નથી.

**૩. શોકદર્શક ઉલ્લેખ**

માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ, ગુજરાત રાજયના પૂર્વ મંત્રી સ્વ. શ્રી જશપાલસિંઘના અવસાન અંગેનો શોકદર્શક ઉલ્લેખ કર્યો અને સ્વર્ગસ્થને અંજલિ આપી.

ત્યારબાદ માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શંકરસિંહ વાઘેલા, શ્રી રાજેન્દ્ર ત્રિવેદી અને શ્રી શકિતસિંહ ગોહિલે સ્વર્ગસ્થને અંજલિ આપી.

માનનીય અધ્યક્ષશ્રીએ શોકદર્શક ઉલ્લેખમાં તેમનો સૂર પૂરાવી સ્વર્ગસ્થને અંજલિ આપી. ત્યારબાદ સભ્યશ્રીઓએ ઉભા થઇને બે મિનિટ મૌન પાળ્યું અને ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ સ્વર્ગસ્થના કુટુંબીજનોને ગૃહની આ લાગણી પહોંચાડવામાં આવશે તેવી જાહેરાત કરી.

**૪. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

(૧) મેટ્રો–લિન્ક એક્સપ્રેસ ફોર ગાંધીનગર એન્ડ અમદાવાદ (મેગા) કંપની લિમિટેડનો સન ૨૦૧૫–૧૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૨) ગુજરાત શહેરી વિકાસ કંપની લિમિટેડનો સન ૨૦૧૪–૧૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

(૩) ગુજરાત રાજય માર્ગ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૫–૧૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૪) ગુજરાત રાજય બાંધકામ નિગમ લિમિટેડનો સન ૨૦૧૫–૧૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૫) ગુજરાત રાજય બીજ નિગમ લિમિટેડનો સન ૨૦૧૫–૧૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૬) ગુજરાત રાજય જમીન વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૪–૧૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

(૭) ગુજરાત ઔદ્યોગિક મૂડીરોકાણ નિગમ લિમિટેડનો સન ૨૦૧૪–૧૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

(૮) ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડના સન ૨૦૧૪–૧૫નો વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

(૯) ગુજરાત હાઉસીંગ બોર્ડના સન ૨૦૧૩–૧૪ અને સન ૨૦૧૪–૧૫ના વાર્ષિક વહીવટી અહેવાલો તથા આ અહેવાલો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતાં નિવેદનો

**૫. વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત**

બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રી રાજેન્દ્રસિંહ ચાવડાએ પ્રસ્તાવ રજૂ કર્યો.

**૬. સમિતિના પ્રમુખશ્રીનો પ્રસ્તાવ**

બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રી રાજેન્દ્રસિંહ ચાવડાએ પ્રસ્તાવ રજૂ કર્યો કે, ‘‘આ સભાગૃહ, બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના અઢારમા અહેવાલ સાથે સંમત થાય.’’

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**૭. પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)**

શરૂઆતમાં માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે સન ૨૦૧૬–૧૭ના વર્ષ માટેની પૂરક માગણીઓની વિચારણા કરવા માટે સંવિધાનના અનુચ્છેદ ૨૦૩(૩)ની સાથે વાંચતા અનુચ્છેદ ૨૦૫ અન્વયેની માનનીય રાજયપાલશ્રીએ વિધાનસભાને કરેલી સિફારસ વાંચી સંભળાવી.

ત્યારબાદ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે, પોલીસને લગતી સેવા અંગેની ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક ૪૩, સહકારને લગતી સેવા અંગેની કૃષિ અને સહકાર વિભાગની મૂડી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક ૫, વીજળી શકિત પરિયોજનાઓને લગતી સેવા અંગેની ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક ૧૩, નાગરિક પુરવઠાને લગતી સેવા અંગેની અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગની મહેસૂલી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક ૨૨ તથા તબીબી અને જાહેર આરોગ્યને લગતી સેવા અંગેની આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક ૩૯ રજૂ કરી.

પૂરક માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ પૂરક માગણી ક્રમાંક ૪૩ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૧ અને ૨, પૂરક માગણી ક્રમાંક ૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૩, ૫, ૬ અને ૭, પૂરક માગણી ક્રમાંક ૧૩ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૮ અને ૯ તથા પૂરક માગણી ક્રમાંક ૩૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૧૦, ૧૧, ૧૪, ૧૫, ૧૬ અને ૧૭ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

પૂરક માગણીઓ ઉપરની ચર્ચા શરૂ થવાના તબકકે માનનીય અધ્યક્ષશ્રીએ પૂરક માગણીઓ પરની ચર્ચાની મર્યાદા અંગે ગૃહને માર્ગદર્શન આપ્યું.

ત્યારબાદ પૂરક માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર એકી સાથે ચર્ચા શરૂ થઇ અને તેમાં ૧૯ સભ્યશ્રીઓએ ભાગ લીધો, ચર્ચાનો જવાબ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે આપ્યો.

કાપ દરખાસ્ત ક્રમાંક ૧, ૨, ૩, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૪, ૧૫, ૧૬ અને ૧૭ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ પૂરક માગણી ક્રમાંક ૪૩, ૫, ૧૩, ૨૨ અને ૩૯ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. સભ્યશ્રી શકિતસિંહ ગોહિલે અમરેલી જિલ્લામાં એક દલિત સરપંચની હત્યા કરવામાં આવી છે તે અંગેનો મુદ્દો ઉપસ્થિત કરતા જણાવ્યું કે, આ અતિ સંવેદનશીલ અને મહત્વનો પ્રશ્ન હોવાથી મેં અને અમારા દંડકશ્રીએ આપને આ મુદ્દો ઉપસ્થિત કરવાની પરવાનગી આપવા વિનંતી કરી હતી, હમણાં જ સભાગૃહ શરૂ થતા પહેલા મેં માનનીય મુખ્યમંત્રીશ્રીને પણ વિનંતી કરી છે તેથી આ મુદ્દો ઉપસ્થિત કરવા માટે મને પરવાનગી આપવામાં આવે.

માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે, આ અતિ સંવેદનશીલ મુદ્દો છે તેનો હું સ્વીકાર કરું છું અને માનનીય મુખ્યમંત્રીશ્રી સહિત આપણા સૌની લાગણી તેના પ્રત્યે હોય તે સ્વાભાવિક છે. પરંતુ આપણા નિયમો બહુ સ્પષ્ટ હોવાને કારણે જયારે માનનીય મંત્રીશ્રીએ ઝીરો અવર્સની વાત સ્વીકારી નથી ત્યારે ચર્ચાને અવકાશ રહેતો નથી. પરંતુ આ વાતની ગંભીરતાને ધ્યાને લઇને સભ્યશ્રી શૈલેષભાઇ પરમારની નિયમ–૧૧૬ની નોટિસનો મેં સ્વીકાર કર્યો છે અને તે વખતે આ સંવેદનશીલ મુદ્દાની ચર્ચા કરી શકાશે.

માનનીય મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, આ મુદ્દા ઉપર સરકાર ચર્ચા કરવા તૈયાર છે અને સરકાર કોઇ પણ મુદ્દા ઉપર ચર્ચા કરવા બંધાયેલી છે. આ અતિ ગંભીર મુદ્દા ઉપર ૧૧૬ની નોટિસનો સ્વીકાર કરવામાં આવ્યો છે તેથી એ વખતે આની વિસ્તૃત રીતે ચર્ચા કરી શકાશે એટલે અત્યારે ચર્ચાનો આગ્રહ ન રાખવા શકિતસિંહજીને હું વિનંતી કરું છું.

## ૩. વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત

જાહેર સાહસો માટેની સમિતિના પ્રમુખશ્રી નરોત્તમભાઇ પટેલે સમિતિનો નવમો, દસમો, અગિયારમો, બારમો અને તેરમો અહેવાલ રજૂ કર્યો.

## ૪. સભાત્યાગ

ઝીરો અવર્સમાં ચર્ચાની માગણીનો અસ્વીકાર થવાથી વિરોધપક્ષના સભાગૃહમાં ઉપસ્થિત તમામ સભ્યશ્રીઓ સૂત્રોચ્ચાર કરતા કરતા સભાત્યાગ કરી ગયા.

## ૫. પોઈન્ટ ઓફ ઓર્ડર

વૈધાનિક અને સંસદીય બાબતોના રાજયકક્ષાના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી જણાવ્યું કે, ૧૯૮૫ થી ૨૦૦૨ના માનનીય અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયોમાં સ્પષ્ટ રીતે જણાવેલ છે કે, ઝીરો અવર્સની નિયમોમાં કોઇ જોગવાઇ નથી. છતાં કોઇ મહત્વની બાબત હોય ત્યારે માનનીય મંત્રીશ્રી જવાબ આપવા સંમતિ આપે તો જ પ્રશ્ન ઉપસ્થિત કરી શકાય છે.

આજે જયારે માનનીય મંત્રીશ્રીની સમંતિ નહોતી અને આપે પણ પરમિશન આપેલી નહોતી તથા માનનીય મુખ્યમંત્રીશ્રીએ પણ જયારે ૧૧૬ની નોટિસના સંદર્ભમાં વિસ્તૃત ચર્ચા કરી શકાશે તેમ જણાવીને સંવેદના દર્શાવી છે ત્યારે વિરોધપક્ષના સભ્યશ્રીઓએ સૂત્રોચ્ચાર કરીને સભાત્યાગ કર્યો છે અને આવું એક વાર નથી બન્યું પણ વારંવાર આ રીતે અધ્યક્ષશ્રીના નિર્ણય પછી અવમાન થાય તેવું વર્તન કરવામાં આવે છે તેથી એ બાબતે આપના સ્પષ્ટ નિર્દેશ આવે તે આવશ્યક છે.

પોઇન્ટ ઓફ ઓર્ડરના મુદ્દાને સમર્થન કરતા માનનીય વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું કે, વિરોધપક્ષના આવા વર્તનની પાછળ સંવેદના કરતા રાજકારણ વધુ હોય તેવું લાગે છે. જો સંવેદના હોત તો અમારા એક મંત્રીશ્રીનું અપમાન ન કર્યું હોત. રાજય સરકાર પણ આ બાબતે પૂરી સંવેદનશીલ છે અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ ખાતરી આપી છે કે ૧૧૬ની નોટિસ વખતે પૂરતી ચર્ચાને અવકાશ છે ત્યારે વિરોધપક્ષનું આ વર્તન બરાબર નથી.

માનનીય અધ્યક્ષશ્રીએ પોઇન્ટ ઓફ ઓર્ડરનો સ્વીકાર કરતા જણાવ્યું કે, આ ગૃહના નિયમો સ્પષ્ટ છે અને કયારેય ઝીરો અવર્સની પરમિશન અપાતી નથી. હું સભાગૃહમાં કોઇ જ્ઞાતિ કે ધર્મના આધારે વાત કરવા માગતો નથી. પરંતુ માનનીય મંત્રીશ્રી અને હું બન્ને દલિત સમાજમાંથી આવીએ છીએ. એ સિવાય પણ અહીં બેઠેલા અનેક લોકોની

સંવેદના એમની સાથે જોડાયેલી હોય તે સ્વાભાવિક બાબત છે. પરંતુ જે રીતે વાત ઉભી કરવામાં આવી એમાં મને એવું લાગે છે કે સંવેદના કરતા રાજકીય મુદ્દો વધારે છે. એટલા માટે મેં એમને એલાઉ કર્યા નથી. સભ્યશ્રી શૈલેષભાઇએ ૧૧૬ની નોટિસ મૂકી છે અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો છે ત્યારે શૈલેષભાઇએ આ વાત કરી હોત તો વધારે ઉચિત ગણાત, કારણ કે તેઓ દલિત ધારાસભ્ય છે, એમની પણ અવહેલના કરીને સભ્યશ્રી શકિતસિંહજીએ વાત કરી છે તે યોગ્ય નથી. માનનીય મુખ્યમંત્રીશ્રીએ હકારાત્મક રીતે ચર્ચા કરવાની વાત સ્વીકારી છે અને રાજય સરકારે જે સંવેદના વ્યકત કરી છે તેની સરાહના કરું છું. આગામી સમયમાં જે કંઇ કાર્યવાહી કરવાની થતી હશે તે કાર્યવાહી કરીને યોગ્ય ન્યાય મળે તેવા પગલાં સરકાર લેશે તેવો વિશ્વાસ અને શ્રદ્ધા વ્યકત કરું છું.

**૬. પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ)**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે શહેરી વિકાસને લગતી સેવા અંગેની શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક ૧૦૨, પાણી પુરવઠાને લગતી સેવા અંગેની નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મૂડી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક ૬૭, સમૂહ વિકાસને લગતી સેવા અંગેની પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક ૭૦, માર્ગો અને પુલને લગતી સેવા અંગેની માર્ગ અને મકાન વિભાગની મૂડી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક ૮૬ તથા આદિજાતિ વિસ્તાર પેટા યોજનાને લગતી સેવા અંગેની આદિજાતિ વિકાસ વિભાગને મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક ૯૬ રજૂ કરી.

કાપ દરખાસ્ત રજૂ કરનાર સભ્યશ્રીઓ સભાત્યાગ કરી ગયા હોવાથી કાપ દરખાસ્તો રજૂ થઇ શકી નહીં.

માનનીય અધ્યક્ષશ્રીએ વિધાનસભાના નિયમોના નિયમ ૨૩૪(૪) અન્વયે ગિલોટીન અંગેની જાહેરાત કરી, અને ગિલોટીન માટેનો સમય બપોરના ૧–૪૫ વાગ્યાનો ઠરાવવામાં આવ્યો.

ત્યારબાદ રજૂ થયેલી પૂરક માગણીઓ ઉપર ચર્ચા શરૂ થઇ અને તેમાં એક સભ્યશ્રીએ ભાગ લીધો.

ચર્ચાનો જવાબ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે આપ્યો.

ત્યારબાદ પૂરક માગણી ક્રમાંક ૧૦૨, ૬૭, ૭૦, ૮૬ અને ૯૬ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**ગિલોટીન થયેલી પૂરક માગણીઓ**

ત્યારબાદ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે સન ૨૦૧૬–૧૭ના વર્ષના અનુદાનો માટેની પૂરક માગણી ક્રમાંક ૨, ૯, ૧૦, ૧૫, ૧૭, ૨૧, ૨૩, ૨૬, ૩૦, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૮, ૪૦, ૪૧, ૪૪, ૪૬, ૪૭, ૪૮, ૫૨, ૫૪, ૬૦, ૬૧, ૬૪, ૬૫, ૬૬, ૭૧, ૭૩, ૭૪, ૭૫, ૭૭, ૭૯, ૮૧, ૮૨, ૮૩, ૮૪, ૮૫, ૯૧, ૯૩, ૯૫, ૯૮, ૧૦૧, ૧૦૩, અને ૧૦૬ રજૂ કરી, જે મત માટે મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**૭. બિન–સરકારી સંકલ્પો**

(૧) સભ્યશ્રી સી. કે. રાઉલજીએ, ''ગુજરાતમાં જમીનોની સેટેલાઇટ દ્વારા રિ–સર્વે–માપણી કરાવવાના કારણે ખેડૂતોની જમીનોની વધઘટ, સર્વે નંબરોમાં તેમજ ખૂંટમાં પણ ફેરફારો થઇ ગયા હોવાના કારણે રાજયના ખેડૂતોને પડતી મુશ્કેલીઓ સત્વરે દૂર કરી જરૂરી પગલાં લેવા અંગેનો'' સંકલ્પ રજૂ કરી મંતવ્ય વ્યકત કર્યું.

સંકલ્પની ચર્ચામાં પાંચ સભ્યશ્રીઓએ ભાગ લીધો અને ચર્ચાનો જવાબ માનનીય મહેસૂલ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આપ્યો.

ત્યારબાદ સભાગૃહની અનુમતિથી સંકલ્પ પાછો ખેંચી લેવામાં આવ્યો.

## ૮. અધ્યક્ષશ્રીનો પ્રસ્તાવ

માનનીય અધ્યક્ષશ્રીએ વિશ્રામના સમયમાં વિધાનસભા પરિસરમાં પત્રકારોને સંબોધવાના સ્થળ ઉપર માનનીય રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા ઉપર કોઇ વ્યકિત દ્વારા જૂતુ ફેંકવાના બનાવ અંગે ચિંતા વ્યકત કરતો પ્રસ્તાવ રજૂ કર્યો.

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે પ્રસ્તાવને સમર્થન આપતાં જણાવ્યું કે, આપના તરફથી જે પ્રસ્તાવ રજૂ થયો છે તે અનુકૂળ સમય અને સંજોગોમાં આવ્યો છે, સરકાર પક્ષ કે વિરોધપક્ષના સભ્યો જયારે મિડીયા સમક્ષ પોતાની વાત મૂકતા હોય અને ગુજરાતની પ્રજાને જાણકારી આપતા હોય ત્યારે આપના પરિસરમાં જે બનાવ બન્યો છે તે જાહેર જીવનમાં પડેલા આપણા બધા માટે ચિંતાજનક છે. આના માટે કોઇ પણ રાજકીય આગેવાને પછી તે આ પક્ષના હોય કે તે પક્ષના હોય, વૈચારિક મતભેદ હોઇ શકે પણ આ પ્રકારે પોતાની વાત રજૂ કરનાર તત્વોને કયારેય પ્રોત્સાહન આપવું ન જોઇએ. આ આપણા ગુજરાતની તાસીર નથી, આવા બનાવો ગુજરાતમાં કે દેશમાં કોઇ પણ જગ્યાએ બને તો વ્યાજબી નથી અને આપના સહિત અહીં ઉપસ્થિત આપણા સૌ માટે ચિંતાજનક છે અને તેને સખત હાથે ડામી દેવા જોઇએ. આ બનાવને આપણે સૌ સર્વાનુમતિથી વખોડી કાઢીએ.

સભ્યશ્રી શકિતસિંહ ગોહિલે પણ પ્રસ્તાવને સમર્થન અને આવકાર આપતા જણાવ્યું કે, લોકશાહી વ્યવસ્થામાં આવા બનાવોને કયારેય સ્થાન ન હોઇ શકે, હું આપની ભાવનાને સલામ કરું છું. આપના પરિસરમાં આ બનાવ બન્યો છે તેને મેં બહાર પણ વખોડી કાઢયો છે અને આ સભાગૃહમાં પણ વખોડી કાઢું છું. જાહેર જીવનમાં પડેલા લોકોની સાથે અહીં કે બહાર કોઇ જગ્યાએ આવા બનાવો બને તેને કયારેય યોગ્ય ઠેરવી શકાય નહીં. આક્રોશ વ્યકત કરવો હોય તો લોકશાહી ઢબે જ કરવો જોઇએ તેવું હું અને અમારો પક્ષ માનીએ છીએ. આવા હુમલાના બનાવમાં નિવેદન આપવામાં પણ પક્ષના નેતાઓએ પરિપકવતા દાખવવી જોઇએ તેમ જણાવી આ બનાવને વખોડી કાઢયો.

સભ્યશ્રી જીતુભાઇ વાઘાણીએ પણ પ્રસ્તાવના સમર્થનમાં જણાવ્યું કે, જાહેર જીવન સાથે સંકળાયેલા કોઇપણ પક્ષના લોકો સાથે કયાંય પણ આવી ઘટના બને તે દુઃખદ છે અને આપણે સૌએ તેને વખોડી કાઢવી જોઇએ.

વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ માનનીય અધ્યક્ષશ્રી તરફથી લાવવામાં આવેલ પ્રસ્તાવમાં સૂર પૂરાવતા માનનીય અધ્યક્ષશ્રીનો આભાર માન્યો.

સભ્યશ્રી શૈલેષભાઇ પરમારે પ્રસ્તાવને સમર્થન આપતા જણાવ્યું કે, સભાગૃહની કાર્યવાહી દરમ્યાન લોકો આવવા જોઇએ તે વાત સ્વીકારીએ તો પણ વિધાનસભા પરિસરમાં જે પ્રકારે લોકોના ધાડે ધાડા આવે છે તે અંગે પણ વિચારણા થવી જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે, મેં આ પ્રસ્તાવ રજૂ કર્યો છે માત્ર ઔપચારીકતા માટે નથી, મેં વિધાનસભા ગૃહમાં આ પહેલા પણ કહયું છે અને આજે ફરી કહું છું કે માનનીય મુખ્યમંત્રીશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી, વિરોધપક્ષના નેતાશ્રી કે કોઇ સિનિયર આગેવાનો બોલતા હોય કે પછી કોઇ મહિલા સભ્ય બોલતા હોય ત્યારે આપણે બધાએ સંયમ રાખવો જોઇએ તેમ હું વ્યકિતગત માનું છું. માનનીય શૈલેષભાઇએ કહયું છે તેમ વિધાનસભામાં ખૂબ લોકો આવે છે, આવવા પણ જોઇએ. પરંતુ જે ઘટના બની છે તેને રાજકીય આગેવાન તરીકે માત્ર પક્ષને ધ્યાનમાં રાખીને આપણી વાત કરીશું તો આપણી જે પરંપરા છે તેને આપણે લાંબે સુધી નહીં લઇ જઇ શકીએ. ગુજરાતની જનતા જે આશાની નજરે જોઇ રહી છે તે આશા અને અપેક્ષા આપણે પરિપૂર્ણ કરવાની છે. આજે મારી ટેરીટરીમાં વિધાનસભામાં જે બનાવ બન્યો છે તેના માટે હવે પછી થોડીક કડક કાર્યવાહી કરવાની રહેશે. એમાં આપ સૌનો સાથ અને સહયોગ મને મળશે તેવી આશા રાખું છું. આપ સૌએ સાનુકૂળ વાતાવરણમાં સર્વાનુમતે આ પ્રસ્તાવનો સ્વીકાર કરીને મારી લાગણીને વાચા આપી છે તે બદલ હું આપ સૌનો ઋણી છું અને આભારની લાગણી વ્યકત કરું છું.

૯. **બિન–સરકારી સંકલ્પ (ક્રમશઃ)**

(૨) સભ્યશ્રી ઇન્દ્રનીલ રાજયગુરુએ ''રાજયમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળેલ છે. દિન દહાડે ખૂન, લૂંટ, ધાડ, દારૂની હેરાફેરી અને મહિલાઓની છેડતી અને બળાત્કારના બનાવો સતત બની રહયા છે ત્યારે રાજયની પ્રજાની સલામતી જળવાય તે માટે કડક પગલાં લેવા અંગે''નો સંકલ્પ રજૂ કરી મંતવ્ય વ્યકત કર્યું.

સંકલ્પ પરની ચર્ચામાં ત્રણ સભ્યશ્રીઓએ ભાગ લીધો અને ચર્ચાનો જવાબ માનનીય રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ આપ્યો.

ત્યારબાદ સંકલ્પ મત પર મૂકવામાં આવ્યો અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

**શુક્રવાર, તા.૩જી માર્ચ, ૨૦૧૭**

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. **તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)**

સભ્યશ્રી રમેશભાઇ ચાવડાએ ''તાજેતરમાં પાટણ જિલ્લાના સાંતલપુર તાલુકાના પલ ગામે દલિતોએ મરેલા પશુઓનો નિકાલ કરવાની ના પાડતાં ગામ લોકોએ તેમનો બહિષ્કાર કરેલ છે જેથી ૧૪ જેટલા દલિત પરિવારોએ હિજરત કરેલ છે ત્યારે આવા દલિત પરિવારોને રક્ષણ મળે અને તેઓ પોતાના ગામે સ્વમાનભેર રહે તે માટે રાજય સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં'' અંગેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી આત્મારામ પરમારે તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને તેમાંથી ઉપસ્થિત થયેલ પ્રશ્નોના જવાબો આપ્યા.

૩. **અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)**

તા.૨૦મી ફેબ્રુઆરી, ૨૦૧૭ના રોજ સભાગૃહમાં રજૂ થયેલા સન ૨૦૧૭–૧૮ના અંદાજપત્રની સામાન્ય ચર્ચા શરૂ થાય તે પહેલા માનનીય અધ્યક્ષશ્રીએ અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચાના અવકાશ અંગે ગૃહને માર્ગદર્શન આપ્યું.

ત્યારબાદ માનનીય વિરોધપક્ષના નેતાશ્રી અને માનનીય મહેસૂલ મંત્રીશ્રી સહિત કુલ ૧૪ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

૪. **વિરામનો સમય લંબાવવા બાબત**

અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચા દરમ્યાન સભ્યશ્રી બલવંતસિંહે, વિરોધપક્ષના નેતાશ્રી શંકરસિંહ વાઘેલાનું પ્રવચન પુરૂં થાય ત્યાં સુધી વિરામનો સમય લંબાવવા માટેની દરખાસ્ત કરતા અને તેનો સ્વીકાર થતાં તદ્નુસાર સભાગૃહનો વિરામનો સમય લંબાવવામાં આવેલ હતો.

**સોમવાર, તા.૬ઠ્ઠી માર્ચ, ૨૦૧૭**

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. **તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)**

સભ્યશ્રી શૈલેષભાઇ પરમારે ''તાજેતરમાં અમરેલી તાલુકાના વરસડા ગામના દલિત સરપંચની જાહેરમાં સરેઆમ હત્યા કરવામાં આવતાં, દલિત સમાજમાં તેના ઘેરા પ્રત્યાઘાત પડયા છે ત્યારે આવા ઇસમોની સામે સખ્તાઇ ભર્યા પગલાં લેવાં અંગે'' ની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય મુખ્યમંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

માનનીય રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને તેમાંથી ઉપસ્થિત કરવામાં આવેલા પ્રશ્નોના જવાબો આપ્યા.

૩. **સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

(૧) ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડનો સન ૨૦૧૨–૧૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

(૨) ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૨–૧૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

(૩) ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૩–૧૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

(૪) ગુજરાત પાવર કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૫–૧૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૫) ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૫–૧૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૬) ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળનો સન ૨૦૧૪–૧૫નો વાર્ષિક વહીવટી અહેવાલ તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

(૭) ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડનો સન ૨૦૧૫–૧૬નો વાર્ષિક વહીવટી અહેવાલ

(૮) આણંદ કૃષિ યુનિવર્સિટીનો સન ૨૦૧૧–૧૨નો ઓડિટ અહેવાલ, તેના ઉપર લેવાયેલ પગલાનું નિવેદન વાર્ષિક હિસાબો તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

(૯) સરદાર કૃષિનગર–દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના સન ૨૦૧૧–૧૨ અને સન ૨૦૧૨–૧૩ના ઓડિટ અહેવાલ, તેના ઉપર લેવાયેલ પગલાંના નિવેદનો, વાર્ષિક હિસાબો તથા આ અહેવાલો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતાં નિવેદનો

(૧૦) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની સન ૧૯૭૨ના ગુજરાત આવશ્યક સેવા જાળવણી અધિનિયમ અન્વયેની તા.૧૦/૨/૨૦૧૭ની અધિસૂચના ક્રમાંક–જીએચયુ–૨૦૧૭–(૧૧)–જીયુવી–૧૧૨૦૧૦–૨૮૬૧–ક(પાર્ટફાઇલ)

**૪. સરકારી વિધેયક**

સભાગૃહે મંજૂર કરી પસાર કરેલ સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૧૩–સન ૨૦૧૭નું ગુજરાત (પૂરક)વિનિયોગ વિધેયક

**૫. અધ્યક્ષશ્રીની જાહેરાત**

માનનીય અધ્યક્ષશ્રીએ, આજરોજ પૂરક વિનિયોગ વિધેયક ઉપરાંત સન ૨૦૧૭–૧૮ના વર્ષના અંદાજપત્ર પરના બીજા દિવસની સામાન્ય ચર્ચા પણ હાથ કરવામાં આવનાર હોઇ, અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચાને વધુ સમય મળે તે હેતુથી નિયમ ૨૩૯ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ નિયમ–૨૩૮(૩)માં છૂટછાટ મૂકી પૂરક વિનિયોગ વિધેયક

પરની ચર્ચા અને મતદાન માટે ૩૦ મિનિટનો સમય ઠરાવવા અને જે પાંચ સભ્યશ્રીઓએ તેમના મુદ્દા આપ્યા છે, તેમને ત્રણ–ત્રણ મિનિટનો સમય ફાળવવા અંગેની જાહેરાત કરી.

**૬. અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)**

ત્યારબાદ ૩જી માર્ચ, ૨૦૧૭ના રોજ અધૂરી રહેલી ચર્ચા આગળ ચાલી અને સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

**મંગળવાર તા. ૭મી માર્ચ, ૨૦૧૭**

**૧.** વિરોધપક્ષના નેતાશ્રી શંકરસિંહ વાઘેલાએ પ્રશ્નોત્તરી કાળ સ્થગિત કરીને, ધારાસભ્યશ્રીઓને ધમકી ભર્યા મેસેજ અને ફોન કોલ્સ મળે છે તે અંગેનો મુદ્દો ઉપસ્થિત કરવાની પરવાનગી આપવા વિનંતી કરી.

માનનીય અધ્યક્ષશ્રીએ આ મુદ્દાની અગત્યતા સ્વીકારી તારાંકિત પ્રશ્નોત્તરી બાદ તુરત જ આ મુદ્દો ઉપસ્થિત કરવાની મંજૂરી આપીશ તેમ જણાવ્યું.

**૨. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.**

**૩. અધ્યક્ષશ્રીની પૂર્વ મંજૂરીથી ઉપસ્થિત કરવામાં આવેલ અગત્યનો શૂન્યકાળનો મુદ્દો**

વિરોધપક્ષના નેતાશ્રી શંકરસિંહ વાઘેલાએ રજૂઆત કરતા જણાવ્યું કે, આ મુદ્દો સભ્યશ્રીઓની સલામતી સાથે સંકળાયેલો હતો જેથી આમાં વધુ મહત્વ આપીને પ્રશ્નોત્તરીકાળ સ્થગિત કરીને આ પ્રશ્નની ચર્ચા આપી હોત તો વધુ સારુ હતું.

વિરોધપક્ષના સભ્યશ્રીઓને રવિ પૂજારીના નામથી ધમકીભર્યા મેસેજ અને ફોન કોલ્સ આવી રહ્યા છે આવા ફોન કોલ્સ તથા મેસેજ વિશ્વના જુદા જુદા દેશોમાંથી આવે છે. આ બાબતે તેઓએ ઇન્ટરનેશનલ કોલ્સના નંબરો સાથેની વિસ્તૃત માહિતી આપતા જણાવ્યું કે, આ બાબતમાં સરકારે ખૂબ ગંભીરતા દાખવી કેન્દ્રની એજન્સીની મદદ લઇને યોગ્ય પગલાં લેવા જોઇએ.

સભ્યશ્રી સી. કે. રાઉલજી અને સભ્યશ્રી અમિતભાઇ ચાવડાએ પણ તેઓના ઉપર આવેલા મેસેજ અને ફોન કોલ્સની વિસ્તૃત રજૂઆત કરી અને સરકારને આ અંગે યોગ્ય કાર્યવાહી કરવા અપીલ કરી.

માનનીય રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રીએ જણાવ્યું કે માનનીય અધ્યક્ષશ્રી તરફથી મને જાણ કરવામાં આવી કે તુરત જ ગૃહ વિભાગના એડિશનલ ચીફ સેક્રેટરીને માનનીય અધ્યક્ષશ્રીને મળવા માટે મોકલવામાં આવ્યા હતા અને મુખ્યમંત્રીશ્રીના ધ્યાન પર આ વાત આવતા એમણે તુરત જ ડી.જી.પી.ને અને મને પણ સૂચના આપી હતી. જેમને ધમકીઓ મળી હતી તે સભ્યશ્રીઓ પણ મારી પાસે આવ્યા હતા. આ બાબતને અત્યંત ગંભીર ગણીને પોલીસ, એ.ટી.એસ. અને સી.આઇ.ડી. ક્રાઇમ એમ બધી એજન્સીને સંયુકત રીતે તપાસ સોંપવામાં આવી છે. જરૂર જણાશે ત્યાં કેન્દ્રની એજન્સીની મદદ લઇને માત્ર ધારાસભ્યોને જ નહીં પણ ગુજરાતમાં કોઇ પણ વ્યકિતને ધમકી ભર્યા કોલ્સ કે મેસેજથી ખંડણી માગીને ભયનું વાતાવરણ ઉભું કરવા માગતા કોઇપણ વ્યક્તિ સફળ ન થાય તે માટે પૂરતા પ્રયત્નો સાથે સરકાર તપાસ કરાવવા માગે છે.

વિરોધપક્ષના નેતાશ્રી શંકરસિંહ વાઘેલાએ, રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રીએ આ બાબતને ગંભીરતાથી લીધી છે અને લીધેલાં પગલાંની માહિતી આપી તે માટે આભાર વ્યકત કરતા જણાવ્યું કે, જે સભ્યશ્રીઓને ધમકી મળી છે તેમાંથી જો કોઇની ઇચ્છા હોય તો તેમને રક્ષણ પૂરું પાડવું જોઇએ, વધુમાં બીજા બે મુદ્દાઓ અનિર્ણિત હોવાથી માનનીય અધ્યક્ષશ્રીની મંજૂરી સાથે રજૂઆત કરતા જણાવ્યું કે, નલિયા કાંડમાં હાઇકોર્ટ જજ કક્ષાની તપાસ માટે મુખ્યમંત્રીશ્રીએ ખાતરી આપી હતી તે અંગેની પરિસ્થિતિ શું છે તે સરકાર જણાવે. બીજું, અમારા બે સભ્યશ્રીઓ સસ્પેન્ડ થયેલા છે તે માટે અમારી માગણી હતી કે, શાસક પક્ષના બે સભ્યો જેના કારણે આ ઉશ્કેરાટ ફેલાયેલો તેમને પણ સસ્પેન્ડ કરવા જોઇએ અથવા અમારા સભ્યોનું સસ્પેન્શન રદ કરવું જોઇએ.

રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું કે, જો કોઇ સભ્યશ્રીને રક્ષણની આવશ્યકતા જણાતી હશે તો સરકાર તેમને રક્ષણ પૂરું પાડવા તૈયાર છે. નલિયાના બનાવના સંદર્ભમાં જણાવ્યું કે માનનીય મુખ્યમંત્રીશ્રીએ ન્યાયિક તપાસ માટેની વાત સ્વીકારી છે અને તેના સંદર્ભમાં હું માનનીય મુખ્યમંત્રીશ્રીની સાથે ચર્ચા કરીને વહેલામાં વહેલી તકે સભાગૃહને અવગત કરીશ.

માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે, આ મુદ્દા અંગે સભ્યશ્રી બલવંતસિંહ મારી પાસે આવ્યા ત્યારે જ મેં એમને જણાવ્યું હતું કે પ્રશ્નોત્તરી પછી તુરત જ આ મુદ્દો રજૂ કરવાની હું પરવાનગી આપીશ અને તે મુજબ મેં પ્રશ્નોત્તરી પછી તરત જ આ મુદ્દાની ચર્ચા આપી છે. આજે માનનીય રાજયકક્ષાના ગૃહમંત્રીશ્રીએ આ બનાવની ગંભીરતા ધ્યાને લઇને મારી અપેક્ષા પ્રમાણે જ પ્રતિભાવ આપ્યો છે તેથી એમનો આભાર માનું છું.

વધુમાં માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે, બે સસ્પેન્ડ થયેલા સભ્યશ્રીઓ માટે પણ ગઇકાલે મારે માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાથે બેઠક થઇ હતી, કદાચ આજે પણ ચર્ચા થશે. અને એ દિશામાં રાજય સરકાર પોઝીટીવ રીતે આગળ વધી રહી છે એટલું હું આપને આશ્વાસન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રીએ આજના મુદ્દાનો ઉલ્લેખ કરી જણાવ્યું કે, ધમકીભર્યા મેસેજ અને ફોન કોલ્સ એ સભ્યો માટે તો અત્યંત ગંભીર છે જ, પણ ગુજરાતના કોઇ પણ નાગરિક માટે આવો કિસ્સો ઉભો થાય તો રાજય સરકારે જયાં પણ જરૂરિયાત ઉભી થાય ત્યાં કેન્દ્ર સરકારનો સહયોગ લઇને ગુજરાતની સલામતી જળવાઇ રહે તે દિશામાં જે અસરકારક કામગીરી કરી રહી છે તે વધારે તીવ્રતાથી કરે તેવી અપેક્ષા રાખીએ.

**૪. વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત**

અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિના પ્રમુખશ્રી રમણલાલ પાટકરે સમિતિનો ત્રીજો અને ચોથો અહેવાલ રજૂ કર્યો.

**૫. અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)**

તા. ૬ઠ્ઠી માર્ચ, ૨૦૧૭ના રોજ અંદાજપત્ર પરની અધૂરી રહેલી ચર્ચા આગળ ચાલી અને માનનીય કૃષિ અને ઉર્જા મંત્રીશ્રી સહિત વધુ ૧૯ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

**૬. અધ્યક્ષશ્રીની જાહેરાત**

અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચા દરમિયાન સભ્યશ્રી પંકજ મહેતાના વક્તવ્ય બાદ તાજેતરમાં નલિયામાં બનેલી ઘટના અંગે સરકારે નામદાર હાઇકોર્ટના પૂર્વ ન્યાયધીશનું તપાસ પંચ નીમવાનો નિર્ણય લીધો છે તે અંગેની જાહેરાત કરતાં માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે, વિરોધપક્ષના નેતાશ્રીએ કહ્યું અને તરત જ સરકારે વાત ઝીલીને સકારાત્મક નિર્ણય લીધો એ માટે સરકારને અભિનંદન આપું છું અને ભવિષ્યમાં પણ વિરોધપક્ષની વાતને ધ્યાનમાં લઇને આ રીતે સકારાત્મક રહેશે તેવી અપેક્ષા રાખું છું.

**બુધવાર તા. ૮મી માર્ચ, ૨૦૧૭**

**૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.**

**૨.** માનનીય સભાપતિશ્રીએ વિશ્વ મહિલા દિન નિમિત્તે સભાગૃહમાં ઉપસ્થિત મહિલા સભ્યોને તેમજ સમગ્ર રાજય, દેશ અને દુનિયાની બહેનોને શુભેચ્છાઓ પાઠવી.

ત્યારબાદ માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી, વિરોધપક્ષના નેતાશ્રી શંકરસિંહ વાઘેલા, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ, સભ્યો સર્વશ્રી પ્રો. વસુબેન ત્રિવેદી, ડૉ. તેજશ્રીબેન પટેલ અને સંસદીય સચિવ શ્રીમતી વિભાવરીબેન દવેએ પણ વિશ્વ મહિલા દિન નિમિતે શુભેચ્છાઓ પાઠવી.

**૩.   તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)**

સભ્યશ્રી પુંજાભાઇ વંશે ''તાજેતરમાં જખૌ પાસેના દરિયાઇ વિસ્તારમાંથી પાકિસ્તાન મરીન સિક્યોરિટી દ્વારા સૌરાષ્ટ્રના ૨૪ માછીમારોનું અપહરણ કરાતાં માછીમારોમાં વ્યાપેલ આક્રોશ અને ભય દૂર કરવા અંગે"ની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી બાબુભાઇ બોખિરીયાએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને તેમાંથી ઉપસ્થિત કરવામાં આવેલા પ્રશ્નોના જવાબો આપ્યા.

**૪.   વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત**

બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રી રાજેન્દ્રસિંહ ચાવડાએ સમિતિનો ઓગણીસમો અહેવાલ રજૂ કર્યો.

**૫.   સમિતિના પ્રમુખશ્રીનો પ્રસ્તાવ**

બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રી રાજેન્દ્રસિંહ ચાવડાએ પ્રસ્તાવ રજૂ કર્યો કે,

''આ સભાગૃહ, બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના ઓગણીસમા અહેવાલ સાથે સંમત થાય.''

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**૬.   અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)**

તા. ૭મી માર્ચ, ૨૦૧૭ના રોજ અંદાજપત્ર પરની અધૂરી રહેલી ચર્ચા આગળ ચાલી અને વધુ ૧૫ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો અને ચર્ચાનો જવાબ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે આપ્યો.

ત્યારબાદ માનનીય સભાપતિશ્રીએ આજના વિશ્વ મહિલા દિન નિમિતે સભાગૃહની કાર્યવાહી શિસ્તબધ્ધ રીતે ચલાવવામાં સહકાર આપવા બદલ સભ્યશ્રીઓનો આભાર માન્યો.

**ગુરુવાર તા. ૯મી માર્ચ, ૨૦૧૭**

**૧.   પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.**

**૨.   સભાગૃહ મુલતવી રાખવા અંગે**

તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૫ ના પ્રભારી સભ્ય શ્રીમતી કામિનીબા રાઠોડે પ્રશ્ન પૂછતી વખતે મૂળ પ્રશ્નને ઇ રીલેવન્ટ પ્રશ્ન પૂછતા શાસકપક્ષના સભ્યશ્રીઓ પોતાનો વિરોધ નોંધાવી બેઠક પરથી ઉભા થઇ જતા વિરોધપક્ષના સભ્યશ્રીઓ પણ તેમની બેઠક પરથી ઉભા થઇ સૂત્રોચ્ચાર કરવા લાગ્યા.

માનનીય અધ્યક્ષશ્રીએ સભ્યશ્રીઓને પોતાનું સ્થાન લેવાની વિનંતી કરવા છતાં સતત અવરોધ ચાલુ રહેતા તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૬ કોલ આઉટ કર્યો, પ્રશ્નના પ્રભારી સભ્યશ્રી પુંજાભાઇ વંશે પ્રશ્ન મૂવ ન કરતા માનનીય અધ્યક્ષશ્રીએ આગળનો પ્રશ્ન ક્રમાંક-૭ કોલ આઉટ કર્યો જેના પ્રભારી સભ્યશ્રી સભાગૃહમાં ઉપસ્થિત ન હોવાથી પ્રશ્ન ક્રમાંક-૮ કોલ આઉટ કરવામાં આવ્યો.

પ્રશ્ન ક્રમાંક-૮ નો જવાબ માનનીય રાજયકક્ષાના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી શંકરભાઇ ચૌધરી આપી રહ્યા હતા તે દરમ્યાન વિરોધપક્ષના સભ્યો શ્રીમતી કામિનીબા રાઠોડ અને શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા સૂત્રોચ્ચાર કરતા કરતા વેલમાં ધસી આવતા માનનીય અધ્યક્ષશ્રીએ બન્ને સભ્યોને સભાગૃહની બહાર લઇ જવાની સૂચના આપતા, સલામતી સ્ટાફ દ્વારા સભ્ય શ્રીમતી કામિનીબા રાઠોડ અને શ્રીમતી ચંદ્રિકાબેન બારીયાને સભાગૃહની બહાર લઇ જવામાં આવ્યા. સતત સૂત્રોચ્ચાર ચાલુ રહેતા અને સભાગૃહની કાર્યવાહી આગળ ચલાવવી અશકય બનતા બપોરના ૧૨:૩૦ કલાકે માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહ ૩૦ મિનિટ માટે મુલતવી રાખ્યું.

**સભાગૃહની મુલતવી રહેલ બેઠક બપોરના ૧–૦૦ વાગ્યે ફરી મળી.**

### ૩. શોકદર્શક ઉલ્લેખ

માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ. શ્રી કનુભાઇ જીવરામભાઇ વસાવાના અવસાન અંગેનો શોકદર્શક ઉલ્લેખ કર્યો અને સ્વર્ગસ્થને અંજલિ આપી.

ત્યારબાદ માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શંકરસિંહ વાઘેલા, શ્રી ધીરુભાઇ ભીલ અને શ્રી મોહનસિંહ રાઠવાએ સ્વર્ગસ્થોને અંજલિ આપી.માનનીય અધ્યક્ષશ્રીએ આ શોકદર્શક ઉલ્લેખમાં તેમનો સૂર પૂરાવી સ્વર્ગસ્થને અંજલિ આપી. ત્યારબાદ સભ્યશ્રીઓએ ઉભા થઇને બે મિનિટ મૌન પાળ્યું અને ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ સ્વર્ગસ્થના કુટુંબીજનોને ગૃહની આ લાગણી પહોંચાડવામાં આવશે તેવી જાહેરાત કરી.

### ૪. માનનીય અધ્યક્ષશ્રીની પૂર્વ મંજૂરીથી ઉપસ્થિત કરવામાં આવેલ મુદ્દા અંગે

વિરોધપક્ષના નેતાશ્રી શંકરસિંહ વાઘેલાએ મુદ્દો ઉપસ્થિત કરતા જણાવ્યું કે, અમારા બે સભ્યોને સલામતી સ્ટાફ દ્વારા આપના હુકમ સિવાય બહાર લઇ જવામાં આવ્યા હોય તો એ સારુ નથી. સભ્યશ્રીઓના અધિકારનું રક્ષણ કરવાની માનનીય અધ્યક્ષશ્રીની જવાબદારી છે એમ જણાવ્યું.

આ ઉપરાંત સભ્યશ્રી ઘારશીભાઇ ખાનપુરાને પણ રવિ પુજારીના નામથી ફોન પર ધમકી મળી છે તેવી રજુઆત કરતા જણાવ્યું કે આ ધમકી આપનાર વ્યક્તિ રવિ પૂજારીની દસેક મિનિટ સુધી ટી.વી. ઉપર લાઇવ મુલાકાત પણ આવી ચૂકી છે અને એમાં પણ એમણે આ ધમકીનો પુનરોચ્ચાર કરતા ચેલેન્જ આપી છે. જેના લીધે બહુ મોટો ભય ઉભો થયો છે, હોળીની રજાઓ હોવાથી સભ્યશ્રીઓ પોતાના વતનમાં જવાના હોઇ તેમને સલામતીનો મોટો પ્રશ્ન સતાવી રહ્યો છે. તેથી આ બાબતમાં કેન્દ્રની એજન્સીની સહાય લઇને પણ સરકારે ગંભીર પગલાં લેવા જોઇએ.

રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું કે, આ બાબતને સરકારે અતિ ગંભીરતાથી લીધી છે અને રાજય સરકારની એ.ટી.એસ., ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ શહેરની સીટી ક્રાઇમ બ્રાન્ચ આ ત્રણે એજન્સીઓએ સંયુકત તપાસ આરંભી છે. કેન્દ્ર સરકારની એજન્સી સાથે સંપર્કમાં રહીને તપાસ ચાલુ છે, માનનીય મુખ્યમંત્રીશ્રી સાથે પણ આ અંગે રીવ્યુ કરવામાં આવ્યો છે અને આવશ્યકતા હશે ત્યાં વધારે સુરક્ષાની વ્યવસ્થા પૂરી પાડવામાં આવશે.

સભ્યશ્રી સી. કે. રાઉલજીએ જણાવ્યું કે, આ ધમકી આપનાર ઇસમ જોડે વી ટી.વી. ચેનલના એડીટરે ૯ મિનિટ સુધી વાર્તાલાપ કર્યો છે તેમ છતાં આરોપી ટ્રેસ ન થાય તે ખૂબ ગંભીર બાબત છે. શાસક પક્ષના એક સભ્યશ્રીએ પણ એક ચેનલ ઉપર આક્ષેપ કર્યો છે તે ખૂબ દુ:ખદ છે.

રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ સભ્યોને આશ્વસ્ત કરતા જણાવ્યું કે આ ઘટનાને સરકારે અતિ ગંભીર ગણેલી છે, માત્ર વિરોધપક્ષના જ નહીં પણ અમારા પક્ષના નવસારીના સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેનને પણ ધમકી મળેલી અને અમારા પક્ષના સભ્યશ્રીઓએ આ અંગે મારી પાસે રજૂઆત પણ કરેલી છે. આ એક રાજકીય વૈમનસ્ય ફેલાવવા માટેના ષડયંત્રનો પ્રયત્ન હોય તેવું લાગી રહ્યું છે. હાલમાં તપાસની સંપૂર્ણ વિગતો સભાગૃહમાં રજૂ કરવી યોગ્ય નથી તેથી બધા જ ખુલાસા હું કરતો નથી. પરંતુ રાજયની તમામ તપાસ એજન્સીઓ અને કેન્દ્રની એજન્સીઓની મદદ લઇને પણ આ તપાસને અત્યંત ગંભીરતાથી આગળ વધારી રહ્યા છીએ. ટી.વી. ડિબેટમાં કોઇ સભ્યશ્રીએ કોઇ ઉદ્ગારો કર્યા હોય તો એ અયોગ્ય છે અને તેના માટે હું એમના વતી દિલગીરી વ્યકત કરું છું.

માનનીય વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું કે આટલી ગંભીરતા સરકારે લીધી છે અને ગૃહમંત્રીશ્રીએ તે અંગે ગૃહને આશ્વસ્ત કર્યું છે, સભ્યશ્રીઓ પોતાના ગામમાં જવાના હોય તો તેમને રક્ષણ આપવાની પણ જયારે વાત કરી છે ત્યારે આને રાજકીય ગણવામાં ન આવે એટલું જ હું સભ્યશ્રીઓનું ધ્યાન દોરું છું.

### ૫. અધ્યક્ષશ્રીની જાહેરાત

માનનીય અધ્યક્ષશ્રીએ જાહેરાત કરતા જણાવ્યું કે, વિધાનસભાના નિયમોના નિયમ–૮ અનુસાર સભ્યો માટેની બેઠકોની ફાળવણી અધ્યક્ષશ્રી કરે છે, વર્તમાનપત્રમાં જે ધારાસભ્યશ્રીઓનો ઉલ્લેખ કર્યો છે તે સભ્યશ્રીઓએ એમની બેઠક વ્યવસ્થા બદલવા માટે મારી સમક્ષ રજૂઆત કરેલી હતી તેના અનુસંધાને તેમની બેઠક વ્યવસ્થા બદલવામાં આવી છે. આ અંગે કોઇ પણ મહિલા સભ્યશ્રી તરફથી મૌખિક કે લેખિત કોઇ પણ જાતની ફરિયાદ મને મળેલ નથી તેથી મીડિયામાં પ્રસિદ્ધ થયેલ અહેવાલો ગેરમાર્ગે દોરનારા છે.

વધુમાં, માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે, સભાગૃહમાં અધ્યક્ષશ્રીના આદેશાનુસાર જે શબ્દો કાર્યવાહીમાંથી રદ કરવામાં આવ્યા હોય તે શબ્દો વર્તમાનપત્રોમાં પ્રસિદ્ધ કરી શકાતા નથી તેમ છતાં કેટલાક સમયથી તેનું પાલન થતું નથી, તેથી પત્રકારોએ આ બાબતની કાળજી રાખવી જોઇએ.

### ૬. માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

શરૂઆતમાં માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે સન ૨૦૧૭–૧૮ના વર્ષ માટેના અંદાજપત્રની માગણીઓની વિચારણા કરવા માટે સંવિધાનના અનુચ્છેદ ૨૦૩(૩) અન્વયેની નામદાર રાજ્યપાલશ્રીની સિફારસ વાંચી સંભળાવી.

ત્યારબાદ, મંત્રી પરિષદને લગતી સેવા અંગેની સામાન્ય વહીવટ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૩૦, ચૂંટણીને લગતી સેવા અંગેની સામાન્ય વહીવટ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૩૧, સામાન્ય વહીવટ વિભાગની સેવાને લગતી સામાન્ય વહીવટ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૩૩ સામાન્ય વહીવટ વિભાગનો હવાલો ધરાવતા નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે, માહિતી અને પ્રચારને લગતી સેવા અંગેની માહિતી અને પ્રસારણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૫૪ માહિતી અને પ્રસારણ વિભાગનો હવાલો ધરાવતા રાજ્ય કક્ષાના માનનીય મંત્રીશ્રી નાનુભાઇ વાનાણીએ તેમજ સહકારને લગતી સેવા અંગેની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૫ માનનીય કૃષિ અને સહકાર વિભાગના રાજયકક્ષાના માનનીય મંત્રીશ્રી ઇશ્વરસિંહ પટેલે રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક ૩૦ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮અને ૯, માગણી ક્રમાંક ૩૧ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક ૧૦અને ૧૧, માગણી ક્રમાંક ૩૩ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬ અને ૧૮, માગણી ક્રમાંક ૫૪ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક ૧૯, ૨૦અને ૨૧ તેમજ માગણી ક્રમાંક ૫ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬ અને ૨૭ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ રજૂ થયેલી માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપદરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ અને તેમાં ૭ સભ્યશ્રીઓએ ભાગ લીધો.

કૃષિ અને સહકાર વિભાગને લગતી ચર્ચાનો જવાબ માનનીય રાજયકક્ષાના સહકાર મંત્રીશ્રી ઇશ્વરસિંહ પટેલે આપ્યો.

### ૭. સભાગૃહનો સમય લંબાવવા અંગે

મુખ્ય દંડકશ્રી પંકજભાઇ દેસાઇએ, માગણીઓ પરની ચર્ચા માટે સભ્યશ્રીઓને પૂરતો સમય મળી શકે તે માટે સભાગૃહનો સમય ૩૫ મિનિટ સુધી લંબાવવાની દરખાસ્ત રજૂ કરી જેને વિરોધપક્ષના દંડક શ્રી બલવંતસિંહ રાજપૂતે ટેકો આપતા તદનુસાર માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહનો સમય લંબાવ્યો.

## ૮ સભ્યશ્રીઓનું સસ્પેન્શન રદ કરવા અંગે

માનનીય રાજયકક્ષાના વૈદ્યાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ વિરોધપક્ષના દંડકશ્રી બલવંતસિંહ રાજપૂતના સમર્થનથી, તા. ૨૩–૨–૨૦૧૭ના રોજ સભાગૃહમાંથી સસ્પેન્ડ થયેલા વિરોધપક્ષના સભ્યો સર્વશ્રી પરેશભાઇ ધાનાણી અને બળદેવજી ઠાકોરનું સસ્પેન્શન રદ કરવા બાબતનો પ્રસ્તાવ રજૂ કર્યો.

આ પ્રસ્તાવના સમર્થનમાં માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ અને સભ્યશ્રી શક્તિસિંહ ગોહિલે પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ પ્રસ્તાવને આવકાર આપીને સભ્યોના સસ્પેન્શન રદ કરવા અંગેનો પ્રસ્તાવ મત ઉપર મૂકયો અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

## ૯. માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) (ક્રમશઃ)

ત્યારબાદ માહિતી અને પ્રસારણ વિભાગને લગતી ચર્ચાનો જવાબ માહિતી અને પ્રસારણ વિભાગનો હવાલો ધરાવતા રાજયકક્ષાના માનનીય મંત્રીશ્રી નાનુભાઇ વાનાણીએ આપ્યો.

ત્યારબાદ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ સામાન્ય વહીવટ વિભાગને લગતી ચર્ચાનો જવાબ આપ્યો.

પ્રથમ ઉપર્યુકત માગણીઓ પર રજૂ થયેલી કાપ દરખાસ્તો ક્રમાંક ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬ અને ૨૭ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક ૩૦, ૩૧, ૩૩, ૫૪ અને ૫ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

## ૧૦. બિન–સરકારી વિધેયકો

પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેના બિન–સરકારી વિધેયકો

(૧) સભ્યશ્રી મણીભાઇ વાઘેલાએ, ''સન ૨૦૧૬નું વિધેયક ક્રમાંક–૨૦–સન ૨૦૧૬નું ગુજરાત જાહેર સેવા કમિશન વિધેયક''ના પ્રથમ વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ ૪ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો અને ચર્ચાનો જવાબ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા વાચન માટેનો પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો, તેનો અસ્વીકાર કરવામાં આવ્યો અને અને વિધેયક નામંજૂર કરવામાં આવ્યું.

(૨) સભ્યશ્રી પિયુષભાઇ દેસાઇએ ''સન ૨૦૧૬નું વિધેયક ક્રમાંક–૧૩–સન ૨૦૧૬નું ગુજરાત સાગર ખેડૂનો વિકાસ વિધેયક''ના પ્રથમ વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ ૪ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો અને ચર્ચાનો જવાબ માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી બાબુભાઇ બોખિરીયાએ આપ્યો.

ત્યારબાદ સભાગૃહની અનુમતિથી વિધેયક પાછું ખેંચી લેવામાં આવ્યું.

(૩) સભ્ય શ્રી શૈલેષભાઇ પરમારે ''સન ૨૦૧૬નું વિધેયક ક્રમાંક–૨૨–સન ૨૦૧૬નું ગુજરાત આર્થિક રીતે પછાત વર્ગો માટે (રાજયમાંની શૈક્ષણિક સંસ્થાઓમાં બેઠકો અને રાજય હેઠળની સેવાઓમાં નિમણૂકો અને જગાઓ અનામત રાખવા) બાબત વિધેયક''ના પ્રથમ વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ ૩ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો અને ચર્ચાનો જવાબ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા વાચન માટેનો પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો, તેનો અસ્વીકાર કરવામાં આવ્યો અને અને વિધેયક નામંજૂર કરવામાં આવ્યું.

**૧૧. અધ્યક્ષશ્રીની જાહેરાત**

બિન સરકારી વિધેયક ક્રમાંક–૨ની ચર્ચા બાદ માનનીય અધ્યક્ષશ્રીએ, માનનીય રાજયકક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી રોહિતભાઇ પટેલે પ્રશ્નોત્તરી દરમિયાન રૂ. ૫૦૦ અને રૂ. ૨૦૦૦ની નોટના સંદર્ભમાં કરેલા ઉલ્લેખો સભાગૃહની કાર્યવાહીમાંથી રદ કરવા અંગેની જાહેરાત કરી.

**શુક્રવાર તા. ૧૦મી માર્ચ, ૨૦૧૭**

**૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.**

**૨. તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)**

સભ્યશ્રી પુંજાભાઇ વંશે ‘‘તાજેતરમાં વડોદરાની સુમનદીપ વિદ્યાપીઠ યુનિવર્સિટીના સંચાલકો દ્વારા વિદ્યાર્થીઓને મેડીકલની પરીક્ષા પાસ કરાવવા માટે લાખો રૂપિયા લેવામાં આવે છે આ સંજોગોમાં વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ફેલાયેલા ભય અને રોષની લાગણી દૂર કરવા રાજય સરકારે લીધેલાં કે લેવા ધારેલા પગલાં’’ અંગેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

માનનીય રાજયકક્ષાના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી શંકરભાઇ ચૌધરીએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને તેમાંથી ઉપસ્થિત કરવામાં આવેલા પ્રશ્નોના જવાબો આપ્યા.

**૩. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

(૧) ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડનો સન ૨૦૧૫–૧૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૨) ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૫–૧૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૩) ગુજરાત વૃદ્ધિ કેન્દ્ર વિકાસ નિગમ લિમિટેડના સન ૨૦૧૧–૧૨, ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪ના વાર્ષિક અહેવાલો, હિસાબો, ઓડિટ અહેવાલો, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલોને સભાગૃહના મેજ પર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતાં નિવેદનો

(૪) ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમનો સન ૨૦૧૪–૧૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ પર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

(૫) ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો સન ૨૦૧૪–૧૫નો ઓડિટ અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ પર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

(૬) ગુજરાત રાજય માર્ગ વાહનવ્યવહાર નિગમના સન ૨૦૧૨–૧૩ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ પર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

(૭) ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનો સન ૨૦૧૪–૧૫નો વાર્ષિક અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ પર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

(૮) નાણા વિભાગના સન ૨૦૦૩ના ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ અન્વયેની,

(૧) તા.૧૫–૧૦–૨૦૧૬ની અધિસૂચના ક્રમાંક : (જીએચએન–૫૯) વીએઆર–૨૦૧૬ (૪૦) /ઠ

(૨) તા. ૧૯–૧૨–૨૦૧૬ની અધિસૂચના ક્રમાંક : (જીએચએન–૭૨)વીએટી–૨૦૧૬–એસ. ૫(૨) (૫૨)–ઠ

(૩) તા. ૧૩–૦૧–૨૦૧૭ની અધિસૂચના ક્રમાંક : (જીએચએન–૦૧)વીએટી–૨૦૧૭–એસ.૫(૨)(૫૩)–ઠ

(૯) શ્રમ અને રોજગાર વિભાગના સન ૧૯૪૮ના ગુજરાત દુકાન અને સંસ્થા અધિનિયમ અન્વયેની,

(૧) તા. ૨૬–૧૦–૨૦૧૫ની અધિસૂચના ક્રમાંક : જીએચઆર–૨૦૧૫–૧૮૧–જીએસઇ –૧૯–૨૦૧૪–૩૮૬૬૪૯–એમ(૩)

(૨) તા. ૨૬–૧૦–૨૦૧૫ની અધિસૂચના ક્રમાંક : જીએચઆર–૨૦૧૫–૧૮૨–જીએસઇ –૧૯–૨૦૧૪–૩૮૬૬૪૯–એમ(૩)

(૩) તા. ૨૮–૧૦–૨૦૧૬ની અધિસૂચના ક્રમાંક : જીએચઆર–૨૦૧૬–૧૮૮–જીએસઇ –૧૯–૨૦૧૫–૬૭૧૦૧–એમ(૩)

તથા ઉકત ક્રમાંક (૧) અને (૨) પરની અધિસૂચનાઓને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતાં નિવેદનો

(૧૦) માહિતી અને પ્રસારણ વિભાગના સન ૧૯૭૭ના ગુજરાત (હોટેલ અને નિવાસગૃહ) સુખસુવિધા કર અધિનિયમ અન્વયેની તા. ૦૯–૦૬–૨૦૧૬ની અધિસૂચના ક્રમાંક : જીએચટી/૨૦૧૬/૧૫/ એસએસએ–૧૦૨૦૧૬/૪૭/એ તથા આ અધિસૂચનાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**૪. વિધાનસભાની સમિતિઓના અહેવાલોની રજૂઆત**

(૧) જાહેર હિસાબ સમિતિના પાંચમા અહેવાલની રજૂઆત

જાહેર હિસાબ સમિતિના પ્રમુખશ્રી શક્તિસિંહ ગોહિલે સમિતિનો પાંચમો અહેવાલ રજૂ કર્યો

(૨) સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના છઠ્ઠા અને સાતમા અહેવાલની રજૂઆત

સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના પ્રમુખશ્રી અરવિંદભાઇ પટેલે સમિતિનો છઠ્ઠો અને સાતમો અહેવાલ રજૂ કર્યો.

**૫. સમિતિના પ્રમુખશ્રીનો પ્રસ્તાવ**

સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના પ્રમુખશ્રી અરવિંદભાઇ પટેલે પ્રસ્તાવ રજૂ કર્યો કે ''આ સભાગૃહ, સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના છઠ્ઠા અને સાતમા અહેવાલ સાથે સંમત થાય.''

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

**૬. માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ)**

નર્મદા વિકાસ યોજનાને લગતી સેવા અંગેની નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૬૫ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે, ઉદ્યોગોને લગતી સેવા અંગેની ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૪૯ તથા ખાણ અને ખનિજને લગતી સેવા અંગેની ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૫૦ ઉદ્યોગ અને ખાણ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક ૬૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૨૨, ૨૩, ૨૪, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫અને ૩૬, માગણી ક્રમાંક ૪૯ ઉપરની કાપદરખાસ્ત ક્રમાંક ૧, ૨, ૩, ૪, ૫, ૬ અને ૭ તેમજ માગણી ક્રમાંક ૫૦ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૯, ૧૦, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૭, ૨૦ અને ૨૧ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ રજૂ થયેલી માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ અને તેમાં ૧૦ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

ત્યારબાદ ઉદ્યોગ અને ખાણ વિભાગને લગતી ચર્ચાનો જવાબ ઉદ્યોગ અને ખાણ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આપ્યો અને નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગને લગતી ચર્ચાનો જવાબ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે આપ્યો.

ત્યારબાદ નર્મદા વિકાસ યોજનાની માગણી ક્રમાંક ૬૫ પર રજૂ થયેલી કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૨, ૨૩, ૨૪, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫ અને ૩૬ સભાગૃહની અનુમતિથી પાછી ખેંચી લેવામાં આવી.

ત્યારબાદ માગણી ક્રમાંક–૬૫ મત ઉપર મૂકવામાં આવી અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ કાપ દરખાસ્તો ક્રમાંક ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૯, ૧૦, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૭, ૨૦ અને ૨૧ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક ૪૯ અને ૫૦ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**૭. સભાગૃહનો સમય લંબાવવા અંગે**

સભાગૃહનો સમય પૂરો થવા આવતા માનનીય મુખ્ય દંડકશ્રી પંકજભાઇ દેસાઇએ, માગણીઓ ઉપરની ચર્ચા અને મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવા અંગેની દરખાસ્ત રજૂ કરી, જેનો સભાગૃહે સ્વીકાર કરતા તદ્અનુસાર માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહનો સમય લંબાવેલ હતો.

**મંગળવાર તા. ૧૪મી માર્ચ, ૨૦૧૭**

**૧.** પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

**૨. માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)**

કૃષિને લગતી સેવા અંગેની કૃષિ અને સહકાર વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૨, નાની સિંચાઇ, ભૂમિ સંરક્ષણ અને વિસ્તાર વિકાસને લગતી સેવા અંગેની કૃષિ અને સહકાર વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૩ માનનીય કૃષિ મંત્રીશ્રી ચીમનભાઇ સાપરીયાએ, પશુપાલન અને ડેરી વિકાસને લગતી સેવા અંગેની કૃષિ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૪ તેમજ મત્સ્યોદ્યોગને લગતી સેવા અંગેની કૃષિ અને સહકાર વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૬ માનનીય પશુપાલન અને મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી બાબુભાઇ બોખીરીયાએ કર વસુલાત ખર્ચ (ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ)ને લગતી સેવા અંગેની ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૧૨, વીજળી શકિત પરિયોજનાઓને લગતી સેવા અંગેની ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની માગણી ક્રમાંક ૧૩ ઊર્જા મંત્રીશ્રી ચીમનભાઇ સાપરીયાએ

તેમજ પાણી પુરવઠાને લગતી સેવા અંગેની નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૬૭ માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી બાબુભાઇ બોખિરીયાએ રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક-૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧, ૨, ૩, ૫, ૬, ૮, ૧૦, ૧૧ અને ૧૩, માગણી ક્રમાંક-૪ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧૬, માગણી ક્રમાંક-૧૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫ અને ૨૬, માગણી ક્રમાંક-૧૩ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૨૮, ૩૪ અને ૩૫ તેમજ માગણી ક્રમાંક-૬૭ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૦, ૪૧, ૪૨, ૪૩ અને ૪૫ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ રજૂ થયેલી માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપદરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ અને ૧૭ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

ત્યારબાદ કૃષિ, નાની સિંચાઇ અને ઊર્જા વિભાગને લગતી ચર્ચાનો જવાબ માનનીય કૃષિ અને ઊર્જા મંત્રીશ્રી ચીમનભાઇ સાપરીયાએ આપ્યો અને પશુપાલન, મત્સ્યોદ્યોગ અને પાણી પુરવઠા વિભાગને લગતી ચર્ચાનો જવાબ માનનીય પશુપાલન, મત્સ્યોદ્યોગ અને પાણી પુરવઠા મંત્રીશ્રી બાબુભાઇ બોખિરિયાએ આપ્યો.

પ્રથમ ઉપર્યુકત માગણીઓ પર રજૂ થયેલી કાપ દરખાસ્તો ક્રમાંક ૧, ૨, ૩, ૫, ૬, ૮, ૧૦, ૧૧, ૧૩, ૧૬, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૮, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૦, ૪૧, ૪૨, ૪૩ અને ૪૫ મત પર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક ૨, ૩, ૪, ૬, ૧૨, ૧૩ અને ૬૭ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

## બુધવાર તા. ૧૫મી માર્ચ, ૨૦૧૭

## પહેલી બેઠક

### ૧. માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ)

નાગરિક પુરવઠાને લગતી સેવા અંગેની અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૨૨, અન્નની સેવાને લગતી અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૨૩ અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી જયેશભાઇ રાદડીયાએ, કલાઇમેટ ચેન્જ વિભાગને લગતી સેવા અંગેની કલાઇમેટ ચેન્જ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૧૦૭, બંદરો અને વાહન વ્યવહાર વિભાગને લગતું અન્ય ખર્ચની સેવાને લગતી બંદરો અને વાહન વ્યવહાર વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૭૫, તબીબી અને જાહેર આરોગ્યને લગતી સેવા અંગેની આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૩૯, પરિવાર કલ્યાણને લગતી સેવા અંગેની આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૪૦ તેમજ પર્યાવરણને લગતી સેવા અંગેની વન અને પર્યાવરણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૨૭ માનનીય મંત્રીશ્રી શંકરભાઇ ચૌધરીએ રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક-૨૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૨, ૩, ૫, ૬ અને ૯ માગણી ક્રમાંક-૨૩ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧૦, ૧૧ અને ૧૩, માગણી ક્રમાંક-૧૦૭ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧૫, ૧૬, ૧૭, ૧૮ અને ૧૯, માગણી ક્રમાંક-૭૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૨૩, ૨૪, ૨૬ અને ૨૭, માગણી ક્રમાંક-૩૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૨૮, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૬, ૩૮, ૪૦, ૪૧, ૪૨ અને ૪૩, માગણી ક્રમાંક-૪૦ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૪૬ અને ૪૭ તેમજ માગણી ક્રમાંક ૨૭ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૪૮, ૪૯, ૫૧, ૫૨ અને ૫૩ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ રજૂ થયેલી માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપદરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ અને ૨૩ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

ત્યારબાદ કલાઇમેટ ચેન્જ, બંદરો, આરોગ્ય અને પરિવાર કલ્યાણ તેમજ વન અને પર્યાવરણ વિભાગને લગતી માગણીઓ પરની ચર્ચાનો જવાબ માનનીય રાજયકક્ષાના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી શંકરભાઇ ચૌધરીએ આપ્યો અને અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગને લગતી માગણીઓ પરની ચર્ચાનો જવાબ માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી જયેશભાઇ રાદડીયાએ આપ્યો.

પ્રથમ ઉપર્યુકત માગણીઓ પર રજૂ થયેલી કાપ દરખાસ્તો ક્રમાંક ૨, ૩, ૫, ૬, ૯, ૧૦, ૧૧, ૧૩, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૩, ૨૪, ૨૬, ૨૭, ૨૮, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૬, ૩૮, ૪૦, ૪૧, ૪૨, ૪૩, ૪૬, ૪૭, ૪૮, ૪૯, ૫૧, ૫૨ અને ૫૩ મત પર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક ૨૨, ૨૩, ૧૦૭, ૭૫, ૩૯, ૪૦ અને ૨૭ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**બીજી બેઠક**

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. **તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)**

સભ્યશ્રી પુંજાભાઇ વંશે ''બોટાદ જિલ્લાના રાણપુર પોલીસ સ્ટેશનમાં પોલીસ સબ ઇન્સ્પેકટર દ્વારા ભારતીય સૈનિકની મોટર સાઇકલની નંબર પ્લેટ બાબતે રકઝક થતાં ફરિયાદ નોંધીને માર મારતાં સૈનિકને ગંભીર ઇજા પહોંચાડવા'' અંગેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)નું ધ્યાન દોર્યું.

માનનીય રાજયકક્ષાના ગૃહમંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને તેમાંથી ઉપસ્થિત કરવામાં આવેલ પ્રશ્નોના જવાબ આપ્યા.

૩. **વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત**

બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રી રાજેન્દ્રસિંહ ચાવડાએ સમિતિનો વીસમો અહેવાલ રજૂ કર્યો.

૪. **સમિતિના પ્રમુખશ્રીનો પ્રસ્તાવ**

બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રી રાજેન્દ્રસિંહ ચાવડાએ પ્રસ્તાવ રજૂ કર્યો કે,''આ સભાગૃહ, બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના વીસમા અહેવાલ સાથે સંમત થાય.''

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૫. **માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ)**

શહેરી આવાસનને લગતી સેવા અંગેની શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૧૦૧, શહેરી વિકાસને લગતી સેવા અંગેની શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૧૦૨, રહેણાંકના મકાનોને લગતી સેવા અંગેની માર્ગ અને મકાન વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૮૫, માર્ગ અને પુલને લગતી સેવા અંગેની માર્ગ અને મકાન વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૮૬ તેમજ ગુજરાતના પાટનગર બાંધકામની યોજનાને લગતી સેવા અંગેની માર્ગ અને મકાન વિભાગની માગણી ક્રમાંક–૮૭ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક–૧૦૧ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧, ૨, ૩, ૪ અને ૫, માગણી ક્રમાંક–૧૦૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭ અને ૧૮, માગણી ક્રમાંક–૮૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧૯ અને ૨૦, માગણી ક્રમાંક–૮૬ ઉપરની કાપ

દરખાસ્ત ક્રમાંક ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૩૧ અને ૩૨ તેમજ માગણી ક્રમાંક–૮૭ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૩૩ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ રજૂ થયેલી માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપદરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ અને ૧૭ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

ચર્ચાનો જવાબ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે આપ્યો.

પ્રથમ ઉપર્યુકત માગણીઓ પર રજૂ થયેલી કાપ દરખાસ્તો ક્રમાંક ૧, ૨, ૩, ૪, ૫, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૩૧, ૩૨ અને ૩૩ મત પર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક ૧૦૧, ૧૦૨, ૮૫, ૮૬ અને ૮૭ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**૬. સભાગૃહનો સમય લંબાવવા બાબત**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીનો જવાબ ચાલુ હતો તે દરમ્યાન સભાગૃહનો સમય પૂરો થવા આવતા, મુખ્ય દંડકશ્રી પંકજભાઇ દેસાઇએ માગણીઓ પરની ચર્ચા અને મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવા અંગેની દરખાસ્ત રજૂ કરી જેનો સ્વીકાર કરવામાં આવતા તદ્નુસાર માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહનો સમય લંબાવેલ હતો.

## ગુરુવાર તા. ૧૬મી માર્ચ, ૨૦૧૭

**૧.** પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

**૨. વિધાનસભાની સમિતિના અહેવાલોની રજૂઆત**

(૧) જાહેર હિસાબ સમિતિના પ્રમુખશ્રી શકિતસિંહ ગોહિલે સમિતિનો છઠ્ઠો અહેવાલ રજૂ કર્યો.

(૨) પંચાયતી રાજ સમિતિના પ્રમુખશ્રી નારાયણભાઇ પટેલે સમિતિનો ચોથો અહેવાલ રજૂ કર્યો.

(૩) અંદાજ સમિતિના પ્રમુખ ડૉ. નીમાબેન આચાર્યએ સમિતિનો અગિયારમો અહેવાલ રજૂ કર્યો.

**૩. માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ)**

ગૃહ વિભાગને લગતી સેવા અંગેની ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૪૨, પોલીસને લગતી સેવા અંગેની ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૪૩, જેલને લગતી સેવા અંગેની ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૪૪, રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ, શ્રમ અને રોજગારને લગતી સેવા અંગેની શ્રમ અને રોજગાર વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૫૭ શ્રમ અને રોજગાર મંત્રીશ્રી દિલીપભાઇ ઠાકોરે તેમજ ન્યાયતંત્રના વહીવટને લગતી સેવા અંગેની કાયદા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૬૦ માનનીય રાજયકક્ષાના કાયદા મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક–૪૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪ અને ૧૫, માગણી ક્રમાંક–૪૩ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૨, ૨૩, ૨૪, ૨૬, ૨૭, ૨૮ અને ૨૯, માગણી ક્રમાંક–૪૪ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૩૦, ૩૧, ૩૨, ૩૩ અને ૩૪, માગણી ક્રમાંક–૫૭ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૩૬, ૩૭, ૩૮, ૪૧, ૪૨, ૪૩ અને ૪૪ તેમજ માગણી ક્રમાંક–૬૦ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૪૬, ૪૭, ૪૮, ૪૯, ૫૦ અને ૫૧ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ ગૃહ અને કાયદા વિભાગની માગણીઓ પરની ચર્ચાનો જવાબ માનનીય ગૃહ અને કાયદા વિભાગના રાજયકક્ષાના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ આપ્યો અને ત્યારબાદ શ્રમ અને રોજગાર વિભાગની માગણીઓ પરની ચર્ચાનો જવાબ શ્રમ અને રોજગાર મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોરે આપ્યો.

પ્રથમ ઉપર્યુકત માગણીઓ પર રજૂ થયેલી કાપ દરખાસ્તો ક્રમાંક ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૨, ૨૩, ૨૪, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૬, ૩૭, ૩૮, ૪૧, ૪૨, ૪૩, ૪૪, ૪૬, ૪૭, ૪૮, ૪૯, ૫૦ અનેપ૧ મત પર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક ૪૨, ૪૩, ૪૪, ૫૭ અને ૬૦ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**૪. સભાગૃહનો સમય લંબાવવા અંગે**

માનનીય અધ્યક્ષશ્રીએ જાહેરાત કરતા જણાવ્યું કે, આજે ગૃહ વિભાગની માગણીઓ પર ચર્ચા માટે સભ્યશ્રીઓને વધુ સમય મળી શકે તે માટે સભાગૃહનો સમય ૨૦ મિનિટ સુધી લંબાવવામાં આવે છે. તેથી આજે રીસેસનો સમય બપોરના ૨–૫૦ થી ૩–૩૦ સુધીનો રહેશે.

**૫. બિન–સરકારી સંકલ્પો**

(૧) સભ્યશ્રી મહેશકુમાર પટેલે, ''રાજયમાં બટાટા, મગફળી, કપાસ તથા અન્ય ખેત ઉત્પાદનના–પાકોના પોષણક્ષમ ભાવો મળે તે માટે જરૂરી કાર્યવાહી કરવા અંગેનો'' સંકલ્પ રજૂ કર્યો અને તેના સમર્થનમાં મંતવ્ય વ્યકત કર્યું અને તેમાં ૬ સભ્યશ્રીઓએ ભાગ લીધો.

ચર્ચાનો જવાબ માનનીય કૃષિ મંત્રીશ્રી ચીમનભાઇ સાપરીયાએ આપ્યો.

ત્યારબાદ સંકલ્પ મત પર મૂકવામાં આવ્યો અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

(૨) સભ્યશ્રી લાલજીભાઇ કોળી પટેલે ''લોકાભિમુખ વહીવટ આપવા માટે શરૂ કરાયેલ સેવાસેતુ કાર્યક્રમને વધુ અસરકારક બનાવવા માટે સરકારને અનુરોધ કરવા અંગેનો'' સંકલ્પ રજૂ કર્યો અને તેના સમર્થનમાં મંતવ્ય વ્યકત કર્યું અને તેમાં ૬ સભ્યશ્રીઓએ ભાગ લીધો.

ચર્ચાનો જવાબ માનનીય મહેસૂલ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આપ્યો.

ત્યારબાદ સંકલ્પ મત પર મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**શુક્રવાર તા. ૧૭મી માર્ચ, ૨૦૧૭**

**૧.** પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા

**૨. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

(૧) ગુજરાત રાજય મૂડીરોકાણ લિમિટેડનો સન ૨૦૧૫–૧૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૨) ગુજરાત સ્ટેટ ફાઇનાન્સિયલ સર્વિસિસ લિમિટેડનો સન ૨૦૧૫–૧૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૩) ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૪–૧૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ,ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની

સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ પર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

(૪) ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૪–૧૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ પર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

(૫) ગુજરાત રૂરલ ઇન્ડસ્ટ્રીઝ માર્કેટીંગ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૫–૧૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજનિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૬) ગુજરાત ખનીજ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૫–૧૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૭) ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશનનો સન ૨૦૧૩–૧૪નો વાર્ષિક અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ પર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

(૮) ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમના સન ૨૦૦૯–૧૦, સન ૨૦૧૦–૧૧ અને સન ૨૦૧૧–૧૨ના વાર્ષિક વહીવટી અહેવાલો તથા આ અહેવાલોને સભાગૃહના મેજ પર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતાં નિવેદનો

(૯) સન ૧૯૯૩ના ગુજરાત પંચાયત અધિનિયમ અન્વયેની પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની,

(૧) તા.૧૭/૦૧/૨૦૧૭ની અધિસૂચના ક્રમાંક : કેપી/ ૨૦૧૭નો૧/ પીઆરસીએચ/ ૧૦૨૦૧૦/જીઓઆઇ /૪૩/ જી

(૨) તા. ૦૮/૦૨/૨૦૧૭ની અધિસૂચના ક્રમાંક :કેપી/૨૦૧૭નો૬/પીઆરસીએચ/ ૧૦૨૦૧૦/જીઓઆઇ/ ૪૩/જી

**૩. માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)**

સિંચાઇ અને ભૂમિ સંરક્ષણને લગતી સેવા અંગેની નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૬૬ રાજયકક્ષાના જળસંપત્તિ મંત્રીશ્રી નાનુભાઇ વાનાણીએ તેમજ યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને લગતી સેવા અંગેની રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓના વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૯૮ માનનીય રાજયકક્ષાના રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી રાજેન્દ્ર ત્રિવેદીએ રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક–૬૬ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭ અને ૮ તેમજ માગણી ક્રમાંક–૯૮ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪ અને ૧૫ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ રજૂ થયેલી માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપદરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ અને ૧૪ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો .

પ્રથમ રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ પરની માગણીઓ પરની ચર્ચાનો જવાબ માનનીય રાજયકક્ષાના રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી રાજેન્દ્ર ત્રિવેદીએ આપ્યો અને ત્યારબાદ સિંચાઇ

અને ભૂમિ સંરક્ષણની માગણી પરની ચર્ચાનો જવાબ માનનીય રાજયકક્ષાના જળસંપત્તિ મંત્રીશ્રી નાનુભાઇ વાનાણીએ આપ્યો.

પ્રથમ ઉપર્યુકત માગણીઓ પર રજૂ થયેલી કાપ દરખાસ્તો ક્રમાંક ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪ અને ૧૫ મત પર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક ૬૬ અને ૯૮ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**૪. પોઇન્ટ ઓફ ઓર્ડર**

માંગણીઓ પરની ચર્ચામાં પ્રહલાદભાઇ પટેલના વક્તવ્ય બાદ સભ્યશ્રી શક્તિસિંહ ગોહિલે, માગણીઓ પરની ચર્ચા શરૂ થાય તે પહેલા સભ્યશ્રીઓને કામગીરી અંદાજપત્રો મળી જવા જોઇએ તેવો પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી તેના સમર્થનમાં પૂર્વ અધ્યક્ષશ્રીના નિર્ણયો તેમજ અંદાજ સમિતિની ભલામણ પ્રત્યે ધ્યાન દોર્યું. વધુમાં જણાવ્યું કે કામગીરી અંદાજપત્ર સમયસર નહીં મળવાથી સભ્યશ્રીઓના અધિકારનો ભંગ થાય છે. માનનીય અધ્યક્ષશ્રીએ સભ્યોના અધિકારનું રક્ષણ કરતો સ્પષ્ટ આદેશ આપવો જોઇએ.

માનનીય વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું કે, સભ્યોનો અધિકાર છીનવવાનો રાજય સરકારનો કોઇ આશય નથી, માનનીય સભ્યશ્રીએ જે મુદ્દો ઉપસ્થિત કર્યો છે તેની સંપૂર્ણ ચકાસણી કરીને ચૂક થઇ હશે તો ભવિષ્યમાં આવી ચૂક ન થાય તે માટે વિભાગને સૂચના આપીશું અને માનનીય અધ્યક્ષશ્રીની જે સૂચના હશે તે પ્રમાણે અમલ કરવાની વિભાગોને સૂચના આપીશું.

માનનીય અધ્યક્ષશ્રીએ પોઇન્ટ ઓફ ઓર્ડરના મુદ્દાનો સ્વીકાર કરતા જણાવ્યું કે શરતચૂક થઇ છે તે હકીકત છે, તેનો માનનીય મંત્રીશ્રીએ પણ ખેલદિલીપૂર્વક સ્વીકાર કર્યો છે. કામગીરી અંદાજપત્ર સભ્યશ્રીઓને સમયસર પહોંચાડી શકાયા નથી તે માટે હું તાકીદ કરું છું અને ભવિષ્યમાં આ બાબતે સરકારના વિભાગો કાળજી રાખશે તેવી સૂચના આપું છું.

**૫. અધ્યક્ષશ્રીની જાહેરાત**

સરકારશ્રીએ ચેટીચાંદની જાહેર રજા તા. ૨૮–૩–૨૦૧૭ના બદલે તા. ૨૯–૩–૨૦૧૭ના રોજ જાહેર કરવાના કારણે શાસકપક્ષ અને વિરોધપક્ષના દંડકશ્રીએ સભાગૃહની બેઠકોના કાર્યક્રમમાં ફેરફાર કરવા માટે કરેલી વિનંતીનો સ્વીકાર કરી માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહની બેઠકોના કાર્યક્રમમાં ફેરફાર કરવા અંગેની જાહેરાત કરી.

**સોમવાર તા. ૨૦મી માર્ચ, ૨૦૧૭**

**૧.** પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

**૨. અધ્યક્ષશ્રીની જાહેરાત**

માનનીય ઉપાધ્યક્ષશ્રીએ, સભ્યશ્રી જીતેન્દ્રભાઇ વાઘાણીના તા. ૨૮–૨–૧૭ના રાજયપાલશ્રીના આભાર પ્રસ્તાવ પરના વકતવ્યને અલગ રીતે ટાંકીને, સભ્યશ્રી શકિતસિંહ ગોહિલે તા. ૯–૩–૨૦૧૭ના રોજ કરેલા ઉચ્ચારણો સભાગૃહને ગેરમાર્ગે દોરનારા હોવાથી તે દૂર કરવા માટે સભ્યશ્રી જીતેન્દ્રભાઇ વાઘાણીએ કરેલ વિનંતી ગ્રાહ્ય રાખી સભ્યશ્રી શક્તિસિંહ ગોહિલે કરેલા ઉચ્ચારણો વિધાનસભાના નિયમોના નિયમ ૩૬ મુજબ સભાગૃહની કાર્યવાહીમાંથી દૂર કર્યા.

તદુપરાંત સભ્યશ્રી શકિતસિંહ ગોહિલે માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલના તા. ૨૮–૨–૧૭ના કેટલાક ઉચ્ચારણો અસંસદીય હોવાથી કાર્યવાહીમાંથી દૂર કરવા વિનંતી કરેલ જે ઉચ્ચારણો તારીખ ૭–૩–૧૭ના આદેશથી અગાઉ દૂર કરી દીધા હોવાની વિધાનસભાના નિયમોના નિયમ ૩૬(૨) હેઠળ જાહેરાત કરી.

વધુમાં માનનીય ઉપાધ્યક્ષશ્રીએ, ભવિષ્યમાં કોઇપણ પ્રકારના વાંધાજનક, આક્ષેપાત્મક કે અસંસદીય ઉચ્ચારણો ન કરવા અને ગૃહની ઉચ્ચ પરંપરા જાળવવા સૌ સભ્યોને વિનંતી કરી.

## ૩. વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત

અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિના પ્રમુખ શ્રીમતી ભાનુબેન બાબરીયાએ સમિતિનો આઠમો, નવમો, દસમો, અગિયારમો, બારમો અને તેરમો અહેવાલ રજૂ કર્યો.

## ૪. માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)

સમૂહ વિકાસને લગતી સેવા અંગેની પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૭૦, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસને લગતી સેવા અંગેની પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૭૧ પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસના રાજ્ય કક્ષા મંત્રીશ્રી જયંતિભાઇ કવાડીયાએ તેમજ વાહનવ્યવહારને લગતી સેવા અંગેની બંદરો અને વાહન વ્યવહાર વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૭૪ માનનીય રાજય કક્ષાના વાહનવ્યવહાર મંત્રીશ્રી વલ્લભભાઇ કાકડીયાએ રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક–૭૦ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧, ૨, ૩, ૬, ૭, ૯ અને ૧૦, માગણી ક્રમાંક–૭૧ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૬, ૧૭, ૧૮, ૨૦, ૨૧, ૨૨, ૨૪ અને ૨૫ તેમજ માગણી ક્રમાંક–૭૪ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૦, ૪૧ અને ૪૨ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ રજૂ થયેલી માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપદરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ અને ૧૩ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

વાહનવ્યવહાર વિભાગની માગણીઓ પરની ચર્ચાનો જવાબ માનનીય રાજયકક્ષાના વાહન વ્યવહાર મંત્રીશ્રી વલ્લભભાઇ કાકડીયાએ આપ્યો અને પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની માગણીઓ પરની ચર્ચાનો જવાબ માનનીય રાજયકક્ષાના પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી જયંતિભાઇ કવાડીયાએ આપ્યો.

પ્રથમ ઉપર્યુકત માગણીઓ પર રજૂ થયેલી કાપ દરખાસ્તો ક્રમાંક ૧, ૨, ૩, ૬, ૭, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૬, ૧૭, ૧૮, ૨૦, ૨૧, ૨૨, ૨૪, ૨૫, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૦, ૪૧ અને ૪૨ મત પર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક ૭૦, ૭૧ અને ૭૪ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

### મંગળવાર તા. ૨૧મી માર્ચ, ૨૦૧૭

## ૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

**૨.** માનનીય વન મંત્રીશ્રી ગણપતસિંહ વસાવાએ ચુનો દ્વારા તા. ૨૧મી માર્ચને વન દિવસ જાહેર કર્યો તે બદલ સભાગૃહના તમામ સભ્યશ્રીઓને વન દિવસની શુભેચ્છાઓ પાઠવી તેમજ સભ્યશ્રી શક્તિસિંહ ગોહિલે પણ વન દિવસ નિમિતે શુભેચ્છાઓ પાઠવી.

## ૩. તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)

સભ્ય શ્રીમતી ચંદ્રિકાબેન બારીયાએ ''તાજેતરમાં દાહોદ જિલ્લાના દેવગઢ બારિયા તાલુકાના ભૂતપગલા ગામની બે સગી બહેનો ઉપર સામૂહિક બળાત્કાર કરવામાં આવેલ છે, જેનાથી ગામના લોકોમાં ફેલાયેલ રોષ અને ભયની લાગણી દૂર કરવા રાજ્ય સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં'' અંગેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)નું ધ્યાન દોર્યું.

માનનીય રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને તેમાંથી ઉપસ્થિત કરવામાં આવેલા પ્રશ્નોના જવાબો આપ્યા.

**૪. સભાત્યાગ**

માનનીય રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાના જવાબથી અસંતોષ વ્યકત કરી માનનીય વિરોધપક્ષના નેતાશ્રી સાથે વિરોધપક્ષના તમામ સભ્યશ્રીઓ સૂત્રોચ્ચાર કરતા કરતા સભાત્યાગ કરી ગયા.

**૫. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

(૧) ગુજરાત સ્ટેટ એવિએશન ઈન્ફ્રાસ્ટ્રકચર કંપની લિમિટેડનો સન ૨૦૧૪–૧૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ પર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**૬. સભ્યશ્રીનું સસ્પેન્શન**

વિરોધપક્ષના સભ્યશ્રીઓ સભાત્યાગ કરી રહ્યા હતા તે દરમિયાન સભ્યશ્રી પરેશભાઇ ધાનાણીએ માનનીય અધ્યક્ષશ્રીની કાર્યશૈલી સામે આક્ષેપાત્મક ઉચ્ચારણો કરીને અધ્યક્ષશ્રીની ગરિમાનું અવમાન કરતા, માનનીય વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ સભ્યશ્રી પરેશભાઇ ધાનાણીને સત્ર સમાપ્તિ સુધી સસ્પેન્ડ કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો જેનો ગૃહ દ્વારા સ્વીકાર થતા સભ્યશ્રી પરેશભાઇ ધાનાણીને સત્ર સમાપ્તિ સુધી સભાગૃહમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા.

**૭. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો (ક્રમશઃ)**

(૨) ધોલેરા ઈન્ટરનેશનલ એરપોર્ટ કંપની લિમિટેડનો સન ૨૦૧૫–૧૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૩) દહેજ સેઝ લિમિટેડના સન ૨૦૦૪–૦૫ થી ૨૦૧૪–૧૫ના વાર્ષિક અહેવાલો, હિસાબો, ઓડિટ અહેવાલો, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ પર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતા નિવેદનો

(૪) ગુજરાત ઈન્ફોર્મેટિકસ લિમિટેડનો સન ૨૦૧૪–૧૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ પર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

(૫) ગુજરાત રાજય પોલીસ આવાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૫–૧૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૬) ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ કોરીડોર કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૫–૧૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૭) ગુજરાત બાયોડાયવર્સિટી બોર્ડનો સન ૨૦૧૫–૧૬નો વાર્ષિક અહેવાલ

(૮) ગુજરાત રાજય વેરહાઉસીંગ કોર્પોરેશનનો સન ૨૦૧૨–૧૩નો વાર્ષિક અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ પર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

(૯) સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતના સન ૨૦૧૪–૧૫ અને ૨૦૧૫–૧૬ના વાર્ષિક વહીવટી અહેવાલો અને ઓડિટ અહેવાલો તથા સન ૨૦૧૪–૧૫ના વાર્ષિક વહીવટી અહેવાલ અને ઓડિટ અહેવાલને સભાગૃહના મેજ પર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

(૧૦) ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રકચર વિકાસ બોર્ડનો સન ૨૦૧૫–૧૬નો વાર્ષિક અહેવાલ

(૧૧) ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનું સન ૨૦૧૬–૧૭ના વર્ષનું સુધારેલું અંદાજપત્ર અને સન ૨૦૧૭–૧૮ના વર્ષનું અંદાજપત્ર

(૧૨) ગુજરાત મેરીટાઇમ બોર્ડના સન ૨૦૧૫–૧૬ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તથા સન ૨૦૧૩–૧૪ અને સન ૨૦૧૪–૧૫ના વાર્ષિક વહીવટી અહેવાલો તેમજ આ બન્ને અહેવાલોને સભાગૃહના મેજ પર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતા નિવેદનો

(૧૩) સન ૨૦૧૬ના સ્થાવર મિલકત (નિયમન અને વિકાસ) અધિનિયમ અન્વયેના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા. ૨૯/૧૦/૨૦૧૬ના,

(૧) જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૨૦૧૬ના ૧૯૬/એમઆઇએસ/૧૦૨૦૧૬–૩૨૮૧૪૫–લ

(૨) જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૨૦૧૬ના ૧૯૭/એમઆઇએસ/૧૦૨૦૧૬–૩૨૮૧૪૫–લ

(૧૪) તા. ૨૭/૦૨/૨૦૧૭ના રોજ સભાગૃહમાં રજૂ થયેલા સભ્યશ્રી જનકભાઇ કાછડીયાના ‘‘રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો–૨૦૧૩ હેઠળ અનાજના જથ્થાની ફાળવણી’’ વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૨૭૫૪૦ (અગ્રતાક્રમ–૮)ના અનુસંધાને વધારાની માહિતી

**૮. પોઇન્ટ ઓફ ઓર્ડર**

સભ્યશ્રી શક્તિસિંહ ગોહિલે માનનીય અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો ૧૯૬૦ થી ૧૯૮૪ના નિર્ણય ક્રમાંક ૫૪૮ ટાંકીને પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરતા જણાવ્યું કે, જુદા જુદા બોર્ડ નિગમના અહેવાલો સમયસર સભાગૃહના મેજ ઉપર મૂકવા જોઇએ. એ નહીં મૂકાવાથી સભાગૃહનું અવમાન તેમજ ઔચિત્યનો પણ ભંગ થાય છે. તેથી અહેવાલો રજૂ કરવામાં થતા વિલંબ બદલ કડકાઇ દાખવીને દુરોગામી અસર પડે તેવો નિર્ણય આપવો જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રીએ પોઇન્ટ ઓફ ઓર્ડરના મુદ્દાનો સ્વીકાર કરીને ભવિષ્યમાં સમયસર બધા રિપોર્ટ રજૂ થાય તેની કાળજી લેવાની તાકીદ કરી.

**૯. માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી ગણપતસિંહ વસાવાએ આદિજાતિ વિકાસ પરિષદ પર ગુજરાત વિધાનસભાના અનુસૂચિત આદિજાતિના ચૂંટાયેલા પ્રતિનિધિઓ પૈકી એક સભ્યને ચૂંટવાનું કામ હાથ ધરવા બાબતનો પ્રસ્તાવ રજૂ કર્યો જેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

**૧૦. અધ્યક્ષશ્રીની જાહેરાત**

માનનીય અધ્યક્ષશ્રીએ ગુજરાત વિધાનસભાની અંદાજ સમિતિ, જાહેર સાહસો માટેની સમિતિ અને પંચાયતી રાજ સમિતિની ખાલી પડેલ બે–બે જગ્યાઓ માટે તેમજ આદિજાતિ સલાહકાર પરિષદ પર ખાલી પડેલ એક જગ્યા માટેના ચૂંટણી કાર્યક્રમની જાહેરાત કરી.

**૧૧. માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ)**

સામાજિક સુરક્ષા અને કલ્યાણને લગતી સેવા અંગેની સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૯૨, અનુસૂચિત જાતિ પેટા યોજનાને લગતી સેવા અંગેની સામાજિક ન્યાય અને

અધિકારીતા વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૯૫, મહિલા અને બાળ વિકાસ વિભાગને લગતી સેવા અંગેની મહિલા અને બાળ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૧૦૫ તેમજ વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગને લગતી સેવા અંગેની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૮૯ સામાજિક ન્યાય અને અધિકારીતા, મહિલા અને બાળ કલ્યાણ તેમજ વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના મંત્રીશ્રી આત્મારામ પરમારે રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક ૯૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦ અને ૧૧, માગણી ક્રમાંક ૯૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮ અને ૧૯, માગણી ક્રમાંક ૧૦૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૨૧, ૨૨, ૨૩ અને ૨૪ તેમજ માગણી ક્રમાંક ૮૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૨૬, ૨૭, ૨૮ અને ૨૯ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ રજૂ થયેલી માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપદરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ અને ૧૮ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

ત્યારબાદ માગણી ક્રમાંક ૯૨, ૯૫, ૧૦૫ અને ૮૯ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**૧૨. કામકાજ સલાહકાર સમિતિના અહેવાલની રજૂઆત**

માનનીય અધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિનો ચૌદમો અહેવાલ વાંચીને રજૂ કર્યો.

**૧૩. માનનીય મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો.

''આ સભાગૃહ, કામકાજ સલાહકાર સમિતિના ચૌદમા અહેવાલ સાથે સંમત થાય''

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

ચર્ચાનો જવાબ માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા, મહિલા અને બાળ કલ્યાણ તેમજ વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના મંત્રીશ્રી આત્મારામ પરમારે આપ્યો.

પ્રથમ રજૂ થયેલી કાપ દરખાસ્તો ક્રમાંક૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૬, ૨૭, ૨૮ અને ૨૯ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક ૯૨, ૯૫, ૧૦૫ અને ૮૯ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

## બુધવાર તા. ૨૨મી માર્ચ, ૨૦૧૭

### પહેલી બેઠક

**૧. સભાગૃહે મંજૂર કરી પસાર કરેલ સરકારી વિધેયકો**

(૧) સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૧૧–સન ૨૦૧૭નું બિરસા મૂંડા આદિજાતિ યુનિવર્સિટી વિધેયક

(૨) સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૧૦–સન ૨૦૧૭નું ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન (સુધારા) વિધેયક

(૩) સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૧૫–સન ૨૦૧૭નું ગુજરાત ઓર્ગેનિક એગ્રિકલ્ચરલ યુનિવર્સિટી વિધેયક

(૪) સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૧૬–સન ૨૦૧૭નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક

(૫) સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૧૨–સન ૨૦૧૭નું ગુજરાત મેરીટાઇમ બોર્ડ (સુધારા) વિધેયક

(૬)સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૧૭–સન ૨૦૧૭નું ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (દ્વિતીય સુધારા) વિધેયક

## બીજી બેઠક

**૧. (ક) પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.**

(ખ) માનનીય અધ્યક્ષશ્રીએ પહેલી, બીજી, ત્રીજી, ચોથી અને પાંચમી અતારાંકિત યાદી સભાગૃહના મેજ પર મૂકી.

**૨. વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત**

બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના સભ્યશ્રી સતિષભાઇ પટેલે સમિતિનો એકવીસમો અહેવાલ રજૂ કર્યો.

**૩. બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના સભ્યશ્રીનો પ્રસ્તાવ**

બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના સભ્યશ્રી સતિષભાઇ પટેલે પ્રસ્તાવ રજૂ કર્યો કે, ''આ સભાગૃહ, બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના એકવીસમા અહેવાલ સાથે સંમત થાય.''

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**૪. માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ)**

શિક્ષણને લગતી સેવા અંગેની શિક્ષણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૯, શિક્ષણ વિભાગને લગતું અન્ય ખર્ચને લગતી સેવા અંગેની શિક્ષણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૧૦, જિલ્લા વહીવટને લગતી સેવા અંગેની મહેસૂલ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૭૮, કુદરતી આફત અંગે રાહતને લગતી સેવા અંગેની મહેસૂલ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૭૯ માનનીય શિક્ષણ અને મહેસૂલ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક– ૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧, ૨, ૩, ૫, ૬, ૭, ૮, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫ અને ૨૯, માગણી ક્રમાંક–૧૦ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૩૧, માગણી ક્રમાંક–૭૮ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૩૩, ૩૫, ૩૭, ૩૯, ૪૦, ૪૧ અને ૪૨ તેમજ માગણી ક્રમાંક–૭૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૪૪, ૪૬, ૪૭, ૪૮, ૪૯ અને ૫૦ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ રજૂ થયેલી માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ અને ૧૭ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

ત્યારબાદ માગણી ક્રમાંક ૯, ૧૦, ૭૮ અને ૭૯ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**૫. સભ્યશ્રીનું સસ્પેન્શન રદ કરવા અંગે**

માંગણીઓ પરની ચર્ચામાં સભ્ય શ્રીમતી નિમિષાબેન સુથારના વક્તવ્ય બાદ સભ્યશ્રી બલવંતસિંહ રાજપૂતે, સભ્યશ્રી પરેશભાઇ ધાનાણીનું સસ્પેન્શન રદ કરવા અંગેનો પ્રસ્તાવ રજૂ કરતાં સભ્યશ્રી શૈલેષભાઇ પરમારે પ્રસ્તાવને સમર્થન આપ્યું.

સભ્યશ્રી પરેશભાઇ ધાનાણીનું સસ્પેન્શન રદ કરવા અંગેનો માનનીય સભ્યશ્રી બલવંતસિંહ રાજપૂતનો પ્રસ્તાવ મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

સભ્યશ્રી પરેશભાઇ ધાનાણીનું સસ્પેન્શન તાત્કાલિક અસરથી રદ કરવામાં આવ્યું.

ચર્ચાનો જવાબ માનનીય શિક્ષણ અને મહેસૂલ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આપ્યો.

પ્રથમ ઉપર્યુકત માગણીઓ પર રજૂ થયેલી કાપ દરખાસ્તો ક્રમાંક ૧, ૨, ૩, ૫, ૬, ૭, ૮, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૯, ૩૧, ૩૩, ૩૫, ૩૭, ૩૯, ૪૦, ૪૧, ૪૨, ૪૪, ૪૬, ૪૭, ૪૮, ૪૯ અને ૫૦ મત પર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

## ગુરુવાર તા. ૨૩મી માર્ચ, ૨૦૧૭

**૧.** પ્રશ્ન અગ્રતાક્રમ ૧ પૂછવામાં આવ્યો અને તેનો મૌખિક જવાબ આપવામાં આવ્યો તેમજ છઠ્ઠી, સાતમી, આઠમી, નવમી, દસમી, અગિયારમી, બારમી, તેરમી, ચૌદમી અને પંદરમી અતારાંકિત યાદી સભાગૃહના મેજ પર મૂકવામાં આવી.

**૨. સભાગૃહની બેઠક મુલતવી રાખવા અંગે**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૧નો જવાબ આપી રહ્યા હતા તે દરમિયાન વિરોધપક્ષના સભ્યશ્રીઓ પોતાની બેઠક પરથી ઉભા થઇને આગળની પાટલીઓની વચ્ચે આવી સતત સૂત્રોચ્ચાર કરવા લાગ્યા. માનનીય અધ્યક્ષશ્રીએ સભ્યશ્રીઓને પોતાનું સ્થાન લેવાની વારંવાર વિનંતી કરવા છતાં સૂત્રોચ્ચાર ચાલુ રહેતા અને સભાગૃહની કાર્યવાહી આગળ ચલાવવી અશકય બનતા માનનીય અધ્યક્ષશ્રીએ પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય ત્યાં સુધી સભાગૃહની બેઠક મુલતવી રાખી.

(**બપોરના ૧૨-૦૮**)

**૩. શોકદર્શક ઉલ્લેખો**

માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ ગુજરાત રાજયના પૂર્વ મંત્રી સ્વ. શ્રી રણજીતસિંહ નહારસિંહ ચાવડા, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ. શ્રી પૃથ્વીરાજ ગાંગજીભાઇ ચૌધરી અને પૂર્વ સભ્ય સ્વ. શ્રી ઉમેદભાઇ ફતેહસિંહ ગોહિલના અવસાન અંગેના શોકદર્શક ઉલ્લેખો કર્યા અને સ્વર્ગસ્થોને અંજલિ આપી.

ત્યારબાદ માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શંકરસિંહ વાઘેલા, સભ્યો સર્વશ્રી રાજેન્દ્રસિંહ પરમાર, અમિતભાઇ ચાવડા, આનંદભાઇ ચૌધરી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે સ્વર્ગસ્થોને અંજલિ આપી.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ આ શોકદર્શક ઉલ્લેખમાં તેમનો સૂર પૂરાવી સ્વર્ગસ્થોને અંજલિ આપ્યા બાદ સભ્યશ્રીઓએ ઉભા થઇને બે મિનિટ મૌન પાળ્યું.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ સ્વર્ગસ્થોના કુટુંબીજનોને ગૃહની આ લાગણી પહોંચાડવામાં આવશે તેવી જાહેરાત કરી.

**૪. પ્રશ્નોત્તરી કાળ દરમિયાન કરાયેલ ઉચ્ચારણો બાબત**

વિરોધપક્ષના નેતાશ્રી શંકરસિંહ વાઘેલાએ મુદ્દો ઉભો કરતા જણાવ્યું કે, પ્રશ્નોત્તરી કાળ દરમિયાન મારા નામ જોગ આપશ્રીએ જે ઉલ્લેખો કર્યા છે તે યોગ્ય નહોતા, અધ્યક્ષશ્રીની ચેર તરફથી મારા વિષે થયેલા ઉચ્ચારણોની મને અપેક્ષા નહોતી.

માનનીય અધ્યક્ષશ્રીએ તેમણે કરેલા ઉચ્ચારણો બદલ દિલગીરી વ્યકત કરતા જણાવ્યું કે, માનનીય શંકરસિંહજી અમારા સૌના માટે આદરણીય છે અને વ્યકિતગત રીતે એમના માટે ઉચ્ચારણો કરવાનો મારો કોઇ ઇરાદો નહોતો, પરંતુ જે તે વખતે ભ્રષ્ટાચાર માટેના જે આક્ષેપો થયેલા તેટલા પૂરતું જ મેં માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીનું ધ્યાન દોરેલું.

ત્યારબાદ માનનીય શક્તિસિંહ ગોહિલ અને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે પણ પ્રશ્નોત્તરી કાળ દરમિયાન થયેલા બનાવો અને એમ.બી.શાહ કમિશનના રિપોર્ટ બાબતે પોત પોતાના મંતવ્યો વ્યકત કર્યા.

માનનીય અધ્યક્ષશ્રીએ, પ્રશ્નકાળ પૂરો થઇ ગયો હોવાથી હવે તે સંબંધે કોઇ ઉલ્લેખ કરી શકાય નહીં તેમ જણાવી આગળનું ગૃહનું કામકાજ હાથ ધરવા જણાવ્યું.

**૫. વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત**

પંચાયતી રાજ સમિતિના પ્રમુખશ્રી નારાયણભાઇ પટેલે સમિતિનો પાંચમો, છઠ્ઠો અને સાતમો અહેવાલ રજૂ કર્યો.

## ૬. માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ)

વનને લગતી સેવા અંગેની વન અને પર્યાવરણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૨૬ માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી ગણપતસિંહ વસાવાએ રજૂ કરી.

ત્યારબાદ સભ્યશ્રીઓ તરફથી માગણી ક્રમાંક ૨૬ ઉપરની કાપ દરખાસ્તો સૂત્રોચ્ચારને કારણે રજૂ કરવામાં આવી નહીં.

## ૭. સભ્યશ્રીઓનું સસ્પેન્શન

માનનીય વન મંત્રીશ્રી માગણી ક્રમાંક–૨૬ રજૂ કરી રહ્યા હતા તે દરમિયાન વિરોધપક્ષના સભ્યશ્રીઓ સતત સૂત્રોચ્ચાર સાથે પોતાના સ્થાન ઉપરથી ઉભા થઇ પાટલીઓની વચ્ચે ધસી આવતા માનનીય અધ્યક્ષશ્રીએ વારંવાર તેમનું સ્થાન લેવાની વિનંતી કરવા છતાં સતત સૂત્રોચ્ચાર ચાલુ રહેતા, માનનીય રાજ્યકક્ષાના વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ સૂત્રોચ્ચાર કરી રહેલા વિરોધપક્ષના તમામ સભ્યશ્રીઓને વિધાનસભાના નિયમોના નિયમ–૫૨ હેઠળ આજના દિવસની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવાની દરખાસ્ત રજૂ કરી જેને વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ ટેકો આપતા, દરખાસ્ત મત માટે મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

તદ્અનુસાર માનનીય અધ્યક્ષશ્રીએ સૂત્રોચ્ચાર કરી રહેલા વિરોધપક્ષના તમામ સભ્યશ્રીઓને આજના દિવસની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કર્યા અને સસ્પેન્ડ થયેલા સભ્યશ્રીઓને સભાગૃહની બહાર લઇ જવા માટે સાર્જન્ટને આદેશ કર્યો.

સસ્પેન્ડ થયેલા વિરોધપક્ષના તમામ સભ્યશ્રીઓને સાર્જન્ટ દ્વારા સભાગૃહની બહાર લઇ જવામાં આવ્યા તેમજ વિરોધપક્ષના નેતાશ્રી શંકરસિંહ વાઘેલા, સભ્યશ્રી શક્તિસિંહ ગોહિલ અને સભ્યશ્રી મોહનસિંહ રાઠવા સભાગૃહ છોડી ગયા.

## ૮. માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) (ક્રમશઃ)

અનુસૂચિત આદિજાતિનું કલ્યાણને લગતી સેવા અંગેની આદિજાતિ વિકાસ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૯૩, આદિજાતિ વિસ્તાર પેટા યોજનાને લગતી સેવા અંગેની આદિજાતિ વિકાસ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૯૬ તેમજ પ્રવાસનને લગતી સેવા અંગેની ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૫૧ માનનીય વન અને પર્યાવરણ, આદિજાતિ વિકાસ વિભાગ અને પ્રવાસન મંત્રીશ્રી ગણપતસિંહ વસાવાએ રજૂ કરી.

કાપ દરખાસ્તની યાદીમાંના સભ્યશ્રીઓ સભાગૃહમાંથી સસ્પેન્ડ થયેલ હોવાથી કાપ દરખાસ્તો રજૂ થઇ શકી નહીં.

ત્યારબાદ રજૂ થયેલી માગણીઓ પર ચર્ચા શરૂ થઇ અને એક સભ્યશ્રીએ ચર્ચામાં ભાગ લીધો. ત્યારબાદ માગણી ક્રમાંક ૨૬, ૯૩, ૯૬ અને ૫૧ મત ઉપર મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

ચર્ચાનો જવાબ માનનીય વન અને પર્યાવરણ, આદિજાતિ વિકાસ અને પ્રવાસન મંત્રીશ્રી ગણપતસિંહ વસાવાએ આપ્યો.

## ૯. વિરામનો સમય રદ કરવા બાબત

માનનીય મંત્રીશ્રી ગણપતસિંહ વસાવા ચર્ચાનો જવાબ આપી રહ્યા હતા તે દરમિયાન વિરામનો સમય થવા આવતા, મુખ્ય દંડકશ્રી પંકજભાઇ દેસાઇએ માગણીઓ પરની ચર્ચા અને મતદાન પૂરું થાય કે તુરત જ બિનસરકારી કામકાજ હાથ ધરવા અને વિરામનો સમય રદ કરવા બાબતની દરખાસ્ત રજૂ કરી. જેનો સ્વીકાર કરવામાં આવતા તદ્અનુસાર વિરામનો સમય રદ કરવામાં આવ્યો.

**૧૦. પહેલા, બીજા અને ત્રીજા વાચન માટેના બિન–સરકારી વિધેયકો**

(૧) સભ્યશ્રી દુષ્યંતભાઇ પટેલે સન ૨૦૧૬નું વિધેયક ક્રમાંક–૧૪–સન ૨૦૧૬નું ગુજરાત રાજય ખેલ મહાકુંભ સત્તામંડળ વિધેયકના પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં મંતવ્ય વ્યકત કર્યું અને તેમાં એક સભ્યશ્રીએ ચર્ચામાં ભાગ લીધો. ચર્ચાનો જવાબ રાજયકક્ષાના રમતગમત મંત્રીશ્રી રાજેન્દ્ર ત્રિવેદીએ આપ્યો.

ત્યારબાદ સભાગૃહની અનુમતિથી વિધેયક પાછું ખેંચી લેવામાં આવ્યું.

બિનસરકારી વિધેયક ક્રમાંક–૨ થી ૪ ના પ્રભારી સભ્યો સભાગૃહમાંથી સસ્પેન્ડ થયેલ હોવાથી ચર્ચા માટે હાથ ધરી શકાયા નહીં.

**શુક્રવાર તા. ૨૪મી માર્ચ, ૨૦૧૭**

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા તેમજ સોળમી, સત્તરમી, અઢારમી, ઓગણીસમી, વીસમી, એકવીસમી, બાવીસમી, ત્રેવીસમી, ચોવીસમી અને પચ્ચીસમી અતારાંકિત યાદી સભાગૃહના મેજ પર મૂકવામાં આવી.

**૨. અધ્યક્ષશ્રીની મંજૂરીથી ઉપસ્થિત કરવામાં આવેલ મુદ્દો**

વિરોધપક્ષના નેતાશ્રી શંકરસિંહ વાઘેલાએ જસ્ટીસ એમ.બી. શાહ કમિશનનો રિપોર્ટ સભાગૃહના મેજ ઉપર મુકવા બાબતનો મુદ્દો ઉભો કરતા જણાવ્યું કે, સરકારે ૩૦મી માર્ચ કે મોડામાં મોડા ૩૧મી માર્ચના રોજ આ અહેવાલ સભાગૃહમાં રજૂ કરવો જોઇએ.

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે જણાવ્યું કે, આ બાબતમાં સરકાર કશું છુપાવવા માગતી નથી. ૨૨ વોલ્યુમમાં ૫૫૦૦ પાનાનો રિપોર્ટ છે જેના અભ્યાસ માટે કેબિનેટની ૩ સભ્યોની સબ કમિટી નીમવામાં આવેલી છે જે અભ્યાસ કરી રહી છે. અભ્યાસ પૂરો કર્યા બાદ સરકાર વહેલામાં વહેલી તકે અહેવાલ રજૂ કરશે.

સભ્યશ્રી શક્તિસિંહ ગોહિલે જણાવ્યું કે, કમિશન ઓફ ઇન્કવાયરી એકટની જોગવાઇઓ સ્વયં સ્પષ્ટ છે અને તપાસપંચનો અહેવાલ એકવાર સરકારને સુપરત થાય તે પછી તેને સભાગૃહમાં રજૂ કરવા સિવાય બીજો કોઇ વિકલ્પ રહેતો નથી.

માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે, કોઇપણ કમિટી કે પંચનો રિપોર્ટ આવે એટલે તે સીધેસીધો ગૃહની પ્રોપર્ટી બનતો નથી. જયારે આ રિપોર્ટ આટલા મોટા વોલ્યુમમાં હોય તેની સાથે અનેક સંવેદના સાથેના વિષયો જોડાયેલા હોય ત્યારે નાયબ મુખ્યમંત્રીશ્રીની વાત હું સ્વીકારું છું. તેમ છતાં જયારે આટલો લાંબો સમય ગયો છે ત્યારે શકય તેટલો વહેલો રિપોર્ટ રજૂ થાય તેવી આશા રાખું છું.

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે જણાવ્યું કે, ભૂતપૂર્વ મુખ્યમંત્રીશ્રી સુરેશચંદ્ર મહેતાએ એમ.બી. શાહ કમિશનનો રિપોર્ટ રજૂ કરવા બાબતમાં હાઇકોર્ટમાં દાખલ કરેલી રીટ પીટીશનમાં હાઇકોર્ટે એવો ચૂકાદો આપેલ છે કે, તપાસ અહેવાલ રજૂ કરવાનું માનનીય મુખ્યમંત્રીશ્રી કે રાજયપાલ માટે ફરજિયાત નથી, પ્રસ્તુત રીટ પીટીશનમાં કોઇ ગુણવત્તા કે મેરીટ ન હોવાથી એ રીટ પીટીશન હાઇકોર્ટે રદ કરેલી. તેમ છતાં સરકાર આ રિપોર્ટનો અભ્યાસ કરી રહી છે અને કશું છૂપાવવા માગતી નથી.

**૩. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

(૧) ગુજરાત વોટર ઇન્ફ્રાસ્ટ્રકચર લિમિટેડનો સન ૨૦૧૫–૧૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૨) આલ્કોક એશડાઉન (ગુજરાત) લિમિટેડનો સન ૨૦૧૫–૧૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૩) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગનો સન ૨૦૧૫–૧૬નો વાર્ષિક અહેવાલ અને હિસાબો

(૪) ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડનું સન ૨૦૧૭–૧૮ના વર્ષનું અંદાજપત્ર તથા સન ૨૦૧૬–૧૭ના વર્ષનું સુધારેલ અંદાજપત્ર

(૫) ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડનો સન ૨૦૧૫–૧૬નો વાર્ષિક વહીવટી અહેવાલ, વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ

(૬) ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમના સન ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪ના વાર્ષિક વહીવટી અહેવાલો તથા આ અહેવાલોને સભાગૃહના મેજ પર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતાં નિવેદનો

(૭) ગુજરાત રાજ્ય મહિલા આયોગનો સન ૨૦૧૫–૧૬નો વાર્ષિક વહીવટી અહેવાલ

(૮) માંડલ–બેચરાજી સ્પેશ્યલ ઇન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટીના સન ૨૦૧૪–૧૫ અને સન ૨૦૧૫–૧૬ના વાર્ષિક અહેવાલો અને હિસાબો તથા સન ૨૦૧૪–૧૫ના વાર્ષિક અહેવાલ અને હિસાબો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

(૯) ધોલેરા ખાસ મૂડીરોકાણ પ્રાદેશિક વિકાસ સત્તામંડળનો સન ૨૦૧૫–૧૬નો વાર્ષિક અહેવાલ અને હિસાબો

(૧૦) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સન ૧૯૬૩ના ગુજરાત નગરપાલિકા અધિનિયમ અન્વયેના,

૧. તા. ૧૪–૮–૨૦૧૫ના જાહેરનામા ક્રમાંક:કેવી–૨૦૧૫નો ૨૪૭–એનપીએલ–૪૫૧૩–૧૦૩–એમ

૨. તા. ૨૦–૮–૨૦૧૫ના જાહેરનામા ક્રમાંક:કેવી–૨૦૧૫નો ૨૪૯–એનપીએલ–૪૫૧૩–૧૦૩–એમ

૩. તા. ૭–૧૧–૨૦૧૫ના જાહેરનામા ક્રમાંક:કેવી–૨૦૧૫નો ૨૮૪–એનપીએલ–૪૫૧૩–૧૦૩–એમ

૪. તા. ૭–૧૧–૨૦૧૫ના જાહેરનામા ક્રમાંક:કેવી–૨૦૧૫નો ૨૮૫–એનપીએલ–૪૫૧૩–૧૦૩–એમ

૫. તા. ૭–૧૧–૨૦૧૫ના જાહેરનામા ક્રમાંક:કેવી–૨૦૧૫નો ૨૮૬–એનપીએલ–૪૫૧૩–૧૦૩–એમ

૬. તા. ૭–૧૧–૨૦૧૫ના જાહેરનામા ક્રમાંક:કેવી–૨૦૧૫નો ૨૮૭–એનપીએલ–૪૫૧૩–૧૦૩–એમ

૭. તા. ૫–૧૧–૨૦૧૫ના જાહેરનામા ક્રમાંક:કેવી–૨૦૧૫નો ૨૮૩–એનપીએલ–૪૫૧૦–૫૮૧૮–એમ

૮. તા. ૨૧–૮–૨૦૧૫ના જાહેરનામા ક્રમાંક:કેવી–૨૦૧૫નો ૨૫૦–એનપીએલ–૪૫૧૧–૨૨૨૮–એમ

૯. તા. ૨૯–૧૨–૨૦૧૫ના જાહેરનામા ક્રમાંક:કેવી–૨૦૧૫નો ૩૪૦–એનપીએલ–૪૫૧૧–૨૨૨૮–એમ

૧૦. તા. ૨–૬–૨૦૧૬ના જાહેરનામા ક્રમાંક:કેવી–૨૦૧૬નો ૧૨૦–એનપીએલ–૧૦૦૩–૨૫૬૮–એમ

**૪. માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ)**

નાણા વિભાગને લગતી સેવા અંગેની નાણા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૧૫ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે રજૂ કરી.

**૫. સભ્યશ્રીઓને સભાગૃહમાંથી દૂર કરવા બાબત**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ તેમના વિભાગની માગણીઓ રજૂ કરી રહ્યા હતા તે દરમ્યાન વિરોધપક્ષના સભ્યશ્રીઓ વેલમાં ધસી આવી સૂત્રોચ્ચાર કરવા લાગ્યા. માનનીય અધ્યક્ષશ્રીએ સભ્યોને પોતાનું સ્થાન લેવાની વારંવાર વિનંતી કરવા છતાં વિરોધપક્ષના સભ્યશ્રીઓએ સૂત્રોચ્ચાર ચાલુ રાખતા અને સભાગૃહની કાર્યવાહી આગળ ચલાવવી અશકય બનતા, માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહમાં ઉપસ્થિત વિરોધપક્ષના તમામ સભ્યશ્રીઓને નિયમ ૫૧ હેઠળ સભાગૃહમાંથી દૂર કરવાનો સાર્જન્ટને આદેશ આપ્યો. તદ્અનુસાર વેલમાં બેઠેલા સભ્યશ્રીઓને સાર્જન્ટ દ્વારા સભાગૃહની બહાર લઇ જવામાં આવ્યા અને બાકીના વિરોધપક્ષના સભ્યશ્રીઓ સભાગૃહ છોડી ગયા.

**૬. માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ) (ક્રમશ:)**

તિજોરી અને હિસાબ વહીવટને લગતી સેવા અંગેની નાણા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૧૭ તેમજ પેન્શન અને અન્ય નિવૃત્તિ લાભને લગતી સેવા અંગેની નાણા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૧૮ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે રજૂ કરી.

કાપ દરખાસ્ત મૂકનાર સભ્યશ્રીઓ સભાગૃહમાં ઉપસ્થિત ન હોવાથી કાપ દરખાસ્તો રજૂ થઇ શકી નહીં.

માનનીય અધ્યક્ષશ્રીએ માગણીઓ પરની ચર્ચાની શરૂઆતમાં માગણીઓ પરની ચર્ચાના સમય અને ગિલોટીન અંગેની જાહેરાત કરી.

ત્યારબાદ રજૂ થયેલી માગણીઓ પર ચર્ચા શરૂ થઇ અને ૪ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.ચર્ચાનો જવાબ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે આપ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક ૧૫, ૧૭ અને ૧૮ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

ગિલોટીન થયેલી માગણીઓ

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે માગણી ક્રમાંક–૧, ૭, ૮, ૧૧, ૧૪, ૧૬, ૧૯, ૨૧, ૨૪, ૨૫, ૨૮, ૩૨, ૩૪, ૩૫, ૩૮, ૪૧, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૫૨, ૫૩, ૫૫, ૫૬, ૫૮, ૫૯, ૬૧, ૬૨, ૬૩, ૬૪, ૬૮, ૬૯, ૭૨, ૭૩, ૭૬, ૭૭, ૮૦, ૮૧, ૮૨, ૮૩, ૮૪, ૮૮, ૯૦, ૯૧, ૯૪, ૯૭, ૯૯, ૧૦૦, ૧૦૩, ૧૦૪, ૧૦૬ અને ૧૦૮ રજૂ કરી, જે મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ રાજય વિધાન મંડળને લગતી માગણી ક્રમાંક ૩૬ અને ૩૭ રજૂ કરી જે મત માટે મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**૭. કામકાજ સલાહકાર સમિતિના પંદરમા અહેવાલની રજૂઆત**

માનનીય અધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિનો પંદરમો અહેવાલ વાંચીને રજૂ કર્યો.

**૮. માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ પ્રસ્તાવ રજૂ કર્યો કે, ''આ સભાગૃહ કામકાજ સલાહકાર સમિતિના પંદરમા અહેવાલ સાથે સંમત થાય''

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**ગુરુવાર તા. ૩૦મી માર્ચ, ૨૦૧૭**

**પહેલી બેઠક**

**૧.** પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા તેમજ છવ્વીસમી, સત્તાવીસમી, અઠ્ઠાવીસમી, ઓગણત્રીસમી, ત્રીસમી, એકત્રીસમી, બત્રીસમી, તેત્રીસમી, ચોત્રીસમી અને પાંત્રીસમી અતારાંકિત યાદી સભાગૃહના મેજ પર મૂકવામાં આવી.

**૨. અધ્યક્ષશ્રીની મંજૂરીથી ઉપસ્થિત કરવામાં આવેલ મુદ્દો**

વિરોધપક્ષના નેતાશ્રી શંકરસિંહ વાઘેલાએ જસ્ટીસ એમ.બી. શાહ કમિશનનો રિપોર્ટ આજે અથવા મોડામાં મોડા આવતી કાલ સુધીમાં સભાગૃહમાં રજૂ કરવા સરકારને જણાવ્યું.

નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે જણાવ્યું કે, સરકાર રિપોર્ટનો અભ્યાસ કરી રહી છે, યોગ્ય સમયે સરકાર આ અંગે નિર્ણય કરશે.

સભ્યશ્રી શક્તિસિંહ ગોહિલે પણ જસ્ટીસ એમ.બી. શાહ કમિશનનો રિપોર્ટ એ હાઉસની પ્રોપર્ટી છે તેમ જણાવી તુરત જ સભાગૃહમાં રજૂ કરવા વિનંતી કરી.

**૩. સભ્યશ્રીઓનું સસ્પેન્શન**

જસ્ટિસ એમ. બી. શાહ કમિશનનો રિપોર્ટ ગૃહમાં રજૂ કરવાના મુદ્દે વિરોધપક્ષના સભ્યશ્રીઓ પોતાની બેઠક પરથી ઉભા થઇ પાટલીઓ વચ્ચે આવી પ્લેકાર્ડનું પ્રદર્શન કરી સૂત્રોચ્ચાર કરવા લાગ્યા. માનનીય અધ્યક્ષશ્રીએ પ્રદર્શન કરી રહેલા સભ્યોને પોતાની બેઠક લેવા વારંવાર વિનંતી કરવા છતા સૂત્રોચ્ચાર ચાલુ રહેતા, માનનીય રાજયકક્ષાના વૈદ્યાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ, પોતાની બેઠક પરથી ઉભા થઇ પ્લેકાર્ડ દર્શાવી સૂત્રોચ્ચાર કરી રહેલા વિરોધપક્ષના સભ્યશ્રીઓને આજના દિવસની પહેલી બેઠક માટે સસ્પેન્ડ કરવાની દરખાસ્ત રજૂ કરી. જેને માનનીય વૈદ્યાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ ટેકો આપતા, દરખાસ્ત મત પર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

માનનીય અધ્યક્ષશ્રીએ, પોતાની જગ્યા પરથી ઉભા થઇ સૂત્રોચ્ચાર કરી રહેલા વિપક્ષના તમામ સભ્યશ્રીઓને આજના દિવસની પહેલી બેઠક માટે સસ્પેન્ડ કરી, સસ્પેન્ડ થયેલા સભ્યશ્રીઓને સભાગૃહની બહાર લઇ જવા માટે સાર્જન્ટને આદેશ કર્યો.

સસ્પેન્ડ થયેલા વિરોધપક્ષના સભ્યશ્રીઓને સાર્જન્ટ દ્વારા સભાગૃહની બહાર લઇ જવામાં આવ્યા.

ત્યારબાદ વિરોધપક્ષના નેતાશ્રી શંકરસિંહ વાઘેલા અને સભ્યશ્રી શકિતસિંહ ગોહિલ સભાગૃહ છોડી ગયા.

**૪. સરકારી વિધેયકો**

(૧) સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૨૪–સન ૨૦૧૭નું ગુજરાત વિનિયોગ વિધેયક

**૫. સભાગૃહનો વિરામનો સમય લંબાવવા અંગે**

માનનીય રાજયકક્ષાના વાહન વ્યવહાર મંત્રીશ્રી વલ્લભભાઇ કાકડીયા વિધેયક પર પોતાનું મંતવ્ય રજૂ કરી રહ્યા હતા તે દરમિયાન વિરામનો સમય થવા આવતા માનનીય વૈદ્યાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ વિધેયક પરની ચર્ચા અને મતદાન પૂરું થાય અને વિધેયક પસાર થાય ત્યાં સુધી સભાગૃહનો વિરામનો સમય લંબાવવા માટેની દરખાસ્ત રજૂ કરી, જેનો સ્વીકાર કરવામાં આવતા તદ્અનુસાર સભાગૃહનો વિરામનો સમય લંબાવવામાં આવ્યો.

**૬. સ્વાગત અને શુભેચ્છા સંદેશ**

વૈદ્યાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહને સભાગૃહ વતી આવકારતા જણાવ્યું કે, હું સભાગૃહમાં તેમનું હ્રદયપૂર્વક સ્વાગત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રીએ પણ સભ્યશ્રી અમિતભાઇ શાહનું સ્વાગત કરવા સાથે શુભેચ્છાઓ પાઠવી.

**૭. બિન–સરકારી કામકાજ**

**બિન–સરકારી સંકલ્પ**

(૧) સભ્યશ્રી કેતનભાઇ ઇનામદારે, ‘‘છેલ્લા કેટલાક વર્ષોમાં રાજય સરકારની અનેક પ્રજાભિમુખ યોજનાઓ તથા વ્યાપક ઔદ્યોગિકરણને કારણે ગુજરાતનો સતત સર્વાંગી વિકાસ થઇ રહેલ છે. ગુજરાતના વિકાસની

આ ગૌરવગાથા સતત આગળ વધતી રહે અને વૈશ્વિક ફલક ઉપર ગુજરાતના નામનો ડંકો વાગે તે માટે હજુ પણ વિસ્તૃત આયોજન કરવા અને વ્યાપક પગલાં લેવા બાબત''નો સંકલ્પ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

સંકલ્પ પરની ચર્ચામાં નીચેના સભ્યશ્રીએ ભાગ લીધો.

(૧) શ્રી અમિત શાહ

ચર્ચાનો જવાબ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે આપ્યો.

ત્યારબાદ સંકલ્પ મત પર મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**બીજી બેઠક**

**૧. સભ્યશ્રીઓનું સસ્પેન્શન**

માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ આજના દિવસની પહેલી બેઠકમાં બિન સરકારી સંકલ્પની ચર્ચા દરમિયાન સભ્યશ્રી અમિત શાહે કરેલ સંબોધન બાબતમાં વાંધો ઉઠાવ્યો. તે દરમિયાન વિરોધપક્ષના સભાગૃહમાં ઉપસ્થિત સભ્યશ્રીઓ પોતાની બેઠક પરથી ઉભા થઇ પાટલીઓ વચ્ચે આવી પ્લેકાર્ડનું પ્રદર્શન કરી સૂત્રોચ્ચાર કરવા લાગ્યા.

રાજયકક્ષાના વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું કે, પ્રશ્નોત્તરીનો કાળ સભ્યો માટે ખૂબ અગત્યનો હોઇ, વિરોધપક્ષના સભ્યો પોતાની બેઠક પરથી ઉભા થઇ પ્લેકાર્ડ દર્શાવી સૂત્રોચ્ચાર કરી રહ્યા છે તે તમામ સભ્યોને આજના દિવસની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવામાં આવે. માનનીય વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ દરખાસ્તને ટેકો આપતા, દરખાસ્ત મત પર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

માનનીય અધ્યક્ષશ્રીએ સૂત્રોચ્ચાર અને દેખાવ કરી રહેલા વિપક્ષના તમામ સભ્યશ્રીઓને આજના દિવસની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરી, સસ્પેન્ડ થયેલા સભ્યશ્રીઓને સભાગૃહની બહાર લઇ જવા માટે સાર્જન્ટને આદેશ કર્યો.

સસ્પેન્ડ થયેલા વિરોધપક્ષના સભ્યશ્રીઓને સાર્જન્ટ દ્વારા સભાગૃહની બહાર લઇ જવામાં આવ્યા.

**૨. તારાંકિત પ્રશ્નોત્તરી**

ગુરુવાર, તા. ૩૦મી માર્ચ, ૨૦૧૭ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૨, ૩, ૪, ૫, ૬, ૯, ૧૩, ૧૫, ૧૬ અને ૧૭ ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

સભાગૃહમાં ગેરહાજર રહેલા સભ્યશ્રીઓના પ્રશ્નો અગ્રતાક્રમ ૧ અને ૧૧ ને અતારાંકિત ગણવામાં આવ્યા.

સભાગૃહમાંથી સસ્પેન્ડ થયેલા સભ્યશ્રીઓના પ્રશ્નો અગ્રતાક્રમ ૭, ૮, ૧૦,૧૨ અને ૧૪ ને પણ અતારાંકિત ગણવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૧૮ થી ૨૫૧ ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૩-૩૦ કલાકે પૂરો થયો.

**૩. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

(૧) ગુજરાત હાઉસિંગ બોર્ડના સન ૨૦૧૧-૧૨ અને સન ૨૦૧૨-૧૩ના વાર્ષિક હિસાબો પરના ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

(૨) ગુજરાત સ્લમ કલિયરન્સ બોર્ડનો સન ૨૦૦૯-૧૦નો વાર્ષિક હિસાબો પરનો ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

(૩) સ્થાનિક ભંડોળ હિસાબના નિરીક્ષકશ્રીનો સન ૨૦૧૨–૧૩ના વર્ષનો નગરપાલિકાઓનો ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

(૪) તા. ૩–૩–૨૦૧૭ના રોજ સભાગૃહમાં રજૂ થયેલા સભ્યશ્રી સતીષભાઇ પટેલના ''વડોદરા જિલ્લામાં બિયારણના નમૂનાઓ'' વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૨૮૮૯૬ (અગ્રતાક્રમ–૯)ના અનુસંધાને વધારાની માહિતી

**૪. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા અનુમતિ મળેલા વિધેયકો**

સચિવશ્રીએ તેરમી ગુજરાત વિધાનસભાના દસમા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલ અને રાજયપાલશ્રીની અનુમતિ મળી છે તેવા સન ૨૦૧૭ના વિધેયક ક્રમાંક ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૯ અને ૧૩ વિધાનસભાના મેજ ઉપર મૂકયા.

**૫. સરકારી વિધેયકો**

(૧) સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૨૦–સન ૨૦૧૭નું ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ (દ્વિતિય સુધારા) વિધેયક

(૨)સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૧૮–સન ૨૦૧૭નું ગુજરાત પંચાયત (દ્વિતિય સુધારા) વિધેયક

(૩)સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૧૯–સન ૨૦૧૭નું ગુજરાત જમીન મહેસૂલ ( સુધારા) વિધેયક

**શુક્રવાર તા. ૩૧મી માર્ચ, ૨૦૧૭**

**પહેલી બેઠક**

**૧. જસ્ટીસ એમ. બી. શાહ પંચનો રિપોર્ટ સભાગૃહના મેજ ઉપર મૂકવા અંગે**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે જસ્ટીસ એમ. બી. શાહ કમિશનનો રિપોર્ટ સભાગૃહના મેજ ઉપર મૂકયો.

માનનીય અધ્યક્ષશ્રીએ જસ્ટીસ એમ. બી. શાહ કમિશનના રિપોર્ટના ૨૦ વોલ્યુમનો એક સેટ વિધાનસભા ગ્રંથાલયમાં રાખવામાં આવેલ છે તેવી જાહેરાત કરી.

**૨. દેખાવો અને સસ્પેન્શન**

વિરોધપક્ષના સભાગૃહમાં ઉપસ્થિત સભ્યશ્રીઓએ પોતાના સ્થાન ઉપર ઉભા થઇને સૂત્રો લખેલા એપ્રન પહેરી દેખાવો કરતા માનનીય અધ્યક્ષશ્રીએ વિરોધપક્ષની માગણી મુજબ જસ્ટીસ એમ. બી. શાહ કમિશનનો રિપોર્ટ સભાગૃહમાં રજૂ થયેલ હોવાથી સભ્યશ્રીઓને દેખાવો બંધ કરી પોતાનું સ્થાન લેવા વારંવાર વિનંતી કરી.

માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ, માનનીય અધ્યક્ષશ્રીની સૂચના અને વિરોધપક્ષના નેતાની લાગણી મુજબ સરકારે એમ.બી. શાહ કમિશનનો રિપોર્ટ સભાગૃહ સમક્ષ રજૂ કરેલ હોવા છતાં વિરોધપક્ષ જે દેખાવો કરી રહ્યો છે તે દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીને બદનામ કરવા માટેનો રાજકીય ઇરાદો સૂચવે છે તેમ જણાવ્યું.

આમ છતાં, વિરોધપક્ષના સભ્યશ્રીઓ તેમના દેખાવો ચાલુ રાખી વેલમાં આવી જતા માનનીય અધ્યક્ષશ્રીએ વેલમાં આવેલા તમામ સભ્યશ્રીઓને સભાગૃહની બહાર લઇ જવા સાર્જન્ટને આદેશ કર્યો. તદ્અનુસાર સાર્જન્ટ દ્વારા વેલમાં આવેલા વિરોધપક્ષના તમામ સભ્યશ્રીઓને સભાગૃહની બહાર લઇ જવામાં આવ્યા.

ત્યારબાદ માનનીય રાજયકક્ષાના વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ, વિરોધપક્ષની માગણી સ્વીકારાઇ હોવા છતાં અને માનનીય અધ્યક્ષશ્રીની વારંવારની વિનંતી છતાં સભાગૃહમાં દેખાવો ચાલુ રાખી વેલમાં ધસી આવીને કાર્યવાહીમાં ખલેલ પહોંચાડતા વિરોધપક્ષના તમામ સભ્યશ્રીઓને આજના દિવસની બન્ને બેઠકો માટે નિયમ–૫૨ હેઠળ સસ્પેન્ડ કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો. જેને માનનીય વૈધાનિક અને સંસદીય

બાબતોના મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ ટેકો આપતા પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો. પ્રસ્તાવનો સ્વીકાર થતાં વિરોધપક્ષના તમામ સભ્યશ્રીઓને આજના દિવસની બન્ને બેઠકમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા.

**૩. સભાગૃહે મંજૂર કરી પસાર કરેલ સરકારી વિધેયકો**

(૧) સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૨૩–સન ૨૦૧૭નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતિય સુધારા) વિધેયક

(૨) સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૧૪–સન ૨૦૧૭નું ગુજરાત પશુ સંરક્ષણ (સુધારા) વિધેયક

**બીજી બેઠક**

**૧.** પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા તેમજ છત્રીસમી અને સાડત્રીસમી અતારાંકિત યાદી સભાગૃહના મેજ પર મૂકવામાં આવી.

**૨. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

(૧) (ક) ગુજરાત સરકારના સન ૨૦૧૫–૨૦૧૬ના વર્ષના નાણાકીય હિસાબો (ભાગ–૧ અને ભાગ–૨) (અંગ્રેજી તથા ગુજરાતી)

(ખ) ગુજરાત સરકારના સન ૨૦૧૫–૨૦૧૬ના વર્ષના વિનિયોગ હિસાબો (અંગ્રેજી તથા ગુજરાતી)

(ગ) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૧૫–૨૦૧૬ના વર્ષનો ઓડિટ અહેવાલ (રાજયની નાણાકીય પરિસ્થિતિ) (અંગ્રેજી અને ગુજરાતી)

(ઘ) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૧૫–૨૦૧૬ના વર્ષનો ઓડિટ અહેવાલ (મહેસૂલ ક્ષેત્ર) (અંગ્રેજી તથા ગુજરાતી)

(ચ) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૧૫–૨૦૧૬ના વર્ષનો ઓડિટ અહેવાલ (જાહેર સાહસો) (અંગ્રેજી તથા ગુજરાતી)

(છ) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૧૫–૨૦૧૬ના વર્ષનો ઓડિટ અહેવાલ (આર્થિક ક્ષેત્ર) (અંગ્રેજી તથા ગુજરાતી)

(જ) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૧૫–૨૦૧૬ના વર્ષનો ઓડિટ અહેવાલ (સામાન્ય અને સામાજિક ક્ષેત્ર) (અંગ્રેજી તથા ગુજરાતી)

(ઝ) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૧૫–૧૬ના વર્ષનો ઓડિટ અહેવાલ (સ્થાનિક સંસ્થાઓ) (અંગ્રેજી તથા ગુજરાતી)

(૨) સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડનો સન ૨૦૧૫–૧૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૩) ગુજરાત રાજય પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૫–૧૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૪) ગુજરાત મેડીકલ સર્વિસીસ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૪–૧૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ પર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

(૫) ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો સન ૨૦૧૫–૧૬નો ઓડિટ અહેવાલ

(૬) ગુજરાત રાજય માનવ અધિકાર આયોગનો સન ૨૦૧૫–૧૬નો વાર્ષિક અહેવાલ

(૭) ગુજરાત તકેદારી આયોગનો સન ૨૦૧૫નો વાર્ષિક અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ પર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

(૮) ગુજરાત માહિતી આયોગનો સન ૨૦૧૫–૧૬નો વાર્ષિક અહેવાલ

(૯) સ્થાનિક ભંડોળ હિસાબના નિરીક્ષકશ્રીનો સન ૨૦૧૨–૧૩ના વર્ષનો ગ્રામ પંચાયતોના હિસાબો પરનો ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ પર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

(૧૦) તા. ૨૨/૦૩/૨૦૧૭ના રોજ સભાગૃહમાં રજૂ થયેલા સભ્યશ્રી હર્ષદભાઇ રીબડીયાના ''જૂનાગઢ જિલ્લામાં પોતાના મકાનમાં આંગણવાડીઓ'' વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૩૧૫૯૨ (અગ્રતાક્રમ–૨) ના અનુસંધાને વધારાની માહિતી

**૨.** સચિવશ્રીએ તેરમી ગુજરાત વિધાનસભાના દસમા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલ અને રાજયપાલશ્રીની અનુમતિ મળી છે તેવું સન ૨૦૧૭ નું વિધેયક ક્રમાંક–૧૬ વિધાનસભાના મેજ ઉપર મૂકયું.

**૩.** વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના કલ્યાણ માટેની સમિતિના કાર્યકારી પ્રમુખશ્રી કિશોરસિંહ ચૌહાણે સમિતિનો પ્રથમ અહેવાલ રજૂ કર્યો

**૪. છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ–૧૦૨)**

સભ્યશ્રી જગરૂપસિંહ રાજપૂતે, ''મુસ્લિમ મહિલાઓના સામાજિક અને વ્યક્તિગત હક્કોનું રક્ષણ કરવા અને આવી મહિલાઓ ગૌરવ સહિત પોતાનું જીવન જીવી શકે, તેઓને સામાજિક સુરક્ષા મળે અને તેઓના લગ્ન સંબંધિત હક્કોના રક્ષણ માટે જરૂરી કાયદો ઘડવા સહિતના તમામ વહીવટી પગલાં લેવા'' અંગેનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું. ચર્ચામાં રાજયકક્ષાના મંત્રી સહિત ૨ સભ્યશ્રીઓએ ભાગ લીધો અને ચર્ચા પૂરી થઇ.

ત્યારબાદ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ આ સત્ર દરમિયાન મળેલા સહકાર બદલ માનનીય અધ્યક્ષશ્રીનો તેમજ સત્તાધારી પક્ષના અને વિરોધપક્ષના સર્વ સભ્યશ્રીઓનો આભાર વ્યકત કર્યો.

માનનીય અધ્યક્ષશ્રીએ પણ સભાગૃહના સંચાલનમાં સત્તાધારી પક્ષ અને વિરોધપક્ષના સૌ સભ્યો તરફથી મળેલા સહકાર બદલ સભાગૃહનો આભાર વ્યકત કર્યો.

**૫.** સચિવશ્રીએ, ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૮૭–ક અન્વયે ૮૮ અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો સભાગૃહના મેજ ઉપર મૂકયા.

**૬.** સભાગૃહની બેઠક અનિશ્ચિત મુદ્ધત માટે મુલતવી રાખવા અંગે

માનનીય અધ્યક્ષશ્રીએ સાંજના ૪–૨૩ કલાકે વિધાનસભાના નિયમોના નિયમ ૯(૧) અન્વયે સભાગૃહની બેઠક અનિશ્ચિત મુદત માટે મુલતવી રાખી.

ત્યારબાદ ''વંદે માતરમ્'' રાષ્ટ્રીય ગીતની ધૂન બજાવવામાં આવી.

**મંગળવાર તા. ૯મી મે, ૨૦૧૭**

**(સભાગૃહની બેઠકની શરૂઆત ''વંદેમાતરમ્'' સંગીતની ધૂન બજાવી કરવામાં આવી)**

**૧. શોકદર્શક ઉલ્લેખો**

માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ. શ્રી જયંતીભાઇ ઝીણાભાઇ પટેલ તથા ભાસ્કર અખબાર જૂથના ચેરમેન સ્વ. શ્રી રમેશચંદ્ર અગ્રવાલના અવસાન અંગેના શોકદર્શક ઉલ્લેખો કર્યા અને સ્વર્ગસ્થોને અંજલિ આપી.

ત્યારબાદ માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શંકરસિંહ વાઘેલા, સભ્યો સર્વશ્રી શકિતસિંહ ગોહિલ, જીતુભાઇ વાઘાણી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ તેમજ રાજય કક્ષાના મંત્રીશ્રી ઇશ્વરસિંહ પટેલે સ્વર્ગસ્થોને અંજલિ આપી.

માનનીય અધ્યક્ષશ્રીએ પણ આ શોકદર્શક ઉલ્લેખમાં તેમનો સૂર પૂરાવ્યો અને સ્વર્ગસ્થોને અંજલિ આપ્યા બાદ સભ્યશ્રીઓએ ઉભા થઇને બે મિનિટ મૌન પાળ્યું અને ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ સ્વર્ગસ્થોના કુટુંબીજનોને ગૃહની આ લાગણી પહોંચાડવામાં આવશે તેવી જાહેરાત કરી.

**૨. માનનીય અધ્યક્ષશ્રીએ આડત્રીસમી અતારાંકિત યાદી સભાગૃહના મેજ પર મૂકી.**

**૩. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

સન ૧૯૬૩ના ગુજરાત રાજય બાંહેધરી અધિનિયમ અન્વયેના

(ક) રાજય સરકારે સન ૨૦૧૬-૧૭ના વર્ષ દરમિયાન આપેલ બાંહેધરીની વિગત દર્શાવતું પત્રક

(ખ) રાજય સરકાર દ્વારા બાંહેધરી આપવાના કારણે સન ૨૦૧૬-૧૭ના વર્ષ દરમિયાન રાજયના એકત્રિત ભંડોળમાંથી ચૂકવાયેલ રકમોની વિગતો દર્શાવતું પત્રક

(ગ) બાંહેધરી આપનારની રૂએ સરકારે ચૂકવેલ રકમ પૈકી સન ૨૦૧૬-૧૭ના વર્ષ દરમિયાન જે તે સંસ્થાઓ/વ્યકિતઓએ ભરપાઇ કરેલ રકમોની વિગતો દર્શાવતું પત્રક

**૪.** સચિવશ્રીએ, તેરમી ગુજરાત વિધાનસભાના દસમા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલ અને જેને રાજયપાલશ્રીની અનુમતિ મળી છે તેવા સન ૨૦૧૭ના વિધેયક ક્રમાંક-૧૦, ૧૧, ૧૨, ૧૪, ૧૫, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩ અને ૨૪ વિધાનસભાના મેજ ઉપર મૂકયા.

**૫. વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત**

માનનીય અધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિનો સોળમો અહેવાલ વાંચીને રજૂ કર્યો.

**૬. સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ પ્રસ્તાવ રજૂ કર્યો કે,''આ સભાગૃહ કામકાજ સલાહકાર સમિતિના સોળમાં અહેવાલ સાથે સંમત થાય''પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**૭. સભાગૃહે મંજૂર કરી પસાર કરેલ સરકારી વિધેયકો**

(૧) સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક-૨૫-સન ૨૦૧૭નું ગુજરાત માલ અને સેવા વેરા વિધેયક

(૨) સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક-૨૬-સન ૨૦૧૭નું ગુજરાત મૂલ્યવર્ધિત વેરા (સુધારા) વિધેયક

**૮. સભાગૃહનો સમય લંબાવવા અંગે**

વિધેયક પરની ચર્ચા દરમિયાન સભાગૃહનો સમય પૂરો થવા આવતા માનનીય મુખ્ય દંડકશ્રી પંકજભાઇ દેસાઇએ આજના દિવસની કામકાજની યાદીમાં દર્શાવેલ કામકાજ પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવા માટેની દરખાસ્ત રજૂ કરી જેનો સ્વીકાર કરવામાં આવતા તદ્અનુસાર સભાગૃહનો સમય લંબાવેલ હતો.

**૯. સભાગૃહે મંજૂર કરી પસાર કરેલ સરકારી વિધેયકો (ક્રમશ:)**

(૩) સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૨૭–સન ૨૦૧૭નું ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) વિધેયક

**૧૦.** સચિવશ્રીએ, ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૮૭–ક અન્વયે ૨૩ અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો સભાગૃહના મેજ ઉપર મૂક્યા.

**૧૧. સભાગૃહની બેઠક અનિશ્ચિત મુદ્દત માટે મુલતવી રાખવા અંગે**

માનનીય અધ્યક્ષશ્રીએ સાંજના ૫–૫૩ કલાકે વિધાનસભાના નિયમોના નિયમ ૯(૧) અન્વયે સભાગૃહની બેઠક અનિશ્ચિત મુદત માટે મુલતવી રાખી.

**ત્યારબાદ ''વંદે માતરમ્'' રાષ્ટ્રીય ગીતની ધૂન બજાવવામાં આવી.**

## પત્રક ક્રમાંકઃ—૨૩
## (જુઓ ફકરા ક્રમાંકઃ— ૩૦)

સત્રમાં સભ્યશ્રીઓએ કેટલી વખત ચર્ચામાં ભાગ લીધો તેની સંખ્યા દર્શાવતું પત્રક

| અ.નં | સભ્યશ્રીનું નામ | વિધેયકો | | અંદાજ | પ્રસ્તાવો | | | રાજયપાલશ્રીના | બિન | વૈદ્યાનિક | વિધાનસભા | અન્ય | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | સરકારી વિધેયકો પર ચર્ચા | બિન સરકારી વિધેયકો પર ચર્ચા | પત્ર પર ચર્ચા | સભા મોકુફી પ્રસ્તાવ પર ચર્ચા | મંત્રીમંડળમાં અવિશ્વાસ વ્યક્ત કરતા પ્રસ્તાવ પર ચર્ચા | બીજા પ્રસ્તાવો. સરકારી તેમજ બિન સરકારી સભ્યોના પ્રસ્તાવો પર ચર્ચા | સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા | સરકારી સંકલ્પો | મંડળોના કામકાજ પર ચર્ચા | ની સમિતિઓના અહેવાલ અને બીજા અહેવાલ પર ચર્ચા | બાબતો | |
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) | (૧૦) | (૧૧) | (૧૨) | (૧૩) | (૧૪) |
| ૧ | શ્રી શકિતસિંહજી હ.ગોહિલ | ૬ | ૨ | ૮ | – | – | – | ૧ | – | – | ૨ | ૨૬ | ૪૫ |
| ૨ | શ્રી તારાચંદ જ. છેડા | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૩ | ડૉ. નીમાબેન ભા. આચાર્ય | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ | – | ૨ |
| ૪ | શ્રી વાસણભાઇ ગો. આહિર | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૫ | શ્રી રમેશ વ. મહેશ્વરી | – | – | ૩ | – | – | – | – | – | – | – | – | ૩ |
| ૬ | શ્રી પંકજ અ.મહેતા | ૧ | – | ૩ | – | – | – | ૧ | – | – | – | – | ૫ |
| ૭ | શ્રી શંકરભાઇ લ. ચૌધરી | ૪ | ૧ | ૩ | – | – | – | – | – | – | – | ૬ | ૧૪ |
| ૮ | શ્રી પરબતભાઇ સ. પટેલ | – | ૩ | ૩ | – | – | – | – | ૧ | – | – | – | ૭ |
| ૯ | શ્રી જોઇતાભાઇ ક. પટેલ | ૧ | – | ૪ | – | – | – | – | ૧ | – | – | – | ૬ |
| ૧૦ | શ્રી કાન્તીભાઇ કા. ખરાડી | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૧૧ | શ્રી મણીલાલ જે. વાઘેલા | – | ૧ | ૧ | – | – | – | – | – | – | – | ૧ | ૩ |
| ૧૨ | શ્રી મહેશકુમાર અ. પટેલ | – | – | – | – | – | – | – | – | ૧ | – | – | ૧ |
| ૧૩ | શ્રી ગોવાભાઇ હ. રબારી | ૨ | ૨ | ૪ | – | – | – | ૧ | ૧ | – | – | ૧ | ૧૧ |
| ૧૪ | શ્રી કેશાજી શિ. ચૌહાણ | – | – | ૧ | – | – | – | – | – | – | – | ૧ | ૨ |
| ૧૫ | શ્રી ઘારશીભાઇ લ. ખાનપુરા | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૧૬ | શ્રી નાગરજી હ. ઠાકોર | – | – | ૩ | – | – | – | – | – | – | – | – | ૩ |
| ૧૭ | શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર | – | – | ૧ | – | – | – | – | – | – | ૧ | ૨ | ૪ |

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૮ | શ્રી રણછોડભાઇ મ. દેસાઇ | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૧૯ | શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત | ૮ | ૧ | ૫ | – | – | – | ૨ | – | – | – | ૩ | ૧૬ |
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) | (૧૦) | (૧૧) | (૧૨) | (૧૩) | (૧૪) |
| ૨૦ | શ્રી ભરતસિંહજી શં. ડાભી | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૨૧ | શ્રી નારાયણભાઇ લ. પટેલ | – | – | ૩ | – | – | – | – | ૧ | – | ૧ | – | ૫ |
| ૨૨ | શ્રી ઋષિકેશ ગ. પટેલ | – | – | – | – | – | – | ૧ | ૧ | – | – | ૧ | ૩ |
| ૨૩ | શ્રી રજનીકાંત સો. પટેલ | – | ૧ | ૨ | – | – | – | ૧ | – | – | – | – | ૪ |
| ૨૪ | શ્રી રમેશભાઇ મ. ચાવડા | – | – | ૨ | – | – | – | – | – | – | – | ૨ | ૪ |
| ૨૫ | શ્રી નીતિનભાઇ ર. પટેલ | ૮ | ૨ | ૧૨ | – | – | ૧ | ૧ | ૧ | – | – | ૧૯ | ૩૯ |
| ૨૬ | શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ | – | – | ૧ | – | – | – | – | – | – | – | ૧ | ૨ |
| ૨૭ | શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા | – | – | ૨ | – | – | – | – | – | – | ૨ | – | ૪ |
| ૨૮ | શ્રી રમણલાલ ઇ. વોરા | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૨૯ | શ્રી અશ્વિન કોટવાલ | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૩૦ | ડૉ. અનિલ જોષિયારા | ૧ | ૨ | ૫ | – | – | – | ૧ | – | – | – | – | ૯ |
| ૩૧ | શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર | – | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૨ |
| ૩૨ | શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૩૩ | શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા | ૧ | – | ૪ | – | – | – | – | – | – | – | ૧ | ૬ |
| ૩૪ | શ્રીમતી કામિનીબા ભુ. રાઠોડ | – | – | ૪ | – | – | – | – | ૧ | – | – | ૧ | ૬ |
| ૩૫ | શ્રી શંભુજી ચે. ઠાકોર | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૩૬ | શ્રી અશોકકુમાર ર. પટેલ | – | – | ૩ | – | – | – | ૧ | – | – | – | – | ૪ |
| ૩૭ | શ્રી અમિત હ. ચૌધરી | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૩૮ | શ્રી બળદેવજી ચં. ઠાકોર | ૧ | – | ૨ | – | – | – | – | – | – | ૧ | – | ૪ |
| ૩૯ | ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ | ૧ | ૧ | ૪ | – | – | – | ૧ | – | – | – | ૧ | ૯ |
| ૪૦ | શ્રી કરમશીભાઇ વિ. પટેલ | – | – | ૪ | – | – | – | – | – | – | – | – | ૪ |
| ૪૧ | શ્રીમતી આનંદીબેન મ. પટેલ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૪૨ | શ્રી કિશોરસિંહ બા. પટેલ | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૪૩ | શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા | ૭ | ૧ | ૩ | – | – | ૧ | – | – | – | – | ૧૮ | ૩૦ |
| ૪૪ | શ્રી રાકેશભાઇ જ. શાહ | ૧ | – | ૧ | – | – | – | ૧ | – | – | – | – | ૩ |

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૪૫ | શ્રી અમિત શાહ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૪૬ | શ્રી જગદીશભાઇ ઇ. પંચાલ | – | – | ૨ | – | – | – | ૧ | – | – | – | – | ૩ |
| ૪૭ | ડૉ. નિર્મલાબેન સુ. વાધવાણી | – | – | ૧ | – | – | – | – | – | – | – | ૧ | ૨ |
| ૪૮ | શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા | ૧ | – | ૧ | – | – | – | – | – | – | – | ૧ | ૩ |
| ૪૯ | શ્રી જગરૂપસિંહ ગી. રાજપૂત | ૧ | – | ૧ | – | – | ૧ | – | – | – | – | ૨ | ૫ |
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) | (૧૦) | (૧૧) | (૧૨) | (૧૩) | (૧૪) |
| ૫૦ | શ્રી હસમુખભાઇ સો. પટેલ | – | ૧ | ૩ | – | – | – | ૧ | – | – | – | – | ૫ |
| ૫૧ | શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ | ૨ | – | ૪ | – | – | – | ૪ | – | – | – | – | ૧૦ |
| ૫૨ | શ્રી ભૂષણ અ. ભટ્ટ | ૩ | – | ૩ | – | – | ૧ | ૧ | ૧ | – | – | – | ૯ |
| ૫૩ | શ્રી સુરેશભાઇ ધ. પટેલ | ૨ | ૧ | ૨ | – | – | – | – | ૧ | – | – | – | ૬ |
| ૫૪ | શ્રી શૈલેષ મ. પરમાર | ૧ | ૧ | ૬ | – | – | – | – | ૧ | – | – | ૩ | ૧૨ |
| ૫૫ | શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ | ૨ | – | ૨ | – | – | – | – | – | – | – | ૧ | ૫ |
| ૫૬ | શ્રી રજનીકાંત મો. પટેલ | ૪ | – | ૧ | – | – | – | ૧ | – | – | – | – | ૬ |
| ૫૭ | શ્રી બાબુભાઇ જ. પટેલ | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૫૮ | શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા | ૧૨ | – | ૬ | – | – | ૨ | ૧ | ૨ | – | ૧ | ૨૪ | ૪૮ |
| ૫૯ | શ્રી લાલજીભાઇ પટેલ | – | – | ૧ | – | – | – | – | ૧ | – | – | – | ૨ |
| ૬૦ | શ્રી પુનમભાઇ કા. મકવાણા | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૬૧ | શ્રી કિરીટસિંહ જી. રાણા | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૬૨ | શ્રીમતી વર્ષાબેન ન. દોશી | ૧ | – | ૨ | – | – | – | ૧ | – | – | – | ૧ | ૫ |
| ૬૩ | શ્રી શામજીભાઇ ભી. ચૌહાણ | – | – | ૧૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૬૪ | શ્રી જયંતિભાઇ રા.કવાડિયા | ૨ | – | ૧ | – | – | ૧ | – | – | – | – | ૨ | ૬ |
| ૬૫ | શ્રી કાંતિલાલ સી.અમૃતિયા | – | – | ૩ | – | – | – | – | ૧ | – | – | ૧ | ૫ |
| ૬૬ | શ્રી બાવનજીભાઇ હં.મેતલીયા | ૨ | ૧ | ૧ | – | – | – | ૧ | ૨ | – | – | – | ૭ |
| ૬૭ | શ્રી મહંમદજાવીદ અ.પીરઝાદા | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૬૮ | શ્રી ઇન્દ્રનીલભાઇ સં.રાજ્યગુરૂ | ૩ | – | – | – | – | – | ૧ | ૧ | – | – | ૧ | ૬ |
| ૬૯ | શ્રી વિજયકુમાર ર.રૂપાણી | ૨ | – | ૧ | – | – | – | ૧ | – | – | – | ૮ | ૧૨ |
| ૭૦ | શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ | ૪ | ૧ | ૩ | – | – | – | ૧ | – | – | – | – | ૯ |
| ૭૧ | શ્રીમતી ભાનુબેન મ.બાબરીયા | – | ૧ | ૧ | – | – | – | ૧ | – | – | ૧ | – | ૪ |

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૭૨ | શ્રી ભોળાભાઇ ભી.ગોહિલ | – | – | ૧ | – | – | – | – | – | – | – | ૧ | ૨ |
| ૭૩ | શ્રી જયરાજસિંહ ટે.જાડેજા | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૭૪ | શ્રી જયેશભાઇ વિ.રાદડિયા | – | – | ૨ | – | – | – | – | – | – | – | ૨ | ૪ |
| ૭૫ | શ્રી પ્રવિણભાઇ મો.માકડિયા | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૭૬ | શ્રી મેઘજીભાઇ અ.ચાવડા | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૭૭ | શ્રી રાઘવજી હં.પટેલ | – | – | ૪ | – | – | – | ૧ | – | – | – | ૨ | ૭ |
| ૭૮ | શ્રી ધર્મેન્દ્રસિંહ મે.જાડેજા | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૭૯ | શ્રીમતી વસુબેન ન.ત્રિવેદી | ૨ | ૧ | ૧ | – | – | – | – | – | – | – | ૧ | ૫ |
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) | (૧૦) | (૧૧) | (૧૨) | (૧૩) | (૧૪) |
| ૮૦ | શ્રી ચીમનભાઇ ઘ.સાપરીયા | ૧ | ૧ | ૨ | – | – | – | – | ૧ | – | – | ૧ | ૭ |
| ૮૧ | શ્રી મેરામણભાઇ મા.આહિર | ૧ | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૩ |
| ૮૨ | શ્રી પબુભા વિ.માણેક | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૮૩ | શ્રી બાબુભાઇ ભી.બોખિરીયા | – | ૧ | ૧ | – | – | – | – | – | – | – | ૨ | ૪ |
| ૮૪ | શ્રી કાંધલ સ.જાડેજા | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૮૫ | શ્રી જવાહરભાઇ પે.ચાવડા | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૮૬ | શ્રી મહેન્દ્રભાઇ લી.મશરૂ | ૧ | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૩ |
| ૮૭ | શ્રી હર્ષદકુમાર મા.રીબડિયા | – | – | – | – | – | – | ૧ | – | – | – | – | ૧ |
| ૮૮ | શ્રી અરવિંદભાઇ કે.લાડાણી | – | – | ૪ | – | – | – | – | – | – | – | – | ૪ |
| ૮૯ | શ્રી બાબુભાઇ કા.વાજા | – | ૧ | ૩ | – | – | – | – | – | – | – | ૧ | ૫ |
| ૯૦ | શ્રી જશાભાઇ ભા.બારડ | – | – | – | – | – | – | – | – | – | – | ૨ | ૨ |
| ૯૧ | શ્રી ગોવિંદભાઇ વ.પરમાર | – | – | ૧ | – | – | – | ૧ | – | – | – | – | ૨ |
| ૯૨ | શ્રી જેઠાભાઇ દા.સોલંકી | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૯૩ | શ્રી પુંજાભાઇ ભી. વંશ | ૧ | ૧ | ૪ | – | – | – | ૧ | – | – | – | ૫ | ૧૨ |
| ૯૪ | શ્રી નલિનભાઇ ના.કોટડિયા | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૯૫ | શ્રી પરેશ ધાનાણી | – | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૨ |
| ૯૬ | શ્રી બાવકુભાઇ ના. ઉંઘાડ | ૧ | – | ૨ | – | – | ૧ | ૨ | ૧ | – | – | – | ૭ |
| ૯૭ | શ્રી વલ્લભભાઇ વ. વઘાસિયા | – | – | – | – | – | – | – | – | – | – | ૩ | ૩ |
| ૯૮ | શ્રી હિરાભાઇ ઓ. સોલંકી | – | – | – | – | – | – | – | – | – | – | – | – |

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૯૯ | શ્રીમતી ભાવનાબેન રા.મકવાણા | – | – | ૪ | – | – | – | – | – | – | – | – | ૪ |
| ૧૦૦ | શ્રી શિવાભાઇ જે. ગોહિલ | ૧ | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ | ૩ |
| ૧૦૧ | શ્રી કેશુભાઇ હિ. નાકરાણી | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૦૨ | શ્રી પ્રવિણભાઇ જી. રાઠોડ | – | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૨ |
| ૧૦૩ | શ્રી પરસોત્તમ ઓ. સોલંકી | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૦૪ | શ્રીમતી વિભાવરીબેન વી. દવે | – | – | ૧ | – | – | – | – | – | – | – | ૧ | ૨ |
| ૧૦૫ | શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી | – | – | – | – | – | – | ૨ | ૧ | – | – | ૨ | ૫ |
| ૧૦૬ | શ્રી આત્મારામ મ. પરમાર | – | – | ૩ | – | – | – | – | – | – | – | ૫ | ૮ |
| ૧૦૭ | ડૉ. ટી.ડી. માણિયા | – | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૨ |
| ૧૦૮ | શ્રી સંજયકુમાર ર. પટેલ | ૧ | ૧ | ૩ | – | – | – | ૧ | – | – | – | ૧ | ૭ |
| ૧૦૯ | શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) | (૧૦) | (૧૧) | (૧૨) | (૧૩) | (૧૪) |
| ૧૧૦ | શ્રી અમિત ચાવડા | – | ૧ | ૪ | – | – | – | ૧ | ૧ | – | – | ૧ | ૮ |
| ૧૧૧ | શ્રી જયંતભાઇ ર. પટેલ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૧૨ | શ્રી રોહિત પટેલ | – | – | – | – | – | – | – | – | – | ૧ | ૩ | ૪ |
| ૧૧૩ | શ્રી નિરંજન પટેલ | ૧ | – | ૧ | – | – | – | ૧ | – | – | – | – | ૩ |
| ૧૧૪ | શ્રી પૂનમભાઇ મા. પરમાર | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૧૧૫ | શ્રી કેસરીસિંહ જે. સોલંકી | – | – | – | – | – | – | – | – | – | – | ૧ | ૧ |
| ૧૧૬ | શ્રી પંકજભાઇ વિ. દેસાઇ | ૫ | – | ૩ | – | – | – | – | – | – | – | ૧ | ૯ |
| ૧૧૭ | શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ | – | ૧ | ૪ | – | – | – | – | – | – | – | ૧ | ૬ |
| ૧૧૮ | શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર | – | – | – | – | – | – | ૧ | – | – | – | ૧ | ૨ |
| ૧૧૯ | શ્રી રામસિંહ પ્ર. પરમાર | – | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૨ |
| ૧૨૦ | શ્રી શંકરસિંહ વાઘેલા | ૧ | – | ૫ | – | – | – | ૧ | – | – | – | ૨૨ | ૨૯ |
| ૧૨૧ | શ્રી માનસિંહ કો. ચૌહાણ | ૧ | – | ૩ | – | – | – | ૧ | – | – | – | – | ૫ |
| ૧૨૨ | પ્રો. હિરાભાઇ હ. પટેલ | ૩ | – | ૩ | – | – | – | ૧ | – | – | – | ૨ | ૯ |
| ૧૨૩ | શ્રી ગેંદાલભાઇ મો. ડામોર | – | – | ૨ | – | – | – | – | – | – | – | ૧ | ૩ |
| ૧૨૪ | શ્રી જેઠાભાઇ ઘે. ભરવાડ | – | – | – | – | – | – | – | – | – | – | ૨ | ૨ |
| ૧૨૫ | શ્રીમતી નિમિષાબેન મ. સુથાર | ૧ | – | ૩ | – | – | – | – | – | – | – | – | ૪ |

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૨૬ | શ્રી સી.કે.રાઉલજી | ૧ | ૧ | – | – | – | – | ૧ | ૧ | – | – | ૩ | ૭ |
| ૧૨૭ | શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ | – | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૨ |
| ૧૨૮ | શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર | – | – | – | – | – | – | – | – | – | – | ૧ | ૧ |
| ૧૨૯ | શ્રી રમેશભાઇ ભૂ. કટારા | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૩૦ | ડૉ. મિતેશભાઇ ક. ગરાસિયા | ૧ | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૨ |
| ૧૩૧ | શ્રી વિંછિયાભાઇ જો. ભૂરિયા | ૧ | – | ૩ | – | – | – | – | – | – | – | – | ૪ |
| ૧૩૨ | શ્રી વજેસિંહ પા. પણદા | – | – | ૧ | – | – | – | – | – | – | – | ૧ | ૨ |
| ૧૩૩ | શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારિયા | – | – | ૨ | – | – | – | ૧ | – | – | – | ૧ | ૪ |
| ૧૩૪ | શ્રી બચુભાઇ મ. ખાબડ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૩૫ | શ્રી કેતનભાઇ મ. ઇમાનદાર | – | – | ૧ | – | – | – | ૧ | – | ૧ | – | – | ૩ |
| ૧૩૬ | શ્રી મધુભાઇ બા. શ્રીવાસ્તવ | ૧ | – | – | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૧૩૭ | શ્રી મોહનસિંહ છો. રાઠવા | ૧ | – | ૨ | – | – | – | – | – | – | – | ૧ | ૪ |
| ૧૩૮ | શ્રી જયંતિભાઇ સ. રાઠવા | – | – | – | – | – | – | ૧ | – | – | – | – | ૧ |
| ૧૩૯ | શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ | ૧ | – | ૧ | – | – | – | ૧ | – | – | – | ૨ | ૫ |
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) | (૧૦) | (૧૧) | (૧૨) | (૧૩) | (૧૪) |
| ૧૪૦ | શ્રી બાલકૃષ્ણ ના. પટેલ | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૧૪૧ | શ્રીમતી મનિષા રા. વકીલ | ૧ | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૩ |
| ૧૪૨ | શ્રી જીતેન્દ્ર ર. સુખડીયા | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૧૪૩ | શ્રી સૌરભ પટેલ | ૧ | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૨ |
| ૧૪૪ | શ્રી રાજેન્દ્ર સુ. ત્રિવેદી | – | ૧ | ૧ | – | – | – | – | – | – | – | ૨ | ૪ |
| ૧૪૫ | શ્રી યોગેશ પટેલ | ૧ | – | – | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૧૪૬ | શ્રી દિનેશભાઇ બા. પટેલ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૪૭ | શ્રી સતીષભાઇ મો. પટેલ | – | – | ૩ | – | – | ૧ | – | ૨ | – | ૧ | – | ૭ |
| ૧૪૮ | શ્રી શબ્દશરણ ભા. તડવી | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૪૯ | શ્રી મોતીલાલ પુ. વસાવા | ૧ | – | ૧ | – | – | – | ૨ | – | – | – | – | ૪ |
| ૧૫૦ | શ્રી છત્રસિંહજી પુ. મોરી | – | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૨ |
| ૧૫૧ | શ્રી અરૂણસિંહ અ. રણા | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૧૫૨ | શ્રી છોટુભાઇ અ. વસાવા | – | – | – | – | – | – | – | – | – | – | – | – |

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૫૩ | શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ | ૪ | – | ૪ | – | – | – | – | – | – | – | – | ૮ |
| ૧૫૪ | શ્રી ઇશ્વરભાઇ ઠા. પટેલ | – | – | ૧ | – | – | – | – | – | – | – | ૧ | ૨ |
| ૧૫૫ | શ્રી મુકેશભાઇ ઝી. પટેલ | – | ૧ | ૧ | – | – | – | – | – | – | – | ૧ | ૩ |
| ૧૫૬ | શ્રી ગણપતસિંહ વે. વસાવા | ૨ | – | ૨ | – | – | ૧ | – | – | – | – | ૫ | ૧૦ |
| ૧૫૭ | શ્રી આનંદભાઇ મો. ચૌધરી | ૧ | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૩ |
| ૧૫૮ | શ્રી પ્રફુલભાઇ છ. પાનશેરીયા | ૨ | – | ૩ | – | – | – | – | – | – | – | – | ૫ |
| ૧૫૯ | શ્રી રણજીતભાઇ મં. ગિલીટવાલા | ૩ | – | ૩ | – | – | – | – | – | – | – | – | ૬ |
| ૧૬૦ | શ્રી અજયકુમાર જ. ચોકસી | ૧ | – | – | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૧૬૧ | શ્રી કિશોરભાઇ સી. કાનાણી | ૧ | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૩ |
| ૧૬૨ | શ્રી જનકભાઇ મ. કાછડિયા | – | – | – | – | – | ૧ | – | ૧ | – | – | – | ૨ |
| ૧૬૩ | શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ | – | ૧ | ૨ | – | – | – | – | ૧ | – | – | – | ૪ |
| ૧૬૪ | શ્રી નરોત્તમભાઇ પટેલ | ૨ | – | ૨ | – | – | – | – | ૧ | – | – | – | ૫ |
| ૧૬૫ | શ્રી હર્ષ ર. સંઘવી | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૧૬૬ | શ્રી નાનુભાઇ ભ. વાનાણી | – | – | ૨ | – | – | – | ૧ | – | – | – | – | ૩ |
| ૧૬૭ | શ્રી પૂર્ણેશકુમાર ઇ. મોદી | – | – | ૧ | – | – | – | ૧ | – | – | – | – | ૨ |
| ૧૬૮ | શ્રીમતી ઝંખનાબેન હિ. પટેલ | – | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૨ |
| ૧૬૯ | શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર | – | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૨ |
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) | (૧૦) | (૧૧) | (૧૨) | (૧૩) | (૧૪) |
| ૧૭૦ | શ્રી મોહનભાઇ ધ. ઢોડિયા | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૧૭૧ | શ્રી પૂનાભાઇ ઢે. ગામિત | – | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૨ |
| ૧૭૨ | શ્રી કાંતિલાલ રે. ગામિત | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૧૭૩ | શ્રી મંગળભાઇ ગં. ગાવિત | – | – | ૧ | – | – | – | – | ૧ | – | – | – | ૨ |
| ૧૭૪ | શ્રી આર.સી.પટેલ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૭૫ | શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ | ૨ | ૧ | ૨ | – | – | ૧ | – | ૧ | – | – | – | ૭ |
| ૧૭૬ | શ્રી મંગુભાઇ છ. પટેલ | ૧ | – | ૧ | – | – | – | ૧ | – | – | – | – | ૩ |
| ૧૭૭ | શ્રી છનાભાઇ કો. ચૌધરી | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૭૮ | શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૧૭૯ | શ્રી ભરતભાઇ કી. પટેલ | ૧ | ૧ | ૩ | – | – | – | – | – | – | – | – | ૫ |

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૮૦ | શ્રી કનુભાઇ મો. દેસાઇ | – | – | ૨ | – | – | – | ૧ | ૧ | – | – | – | ૪ |
| ૧૮૧ | શ્રી જીતુભાઇ હ. ચૌધરી | ૧ | – | ૩ | – | – | – | – | – | – | – | – | ૪ |
| ૧૮૨ | શ્રી રમણલાલ ના. પાટકર | – | – | ૧ | – | – | – | ૧ | ૧ | – | ૧ | – | ૪ |

**પત્રક ક્રમાંકઃ—૨૪**

(જુઓ ફકરા ક્રમાંકઃ—૩૦)

સત્ર દરમિયાન નીચે દર્શાવેલ કુલ- બાર (૧૨) મહાનુભાવોના અવસાન અંગેના શોકદર્શક ઉલ્લેખ કરવામાં આવ્યા હતા.

| ક્રમ | નામ | અવસાનની તારીખ | શોક પ્રસ્તાવ સભાગૃહમાં રજૂ થયા તારીખ | રિમાર્કસ |
|---|---|---|---|---|
| ૧. | સ્વ.કુ. જે. જયલલીથા,<br>તામિલનાડુના મુખ્યમંત્રીશ્રી | ૫/૧૨/૨૦૧૬ | ૨૦/૨/૨૦૧૭ | સદ્ગત મહાનુભાવને ગૃહમાં અંજલી આપ્યા બાદ સભ્યશ્રીઓએ ઉભા થઈને બે મિનિટ મૌનપાળ્યું હતું |
| ૨. | સ્વ.શ્રી ગાભાજી મંગાજી ઠાકોર,<br>ગુજરાતના પૂર્વ મંત્રીશ્રી | ૨/૧/૨૦૧૭ | ૨૦/૨/૨૦૧૭ | -"- |
| ૩. | સ્વ.શ્રી ભોળાભાઈ ચતુરભાઈ પટેલ,<br>ગુજરાતના પૂર્વ રાજ્યકક્ષાના મંત્રીશ્રી | ૧૪/૧૧/૨૦૧૬ | ૨૦/૨/૨૦૧૭ | -"- |
| ૪. | સ્વ.શ્રી શિરિષકુમાર મધુસુદન શુકલ,<br>ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી | ૨૩/૮/૨૦૧૬ | ૨૦/૨/૨૦૧૭ | -"- |
| ૫ | સ્વ. શ્રી લક્ષ્મણભાઈ ભીમાભાઈ આગઠ,<br>ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી | ૬/૨/૨૦૧૭ | ૨૦/૨/૨૦૧૭ | -"- |
| ૬ | સ્વ.શ્રી જસપાલ સિંઘ,<br>ગુજરાતના પૂર્વ મંત્રીશ્રી | ૨૦/૨/૨૦૧૭ | ૧/૩/૨૦૧૭ | -"- |
| ૭ | સ્વ.શ્રી કનુભાઈ જીવરામભાઈ વસાવા,<br>ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી | ૩/૯/૨૦૧૬ | ૯/૩/૨૦૧૭ | -"- |
| ૮ | સ્વ.શ્રી રણજિતસિંહ નહારસિંહ ચાવડા,<br>ગુજરાતના રાજયના પૂર્વ મંત્રીશ્રી | ૨૨/૩/૨૦૧૭ | ૨૩/૩/૨૦૧૭ | -"- |

| | | | | |
|---|---|---|---|---|
| ૯ | સ્વ.શ્રી પૃથ્વીરાજ ગાંગજીભાઈ ચૌધરી,<br>ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી | ૧૦/૩/૨૦૧૭ | ૨૩/૩/૨૦૧૭ | -"- |
| ૧૦ | સ્વ.શ્રી ઉમેદભાઈ ફતેહસિંહ ગોહેલ,<br>ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી | ૨૧/૩/૨૦૧૭ | ૨૩/૩/૨૦૧૭ | -"- |
| ૧૧ | સ્વ.શ્રી જયંતિભાઈ ઝીણાભાઈ પટેલ,<br>ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી | ૨૦/૪/૨૦૧૭ | ૯/૫/૨૦૧૭ | -"- |
| ૧૨ | સ્વ.શ્રી રમેશચંદ્ર અગ્રવાલ,<br>ભાસ્કર અખબાર જુથના ચેરમેનશ્રી | ૧૨/૪/૨૦૧૭ | ૯/૫/૨૦૧૭ | -"- |